The 3 Mistakes of My Life (Gujarati) (Gujarati

Bhagat, Chetan

VISIT…

LANZAROTE Caliente.com

ચેતન ભગત

3 મિસ્ટેક્સ ઑફ માય લાઈફ



UTV *Now a major motion picture!*

UTV Motion Pictures Presents

kai po che

Directed by ***Abhishek Kapoor***
Produced by ***Ronnie Screwvala***
Siddharth Roy Kapur

ચાલ ૨૦૦૦ના અંતમાં અમદાવાદના એક યુવાન છોકરા ગોવિંદે પોતાના બિઝનેસ વિચે સ્વપ્ન જોયું. તેના મિત્રો ઈશાન અને ઓમીની ઇચ્છાઓને સંતોષવા તેમણે એક ક્રિકેટન સાધનોની દુકાન ખોલી. જોકે, આ ઝંઝાવાતી શહેરમાં કશું સરળતાથી ચાલતું નથી.. તેમનાં ધ્યેયોને પૂરા કરવા તેમણે ધાર્મિક રાજકારણ, કુદરતી આફત, અસ્વીકૃત પ્રેમ અને તે બધાં ઉપરાંત તેમની પોતાની ભૂલોનોસામનો કરવો પડશે. તેઓ આ અવરોધો પાર કરી શકશે? વાસ્તવિક જીવન જે ભયાનક સ્વપ્નાઓ આપે છે તેને શું એક વ્યક્તિનું સ્વપ્ન ઓળંગી શકશે?થોડી ભૂલો છતાં તેઓ શું સફળતા મેળવી શકશે?

સાચા બનાવો ઉપર આધારિત, આ સદીના શ્રેષ્ઠ લેખકની રોમાંચક એવી આધુનિક ભારતની આ નવલકથા છે. ચેતન ભગત તેમાં એક સમગ્ર પેઢીની એકલતા અને વિચારોને પ્રગટ કરે છે.

આ એક એવી નવલકથા છે જે પ્રકાશિત થતાં જ માત્ર પાંચ મહિનામાં પાંચ લાખથી વધુ નકલોનું વિક્રમી વેચાણ ધરાવે છે. આજની યુવાપેઢીમાં ચેતન ભગત વધુ વંચાતા લેખક છે.

Kindle version published by Amazon Publishing, Seattle
www.apub.com

eISBN: 9781542096010

મારા દેશને,
જેણે મને પાછો બોલાવ્યો

અનુક્રમણિકા

આભાર...

મારા વાચકો, એટલે કે તમારો, જેમને કારણે મને આટલી સફળતા અને પ્રેરણા મળી છે. મારી જિંદગી હવે તમારી છે અને તમારી સેવા એ જ મારા જીવનનું સૌથી સાર્થક કામ છે. હું આપણી વચ્ચે કંઈક વહેંચવા માગું છું. હું મારા લખવાના ધ્યેયમાં ખૂબ જ મહત્ત્વાકાંક્ષી છું. જોકે, હું કંઈ ભારતનો સૌથી વધારે પ્રશંસાપ્રાપ્ત લેખક બનવા નથી માગતો. હું તો માત્ર ભારતનો સૌથી વધારે પ્રેમાસ્પદ લેખક બનવા ઇચ્છું છું.

મારા કુટુંબ-પરિવારનો... શાઈની આહુજાનો, એવી એક મિત્ર જે મારી સાથે વર્ષોથી રહી છે અને મારા કામને વિવેચનાત્મક રીતે ચકાસે છે અને તે મારા વાચકોને રુચશે-પચશે કે કેમ તે જુએ છે અને મને જણાવે છે. – જે સદાય મારાં સાહસોને બિરદાવે છે, ખાસ કરીને સિડનીથી પૂરક માહિતી પૂરી પાડવા બદલ મારા ભાઈ કેતન ભગતનો અને ક્રિકેટમાં એવા મારા સાળા શ્રી આનંદ સૂર્યનારાયણનો – જેમણે મને – કોઈએ પણ કહ્યું હોત તેના કરતાં ઘણું વધારે – ક્રિકેટ વિશે જણાવ્યું છે.

ગુજરાતના લોકોનો, ખાસ કરીને અમદાવાદના, જ્યાં મેં મારા જીવનનો સૌથી મજાનો અને જીવન ઘડતરનો સમય વિતાવ્યો છે.

મારા પ્રકાશક રૂપા પબ્લિકેશનનો, જે મારાં બધાં જ સપનાંઓને સાકાર કરે છે અને ભારતને વાચનવ્યસ્ત રાખવાનું ધ્યેય વહેતું રાખે છે.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝના મારા મિત્રોનો, જેમણે મને વાર્તા કહેવા નવું માધ્યમ આપ્યું અને જેઓ મને નિતનવી વાત શીખવે છે. – નવા મિત્રો : અતુલ અગ્નિહોત્રી, રાજુ હિરાણી, અલવીરા ખાન, શર્મન જોશી, વિપુલ શાહ, ઇમ્તિયાજ અલી, શિરીષ કુંડર, ફરાહ ખાન અને સલમાન ખાનનો – મને ફિલ્મ ક્ષેત્રે પ્રોત્સાહન આપવા બદલ.

ધ મદ્રાસ પ્લેયર્સ અને એવમ થિયેટર ગ્રૂપનો, જેમણે મારી વાર્તાઓને સુંદર નાટકોમાં રૂપાંતરિત કરી છે.

મીડિયાના મારા મિત્રોનો, ખાસ કરીને તેમનો જેઓ આપણા દેશ પ્રત્યેનાં મારાં ધ્યેયોને બરાબર સમજ્યા છે અને મારી સાથે જ રહ્યા છે.

ડચેસ બૅન્કના મારા સાથીઓનો; મારા – મુંબઈ અને હોંગકોંગના મિત્રોનો...

ઈશ્વરનો જે મારી મર્યાદાઓ છતાં મારું ધ્યાન રાખે છે !

– ચેતન ભગત

બે બોલ : અનુવાદકના

પ્રથમ વાર ચેતન ભગતની નવલકથા 'વન નાઇટ @ કૉલ સેંટર' વાંચવાની શરૂ કરી, ત્યારે કોઈ કારણસર મજા ન આવી અને એકાદ પ્રકરણ વાંચી પુસ્તક મૂકી દીધું, પણ પછી ચેતન વિશે વધુ વાંચતા જિજ્ઞાસા જાગી અને આ નવલકથા જ હાથમાં આવી. વાંચતો ગયો તેમ ગમતી ગઈ. "થ્રીલર" જેવી ગતિથી આગળ વધતી હતી. પૂરી કર્યે જ છૂટકો ! પછી તો બાકીની બન્ને (બીજી "ફાઇવ પૉઇન્ટ સમવન") પણ વાંચી અને ગમી. ત્રણે અલબત્ત, અંગ્રેજીમાં જ વાંચી.

તદ્દન નવા, અપરિચિત વિષયો.. કૉલ સેંટર, આઈ.આઈ.ટી. અને ગુજરાતનું કોમી વાતાવરણ અને ધરતીકંપ.. ત્રણેનાં પાત્રો તદ્દન યુવાન... થનગનતાં.. જીવનને તદ્દન પોતાની રીતે જોતાં.. બેફિકર... ભાષા પણ યુવાનોની. લેખક પ્રત્યે માન ઊપજે કે આવા પ્રવર્તમાન વિષયોમાંથી વાર્તા શોધી કાઢી આવી રસપ્રદ અને લોકપ્રિય નવલકથાઓ લખી શક્યા છે. (આ નવલકથા કેટલી લોકપ્રિય છે તેની સાબિતી એ હતી કે મારા હાથમાં જ્યારે નવલ આવી ત્યારે એક જ વર્ષમાં – ૨૦૦૮માં આ તેની પાંત્રીસમી આવૃત્તિ હતી.)

બાકીની બે તો ગુજરાતીમાં પ્રકાશિત થઈ ચૂકી હતી. આ નવલ નહોતી આવી. શ્રી ચિંતનભાઈ સાથે ફોન પર વાત થતાં તેઓએ કરવા સૂચન કર્યું. તેમના મનમાં વસ્યું. લેખક સાથેની કઠિન વિધિઓ પતાવી હશે અને અચાનક એક સાંજે તેમણે ફોનથી જ મને અનુવાદ કરી આપવા કહ્યું. મને તો બહુ ગમતું જ હતું ! હા જ પાડી દીધી. પણ તેમની બીજી શરત આકરી હતી. ઝડપથી પ્રકાશિત કરવાની... લગભગ ૨૬૦ પાનાં ! ત્યારે જ પરસેવાઈ ગયો! થથરી ગયો, પણ ના તો ન જ પાડી. કટકે કટકે કામ કરતો ગયો, મોકલતો ગયો, પણ સમયસર આપી શક્યો. અહીં તો પળેપળનો ઉપયોગ કરીને કામ કરવાનું હતું. ઘેર, ટ્રેનમાં, પ્રવાસ વચ્ચે અનુવાદ થતો હતો.

પણ, નવલકથા વાંચવી તો ગમશે જ. લેખકે ગુજરાતનું કોમી વાતાવરણ આબાદ ઝીલ્યું છે તે જ નવલને થ્રીલર' બનાવે છે, ત્રણ મિત્રોનાં પાત્રો વહાલાં લાગે તેવાં છે. વિદ્યાને તો રમાડવાનું જ મન થાય તેવી ચિત્રિત કરી છે ! મામા વિષે જબરું અવલોકન છે ચેતનનું !

એક વાર શરૂ કર્યા પછી પૂરી જ કરવાનું મન થાય તેવી નવલ તો છે જ, ચેતન તે માટે ધન્યવાદને પાત્ર છે !

અનુવાદ કરવાનું કહેવા બદલ શ્રી ચિંતનભાઈનો આભારી છું.

આશા છે, પુસ્તક ખૂબ વંચાશે.

– હરેશ ધોળકિયા

ન્યુ મિન્ટ રોડ,
ભુજ-કચ્છ (૩૭૦૦૦૧)
ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬

પૂર્વભૂમિકા

દરરોજ એવું નથી બનતું કે તમે શનિવારે સવારે તમારા કમ્પ્યુટર સામે બેસો અને આવો ઇ-મેઇલ મેળવો :

From : ahd_businessman@gmail.com
Sent : 12/28/2005 11.40 p.m.
To : info@chetanbhagat.com
Subject : A final note

પ્રિય ચેતન,

આ ઈ-મેઈલને આત્મહત્યાની ચિઠ્ઠી અને એક કબૂલાત માનશો. મેં લોકોનું ખૂબ ખરાબ કર્યું છે અને તેથી હવે મને જીવવાનું કોઈ જ કારણ મળતું નથી. તમે મને ઓળખતા નથી. હું અમદાવાદમાં રહેતો એક સામાન્ય યુવક છું જે તમારાં પુસ્તકો વાંચે છે. ખબર નહીં, પણ મને એવું થયું કે હું તમને એ કારણે તો લખી શકું. હું જે રીતે મારા પ્રત્યે વર્તવાનો છું–એટલે કે દરેક વાક્યના અંતે એક ઊંઘની ગોળી લઉં છું–તે બીજા કોઈને તો કહી શકું તેમ નથી. તેથી મને થયું કે ચાલ ને, તમને કહી દઉં !

મેં મારો કૉફીનો કપ નીચે મૂક્યો અને ગણતરી કરી. પૂરાં પાંચ પૂર્ણવિરામ, અત્યાર સુધી.

મેં ત્રણ ભૂલો કરી છે. તે બાબતે વિસ્તારમાં જવાની ઈચ્છા નથી.

મારી આત્મહત્યા સહેજ પણ આવેશભર્યો નિર્ણય નથી. મારી આસપાસના જાણે છે તેમ, હું એક સારો બિઝનેસમૅન છું, કારણ કે મારામાં લાગણી ઓછી છે. એટલે આ કંઈ કોઈ ઉતાવળિયો નિર્ણય નથી. મેં પૂરાં ત્રણ વર્ષ રાહ જોઈ. રોજ ઈશનો ગુમસૂમ ચહેરો જોયા કરતો. પણ ગઈ કાલે તેણે મારી ઑફર નકારી, પછી મારી પાસે પસંદગીનો કોઈ જ પ્રશ્ન ન રહ્યો !

અને મને તેનો જરા પણ અફસોસ નથી. હા, વિદ્યા સાથે એક વાર વાત કરવાની મને ઈચ્છા હતી, પણ હાલના તબક્કે તે કંઈ યોગ્ય વિચાર ન ગણાય.

તમને આ બાબતે હેરાન કર્યા તેથી દિલગીરી અનુભવું છું, પણ મને લાગ્યું કે મારે કોઈકને તો કહેવું જ જોઈએ. તમારી પાસે લેખક તરીકે પ્રગતિ કરવાના માર્ગો તો હોય જ, તમે તો ખૂબ ઉત્તમ પુસ્તકો પણ લખો છો. તમારું સપ્તાહ શુભ જાય તેવી શુભેચ્છા.

તમારો,
બિઝનેસમૅન.

૧૭, ૧૮, ૧૯. અમદાવાદમાં ક્યાંક એક 'સામાન્ય' યુવકે મને મેઇલ ટાઇપ કરતાં કરતાં ઊંઘની ઓગણીસ ગોળીઓ પેટમાં પધરાવી દીધી હશે. છતાં, તે મને શુભ સપ્તાહની શુભેચ્છા આપતો હતો. કૉફી મારા ગળા નીચે ઊતરવાની ના પાડતી હતી. મને પરસેવો વળી ગયો.

'એય, એક તો તું મોડી રાત સુધી જાગે છે. બે, સવારના પહોરમાં તું કમ્પ્યુટર સામે ગોઠવાઈ જાય છે. તને એ તો ખ્યાલ છે ને કે તારે એક કુટુંબ પણ છે ?' અનુષાએ કહ્યું. આ કડક શબ્દો પરથી જો તમને ખ્યાલ ન આવ્યો હોય, તો કહી દઉં કે અનુષા મારી પત્ની છે.

ફર્નિચરનું શોપિંગ કરવા જવાનું મેં તેને વચન આપ્યું હતું – અને આ વચન દસ અઠવાડિયાં પહેલાં આપ્યું હતું. તેણે મારો કૉફીનો મગ લઈ લીધો અને–

'આપણને ડાઇનિંગ ખુરશીઓની તાતી જરૂર છે. પણ એય, તું તો ચિંતામાં દેખાય છે !' તેણે કહ્યું.

મેં મોનિટર સામે આંગળી ચીંધી.

'બિઝનેસમૅન !' તેણે મેઇલ વાંચી લીધા પછી કહ્યું. તે પણ હચમચી ગઈ.

'અને તે અમદાવાદથી છે.' મેં કહ્યું. 'આપણને એટલી જ ખબર છે.'

'તું એમ માને છે કે એ સાચો જ છે ?' તેના અવાજમાં ધ્રુજારી હતી.

'આ સ્પામ તો નથી જ.' મેં જવાબ આપ્યો, 'તે મને સંબોધીને લખાયો છે.'

અનુષાએ બેસવા માટે સ્ટૂલ ખેંચ્યું. મને વિચાર આવ્યો કે ખરેખર અમારે થોડી વધારે ખુરશીઓની જરૂર છે.

'વિચારીએ તો.' તે બોલી, 'આપણે કોઈકને જાણ કરવી જોઈએ. કદાચ તેનાં માતા-પિતાને.'

'પણ કેમ ? મને તો ખ્યાલ પણ નથી આવતો કે તે ક્યાંથી આવ્યો છે ?' મેં જવાબ આપ્યો, 'અને આપણે પણ અમદાવાદમાં કોને ઓળખીએ છીએ ?'

'તને એ તો યાદ હશે જ કે આપણે અમદાવાદમાં મળ્યાં હતાં.' અનુષાએ કહ્યું. કટાક્ષ વાક્ય – મને વિચાર આવ્યો. હા, વર્ષો પહેલાં અમે આઈ.એમ.એમ. – એ.માં સહાધ્યાયીઓ હતાં.

'તો ?'

'ઇન્સ્ટિટ્યૂટમાં ફોન કર. પ્રો. બસંત કે બીજા કોઈને.' તેણે ઊંડો શ્વાસ લીધો અને રૂમ બહાર જતાં બોલી, 'હાય હાય !, દાળ બળતી લાગે છે.'

આપણા કરતાં પત્ની ચાલાક હોવાના ફાયદા તો છે જ. હું તો કદી જાસૂસ ન બની શકું.

મેં ઇન્ટરનેટ પર ઇન્સ્ટિટ્યૂટના નંબર શોધ્યા અને ફોન કર્યો. ઑપરેટરે મને પ્રો. બસંતનો નંબર જોડી આપ્યો. મેં ઘડિયાળમાં સમય જોયો. સિંગાપુરમાં સવારના ૧૦.૦૦, ભારતમાં સવારના ૭.૩૦. વહેલી સવારે પ્રોફેસર સાથે સંપર્ક કરવો એ સારું તો ન કહેવાય.

'હેલ્લો !' ઊંઘરેટા અવાજે જવાબ મળ્યો.

'પ્રો. બસંત ? હું ચેતન ભગત છું. તમારો જૂનો વિદ્યાર્થી. યાદ આવે છે ?'

'કોણ ?' તેમણે અવાજમાં જરા પણ જિજ્ઞાસા બતાવ્યા વિના કહ્યું. શરૂઆત સારી ન હતી.

તે અમને જે ભણાવતા હતા તેની મેં વાત કરી અને અમે કૅમ્પસમાં તેમને મૈત્રીભર્યા પ્રોફેસર તરીકે તેમને અમે કેમ મત આપ્યો હતો તેની વાત કરી. જોકે આ ખુશામતનો ખાસ પ્રભાવ ન પડ્યો.

'ઓહ ! એ ચેતન ભગત.' તે બોલ્યા. જાણે કે તે એવા લાખોને ઓળખતા હોય. 'તું તો હવે લેખક બની ગયો છે, નહીં ?'

'હા, સાહેબ.' મેં કહ્યું. 'એ જ.'

'પણ તું પુસ્તકો શા માટે લખે છે ?'

'જરા અઘરો પ્રશ્ન છે.' મેં જવાબ ટાળવાનો પ્રયત્ન કર્યો.

'ભલે, તો પછી સરળ પ્રશ્ન. શનિવારની વહેલી સવારે શા માટે તેં મને ફોન કર્યો છે ?'

મેં તેમને કારણ જણાવ્યું અને પેલો ઈ-મેઇલ ફોરવર્ડ કર્યો.

'નામ નથી, લે.' મેઇલ વાંચ્યા પછી તેમણે મને કહ્યું.

'તે અમદાવાદની કોઈ હૉસ્પિટલમાં હશે. તે થોડા વખત પહેલાં જ દાખલ થયો હશે. સંભવ છે, મરી પણ ગયો હોય. અથવા તો કદાચ તે ઘેર હોય અને આ એક નાટક પણ હોય.' મેં કહ્યું.

હું લવારો કર્યે જતો હતો. મને મદદની તાતી જરૂર હતી – પેલા છોકરા માટે તથા મારા માટે પણ. પ્રોફેસરે સારો પ્રશ્ન પૂછ્યો હતો. હું અભાગિયો ચોપડીઓ શા માટે લખતો હતો – શું આવી વાતોમાં ફસાવા !

'આપણે હૉસ્પિટલમાં તપાસ કરાવી શકીએ.' પ્રોફેસરે જવાબ આપ્યો. 'હું થોડા વિદ્યાર્થીઓને કહી શકું, પણ નામ હોય તો જરૂર મદદ મળે. એય જરા થોભ. આ છોકરાનું જી-મેઇલ એકાઉન્ટ છે. સંભવ છે, તે ઓરકૂટમાં પણ હોય.'

'શું કહ્યું ?' તમે જ્યારે તમારાથી વધુ હોશિયાર લોકો સાથે વાત કરતા હો છો ત્યારે જિંદગી જરા તકલીફવાળી બની જાય છે.

'ચેતન, તું જુનવાણી થતો જતો લાગે છે. ઓરકૂટ એ નેટવર્કિંગ સાઇટ છે. જી-મેઇલનો ઉપયોગ કરનારા તેમાં જોડાય છે. જો તે તેનો સભ્ય હોય અને આપણે નસીબદાર હોઈએ, તો તેની માહિતી આપણને મળી જશે.'

મેં તેમને ફટાફટ કમ્પ્યુટરની કીઝ દબાવતા સાંભળ્યા અને હું પણ મારા કમ્પ્યુટર પાસે બેસી રહ્યો. હું જ્યાં ઓરકૂટ સાઇટ પર પહોંચ્યો, ત્યાં પ્રોફેસર બસંતે બૂમ મારી : 'આહા, અમદાવાદ બિઝનેસમૅન. અહીં તેનો ટૂંકો પરિચય છે. નામમાં તો માત્ર જી. પટેલ લખ્યું છે. તેના રસના વિષયો ક્રિકેટ, બિઝનેસ, ગણિત અને મિત્રો લખેલ છે. લાગે છે કે તે ઓરકૂટનો ખાસ ઉપયોગ નથી કરતો.'

'શું વાત કરો છો તમે, પ્રો. બસંત ? આજે મારી સવાર આત્મહત્યાની મને જ લખેલ ચિઠ્ઠી સાથે શરૂ થઈ ! હવે તમે તેના શોખની વાત કરો છો ! તમે મને મદદ કરવા માગો છો કે...'

થોડી વાર મૌન રહ્યું પછી, 'હું થોડા વિદ્યાર્થીઓને બોલાવું છું. અમે જેણે ઊંઘની ગોળીઓ ખાઈ લીધી હોવાની શંકા છે તેવા જી. પટેલ નામના નવા દાખલ થયેલ દર્દીની તપાસ કરશું. કંઈ સમાચાર મળશે તો તને જાણ કરીશ, બરાબર ?'

'જી સર.' ઘણી વાર પછી શ્વાસ હેઠો બેસતાં મેં કહ્યું.

'અને હા, અનુષા કેમ છે ? તમે પ્રેમ કરવાને બહાને મારા વર્ગમાંથી ગુટલી મારતાં હતાં અને હવે ભૂલી જાઓ છો.'

'તે ખૂબ મજામાં છે, સર.'

'સરસ. હું હંમેશથી માનતો આવ્યો છું કે તે તારાથી વધારે હોશિયાર હતી. સારું, ચાલ, આપણે એ છોકરાને શોધીએ.' પ્રોફેસરે કહ્યું અને ફોન મૂક્યો.

ફર્નિચર શોપિંગ ઉપરાંત મારે ઑફિસનું પ્રેઝન્ટેશન પણ પૂરું કરવાનું હતું. મારા બૉસ માઇકલના બૉસ ન્યુયોર્કથી આવતા હતા. તેમના પર પ્રભાવ પાડવા માઇકલે મને ૫૦ ચાર્ટ્સ સાથે જૂથનું પ્રેઝન્ટેશન કરવાનું કહ્યું હતું. ગયા અઠવાડિયે સતત ત્રણ રાત મેં એક વાગ્યા સુધી કામ કર્યું હતું, પણ હજી અડધે જ પહોંચ્યો હતો.

'એક સૂચન છે. તેનો અવળો અર્થ ન લેતો. પણ બને તો સ્નાન કરવાનો વિચાર કર.' મારી પત્નીએ કહ્યું.

મેં તેની સામે જોયું.

'આ તો કેવળ સૂચન છે.' તે બોલી.

મને લાગે છે કે ક્યારેક તે વધુ પડતી સાવચેત બની જાય છે. અલબત્ત, હું તેને પડકારતો નથી.

'હા, હા, હું જરૂર સ્નાન કરીશ.' મેં કહ્યું અને ફરી કમ્પ્યુટર સામે જોયું.

મારા મનમાં વિચારોનો મારો ચાલતો હતો. મારે જાતે કોઈ હૉસ્પિટલમાં પૂછવું જોઈએ ? પ્રોફેસર બસંત ફરી ઊંઘી ગયા તો ! તેમને વિદ્યાર્થીઓ ન મળ્યા તો ! જી. પટેલ મરી ગયો હશે તો ! અને મોટી વાત કે હું તેમાં આટલો બધો સંડોવાતો શા માટે જાઉં છું !

કમને મેં સ્નાન કર્યું. મેં ઑફિસ પ્રેઝન્ટેશન ખોલ્યું પરંતુ એક શબ્દ પણ ટાઇપ કરવાની મારામાં શક્તિ ન હતી.

મેં નાસ્તાની ના કહી. જોકે થોડી વાર પછી પસ્તાવો થયો – ભૂખમાં ચિંતા ભળે એ સારું નહીં !

બપોરે ૧.૩૩ વાગ્યે ફોનની ઘંટડી વાગી.

'હેલ્લો !' પ્રોફેસરનો અવાજ ઓળખાઈ ગયો. 'સિવિલ હૉસ્પિટલમાં આપણને જોઈએ છીએ તેવી જ વ્યક્તિ છે. તેનું નામ ગોવિંદ પટેલ છે. ૨૫ વર્ષની ઉંમર. મારા એક વિદ્યાર્થીએ તેને શોધી કાઢ્યો.'

'અને ?'

'અને તે જીવે છે, પણ વાત કરવા તૈયાર નથી. તેના કુટુંબ સાથે પણ. લાગે છે કે તે ઊંડા આઘાતમાં છે.'

'ડૉક્ટરો શું કહે છે ?' મેં પૂછ્યું.

'કશું નથી કહેતા. એ સરકારી હૉસ્પિટલમાં છે. તેમની પાસે વળી શી અપેક્ષા રખાય ? પણ તેઓ તેના પેટને સાફ કરી નાખશે અને પછી ઘેર મોકલી આપશે. હું તેની બહુ ચિંતા નથી કરતો. કોઈ વિદ્યાર્થીને સાંજે ફરી તપાસ કરવાનું કહીશ.'

'પણ તેની કથા શી છે ? બન્યું શું હતું ?'

'એ બધાની મને કંઈ ખબર નથી. અને સાંભળ, આમાં વધારે પડતા ઊંડા ઊતરવાની જરૂર નથી. ભારત વિશાળ દેશ છે. આવી બાબતો તો બન્યા જ કરતી હોય છે. તું વધારે તપાસ કરીશ, તો પોલીસ હેરાન કરે તેવા પ્રસંગો ઊભા થશે.'

પછી મેં સિવિલ હૉસ્પિટલમાં ફોન કર્યો. ઑપરેટરને આ કેસ વિશે કશી માહિતી ન હતી અને વળી ત્યાં વૉર્ડમાં કૉલ ટ્રાન્સફર કરવાની સગવડ પણ ન હતી.

અનુષાને નિરાંત થઈ કે છોકરો હવે સલામત હતો. એટલે તેણે તેના હવે પછીના આયોજનની જાહેરાત કરી – ડાઇનિંગ ખુરશીઓની તપાસની. તે એલેક્ઝાન્ડ્રા રોડ પરનાં ઈકીથી શરૂ થશે.

અમે ત્રણ વાગ્યાની આસપાસ ઈકી પહોંચ્યાં અને ઓછી જગ્યા રોકે તેવા ડાઇનિંગ ખુરશીઓના સેટ જોયા. એક ડાઇનિંગ ટેબલ ચાર રીતે ફોલ્ડ થઈ શકતું હતું અને કૉફી ટેબલમાં ફેરવાઈ શકતું હતું – મને ગમે એવું.

'મને એ જાણવાની ઇચ્છા છે કે પેલા ૨૫ વર્ષના બિઝનેસમૅનનું શું થયું ?' મેં ધીમેથી કહ્યું.

'રાહ જો, તને ખબર પડી જશે. તેને સાજો તો થવા દે. સંભવ છે, યુવાનીનાં જે પાગલપણાનાં કારણો છે તેમાંનું એક હશે – પ્રેમમાં અસ્વીકાર, ઓછા ઓછા ગુણ કે પછી ડ્રગ.'

હું મૌન રહ્યો.

'કમોન ! તેણે તને માત્ર ઈ-મેઇલ જ કર્યો છે. તારા પુસ્તકના પૂંઠા પર તારો આઈ.ડી. છે. તારે વધુ પડતા લાગણીશીલ થવાની જરૂર નથી. અને આપણે છ લેવી છે કે આઠ ?' તે ઓકવૂડ સેટ તરફ આગળ વધતાં બોલી.

મેં કહ્યું કે આપણે ઘેર ભાગ્યે જ કોઈ મહેમાન આવે છે. છ ખુરશી પૂરતી છે.

'બે ખુરશીનો સરાસરી ઉપયોગ દસ ટકાથી પણ ઓછો થશે.' મેં કહ્યું.

'તમે પુરુષો બહુ દિલદગડા હોવ છો !' તેણે ટીકા કરતાં કહ્યું અને પછી છ ખુરશી પસંદ કરી.

મારું ધ્યાન વારંવાર પેલા બિઝનેસમૅન પર ચાલ્યું જતું હતું.

ખરેખર બધાં સાચાં હતાં. મારે વધારે પડતા લાગણીશીલ થવાની જરા પણ જરૂર ન હતી. છતાં, દુનિયાનાં બધાં લોકોમાંથી મને જ આ છોકરાએ પોતાના છેલ્લા શબ્દો મોકલ્યા હતા. મારાથી લાગણીશીલ થયા વિના રહેવાય તેમ ન હતું.

અમે ઈકી પાસે આવેલ ફૂડ કોર્ટમાં ભોજન લીધું.

'મારે જવું જ પડશે.' મેં મારા લેમન રાઈસ સાથે રમત કરતાં અનુષાને કહ્યું.

'ક્યાં ? ઑફિસે ? ભલે, હવે તું મુક્ત છો. જા. મેં મારું શૉપિંગ પતાવી લીધું છે.' અનુષાએ જવાબ આપ્યો.

'ના, હું અમદાવાદ જવા માગું છું. હું ગોવિંદ પટેલને મળવા માગું છું.' મેં તેની આંખ સામે જોવાનું ટાળતાં કહ્યું. મને લાગે છે કે હું ચસકેલ હતો !

'તું ગાંડો તો નથી થઈ ગયો ને ?' અનુષા બોલી.

મને લાગે છે કે મારી પેઢીમાં જ ભારતીય સ્ત્રીઓએ પોતાના પુરુષોને ધમકાવવાનું શરૂ કર્યું છે.

'મારું મન સતત ત્યાં જ જા, જા, કરે છે.' મેં જવાબ આપ્યો.

'પણ તારાં પ્રેઝન્ટેશનનું શું ? માઇકલ તારું લોહી પી જશે !'

'મને ખબર છે. તે પોતાના બૉસ પર પ્રભાવ નહીં પાડે ત્યાં સુધી તેને બઢતી નહીં મળે.'

અનુષાએ મારી સામે જોયું. મારો મક્કમ ચહેરો જોઈ તે સમજી ગઈ કે જ્યાં સુધી તે છોકરાને મળીશ નહીં, ત્યાં સુધી હું શાંત નહીં થાઉં.

'ખેર, આજે સાંજે છ વાગ્યે એક જ સીધી ફ્લાઇટ છે. તે ટિકિટ લઈ લે.' તેણે સિંગાપુર ઍર લાઇન્સનો નંબર લગાવ્યો અને મને ફોન આપ્યો.

* * *

નર્સ લઈ ગઈ તે રૂમમાં હું પ્રવેશ્યો. અકળાવે તેવી શાંતિ અને અંધકારના કારણે મારાં પગલાંના પડઘા પડતા હતા. થોડી થોડી વારે વિવિધ મશીનોનો ઘરઘરાટ સંભળાતો હતો અને એલ.ઈ.ડી. લાઇટો ઝબૂકતી હતી. આ સાધનોના કેબલ વાયરો – જે માણસને મળવા હું હજારો માઈલો કાપી આવ્યો હતો તે – ગોવિંદ પટેલના શરીરમાં અદૃશ્ય થઈ જતા હતા.

તેના વાંકડિયા વાળ તરફ મારું પ્રથમ ધ્યાન ગયું. તેની ચામડી ઘઉંવર્ણી હતી. આંખ પરની ભ્રૂકુટિ પર ઘાટા વાળ હતા. તેના પાતળા હોઠ દવાઓથી ખરડાયેલા – સુકાયેલા હતા.

'હાય, ચેતન ભગત... જે લેખકને તેં લખેલ તે.' મેં કહ્યું. મને ખાતરી ન હતી કે તે મને ઓળખશે કે નહીં.

'ઓહ... તમે... મને... કેવી રીતે શોધી કાઢ્યો ?' તે બોલ્યો. તેને બોલવામાં તકલીફ પડતી હતી.

'નિયતિ, મારા મતે.' મેં જવાબ આપ્યો.

મેં તેની સાથે હાથ મિલાવ્યો અને બેઠો. તેની માતા રૂમમાં આવી. તે પણ ઊંઘરેટી જેવી લાગતી હતી. તેને પણ ઊંઘની ગોળીની જરૂર હતી. મેં તેને વંદન કર્યાં. તે બહારથી ચા લેવા ગઈ.

મેં એ છોકરા સામે ફરી જોયું. મને તાત્કાલિક બે તીવ્ર ઇચ્છા થઈ – એક, તેને પૂછું કે શું થયું

હતું અને બીજી તેને થપ્પડ મારવાની !

'તમે મારી સામે આમ ન જુઓ.' તેણે પડખું ફેરવતાં કહ્યું 'તમે ગુસ્સે હશો જ. મારે માફી માગવી રહી. મારે તમને મેઇલ લખવો જોઈતો ન હતો.'

'મેઇલને ભૂલી જા. તેં જે કર્યું તે તારે કરવું જોઈતું ન હતું.'

તેણે નિસાસો નાખ્યો. તેણે તીણી નજરે મારી સામું જોયું. પછી નજર વાળી લીધી.

'મને તેનો પસ્તાવો નથી.' તેણે કહ્યું

'શટ અપ ! આમાં કશું બહાદુરીભર્યું નથી. કાયરો જ ગોળીઓનો આશરો લે છે.'

'તમે મારી જગ્યાએ હોત તો તમે પણ આમ જ કર્યું હોત.'

'પણ શા માટે ? તારી સાથે એવું શું બન્યું ?'

'તે જાણવાની જરૂર નથી.'

ત્યાં તેની મા ચા લઈને આવી, તેથી અમે ચૂપ થઈ ગયા. એક નર્સ આવી અને તેની માને ઘેર જવા કહ્યું પણ તેણે ચોખ્ખી ના પાડી દીધી. છેવટે ડૉક્ટરને વચ્ચે પડવું પડ્યું

તે રાત્રે ૧૧.૩૦ વાગ્યે ગઈ. હું ત્યાં જ રોકાઈ ગયો. મેં ડૉક્ટરને વચન આપ્યું કે હું પણ થોડા વખતમાં ચાલ્યો જઈશ.

'તો ચાલ, તારી વાત બોલવા માંડ.' જેવા અમે એકલા પડ્યા કે મેં કહ્યું

'શા માટે ? તમે તે જાણીને શું કરશો ? જે થયું છે તે તો તમે બદલી નહીં શકો.' તેણે થાકેલા અવાજે કહ્યું

'આપણે બધી વાતો કંઈ ભૂતકાળને બદલવા નથી કહેતા. ક્યારેક માત્ર શું બન્યું તે જાણવું પણ મહત્ત્વનું હોય છે.'

'હું બિઝનેસમૅન છું. મારા મતે લોકો માત્ર સ્વાર્થ માટે જ બધું કરતા હોય છે. એટલે તમારે શું સ્વાર્થ છે ? અને તમને કંઈ પણ કહીને મારો સમય શા માટે બગાડું?'

મેં તે સુંવાળી ચામડીવાળા ચહેરા સામે જોયું – જેની પાછળ કઠોરતા છુપાયેલી હતી.

'કારણ કે તે હું બીજાઓને કહેવા માગું છું.' મેં જવાબ આપ્યો. મારી આ શરૂઆત હતી, તેને પ્રેરવાની.

'અને બીજાને પણ શું ચિંતા થવાની ? મારી વાત કંઈ આઇ.આઇ.ટી. કે કૉલ સેન્ટર જેવી ઉત્તેજક કે કોઈ જુદી ભાતની નથી.'

તેણે પોતાની છાતી પરની ચાદર ખસેડી. હીટર અને અમારી વાતચીતથી રૂમમાં ગરમાવો હતો.

'મને લાગે છે કે તેઓ ચિંતા કરશે.' મેં કહ્યું 'એક યુવાન વ્યક્તિએ પોતાને મારવાનો પ્રયાસ કર્યો. આમાં કંઈ યોગ્ય તો નથી જ.'

'કોઈ મારી લેશમાત્ર પણ ચિંતા નહીં કરે.'

મેં પ્રયાસ કર્યો, પણ ધૈર્ય રાખવાની તકલીફ પડતી હતી. મને ફરી તેને થપ્પડ મારવાનો વિચાર આવ્યો.

'સાંભળ.' હૉસ્પિટલમાં કરી શકાય તેટલો ઊંચો ઘાંટો પાડીને મેં કહ્યું 'તેં તારો છેલ્લો મેઇલ મોકલવા મને પસંદ કર્યો. એ સૂચવે છે કે એક તબક્કે તેં મારા પર વિશ્વાસ મૂક્યો છે. મેં ગમે તેમ કરીને તને શોધી કાઢ્યો છે અને તારો મેઇલ મળતાં કલાકોમાં હું અહીં આવી પહોંચ્યો છું અને છતાં તું મને પૂછે છે કે હું તારી ચિંતા કરું છું કે નહીં ? અને તારું આ ઉદ્ધત વલણ, તારો આ અહંકાર, એ તારા બિઝનેસનો ભાગ છે ? તું મારી સાથે એક મિત્ર તરીકે વાત ન કરી શકે ? અને તને એ પણ ખબર છે કે મિત્ર કોને કહેવાય ?'

મારો મોટો અવાજ સાંભળી નર્સ રૂમમાં આવી. અમે ચૂપ થઈ ગયા. ઘડિયાળ મધ્યરાત્રી

બતાવતું હતું.

તે તો સ્તબ્ધ થઈને બેઠો હતો. આજે બધાં તેની સાથે સરસ રીતે વર્ત્યાં હતાં. હું ઊભો થઈ ગયો અને પાછો ફરીને ચાલવા લાગ્યો.

‘મને બરાબર ખબર છે કે મિત્ર કોને કહેવાય.’ છેવટે તે બોલ્યો.

‘હું જાણું છું કે મિત્ર કોને કહેવાય, કારણ કે મારા બે મિત્રો હતા – દુનિયાના ઉત્તમ મિત્રો.’



એક

ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા
૪થી ઓડીઆઇ, વડોદરા
૧૭ માર્ચ, ૨૦૦૦

૪૫મી ઓવર

'બેવકૂફ, તારે હલવાની જરૂર શું હતી ?' ઈશાનની ચીસ ટી.વી. પર દેખાતા સ્ટેડિયમના ઘોંઘાટમાં ડૂબી ગઈ. હું જમીન પરથી ઊઠીને સોફા પર બેસી ગયો હતો.

'હત્', મેં કહ્યું. અમે ઈશાનના ઘરમાં હતા – ઈશાન, ઓમી અને હું. ઈશાનની માએ અમને ચા અને ખાખરા આપ્યાં. સોફા પર બેસીને નાસ્તો કરવો સગવડભર્યું છે, તેથી હું અહીં બેઠો છું.'

'લ્યો, તેંડુલકર ગયો. સા...લો, આ તબક્કે જવાય ! ઓમી. હવે હલતો નહીં. હવેની પાંચ ઓવર સુધી કોઈ હલશે નહીં.'

મેં ટી.વી. સામે જોયું. અમે જીતવા માટે ૨૮૩ રનનો પીછો કરતા હતા. આગલા દડા સુધી ભારતનો સ્કોર ૨૫૬-૨ હતો. (૪૫મી ઓવરે) પાંચ ઓવરમાં ૨૭ રન જોઈતા હતા. આઠ વિકેટ બાકી હતી ને તેંડુલકર ક્રીઝ પર હતો. કસાકસની રમત હતી. હજી નસીબ ભારતની તરફેણમાં હતું, પણ તેંડુલકર આઉટ થઈ ગયો. ઈશાનના કપાળ પરના સળનું તે કારણ હતું.

'ખાખરા ભારે કડક છે હો.' ઓમી બોલ્યો. ઈશાને ઓમી સામે આંખ કાઢી અને આ રાષ્ટ્રીય કટોકટીની પળે આવો ક્ષુદ્ર આનંદ લેવા બદલ તેને ઠપકો આપ્યો. ઓમીએ અને મેં ચાના કપ નીચે મૂક્યા અને દુઃખી થવાનો પૂરો પ્રયાસ કર્યો.

તેંડુલકરે વિદાય લીધી ત્યારે ટોળાંએ તાળીઓના ગડગડાટ કર્યા જાડેજા ક્રીઝ પર આવ્યો અને છ રન ઉમેર્યા. ૪૬મી ઓવર પૂરી થઈ. ભારત ૨૬૨/૩. ચાર ઓવરમાં જીતવા માટે ૨૧ રનની જરૂર હતી. સાત વિકેટ હાથમાં હતી.

ઓવર ૪૬

'તેણે ૧૨૨ રન બનાવ્યા. તેણે તેની કામગીરી બરાબર કરી હો. હવે થોડા છેલ્લા ફટકા બચ્યા છે. તેમાં તું આવડો શા માટે અકળાય છે ?' મેં કોમર્શિયલ બ્રેક વચ્ચે પૂછ્યું. હું મારો ચાનો કપ લેવા જતો હતો, પણ ઈશાને તે ન લેવા ઈશારો કર્યો. મેચનું ભાવિ નક્કી ન થાય ત્યાં સુધી અમારે કશું ખાવા-પીવાનું ન હતું. આમ પણ ઈશાન અમારા પર ચિડાયેલો હતો. મેચ વડોદરામાં હતી... અમદાવાદથી માત્ર બે કલાક... છતાં અમે જઈ શક્યા ન હતા – એક, કારણ કે અમારી પાસે પૈસા ન હતા અને બે, મારી કૉરસ્પૉન્ડન્સ પરીક્ષા બે દિવસ પછી હતી. અલબત્ત, ટી.વી. પર મેચ જોવામાં મેં આખો દિવસ બગાડયો જ હતો. તેથી બીજા નંબરનું કારણ ખાસ મહત્ત્વ ધરાવતું ન હતું.

'દર ઓવરે ૫.૨૫ રનની જરૂર છે.' ગાણિતિક ગણતરી કરવાની લાલચ ન રોકાતાં મેં કહ્યું. આ જ કારણે મને ક્રિકેટ ગમે છે. તેમાં ગણિતને પુષ્કળ અવકાશ છે.

'તું આ ટીમને ઓળખતો નથી. તેંડુલકર ગયો નથી કે બધા ગભરાઈ જાય છે. અહીં સરાસરીનો પ્રશ્ન નથી. આ તો એના જેવું છે કે જો મધમાખીની રાણી મરી જાય તો મધપૂડામાં તરત અવ્યવસ્થા ઊભી થવાની.' ઈશાને કહ્યું.

ઓમીએ માથું હલાવ્યું. ઈશાન જ્યારે ક્રિકેટ વિશે કશુંક પણ કહે તો તે સામાન્ય રીતે આમ જ કરે છે.

'અલબત્ત, મને આશા છે કે આપણે આજે કંઈ મેચ જોવા ભેગા નથી થયા. આપણે એ નક્કી કરવાનું છે કે શ્રીમાન ઈશાન તેના ભાવિ વિશે શું કરવા માગે છે. બરાબર ?' હું બોલ્યો.

વર્ષ પહેલાં જ્યારે એમ.બી.એ.માંથી તે ભાગી આવ્યો હતો, ત્યારથી ઈશાન હમેશાં આ મુદ્દાને ટાળતો હતો. તેના પિતાએ ટીકા કરતાં કહેલ 'તારી બિનઉપયોગિતાનું એક વર્ષ પૂર્ણ થયા બદલ આજે કેક કાપી ઉજાણી કર.'

જોકે, આજે મારી પાસે એક યોજના હતી. અમારા જીવન વિશે ચર્ચા કરવા તે બંનેને બેસાડી હું વાતો કરવા માગતો હતો. અલબત્ત, ક્રિકેટની સરખામણીમાં જીવન બીજા નંબરની પસંદગી છે.

'પછી, પછી.' પિમ્પલ ક્રીમ કોમર્શિયલ સામે તાકીને જોતાં ઈશાને કહ્યું.

'પછી ક્યારે, ઈશાન ? મારી પાસે એવો વિચાર છે જે આપણને બધાને ઉપયોગી થાય તેવો છે. આપણી પાસે હવે બહુ વિકલ્પો નથી.' મેં કહ્યું, 'બોલ, છે ?'

'આપણે બધા ? હું પણ છું તેમાં ?' ઓમી ઉત્તેજિત થઈને બોલ્યો. તેના જેવા મૂર્ખ કશાકના, ગમે તેના, હિસ્સા બની જવા તૈયાર હોય છે. જોકે આ વખતે તો અમારે પણ ઓમીની જરૂર હતી.

'ઓમી, તું પણ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. પણ ઈશાન, પછી ક્યારે ? ક્યારે, બોલ ?'

'અરે, બંધ કર ને યાર ! જો, મેચ શરૂ થાય છે. સારું, સારું, જમ્યા પછી. આપણે ગોપીમાં જશું.' ઈશે કહ્યું.

'ગોપી ? પણ પૈસા કોણ ચૂકવશે ?' હું બોલવા જતો હતો ત્યાં મેચ શરૂ થઈ.

બીપ... બીપ... બીપ... કારનાં હોર્ને અમારી વાતચીતને અટકાવી દીધી. બહાર પોળમાં કાર દેખાઈ.

'શું ચાલે છે ?'

'સા...લો, પૈસાદાર બાપનો બ્લડી છોકરો. રોજ અહીં આવે છે અને અમારા ઘરની આસપાસ આંટા મારે છે.'

'પણ શા માટે ?' મેં પૂછ્યું.

'વિદ્યા માટે. તે તેની સાથે કોચિંગ ક્લાસમાં હતો. ત્યાં પણ વિદ્યાએ તેની ફરિયાદ કરી હતી.' ઈશે કહ્યું.

બીપ... બીપ... બીપ... કાર પાછી ઘર પાસે આવી.

'ડેમ ! હું આ જોવાનું ગુમાવવા નથી ઈચ્છતો.' ભારતે ચોગ્ગો લગાવ્યો તે જોતાં ઈશ બોલ્યો. ઈશે પોતાનું બૅટ હાથમાં લીધું અને અમે ઘરની બહાર દોડયા. સિલ્વર એસ્ટિમે પોળનો આંટો માર્યો અને પ્રણય વ્યક્ત કરવા બીજો રાઉન્ડ લીધો. ઈશ કારની સામે ઊભો અને છોકરાને તે અટકાવવા કહ્યું. એસ્ટિમ ઈશની સામે જ ઊભી રહી. ઈશ ડ્રાઈવર સામે ગયો. તે એક તરુણ હતો.

'તારી હેડલાઈટ બળે છે.'

'એમ ?' છોકરો બોલ્યો અને ઈગ્નિશન બંધ કરી દીધું. તે બહાર આવ્યો અને ઈશ સામે

ઊભો રહ્યો.

ઈશે તેની બોચી પકડી અને તેના ચહેરાને જોરથી બૉનેટ પર ભટકાવ્યો. પછી બૅટથી તેણે હેડ લાઈટને ફટકારી. કાચ ફૂટી ગયો અને બલ્બ બહાર લટકી પડયો.

'અલ્યા, તમને વાંધો શો છે ?' છોકરો બોલ્યો. તેના નાકમાંથી લોહી નીકળતું હતું.

'વાંધો તો તને શો છે તે કહે, તને હોર્ન વગાડવાની બહુ હોંશ છે ?' ઈશ બોલ્યો.

ઈશે તેનો કોલર પકડી અને તેના ચહેરા પર એક પછી એક છ થપ્પડ મારી દીધી. ઓમીએ બૅટ લઈ વીન્ડ સ્ક્રીન તોડી નાખ્યો. ગ્લાસના અસંખ્ય ટુકડા થઈ ગયા. શેરીનાં લોકો આજુબાજુ ઘેરી વળ્યાં, કારણ કે શેરીમાંની લડાઈ જેવું મનોરંજન બીજું ક્યાંય ન મળે.

છોકરો તો ભય અને પીડાથી થરથરવા માંડયો. પોતાની તૂટેલી કાર અને સૂજેલા ચહેરા વિશે તે પોતાના ડૅડને શું કહેશે !

ઈશના પિતાએ આ ધાંધલનો અવાજ સાંભળ્યો અને ઘરમાંથી બહાર આવ્યા. ઈશે તેને કોણીથી પકડી રાખ્યો હતો. છોકરો શ્વાસ લેવા તરફડતો હતો.

'મૂકી દે એને.' ઈશના પિતાએ કહ્યું.

ઈશે તેને વધારે જોરથી દબાવ્યો.

'મેં તને કહ્યુંને કે મૂકી દે તેને.' ઈશના પિતાએ ત્રાડ પાડીને કહ્યું, 'શું ચાલે છે અહીં?'

'આ છોકરો અઠવાડિયાથી વિધાને હેરાન કરે છે.' ઈશે જવાબ આપ્યો. તેણે છોકરાના ચહેરા પર ઘૂંટણથી લાત મારી. પછી છોડી દીધો. છોકરો ઘૂંટણીએ પડી ગયો અને હવા લેવા ઊંડા શ્વાસ લેવા લાગ્યો. ઈશની છેલ્લી લાતને કારણે તેના નાકમાંથી લોહી વહેવા લાગ્યું હતું અને તેનો ચહેરો તેથી ખરડાઈ ગયો હતો.

'અને તું શું માને છે કે તું બરાબર કરે છે ?' ઈશના પિતાએ તેને સંબોધીને કહ્યું.

'તેને પાઠ ભણાવું છું.' ઈશે જવાબ આપ્યો. તેણે વીન્ડ સ્ક્રીનમાંથી ફસાઈ ગયેલ બૅટને બહાર કાઢયું.

'એમ ? પણ તું તારા પાઠ ક્યારે શીખીશ ?' ડૅડ બોલ્યા.

ઈશ પાછો ફરીને ચાલવા લાગ્યો.

'જા હવે તું.' ઈશના પિતાએ હોર્ન વગાડતા છોકરાને કહ્યું. છોકરાએ તેમની સામે હાથ જોડયા. જોયું કે કોઈને તેની માફીની પડી ન હતી, એટલે તે કારમાં બેસી ગયો.

ઈશના પિતા પડોશીઓ તરફ ફર્યા. 'છેલ્લા એક વર્ષથી તે ઘરમાં નકામો બેસી રહ્યો છે. પોતાના દેશના લશ્કરમાંથી જ તે નાસી આવ્યો છે અને બીજાને પાઠ શિખવાડવા માગે છે ! તે અને તેના લોફર મિત્રો આખો દી ઘરમાં પડયા રહે છે.'

ઈશે આંખના ખૂણામાંથી બાપ સામે જોયું. પછી ઘરમાં ચાલ્યો ગયો.

'હવે વળી ક્યાં જાય છે તું ?' બાપે પૂછ્યું.

'મેચ. કેમ, તમારે હજી વધારે ગાળો આપવી છે ?' ઈશ બોલ્યો.

'જ્યારે આખું જીવન જ તેં બગાડયું છે, તો એક વધારે દિવસમાં શું થવાનું છે ?' બાપે કહ્યું. પડોશીઓએ સહાનુભૂતિમાં ડોકાં હલાવ્યાં.

અમે મેચની અંતિમ ચાર ઓવરો ગુમાવી હતી. સદ્‌ભાગ્યે ભારત જીતી ગયું હતું અને ઈશ ખાસ અસ્વસ્થ થયો ન હતો.

'હા, હા, હા.' ઈશે કૂદકા માર્યા. 'આ જ રાતે ગોપી મારા તરફથી...'

મને મુર્ખાઓ ગમે છે.

અલબત્ત, ઈશાન મૂર્ખ નથી. ઓમી જેટલો તો નથી જ. હકીકત એ છે કે બન્ને જણા અભ્યાસમાં સામાન્ય છે. ખાસ કરીને ગણિતમાં. અને મને તે ફાવે છે. તે મારું મિથ્યાભિમાન છે,

પણ તે મારી એકમાત્ર વિશિષ્ટતા છે. હું ત્રણેમાં વધારે ગરીબ છું. (જોકે એક દિવસ પૈસાદાર થઈશ જ.) જોકે ઈશાન અને ઓમી પણ કંઈ ખાસ પૈસાદાર નથી. ઈશાનના પિતા ટેલિફોન ઍક્સ્ચેન્જમાં કામ કરે છે. તેમના ઘરમાં ફોન ઘણા છે, પણ પગાર સામાન્ય છે. ઓમીના પિતા સ્વામીભક્ત મંદિરના પૂજારી છે. મંદિર મૂળે ઓમીના માતૃપક્ષનું પેઢીઓની માલિકીનું છે. તેમાં પણ કંઈ ખાસ આવક ન હતી, છતાં તેઓ મારા કે મારી મા કરતાં તો સારી સ્થિતિમાં જ છે. મારી મા ગુજરાતી નાસ્તાનો નાનકડો બિઝનેસ કરે છે અને હું ટ્યુશનમાંથી થોડાઘણા પૈસા મેળવી લઉં છું. આમ અમારું ગુજરાન ચાલ્યા કરે છે, બસ !

'આપણે જીતી ગયા, ૩-૧થી સિરીઝ જીતી ગયા.' ઓમીએ ટી.વી. પર જે વાંચ્યું તે જ બોલી ગયો. અલબત્ત, તેના માટે કોઈ મૌલિક વિચાર પ્રગટ કરવો તે તકલીફભર્યું બનત. કેટલાક કહે છે કે ઓમી જન્મથી જ મૂર્ખ હતો. જ્યારે કેટલાક કહે છે કે જ્યારે તેને પાંચમા ધોરણમાં કોર્ક બૉલ માથામાં વાગ્યો ત્યારથી મૂર્ખ બની ગયો છે. મને કારણની તો ખબર ન હતી, પણ મને એટલી તો ખબર હતી કે તેના માટે શ્રેષ્ઠ કામ હતું પૂજારી થવાનું. તે સિવાય તેના માટે ખાસ કોઈ બીજી કારકિર્દીની શક્યતા નથી, કારણ કે ગણિતમાં બે વાર નાપાસ થવાથી બારમા ધોરણથી આગળ વધી શક્યો ન હતો. પણ તેને પૂજારી થવું ન હતું તેથી જ મારી યોજના ઉત્તમ હતી.

હું ખાખરા ખાતો હતો. ઈશાનની મા કરતાં મારી મા તે વધારે સારા બનાવતી હતી. છેવટે તો અમે વ્યવસાયી હતાં ને.

'હું ઘેર જાઉં છું અને કપડા બદલાવી આવું. પછી આપણે ગોપીમાં જઈશું.' ઈશાન અને ઓમી નાચતા હતા ત્યારે મેં કહ્યું. ભારત જીતે પછી નાચવાનો રિવાજ અમે અગિયારમામાં હતા ત્યારથી શરૂ કર્યો હતો. આમ તો તેરમે વર્ષે અટકાવી દેવો જોઈતો હતો. અને અમે તો અત્યારે એકવીસના હતા. છોકરા જેમ કૂદતા હતા. ઓ.કે. આપણે જીત્યા હતા. કોઈકે તો જીતવું જ રહ્યું – ગણિતની રીતે. તેની સારી સંભાવના હોય જ. પણ તેનો અર્થ આમતેમ કૂદવું તેવો ઓછો થાય છે !

* * *

હું ઘર તરફ જતો હતો.

જૂના શહેરની સાંકડી પોળો સાંજના ટોળાંથી ઊભરાતી હતી. મારું ઘર ઈશાનના ઘરથી કેવળ અર્ધો કિલોમીટર દૂર હતું. હું નાના પાર્ક પાસેથી પસાર થયો. ભારત મેચ જીત્યું હોવાથી નાના છોકરા રમતા હતા. તેથી આ પાર્ક પણ ઊભરાતો હતો. હું પણ મારા શાળાજીવન દરમ્યાન રોજ અહીં રમતો. હજી પણ અમે ક્યારેક અહીં આવીએ છીએ. પણ હવે અમે મારા ઘર પાસે આવેલ જૂની – બંધ પડી ગયેલ બૅન્કના કમ્પાઉન્ડને પસંદ કરીએ છીએ.

મારી પાસે ટેનીસ બૉલ આવ્યો. પરસેવાથી લથબથ થતો બારેક વર્ષનો છોકરો દોડતો મારી પાસે આવ્યો. મેં તેના માટે દડો લઈ લીધો. આ નાના પાર્કમાં જ હું પંદર વર્ષ પહેલાં ઈશાન તથા ઓમીને પ્રથમ વાર મળ્યો હતો. અમારી મૈત્રી કોઈ નાટકીય રીતે શરૂ થઈ ન હતી. હા, છ વર્ષનાં છોકરાં જેમ મિત્રો બની જતાં હોય છે, તે જ રીતે અમે મેદાન પર જ ભાઈબંધ બની ગયા હતા અને સાથે રમવાનું શરૂ કર્યું હતું.

મોટા ભાગનાં નજીક રહેતાં બાળકો જેમ અમે પણ નાના પાર્કથી સોએક મીટર દૂર આવેલ બેલરામપુર મ્યુનિસિપલ સ્કૂલમાં જતા. જોકે, હું જ કેવળ ધ્યાનથી ભણતો. ઈશાન અને ઓમી તો તક શોધતા અને આ પાર્કમાં ભાગી આવતા.

નાનકડી પોળમાં ત્રણ સાઈકલ એકબીજીને આંતરવાનો પ્રયત્ન કરતી હતી. તેમને જવા દેવા મારે કાજી રેસ્ટોરાંમાં જવું પડયું. તળેલ કોથમીર અને લસણની વાસ આ સાંકડા રૂમમાં પથરાતી હતી. ભારત મેચ જીત્યું હોવાથી રસોઈયો રોજ કરતાં મોટી મિજબાનીની તૈયાર કરતો હતો. હું અને ઈશાન ક્યારેક સસ્તું ખાણું અને ઉત્તમ મટન ખાવા માટે અહીં આવતા. (અલબત્ત, ઓમીને કહ્યા

વિના.) લોજનો માલિક અમને બીફ નહીં પણ બકરાંનાં 'મટન'ના ટુકડા ચોક્કસ આપતો. મને તેના પર વિશ્વાસ હતો, કારણ કે જો તે બીફ આપતો હોત તો આ વિસ્તારમાં ટકી શક્યો ન હોત. મારી ઈચ્છા ગોપી કરતાં અહીં ખાવાની હતી, પણ અમે ઓમીને ગોપીનું વચન આપ્યું હતું. ત્યાંનું ખાણું પણ ઉત્તમ હતું. ખાસ કરીને ગુજરાતમાં ખાવું એ એક તીવ્ર ઝંખનાનો વિષય હોય છે, કારણ કે અહીં દારૂની મનાઈ છે. અહીં લોકોને ખાધાનો નશો ચડે છે.

હા, અમદાવાદ મારું શહેર છે. વિચિત્ર લાગે, પણ જો આ શહેરમાં તમને લાંબો સમય મજા આવે તો તમે તેને વિશ્વનું શ્રેષ્ઠ શહેર માનવા પ્રેરાશો. હું પણ અમદાવાદ વિશે આવું જ માનું છું. મને ખબર છે કે તે કંઈ મુંબઈ, દિલ્હી કે બેંગ્લોર જેવું મોજીલું શહેર નથી. હું એ પણ જાણું છું કે આ શહેરના લોકો અમદાવાદને એક નાનકડા શહેર તરીકે જ જુએ છે, જે ખરેખર નથી. અમદાવાદ પચાસ લાખ કરતાં વધુ વસતી ધરાવતું ભારતનું પાંચમું સૌથી મોટું શહેર છે. પણ હું માનું છું કે તમારે કોઈ બાબતને મહત્ત્વની બનાવવી હોય, તો પછી આ બાબત મહત્ત્વની નથી રહેતી. હું તો તમને ભારપૂર્વક કહી શકું કે દિલ્હી કરતાં અમદાવાદમાં ઉત્તમ મલ્ટીપ્લેક્સ છે કે મુંબઈ કરતાં સારા રસ્તા છે કે બેંગ્લોર કરતાં સારી રેસ્ટોરાં છે. પણ તમે નહીં માનો. અને કદાચ માનવા તૈયાર થાવ તોપણ તેને જરાપણ મહત્ત્વ નહીં આપો. હું જાણું છું કે બેલરામપુર કંઈ બાન્દ્રા નથી, પણ હું શા માટે મને નાના શહેરનો માણસ કહેવડાવવા તૈયાર થાઉં, જાણે કે તે ખરાબ બાબત હોય ! નાનાં શહેરો વિશે હાસ્યાસ્પદ બાબત એ હોય છે કે લોકો તેને સાચું ભારત કહે છે. હું માનું છું કે તેઓ સ્વીકારે છે કે એક સ્તરે મોટાં શહેરોનું ભારત ખોટું છે ! હા, હું જૂના એવા અમદાવાદ શહેરનો છું અને મને તેનું ગૌરવ છે. અમારે ત્યાં બહુ ફૅશન શો નથી થતા, છતાં અમારી સ્ત્રીઓ જે પહેરે છે તે અમને ગમે છે. મને તો તેમાં કંઈ જ અયોગ્ય નથી લાગતું.

હું કાજીમાંથી બહાર નીકળ્યો અને વળાંક લઈ પોળમાં ઓમીના મંદિર તરફ થઈ ઘર તરફ આગળ વધ્યો. અમે તેને ઓમીનું મંદિર એટલા માટે કહેતા હતા, કારણ કે તે ત્યાં રહેતો હતો. તેનું કાયદેસર નામ તો સ્વામીભક્તિ મંદિર હતું. જેવો હું પોળમાં પ્રવેશ્યો, તો સાંકડી પોળમાં કચરાના નિકાલના પ્રશ્ને બે લોકો ઝઘડતા હતા.

મારા નાના શહેરના પડોશ વિશે અમુક બાબતો બદલવાની મને ઘણી ઈચ્છા છે. કેટલીક બાબતે તે બાકીના અમદાવાદ કરતાં પાછળ છે. એક, આખું જૂનું શહેર તદ્દન સ્વચ્છ હોવું જોઈએ. સાબરમતી નદીને પેલે પારનું નવું શહેર કાચ અને સ્ટીલનાં મકાનોથ ઝગમગે છે. જ્યારે જૂના શહેરને તો કચરાનો નિકાલ કરવામાં પણ તકલીફ પડે છે.

મને એક બીજી બાબત પણ બદલાવવાની ઈચ્છા છે. મારે જે બીજા લોકો વિશે અફવાઓ ફેલાવે છે તે અટકાવવી છે. જેમ કે ક્રિકેટ બૉલ વાગવાને લીધે ઓમી મૂર્ખ બન્યો છે. આ બાબતનો કોઈ જ પુરાવો નથી. છતાં બેલરામપુરની દરેક પોળમાં આ વાત થાય છે. અથવા તો એ અફવા કે ઈશ કંઈ એમ.બી.એ.માંથી ભાગી નહોતો આવ્યો, પણ તેને કાઢી મૂકવામાં આવ્યો હતો. મને હકીકતની ખબર છે કે તે સાચું નથી. ઈશ કદી પડકારી ન શકાય તેવી સત્તાને સ્વીકારી શકતો નથી અને તે લશ્કર બાબતે ખૂબ જ ઉત્તેજિત હતો (કારણ કે તે એકમાત્ર વિકલ્પ હતો). તે પોતાના આવતા બે દસકા સુધી કોઈ મેજર તેને ઑર્ડર કર્યા કરે તે સહન કરી શકે તેમ ન હતો, તેથી તે દંડ ભર્યા કરતો. પોતાનાં વડીલો માંદાં છે કે એવું કંઈક અંગત કારણ જણાવ્યું અને સીધો બેલરામપુર નાસી આવ્યો.

અને હા, મારે સૌથી વધારે અટકાવવું છે તે છે – તદ્દન વાહિયાત વાત કે જ્યારે મારા પિતા મૃત્યુ પામ્યા, ત્યારથી હું લાગણીહીન બની ગયો છું. મારા પિતા તો મને અને મારી માને દસ વર્ષથી છોડીને ગયા છે, કારણ કે અમને ખબર પડી ગઈ હતી કે તેમને શહેરમાં બીજી પત્ની હતી. મને યાદ છે ત્યાં સુધી મને તો ક્યારે પણ લાગણી-ફાગણી સાથે ફાવટ ન હતી. મને તો ગણિત ગમે છે, મને તો તર્કશાસ્ત્ર ગમે છે અને આ વિષયોમાં લાગણીને જરા પણ સ્થાન નથી. એનો એક દાખલો છે મારી મા. પિતાના ગયા પછી મા પાસે પોળમાંથી સહાનુભૂતિ દર્શાવવા આવતી દરેક સ્ત્રી સામે

રડવામાં તેના મહિનાઓ ચાલ્યા ગયા. પછીનું વર્ષ તેણે જ્યોતિષીઓને પૂછવામાં પસાર કર્યું કે કયા ગ્રહોના પ્રભાવથી પિતા ચાલ્યા ગયા હતા અને એ ગ્રહોની સ્થિતિ ક્યારે બદલાશે. પછી તેની વડીલ કાકીઓ એક પછી એક તેની સાથે રહેવા આવી, કારણ કે તે એકલી રહેવા અસમર્થ હતી. હું પંદર વર્ષનો થયો ત્યાં સુધી દુનિયા કઈ રીતે ચાલે છે તે સમજતો ન હતો. પછી હું તેને નાસ્તાનો ધંધો કરવા સમજાવી શક્યો. અલબત્ત, મારું પટાવવું તો એક નાનો અંશ જ હતો, પણ મૂળ વાત એ હતી કે તેનાં બધાં ઘરેણાં બાકાયદા વેચાઈ ચૂક્યાં હતાં.

તે નાસ્તો તો સારો બનાવતી હતી, પણ બિઝનેસમૅન ન હતી. લાગણીશીલ લોકો તદ્દન નકામા વેપારી હોય છે. નાના વેપારી જે પહેલી ભૂલ કરે છે તે – તે ઉધાર વેચતી અને રોકડે ખરીદતી, પછી તે હિસાબ ન રાખતી. ઘરમાં વાપરવાના પૈસા ક્યારેક વેપારના પૈસામાં ભેળસેળ થઈ જતા. ક્યારેક મહિનાઓ સુધી સુધી અમારે પસંદગી કરવી પડતી કે ખાવા માટેના ચોખા ખરીદવા કે પાપડ બનાવવા માટે મરી !

આ દરમ્યાન હું શક્ય હોય તેટલું ભણ્યો. અમારી શાળા કંઈ ઑક્સફર્ડ તો હતી નહીં. અભ્યાસ પર જોર ઓછું અપાતું. વિદ્યાર્થીઓ કરતાં શિક્ષકો વર્ગમાં ઓછા આવતા. તેમ છતાં હું દર વર્ષે ગણિતમાં પ્રથમ સ્થાને જ આવતો. દસમામાં મને ગણિતમાં સો માર્ક્સ આવ્યા ત્યારે બધાએ વિચાર્યું કે હું તેજસ્વી વિદ્યાર્થી છું. મારા માટે જોકે તે કંઈ મોટી બાબત ન હતી, પણ આ અફવાઓએ જ મદદ કરી. પોળમાં મારા માર્ક્સના સમાચાર ફેલાઈ ગયા અને અમને આવકનું નવું માધ્યમ મળ્યું – ટ્યુશનો ! બેલરામપુરમાં હું એક માત્ર ગણિતશિક્ષક હતો અને ત્યાં ગણિતમાં ખરાબ માર્ક્સ ચેપની જેમ પ્રસર્યા હતા. હવે ખમણ અને ખાખરા સાથે ટ્રિગોનૉમેટ્રી અને બીજગણિત પણ પટેલ ઘરમાં આવકનું સાધન બન્યાં. જોકે આસપાસનો વિસ્તાર મહદ અંશે ગરીબોનો જ હતો, તેથી લોકો ઊંચી ફી તો ન આપી શકતા, તેમ છતાં મહિનાના બીજા એક હજાર અમારા માટે થોડા જીવન પરિવર્તનની ઘટના તો બન્યા જ. પંખામાંથી અમે હવે કૂલર તરફ આગળ વધ્યાં. ખુરશીથી સેકન્ડ હેન્ડ સોફા સુધી પહોંચ્યાં. જીવન થોડું સરળ બન્યું.

હું ઓમીના મંદિરે પહોંચ્યો. ઘંટના લયબદ્ધ મોટા અવાજે મારા વિચારોમાં ખલેલ પહોંચાડી. મેં ઘડિયાળમાં જોયું. સાંજના છ થયા હતા. રોજનો આરતીનો સમય. મેં દૂરથી ઓમીના પિતાને જોયા. મંત્ર બોલતા હતા. આંખો બંધ હતી. હું તો જોકે અર્ધ નાસ્તિક હતો, છતાં તેમના ચહેરા સામે આશ્ચર્યથી જોતો. તેના પર ઈશ્વર પ્રત્યેની સાચી ભક્તિનાં દર્શન થતાં હતાં. તે આસપાસના સમાજમાં લોકપ્રિય હતા તેમાં નવાઈનું કારણ ન હતું. ઓમીની માતા તેમની પાસે ઊભાં હતાં. તેમણે મસ્તક પર મરુન સાડીનો છેડો ઓઢેલ હતો અને બે હાથ જોડી ઊભાં હતાં. તેમની પાસે ઓમીના મામા બિટ્ટુમામા ઊભા હતા. તેમણે સફેદ ધોતિયું અને ભગવો ઝભ્ભો પહેર્યાં હતાં. હાથ જોડેલા હોવાથી તેમનાં મોટાં બાવડાં વધારે વિશાળ લાગતાં હતાં. તેમની આંખો પણ રાધા-કૃષ્ણની મૂર્તિ સામે ભક્તિપૂર્વક એકાગ્ર હતી.

આરતીમાં મોડા પહોંચવાથી ઓમીને મુશ્કેલી થવાની. જોકે આ કંઈ પ્રથમ વારની ઘટના ન હતી, કારણ કે સાંજે છ વાગ્યે નાના પાર્કની મેચો જામી જ હોય !

* * *

'કેવી રહી મેચ ?' હું ઘેર પહોંચ્યો કે મારી માએ પૂછ્યું. તે ઘરની બહાર ઊભી હતી.

એક લગ્ન પાર્ટી માટે બનાવેલ તાજાં ઢોકળાંને તેણે ભાડે કરેલ ઑટોમાં ભરવાનું પૂરું કર્યું હતું. મારી મા ડિલિવરી વગેરેનું કામ બહારનાને સોંપતી અને તેની આવડતના કામ – રસોઈ – પર જ ધ્યાન કેન્દ્રિત કરતી. તેણે ઑટોમાંથી ઢોકળાંનો એક ટુકડો મારા માટે લીધો. ઘણું ખરાબ કહેવાય – ગ્રાહકના ઑર્ડરમાંથી કશુંક લેવું તે !

'ખૂબ સરસ મેચ. કસોકસ જીત. આપણે જીત્યા.' મેં અંદર પ્રવેશતાં કહ્યું.

મેં અંદર જઈ ટ્યૂબ લાઇટની સ્વીચ ઓન કરી. અમારી પોળનાં ઘરોમાં દિવસ દરમ્યાન પણ લાઇટની જરૂર પડતી.

'જો મારી દિવાળીની સીઝન સારી જશ તો તને રંગીન ટી.વી. લઈ આપીશ.' માએ વચન આપ્યું.

'તેની જરૂર નથી.' મેં કહ્યું. મેં સ્નાન કરવા મારા બૂટ ઉતાર્યા. 'હકીકતે તારે મોટા ગ્રાઈન્ડરની જરૂર છે. નાનું જરા પણ બરાબર નથી ચાલતું.'

'ધંધામાં વધારાના પૈસા મળશે તો જ ટી.વી. લઈ આપીશ.' તે બોલી.

'ના, તું જો વધારાના પૈસા કમાઇશ તો તેને ફરી ધંધામાં જ રોકજે. બિનજરૂરી વસ્તુઓ ખરીદવાની જરૂર નથી. હું ઈશાનના ઘેર રંગીન ટી.વી.માં મેચ જોઈ શકું છું.'

તે રૂમ બહાર ગઈ. મારી માને ખબર હતી કે મારી સાથે દલીલ કરવી વ્યર્થ હતી. પિતાની ગેરહાજરીમાં એ નવાઈની વાત હતી કે મારું ઘરમાં ઘણું ચલણ હતું. મને એટલી જ આશા હતી કે ઈશ અને ઓમી પણ મારી દરખાસ્તનો સ્વીકાર કરશે.

બિઝનેસ કરવા બાબતે મારો રસ ત્યારે વધ્યો જ્યારથી મેં ટયુશન કરવાનું શરૂ કર્યું. પૈસા વધતા જોવાનો એક વિશિષ્ટ આનંદ હતો. પૈસા સાથે કૂલર કે સોફા જેવી વસ્તુઓ જ માત્ર આવતી ન હતી, પણ મહત્ત્વની બાબત મળતી હતી – સન્માન ! હવે દુકાનદારો અમને ટાળતા ન હતા. સગાંઓ પણ અમને લગ્નમાં બોલાવવા લાગ્યાં હતાં. અમારા મકાનમાલિકની મુલાકાત અમને મૂંઝવણમા મૂકતી ન હતી. એક બીજી જબરી ઉત્તેજના હતી – હું જાતે પૈસા કમાતો હતો. કોઈ બૉસના હાથ નીચે ન હતો કે કોઈની દયા પર જીવતો ન હતો. હું જાતે મારું ભાવિ નક્કી કરી શકતો હતો કે કેટલા વિદ્યાર્થીઓને ભણાવવા, કેટલા કલાક – વગેરે મારા નિર્ણયો રહેતા.

ગુજરાતીઓની વિશિષ્ટતા એ છે કે એમને બિઝનેસ ખૂબ ગમે છે. અમદાવાદીઓને તો બધા કરતાં તેમાં જ વધારે રસ છે. આખા ભારતમાં કેવળ ગુજરાત જ એવું રાજ્ય છે જ્યાં તમે નોકરી કરવાને બદલે બિઝનેસ કરતા હો તો લોકો તમને વધારે માન આપે છે. બાકીનો દેશ એવી નોકરીનાં સ્વપ્ન જુએ છે જે સતત આવક અને નિશ્ચિતતા આપે. પણ અમદાવાદમાં તો નોકરી નબળાઓ જ કરે એમ મનાય છે. એટલે જ હું મોટું સ્વપ્ન જોતો હતો – એક દિવસ બિઝનેસમૅન થવું. મને તેમાં એક જ અડચણ હતી – મૂડીનો અભાવ. પણ હું ધીમે ધીમે વધારી શકું અને મારા સ્વપ્નને સાચું પાડી શકું. ઈશ કદાચ ભારતીય ક્રિકેટ ટીમમાં જોડાવાનું સ્વપ્ન સાચું પાડી ન શકે તે માનું છું, પણ તે તો પાયામાં જ મૂર્ખ સ્વપ્ન હતું. એક અબજ લોકોના દેશમાં શ્રેષ્ઠ અગિયાર ખેલાડીમાં હોવું તે અનેક રીતે અશક્ય સ્વપ્ન હતું. ભલે ઈશ બેલરામપુરમાં ઉત્તમ ખેલાડી હતો, પણ તે કંઈ તેંડુલકર ન હતો. મારું સ્વપ્ન તો વધારે વાસ્તવિક હતું. હું ધીમે ધીમે આગળ વધીશ અને મારો ધંધો વધારતો જઈશ. હજારોમાંથી લાખો અને પછી કરોડો સુધી પહોંચીશ.

હું શાવરમાંથી બહાર આવ્યો અને ફરી તૈયાર થયો.

'કંઈ ખાવું છે ?' મારી માએ રસોડામાંથી હંમેશાં બોલાતું વાક્ય ઉચ્ચાર્યું.

'ના, હું ઈશ અને ઓમી સાથે ગોપીમાં જાઉં છું.'

'ગોપી ? કેમ ? હું એ જ વસ્તુઓ બનાવું છું. એવું તે તમને ગોપીમાં શું મળે છે જે હું તમને ઘેર ન આપી શકું ?'

શાંતિ અને આરામ – હું કહેવા માગતો હતો.

'તે ઈશ તરફથી છે. હું તેમની સાથે મારા નવા બિઝનેસની વાત કરવા માગું છું.'

'એનો અર્થ એ કે તું ઈન્જિનિયરિંગ એન્ટ્રન્સ ફરી નથી આપવાનો.' મારી મા રસોડામાંથી બહાર આવી. તેણે લોટવાળા હાથ ઉપર કર્યા. 'તને ઈચ્છા હોય તો તૈયારી માટે એક વર્ષ લઈ શકે છે. હમણાં ટ્યુશન લેવાનું બંધ કર. આપણી પાસે હવે પૈસા છે.'

મારી મા હજારો બાબતો વિશે અપરાધભાવ અનુભવની. ાવતી. તેમાંની એક એ હતી કે હું હું ઈજનેરી કૉલેજમાં જઈ શકતો ન હતો. ટ્યુશન અને મારી માના બિઝનેસને ટેકારૂપ થવાનો અર્થ

હતો હું ઈજનેરી પ્રવેશ-પરીક્ષા માટે ઓછી તૈયારી કરીશ. હું આઈ.આઈ.ટી. કે કોઈ શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાં તો જઈ શકતો ન હતો. હું દૂર આવેલી કચ્છની કૉલેજમાં જઈ શકવાનો ન હતો. પણ આ બધું ટ્યુશનની આવક, મિત્રો, નાના પાર્કમાં ક્રિકેટ કે માના સંદર્ભમાં ખાસ મહત્ત્વ ધરાવતું ન હતું. એવું નથી કે મને તેની ઈચ્છા ન હતી, પણ માત્ર તે મને વ્યવહારુ લાગતું ન હતું. હું અહીં જ અમદાવાદની યુનિવર્સિટીમાં ઑનર્સ સાથે ગણિત કરી શકું, ટ્યુશનો ચાલુ રાખી શકું અને સાથે બિઝનેસનું પણ વિચારી શકું. કચ્છ કૉલેજ તો વ્યવસાયની ખાતરી પણ આપતી ન હતી.

'મા, મારે ઈજનેર બનવું જ નથી. મારું દિલ બિઝનેસમાં છે. વળી, મેં બે વર્ષ તો કૉલેજમાં કરી લીધાં છે. એક વધારે – અને હું ગ્રૅજ્યુએટ થઈ જઈશ.'

'હા, પણ ગણિતના ગ્રૅજ્યુએટને નોકરી કોણ આપશે ?'

એ વાત તો સાચી હતી. આર્થિક દૃષ્ટિએ ગણિત-ઑનર્સનો કોર્સ લેવો ચોખ્ખી મૂર્ખાઈ હતી.

'કંઈ વાંધો નહીં. મને ડિગ્રીની જરૂર હતી અને તે વધારે ભણ્યા વિના હું મેળવી શકીશ.' મેં કહ્યું. 'હું બિઝનેસમૅન છું, મા, હું તેને અટકાવી ન શકું.'

મારી માએ મારા ગાલ ખેંચ્યા. થોડો લોટ મારા ચહેરા પર ચોંટી ગયો.

'જે કરવું હોય તે કર. તું મારા માટે તો મારો દીકરો જ રહીશ.'

તે મને હેતથી ભેટી. મને તે જરા પણ ન ગમતું. મને લાગણી કરતાં પણ લાગણીના પ્રદર્શનનો અણગમો છે.

'હવે હું જાઉં.'

* * *

'આ તારી દસમી ચપાટી છે.' ઈશે ઓમીને કહ્યું.

'નવમી. પણ તેમાં શું ? આ તો બૂફે છે. જરા પેલું ઘી મને આપીશ ?'

'તું તો ખાઉધરો જ છે. તે તારા માટે નુકસાનકારક છે.' ઈશે કહ્યું.

'બસો પુશ-અપ.' ઓમી બોલ્યો. 'નાના પાર્કના દસ ચક્કર, એક કલાક બિટ્ટુમામાના ઘરમાંના જીમમાં – મારી જેમ રોજ જરા કરી જો તો તું પણ ચિંતા વિના મારી જેમ ખાઉધરો બની જઈશ.'

ઓમી જેવા લોકો ખોટનો ધંધો કરાવનારા ગ્રાહકો છે. તેનામાંથી ગોપીની તાકાત નથી કે પૈસા બનાવી શકે.

'આમરસ અને મલાઈ, આભાર.' ઓમીએ વેઈટરને કહ્યું. મેં અને ઈશે પણ સંમતિ આપી.

'તો બોલ, શું છે ? સાંભળવા તૈયાર છું.' આમરસનો છેલ્લો ચમચો મોઢામાં નાખતાં ઈશે કહ્યું.

'પહેલાં જમી લે. પછી આપણે ચા પર વાત કરશું.' મેં કહ્યું. ભર્યા પેટે લોકો બહુ દલીલ ન કરી શકે.

'હું ચાના પૈસા નથી ચૂકવવાનો મારી ઑફર થાળી પૂરતી જ છે.' ઈશાને વિરોધ કરતાં કહ્યું.

'અરે, પણ હું ચાના પૈસા આપીશ.' મેં જવાબ આપ્યો.

'અરે, યાર રિલેક્સ, હું તો મજાક કરતો હતો. આ મિસ્ટર એકાઉન્ટ રમૂજ પણ માણી નથી શકતો, ઓમી.'

ઓમી હસ્યો.

'જે તે. દોસ્તો, તો, આજે તો તમારે મને સાંભળવો જ પડશે. અને મને મિસ્ટર એકાઉન્ટ કહેવાનું બંધ કરો.'

વેઈટર અમારી થાળી ઉપાડતો હતો ત્યારે મેં ચાનો ઑર્ડર આપ્યો.

‘હું ખરેખર ગંભીર છું. ઈશ, તું તારા જીવન વિશે શું વિચારે છે ? હવે આપણે નાના છોકરા નથી.’ મેં કહ્યું.

‘હા, કમનસીબે.’ ઈશે નિસાસો નાખતાં કહ્યું. ‘ઓ.કે. હું નોકરી માટે અરજીઓ કરીશ અથવા તો એન.આઈ.આઈ.ટી.નો કમ્પ્યુટર કોર્સ કરીશ. અથવા ઇન્સ્યોરન્સનું કામ હાથમાં લઉં ? તારો શું મત છે ?’

મેં ઈશનો ચહેરો જોયો. તે હસવાનો પ્રયત્ન કરતો હતો. પણ મને તેના ચહેરા પર પીડા દેખાઈ. બેલરામપુરનો ચેમ્પિયન બૅટ્સમૅન એક ઈન્સ્યોરન્સ સેલ્સમૅન બનશે ! બેલરામપુરનાં બાળકો નાના પાર્કમાં તેના ચોક્કાઓ પર તાળીઓ પાડી મોટાં થયાં હતાં. અને હવે આગળ તેનું કશું ભાવિ ન હતું. જોકે તે બીજા લોકોના જીવનને નિશ્ચિંત કરવા માગતો હતો.

ઓમીએ મારી સામે જોયું – એ આશાએ કે સાન્તાની જાદુઈ બૅગમાંથી હું કોઈ અદ્ભુત વિકલ્પ સાથે આવીશ. મને તેના વડીલ થવાનો કંટાળો આવતો હતો.

‘હું બિઝનેસ કરવા માગું છું.’ મેં બોલવાનું શરૂ કર્યું.

‘આગળ ન બોલતો.’ ઈશે કહ્યું. ‘મને તે ન આવડે, મારા ભાઈ. છેલ્લું શું હતું ? ફળની ડીલરશિપ ? હત્ ! આખો દિવસ હું ચીભડાં તોળી ન શકું. તે પછી પણ આ ગાંડપણ, ઓમી ?’

‘કાર ઍસેસરીઝ. તે કહે છે કે તેમાં પૈસા ખૂબ છે.’ ચા પીતાં ઓમી બોલ્યો.

‘શું આખો દિવસ સીટ કવરો સાથે ? ના, આભાર. અને પેલું બીજું શું – સ્ટોક બ્રોકર. એ શું છે વળી ?’ ઈશે કહ્યું.

‘તો સાલા, તું શું કરવા માગે છે ? લોકો પાસેથી વીમાની ભીખ માગવી છે ? કે શેરીના છેડે ક્રેડિટ કાર્ડ વેચીશ ? ઈશ, યાદ રાખ, તું મિલિટરી સ્કૂલ ડ્રોપ આઉટ છે.’ મેં કહ્યું. પછી થોડી ક્ષણો ચૂપ રહ્યો. ‘તું બારમામાં બે વાર નાપાસ થયો છે. તું તો પૂજારી થઈ શકે, પણ અમારું શું, ઓમી ?’

‘મારે પૂજારી નથી થવું.’ ઉદાસીનતાથી ઓમીએ કહ્યું.

‘તો ?’ ઈશે પૂછ્યું.

‘ક્રિકેટ.’ મેં કહ્યું.

‘શું...?’ બન્ને જણ એકીસાથે બોલી ઊઠયા.

‘હા, હવે બરાબર. હવે તમે ધ્યાન આપશો. બોલો, હવે હું બોલું ?’

‘જરૂર, જરૂર.’ ઈશે હાથ હલાવી પરવાનગી આપી.

‘આપણે ક્રિકેટની દુકાન ખોલીએ છીએ.’ હું બોલ્યો.

પછી હું ઈરાદાપૂર્વક રેસ્ટ રૂમ તરફ ગયો.

‘પણ કેવી રીતે ?’ હું પાછો ફર્યો કે ઓમીએ પૂછ્યું. ‘ક્રિકેટની દુકાન એટલે શું ?’

‘હકીકતમાં સ્પોર્ટ્સની દુકાન. બેલરામપુરમાં ક્રિકેટ વધારે લોકપ્રિય છે, તેથી આપણે તેના પર વધારે ધ્યાન કેન્દ્રિત કરશું.’

ઈશનું મૌન સૂચવતું હતું કે તે મને સાંભળતો હતો.

‘તે સરસ રિટેઈલ શૉપ થશે. દુકાનની ડિપૉઝિટના પૈસા માટેની સમસ્યા છે ખરી, તેથી મારે ઓમીની મદદની જરૂર છે.’

‘મારી ?’ ઓમી બોલ્યો.

‘હા, આપણે બરાબર સ્વામીભક્તિ મંદિરના સંકુલમાં જ દુકાન ખોલશું. ફૂલો અને પૂજાની દુકાન ! પછી તરત મેં ત્યાં એક ખાલી દુકાન જોઈ છે અને તે મંદિરની જમીનનો જ ભાગ છે.’

‘મંદિરમાં ક્રિકેટની દુકાન ?’ ઈશે પ્રશ્ન કર્યો.

'થોભ તું. ઓમી, તું એની વ્યવસ્થા કરી શકે ? તે વિના તો આપણી યોજના શરૂ જ નહીં થાય.'

'તારો કહેવાનો અર્થ એ છે કે પેલી કુબેર સ્વીટ શૉપ જે હમણાં જ બંધ થઈ છે ! મંદિરનું ટ્રસ્ટ તેને તરતમાં ભાડે આપવાનું છે. અને સામાન્ય રીતે તેઓ મંદિરની પ્રવૃત્તિઓને સંબંધિત હોય તેવાઓને જ ભાડે આપે છે.' ઓમીએ જવાબ આપ્યો.

'મને ખ્યાલ છે, પણ તારે તારા પિતાને ખાતરી આપવી પડશે. છેવટે તો મંદિરના ટ્રસ્ટને તમે જ ચલાવો છો ને !'

'તે અલબત્ત, ચલાવે છે, પણ દુકાનોની વ્યવસ્થા મારી મા કરે છે. આપણે ભાડું આપશું ?'

'હા.' મેં જવાબ આપ્યો, 'પણ તરત નહીં. આપણને બે માસની મુક્તિ જોઈએ. આપણે ડિપૉઝિટ પણ નહીં આપી શકીએ.'

'તો પછી મારે મોમને સમજાવવી પડશે.' ઓમીએ કહ્યું. સરસ. તેનું મગજ હવે ચાલતું હતું.

'ફરી પ્રશ્ન પૂછવા માટે સૉરી, પણ મંદિરના સંકુલમાં ક્રિકેટની દુકાન ? ખરીદશે કોણ ? કીર્તન માટે આવતી ૭૪ વર્ષની બુઢ્ઢી કાકીઓને શું બૅટ જોઈશે ?' ઈશે તિરસ્કારની છાંટથી પૂછ્યું.

વેઇટરે અમારા ચાના કપ લઈ લીધા હતા અને બિલ ધર્યું. ગોપીના નિયમ પ્રમાણે અમારે હવે બે મિનિટમાં રેસ્ટોરન્ટની બહાર નીકળી જવાનું હતું.

'સારો પ્રશ્ન પૂછ્યો. મંદિર પાસે ક્રિકેટની દુકાન... વિચિત્ર તો લાગે જ. પણ તું વિચાર, બેલરામપુરમાં એક પણ ક્રિકેટની દુકાન છે ?'

'ના, નથી. તમને લેધર બૉલ પણ નથી મળી શકતા. સૌથી નજીક એલિસબ્રિજ છે.' ઈશ બોલ્યો.

'જોયું, આ થઈ વાત નંબર એક. નંબર બે – મંદિર કૌટુંબિક સ્થળ છે. આ કંટાળાજનક લોકો સાથે બાળકો તો આવતાં જ હોય છે. અને બધાં ક્યાં સમય કાઢવાનાં ?'

'હા, એ સાચું.' ઓમી બોલ્યો. 'તેથી જ બહાર આટલા બધા બલૂનવાળાઓ ફર્યા કરે છે.'

અને ત્યાં જ ઈશનું કામ છે. લોકો જાણે છે કે તું સારો ક્રિકેટર છે. જે છોકરું આપણી પાસે ખરીદવા આવે, તેને તું સારું માર્ગદર્શન આપી શકે તેમ છે. ધીમે ધીમે આપણી પ્રસિદ્ધિ વધવાની.

'પણ મુસ્લિમ કે ખ્રિસ્તી બાળકોનું શું ? તેઓ તો નહીં આવે ને ?' ઈશે પૂછ્યું.

'શરૂઆતમાં નહીં આવે, પણ દુકાન તો મંદિર બહાર છે. જેમ જેમ વાત પ્રસરશે, તેમ તેમ તેઓ પણ આવવાનાં. તેમની પાસે બીજો કયો વિકલ્પ હશે ?'

'આપણે ક્રિકેટની દુકાન માટેનો માલ ક્યાંથી મેળવશું ?' ઈશે પૂછ્યું.

'વસ્ત્રાપુરમાં સ્પોર્ટ્સનાં સાધનોનો વિક્રેતા છે. તે આપણને એક મહિનો ઉધાર પણ આપશે. આપણી પાસે જગ્યા હોય તો આપણને પૈસા વિના ચાલશે.'

'પણ દુકાન ન ચાલી તો ?' ઈશે શંકા કરતાં કહ્યું.

'વધુમાં વધુ ખરાબ સ્થિતિમાં આપણે બધો સ્ટોક ખોટમાં વેચી નાખશું અને હું બાકીનો ખર્ચ મારા ટ્યુશનની બચતમાંથી આપી દઈશ, પણ ચિંતા ન કર. ચાલશે. જો તું દિલથી કામ કરીશ ને તો જરૂર ચાલશે.'

બન્ને ચૂપ રહ્યા.

'મિત્રો પ્લીઝ, મારે તમારી જરૂર છે. મારે ખરેખર બિઝનેસ કરવો છે. હું પાર્ટનર વિના ન કરી શકું. આ ક્રિકેટ છે.' મેં ઈશને વિનંતી કરતાં કહ્યું.

'હું તો જોડાઈશ.' ઓમીએ સ્મિત કરતાં કહ્યું. 'મારે પૂજારી નથી થવું. અને ઘરેથી કામ કરી શકીશ. હું જોડાઉં છું.'

'પણ હું પૈસાને હાથ નહીં લગાવું. હું ક્રિકેટ પર જ ધ્યાન કેન્દ્રિત કરીશ.' ઈશે કહ્યું.

હું હસ્યો. હં, હવે તે ઠેકાણે આવતો હતો.

‘એમ જ. તું, માનશે કે હું તને પૈસા બાબતે કામ કરવા દઈશ ? તો આપણે પાર્ટનર છીએ ને ?’ મેં મારો હાથ લંબાવ્યો.

ઓમીએ પોતાનો હાથ મેળવ્યો. ઈશ પણ જોડાયો.

‘આપણે દુકાનને શું નામ આપશું ?’ ઓમીએ પૂછ્યું.

‘ઈશને પૂછ.’ મેં કહ્યું. જો ઈશ નામ આપે તો તે આ પ્રોજેક્ટ સાથે વધુ સંલગ્ન થશે.

‘“ટીમ ઈન્ડિયા ક્રિકેટ શૉપ” કેવું નામ રહેશે ?’ ઈશે સૂચવ્યું.

‘વાહ ! ખૂબ સરસ નામ.’ મેં જવાબ આપ્યો. મેં પ્રથમ વાર ઈશને સ્મિત કરતાં જોયો.

‘દરેક જણ બે રૂપિયા, પચીસ પૈસા આપો.’ બેલરામપુરમાં મારી પોળ પાસે ઑટો થોભી એટલે મેં કહ્યું.

‘મિસ્ટર એકાઉન્ટ, લે, આ મારો ફાળો.’ ઈશ બોલ્યો અને પોતાનો ફાળો આપ્યો.



બે

ધ ટીમ ઈન્ડિયા ક્રિકેટ શૉપ ૨૦૦૦ની ૨૯મી એપ્રિલે નાળિયેર વધેરવા સાથે ખોલવામાં આવી. અમારા બધાનાં નજીકનાં કુટુંબીજનો આવ્યાં હતાં. મારી મા અને ઓમીનું કુટુંબ તો જાહેરમાં આનંદ પ્રગટ કરતાં હતાં, જ્યારે ઈશનાં માતાપિતા મૌન રહ્યાં. તેઓ હજી ઈશને બેલરામપુરના દુકાનદાર તરીકે નહીં, પણ આર્મી ઑફિસર તરીકે જ જોતાં હતાં.

'તમારા જેવા મહેનતુ છોકરાઓ પર મા લક્ષ્મીના આશીર્વાદ ઊતરો.' ઓમીની માએ જતાં પહેલાં કહ્યું.

'કાઉન્ટર અંદર લે, નહીં તો શટર બંધ નહીં થાય.' ઈશે ઓમી સામે બૂમ પાડતાં કહ્યું. ભારે કાઉન્ટર એક ઇંચ ખસેડવા જતાં ઓમીના કપાળે પરસેવો વળી ગયો.

હું દુકાનની બહાર નીકળ્યો અને બોર્ડ જોવા દસમી વાર રસ્તાને છેડે ગયો. તે છ ફૂટ પહોળું અને બે ફૂટ ઊંચું હતું. અમે તેને બ્લ્યુ કલરમાં પેઈન્ટ કરાવ્યું હતું – ભારતીય ટીમનો રંગ. બોર્ડની મધ્યમાં ભારતીય ધ્વજના રંગોમાં અમે ધ ટીમ ઈન્ડિયા ક્રિકેટ શૉપ શબ્દો લખ્યા હતા. શાહપુરના ઉત્સાહી પેઈન્ટરે તેંડુલકર અને ગાંગુલીના ચહેરા મફતમાં દોરી આપ્યા હતા. ગાંગુલી ત્રાંસો હતો અને તેંડુલકરના હોઠ જાણે મધમાખી કરડી હોય તેવા હતા, પણ એ બધાથી શોભા વધતી હતી.

'ખરેખર સુંદર છે, હો.' બોર્ડ જોવામાં જોડાતાં ઓમી બોલ્યો.

અમારો પ્રથમ ગ્રાહક બપોરે બાર વાગ્યે આવ્યો. દસ વર્ષથી પણ નાનો છોકરો ટહેલતો ટહેલતો અમારી દુકાન સામે આવ્યો, જ્યારે તેની મા પૂજા માટે ફૂલો ખરીદતી હતી. અમે ત્રણે જણા સાવધ થઈ ગયા.

'હું તેને પૂછું કે તેને શું જોઈએ છે ?' ઓમીએ મને કાનમાં પૂછયું.

મેં માથું હલાવી ના પાડી. સામેથી પૂછવાનો અર્થ અમે ઉતાવળા હતા એમ મનાય.

છોકરાએ ટેનિસ બૉલ સામે જોયું. બેલરામપુરમાં કોઈ ટેનિસ ન રમતું, પણ છોકરાઓ તેનાથી ક્રિકેટ રમતા.

'આ બૉલનું શું છે ?' છોકરો દેશી બૉલ તરફ જોતાં બોલ્યો. લ્યો, આ કિંમત બાબતે જાગૃત ગ્રાહક હતો. તેણે જુદા જુદા પાંચ બૉલ ઉછાળ્યા.

'આઠ રૂપિયા. તારે જોઈએ છે બેટા ?' મેં કહ્યું.

તેણે માથું હલાવી હા પાડી.

'તારી પાસે પૈસા છે ?'

'મમ્મી પાસે છે.' તેણે જવાબ આપ્યો.

'મમ્મી ક્યાં છે ?'

'ત્યાં.' તેણે મંદિરની બીજી દુકાનોની દિશા તરફ આંગળી ચીંધી. તેણે ઉછાળેલ બૉલ લઈ મેં બાસ્કેટમાં મૂક્યો.

તેની મા દોડતી દુકાનમાં આવી.

'ઓહ ! તું અહીં છે સોનુ, ગધેડા.' તેણે તેનો હાથ ખેંચ્યો અને બહાર તેડી ગઈ.

'મમ્મી, બોલ.' તેને જે ખરીદવું હતું તેના વિશે તે એટલું જ બોલી શક્યો.

'ચિંતા ન કરો. આપણે વેચી શકશું.' મેં મારા બિઝનેસ પાર્ટનરોને કહ્યું.

* * *

થોડી જ વારમાં અમારો પ્રથમ સેલ થયો. બ્રાન્ડેડ કપડાં પહેરેલ બે યુવાન ભાઈઓ દુકાનમાં આવ્યા.

'ટેનિસ બૉલની શું કિંમત છે ?' એક છોકરાએ પૂછ્યું.

'એરોના આઠ રૂપિયા. દેશી બૉલના છ રૂપિયા.' ઈશે જવાબ આપ્યો.

છોકરાઓ દેશી દડાના બાસ્કેટ તરફ આગળ વધ્યા. તેમણે પણ દડા ઉછાળ્યા. મારો જીવ કપાતો હતો.

'તમે ક્યાં ક્રિકેટ રમો છો ?' ઈશે પૂછ્યું.

'સેટેલાઈટ.' મોટા છોકરાએ જવાબ આપ્યો.

સેટેલાઈટ સાબરમતી નદીની પેલે પાર આવેલ વિકસતો વિસ્તાર હતો.

'તો તમે આ જૂના શહેરમાં શું કરો છો ?' ઈશ બોલ્યો.

'અમે આ મંદિરમાં આવ્યા છીએ. હર્ષ ભૈયાનો જન્મદિન છે.' નાનો છોકરો બોલ્યો.

મને ખ્યાલ આવી ગયો કે સોનાનો દલ્લો લાગ્યો હતો. આ મંદિર પુરાણું હતું અને નવા શહેરના લોકો પણ ત્યાં આવતા હતા. વળી આજે જન્મદિન હતો. ખિસ્સાં ભરેલાં હોવાની પૂરતી તકો હતી.

'તમારે બૅટ જોવા છે ?' મેં કાઉન્ટર પરથી કહ્યું.

છોકરાઓએ નકારમાં મસ્તક હલાવ્યાં.

ઈશ મારા તરફ ફર્યો અને મને ચૂપ રહેવા કહ્યું.

'હેપી બર્થ ડે, હર્ષ. તું બૉલર છે કે બૅટ્સ્મૅન ?' ઈશે પૂછ્યું.

હર્ષે ઈશાન સામે જોયું. વડીલ જેવી વ્યક્તિ એક અગિયાર વર્ષનાને પૂછે કે તે બૅટ્સમૅન છે કે બૉલર તે તેના માટે જબરું સન્માન હતું. ભલે તેણે નક્કી કર્યું ન હોય, પણ આ પ્રશ્નનો અર્થ થતો હતો કે હવે શેમાં નિષ્ણાત થવું તે નક્કી કરવા પોતે મોટો થઈ ગયો હતો.

'હં... હું મોટા ભાગે બૅટ્સમૅન છું.' હર્ષે જવાબ આપ્યો.

'ડિફેન્સીવ કે ઍટેક ?' જાણે ઈ.એસ.પી.એન. પર તેંડુલકરનો ઈન્ટર્વ્યુ લેતો હોય તેમ ઈશે પૂછ્યું.

'હેં ?' હર્ષ બોલ્યો.

'તને ફટકા મારવા ગમે છે ?' ઈશે પૂછ્યું. કયા બાળકને ન ગમે ? હર્ષે માથું હલાવી હા પાડી.

'તારી સ્ટાઈલ મને બતાવ.' ઈશ બોલ્યો. તે મારી સામે ફર્યો અને બૅટ આપવા કહ્યું. હું નાનકડા બૅટની જગ્યા પાસે ગયો. હું તે લૉ ગાર્ડનમાંથી એક કાશ્મીરી વિક્રેતા પાસેથી સીધો જ ખરીદી લાવ્યો હતો. મેં છોકરાના કદને અનુકૂળ બૅટ લીધું. છની સાઈઝ અને બસો રૂપિયા. આ કંઈ શ્રેષ્ઠ ન હતું, પણ અમને વેચાણની આશા હતી.

હર્ષ દુકાન સામેની જગ્યામાં ઊભો. દરેક બાળકની જેમ તેણે ઊભા રહેતાં જ પોતાનું બધું વજન બૅટ પર મૂકી દીધું. ઈશ ત્યાં ગયો અને હળવેથી હર્ષની પીઠ સીધી કરી. તેણે તેનાં કાંડાંને થોડાં ઉપર કર્યાં અને બન્ને પગ પર સરખું વજન કરવા કહ્યું.

'અને હવે જ્યારે તું ફટકો મારવા માગે, ત્યારે આગળનો પગ ફોરવર્ડ કરજે. અલબત્ત, પાછળના પગને ન ભૂલતો. તે તારા ટેકારૂપ છે. તેંડુલકરને જો. તે એક પગને હંમેશાં સ્થિર રાખે છે.'

પ્રભાવિત થઈ ગયેલા હર્ષે હવામાં થોડા ફટકા માર્યા.

'મને પણ થોડું શીખવો ને.' નાનાએ પણ વિનંતી કરી.

'પહેલાં મને, ચિનુ.' હર્ષ બોલ્યો.

ઈશ ચિનુ તરફ ફર્યો. 'ચિનુ, તું શું છે ?'

'ઓલ રાઉન્ડર.' ચિનુએ ઝડપથી જવાબ આપ્યો.

'વાહ, વાહ, મને તારી બૉલિંગની રીત બતાવ.'

દરમિયાન તેમનાં માતાપિતા શોધતાં શોધતાં દુકાને દુકાને આવ્યાં. મંદિરે જવાનો સમય થઈ ગયો હતો.

'મમ્મી, મારે બૉલ જોઈએ છે.' ચિનુ બોલ્યો.

'કેટલાનો છે ?' મા બોલી.

'છ રૂપિયા.' ઈશે જવાબ આપ્યો.

માએ વીસ રૂપિયાની નોટ કાઢી અને બે દડા આપવા કહ્યું.

'મમ્મી, મારે બૅટ જોઈએ છે.' હર્ષે કહ્યું.

'પણ તારી પાસે તો બૅટ છે.'

'મારા રમવા માટે આ બૅટ વધારે સારું છે. મમ્મી, પ્લીઝ.' હર્ષ ફરી તે રીતે ઊભો રહ્યો. તેને શીખવવાથી તેનામાં સુધારો થયો હતો, પણ માએ તેને અવગણ્યો.

'કેટલું છે આનું ?' માએ પૂછ્યું.

'બસો રૂપિયા.' મેં જવાબ આપ્યો.

'ઘણું મોંઘું. ના હર્ષ, આપણે બૅટ નથી લેવું.'

'મા, મારા જન્મદિવસની ભેટ માન, પ્લીઝ.' હર્ષે તેને મનાવવા પ્રયત્ન કર્યો.

'હા, પણ બેટા, આપણે આ મંદિરની દુકાનમાંથી કંઈ પણ શા માટે ખરીદીએ ? જૂના શહેરમાં સારી ગુણવત્તા નથી હોતી. આપણે નવરંગપુરા માર્કેટમાં જઈશું.'

'આન્ટી, આ પણ ઊંચી ગુણવત્તાવાળું બૅટ છે. અમે પણ કાશ્મીરી સપ્લાયર પાસેથી જ લઈએ છીએ.' ઈશે કહ્યું.

આન્ટીએ અમારી સામે શંકાશીલ નજરે જોયું.

'હું આ વિસ્તારની બધી મ્યુનિસિપલ સ્કૂલોની ટીમોનો કપ્તાન હતો, આન્ટી. હું જ હમેશાં બૅટ ખરીદતો.' ઈશે ઓમી જેટલી ભક્તિથી પ્રાર્થના કરતો તેટલા જ ભાવથી કહ્યું.

'પ્લીઝ મમ્મી.' હર્ષ બોલ્યો અને તેની સાડી ખેંચી. આ ખેંચાણે આન્ટીના પર્સ સાથે સંબંધ બાંધી દીધો. તે ઊઘડયું અને બસો રૂપિયા બહાર આવ્યા.

હવે બરાબર. અમે દિવસની કમાણી કરી લીધી હતી. બૅટ અમને ૧૬૦ રૂપિયામાં પડયું હતું. એટલે ૪૦ રૂપિયા નફો. મેં મનમાં ગણતરી કરી.

'ગુડ બાય, ચેમ્પિયન.' ઈશે હાથ હલાવતાં હર્ષને કહ્યું.

'હું પણ મારા બર્થ-ડેના દિવસે તમારી દુકાને આવીશ.' ચિનુએ કહ્યું.

'ઈશ, તું તો જબરો નીકળ્યો.' મેં કહ્યું અને બધાએ હાથ હલાવ્યા.

'આ છોકરો ઝડપી શીખનારો છે. જો તે પ્રૅક્ટિસ કરશે તો ઘણો જ આગળ વધશે. અલબત્ત, જેવો તે દસમામાં આવશે કે તેની મા તેને ભણવામાં લગાડી દેશે. એક જ રીતે તે પોતાની પોઝીશન લેશે કે તે પોતાનાં પુસ્તકો સાથે બાંકડા પર બેસશે.' ઈશ બોલ્યો.

'અલ્યા, ઉદાસ થવાની જરૂર નથી.' મેં કહ્યું, 'આપણે બૅટ પર ચાલીસ ટકા અને બૉલ પર ચાર રૂપિયા મેળવ્યા છે. સાહેબ, આપણને ૪૨ રૂપિયાનો નફો થયો છે.'

પછીના બે કલાકે અમે બે કેન્ડી અને બે વધારે બૉલ વેચ્યા. આખા દિવસનો અમારો નફો ૫૦ રૂપિયા થયો. અમે બૅટ અને બૉલનાં બાસ્કેટ નીચ સરકાવ્યા અને પૂજા પછી સાંજે સાત વાગ્યે દુકાન બંધ કરી. અમારી પહેલા દિવસની ઉજવણી માટે અમે ચના-ભટુરાના સ્ટોલને પસંદ કર્યો. ચાર રૂપિયાની પ્લેટને હું બિઝનેસ ખર્ચમાં મૂકી શકું તેમ હતો.

'હું થોડા પૈસા ઘેર લઈ જઈ શકું ? હું મારી માને પહેલો પગાર આપવા તડપું છું.' ગરમ ભટુરા સાથે મરચું મોંમાં મૂકતાં ઓમી બોલ્યો.

'થોડી રાહ જો. આ કંઈ સાચો નફો નથી. આ તો શરૂઆત છે. પહેલાં આપણે ભાડા જેટલું કમાઈએ. પછી જોઈશું.' મેં સ્ટોલ પર મારી ખાલી પ્લેટ મૂકી અને બોલ્યો, 'અભિનંદન. મિત્રો, હવે આપણે બિઝનેસમાં આવી ગયા છીએ.'

ત્રણ મહિના બાદ

'આઠ હજાર, ત્રણ, ચાર અને પાંચ સો.' કેશિયરનું બૉક્સ ખાલી કરતાં મેં કહ્યું, 'ભાડું આપ્યા પછીનો આપણો આ પ્રથમ ત્રણ મહિનાનો નફો છે. ખરાબ તો ન જ કહી શકાય.'

હું એકદમ ખુશ હતો. અમારી દુકાન શુભ ઘડીએ ખોલાઈ હતી. ઉનાળુ વેકેશન શરૂ થયું હતું અને ભારત દક્ષિણ આફ્રિકા સામે એક દિવસની સીરિઝ જીતી ગયું, હતું. બાળકો પાસે પુષ્કળ ફુરસદનો સમય હતો અને દેશભક્તિથી પ્રેરિત બાળકો જેવા ખિસ્સામાં પૈસા આવતા કે તરત જ ટીમ ઈન્ડિયા ક્રિકેટ શૉપ પર દોડી આવતાં.

કેટલાંક તો પૈસા વિના જ આવી ચડતાં. તે કેવળ ઈશને મળવા અને સૂચનો માગવા જ આવતાં. મને તેમાં તેમાં ન હતો, કારણ કે તે અમને સમય પસાર કરવામાં ઉપયોગી બનતાં. દુકાન ચલાવવી માથાનો દુખાવો છે, કંટાળો – અમે નવથી સાત દુકાન ખોલતા અને રોજના વીસ ગ્રાહકનો અર્થ પણ એ થતો કે કલાકના લગભગ બે ગ્રાહકો.

'એટલે કે હવે આપણને આપણો હિસ્સો મળશે.' ઓમીએ ઉત્સાહથી પૂછ્યું.

મેં પૈસાના ચાર ભાગ પાડયા. પહેલા ત્રણ ભાગમાં દરેકમાં માં ૧૫૦૦ રૂપિયા હતા – જે અમે ઘેર લઈ જઈ શકીએ. બાકીના ૪૦૦૦ બિઝનેસ માટે રાખવાના હતા.

'રાખવા એટલે શું ? શા માટે તેને રાખવાની જરૂર છે ?' ઓમી પોતાની નોટો ગણતો હતો ત્યારે ઈશે પૂછ્યું.

'ઈશ, માની લે કે આપણે સ્ટોરને થોડો વ્યવસ્થિત કરવા માગીએ, તો તેના માટે રાખવા જ પડે. તને નથી લાગતું કે આપણને કાચના કાઉન્ટરની જરૂર છે ? કે સરસ પ્રકાશવ્યવસ્થાની ?'

ઈશે માથું હલાવ્યું.

'ચોક્કસ, જરૂર તો છે જ... અને મારી તો વિસ્તારવાની યોજના છે.' મેં કહ્યું.

'કઈ રીતે ?'

'નવરંગપુરા ચાર રસ્તા પર એક નવો મોલ ઊભો થઈ રહ્યો છે. જો આપણે વહેલો બૂક કરાવી લઈએ, તો દુકાન ભાડે મેળવવામાં ડિસ્કાઉન્ટ મળે તેમ છે.'

'ભાડે ? પણ આપણી પાસે તો દુકાન છે જ.' ઈશે કહ્યું. તે એકદમ મૂંઝાઈ ગયો અને ગુસ્સે પણ થયો.

મને ખબર હતી કે ઈશ શા માટે મૂંઝાતો હતો. તે દુકાન માટે ટી.વી. ખરીદવા માગતો હતો. દુકાનના સમય દરમ્યાન રેડિયો પર મેચો સાંભળવામાં તેને મજા આવતી ન હતી.

'ના ઈશ, યોગ્ય દુકાન તો હોવી જ જોઈએ. યુવાનોને ભપકાદાર મોલમાં ખરીદવાનું ગમતું હોય છે. એ જ ભવિષ્ય છે. આપણી દુકાન સારો બિઝનેસ કરે છે, પણ આપણે જો શહેરના કોઈ

નવા સ્થળે નહીં જઈએ તો વિકસી નહીં શકીએ.'

'મને તો અહીં જ ગમે છે.' ઓમી બોલ્યો. 'આ આપણું જ પડોશ છે. આપણે જે વેચીએ છીએ, તેનો આપણાં જ બાળકો નાના પાર્કમાં ઉપયોગ કરે છે.'

'મને આ ટૂંકી દૃષ્ટિનું માનસ પસંદ નથી. હું તો મોલમાં સ્ટોર ખોલવા માગું છું. આવતા વર્ષે આપણો એક બીજો સ્ટોર હશે. તમે જો બિઝનેસમાં વિકાસ ન કરો, તો પછી સ્થગિત થઈ જાઓ.'

'બીજી દુકાન ? શા માટે ? આપણે સાથે કામ નહીં કરીએ ?' ઓમીએ પૂછ્યું.

'આ તો ગોવિંદના તુક્કા છે. હજી તો આપણે શરૂઆત જ કરી છે અને તે તો અંબાણી થવાનાં સપનાં જુએ છે. આપણે એક ટી.વી. ખરીદી ન શકીએ ?' ઈશે કહ્યું. 'આપણે જો પહેલા ચાર હજાર આપીએ, તો શાહ ઈલેક્ટ્રોનિક્સ આપણને હપ્તાથી ટી.વી. આપશે.'

'જરા પણ નહીં. આ ચાર હજાર તો બિઝનેસ માટે જ રહેશે.'

'ભલે, પરંતુ ટી.વી. પણ બિઝનેસનો જ ભાગ નથી ?' ઈશ બોલ્યો.

'હા, પણ તે મૃત મૂડી છે. તેમાં કમાણી નથી. આપણે તો લાંબો માર્ગ કાપવાનો છે. મહિનાના ત્રણ હજાર કંઈ જ ન કહેવાય. ઈશ, મને તો નોટબુક કે પેન્સિલ રાખવા નથી દેતો.'

'મેં એક વાર કહ્યું ને કે આ સ્પોર્ટ્સ સ્ટોર છે. બાળકો અહીં આવે ત્યારે તે ભણવાનો વિચાર કરે તેવું નથી ઈચ્છતો.'

મેં અને ઈશે આ બાબતે આગળ પણ વાદવિવાદ કર્યો હતો મને તેમાં સારી તક દેખાતી હતી, પણ દરેક વખતે ઈશ વિરોધ કરતો હતો.

'ચાલ, એક કરાર કરીએ.' ઈશે કહ્યું, 'હું નોટબુકની હા પાડું છું. યાદ રાખજે, પાઠય પુસ્તકો નહીં. માત્ર નોટબુક. પણ તેના બદલામાં આપણે ટી.વી. લઈએ. મારે મેચો તો જોવી જ પડશે. મને પરવા નથી. લે, મારા ૧૫૦૦.'

તેણે પોતાના ભાગની નોટો મારી સામે ફેંકી.

ઓમીએ પણ તેના પૈસા ઉછાળ્યા. હર વખતની જેમ મારે આ મૂર્ખોના શરણે જવું પડ્યું

'ઓ.કે., પણ આપણે આવક વધારવાની જરૂર છે. આવતા ત્રણ માસનું આપણું ટાર્ગેટ ૨૦,૦૦૦ રૂપિયા છે.'

તેમણે મને અવગણ્યો અને કયું ટી.વી. લેવું તેની ચર્ચામાં પડયા. મેં માથું હલાવ્યું અને આવક વધારવાનું આયોજન વિચારવા લાગ્યો.

'તું કોચિંગ ક્લાસ કરે ખરો ?' મેં ઈશને પૂછ્યું.

'કઈ રીતે ?'

'છોકરાઓને તારી સૂચનાઓ ગમે છે. શા માટે ફી લઈને ક્રિકેટ કોચિંગ શરૂ ન કરીએ ?'

'હું ? હું કંઈ નિષ્ણાત નથી. અને ક્યાં ? મંદિરમાં ?'

'ના, આપણે છોડી દીધેલ એસ.બી.આઇ.ના કમ્પાઉન્ડમાં.'

'પણ શા માટે ? આપણે પૂરતું નથી કમાતા ?' ઓમી બોલ્યો.

'આપણે કદી પૂરતું નથી કમાવાના. મારે ત્રણ માસના ૫૦,૦૦૦ કમાવા છે. ઓમી, તું છોકરાઓને ફિટનેસની તાલીમ આપી શકે.'

એટલે કે અમારા માટે વધારાનું કામ ! 'અને તું શું કરીશ ?' ઈશે કહ્યું.

'હું વળી ગણિતનાં વધારે ટ્યુશન શરૂ કરવાનું વિચારું છું.'

'અહીં ?'

'હા, થોડાં અહીં અથવા એસ.બી.આઈ.ના કમ્પાઉન્ડમાં. તમે ક્રિકેટનું કોચિંગ આપતા હશો ત્યારે.'

ઓમી અને ઈશે મારી સામે એવી રીતે જોયું કે હું જાણે દુનિયામાં સૌથી ભૂખી શાર્ક હોઉં.

'કમોન મિત્રો, મને ખાતરી છે કે આપણે નક્કર હેલ્થનો બિઝનેસ કરી શકીશું.'

'બરાબર છે. કેવળ દુકાનો કંટાળાજનક જ છે, ઈશ.' ઓમી બોલ્યો. તે છોકરાંઓને પુશઅપ કરાવવાના વિચારથી ઉત્સાહિત થઈ ગયો હતો.

'હા, છેવટે હું પીચ પર તો જઈ શકીશ.' ઈશે કહ્યું.

મેં પણ મારા પંદરસો ફેંક્યા અને અમે તે જ દિવસે ટી.વી. ખરીધું. અમે તેમાં સ્પોર્ટ્સ ચેનલ સિલેક્ટ કરી જ. ઓમી સાદડી અને કુશનો લાવ્યો અને તેને ટી.વી. સામે પાથર્યાં. મેચના દિવસોએ અમે ગ્રાહકો આવે ત્યાં સુધી ત્યાં બેસતા. મારે કબૂલ કરવું જોઈએ કે તેને કારણે દિવસ ઝડપથી પસાર થઈ જતો.

મેં દુકાનના બોર્ડમાં ફેરફાર કરાવ્યો. ટીમ ઈન્ડિયા ક્રિકેટ શૉપ નીચે ઉમેર્યું – 'સ્ટેશનરી, ક્રિકેટ કોચિંગ અને ગણિતના ટ્યુશનની સગવડ છે.' હું ભૌગોલિક રીતે તો વિસ્તરી ન શક્યો, પણ મારા ઉત્પાદનમાં વૈવિધ્ય લાવી શક્યો.



ત્રણ

બેલરામપુરમાં ક્રિકેટ સિવાય બૅડમિન્ટન પણ બીજી લોકપ્રિય રમત હતી. જોકે, છોકરીઓ તો કેવળ બૅડમિન્ટન જ રમતી. તે પણ નફાકારક બિઝનેસ હતો. શટલ કોક સતત બદલવા પડતા. રૅકેટનું રિવાયરિંગ કરવું પડતું અને બૅડમિન્ટનનાં રૅકેટ ક્રિકેટનાં બૅટ જેમ લાંબું ન ટકતાં.

પછીના અઠવાડિયામાં શાળાની સ્ટેશનરી ખૂબ વેચાતી વસ્તુઓ બની. બહુ થોડાં બાળકો રમતો રમતાં, પણ દરેક બાળકને પેન, પેન્સિલ કે નોટબુકોની જરૂર પડતી જ અને માબાપ પણ કદી તેની ના ન કહેતાં. ઘણી વાર કોઈ બૉલ ખરીદતી વખતે નોટબુક પણ ખરીદતું કે તેનાથી ઊલટું પણ બનતું. અમે બધું પૂરું પાડતા. થોડા જ દિવસોમાં વિક્રેતાઓ સામેથી અમારી દુકાને આવવા લાગ્યા. તેઓ ચાર્ટ પેપર, પેપર, ગુંદરની શીશીઓ, ભારતનો નકશો, પાણીની બૉટલ અને ટિફિન બૉક્સ ઉધાર અને પાછા લેવાની સગવડ પર આપવા લાગ્યા. એક વાર દુકાન ખોલીએ ત્યારે ભારતના વિદ્યાર્થી-ઉદ્યોગની લંબાઈ-પહોળાઈનો ખ્યાલ આવે છે.

અમે ક્રિકેટ કોચિંગ અને ટ્યુશન પણ સરખી કિંમતે જ રાખ્યાં – મહિનાના ૨૫૦ રૂપિયા. ગણિતના ટ્યુશનના ગ્રાહકો મેળવવા તો ખૂબ સરળ હતા – તેની ઊંચી માગ તથા મારી સારી છાપને કારણે. હું સવારે એસ.બી.આઈ.ના કમ્પાઉન્ડમાં તે ભણાવતો. જે બે વિદ્યાર્થીઓએ ક્રિકેટ કોચિંગ માટે નામ નોંધાવ્યાં હતાં, તેમના માટે પણ ઈશ આ કમ્પાઉન્ડના મેદાનનો જ ઉપયોગ કરતો. તેઓ બેલરામપુર મ્યુનિસિપલ સ્કૂલના ઉત્તમ ખેલાડીઓ હતા અને ત્રણ મહિના કોચિંગ શીખવા માટે તેમનાં માતાપિતા સાથે ખાસો સંઘર્ષ કર્યો હતો.

અલબત્ત, મોટા ભાગનો સમય તો અમે દુકાનમાં જ ગાળતા.

'એવું નથી લાગતું કે આપણે ગ્રીટિંગ કાર્ડ પણ સ્વીકારવા જોઈએ ?' એક સપ્લાયર નમૂનાનું ભૂલી ગયો હતો તેને ખોલતાં મેં કહ્યું. પાંચ રૂપિયા રિટેલ ભાવે અને બે રૂપિયા મૂળ ભાવે કાર્ડમાં ખાસો નફો રહે તેમ હતો. જોકે બેલરામપુરમાં લોકો એકબીજાને ગ્રીટિંગ કાર્ડ આપતા ન હતા.

'આ ઈન સ્વિંગર છે અને આ ઑફ સ્વિંગર છે. અઠવાડિયામાં આ ત્રીજો દડો છે. તપન, શું હકીકત છે ?' ઈશે પોતાના નિયમિત ગ્રાહકને પૂછ્યું. તેર વર્ષનો તપન બેલરામપુર મ્યુનિસિપલ સ્કૂલનો તેની ઉંમરના છોકરાઓમાં ઉત્તમ બૉલર હતો. ઈશે બૅટને જોરથી પકડ્યું અને તેને કાંડાની હલચલ બતાવી.

'એ બધું પેલા ભૂત છાપ અલીના કારણે છે. તે એવા ફટકા મારે છે કે દડા ખોવાઈ જાય છે. સમજ નથી પડતી કે તે અમારી સ્કૂલમાં આવ્યો કેમ ?' તપને બૉલને પોતાના પેન્ટ પર ઘસતાં ઘસતાં ચીડથી કહ્યું.

'અલી ? નવો છોકરો ? તેને તો અહીં નથી જોયો.' ઈશ બોલ્યો. બધા જ સારા ખેલાડી અમારા સ્ટોરની મુલાકાત લેતા જ અને ઈશ તેમને વ્યક્તિગત રીતે ઓળખતો.

'હા, તે બૅટ્સમૅન છે. હમણાં જ શાળામાં આવ્યો છે. તમે આવો અને તેને જુઓ. તે તો અહીં નહીં આવે.' તપને કહ્યું.

ઈશે મસ્તક હલાવ્યું. અમારા થોડા મુસ્લિમ ગ્રાહકો પણ હતા. મોટા ભાગના ખરીદી માટે હિન્દુ છોકરાઓનો ઉપયોગ કરતા.

'તું ક્રિકેટ ટ્યુશન માટે જોડાવા માગે છે ? ઈશ તને શીખવશે. તે જિલ્લા સ્તરે રમતો હતો !' મારાથી અમારી બીજી સેવાનો પ્રચાર કર્યા વિના ન રહેવાયું.

'મમ્મી હા ન પાડે. તેણે કહ્યું કે હું માત્ર ભણવા માટે જ ટ્યુશન લઈ શકું છું. રમતનું કોચિંગ – ના.' તપને જવાબ આપ્યો.

'ભલે, સરસ રમજે.' ઈશે તેના વાળમાં હાથ નાખી હલાવતાં કહ્યું.

તપન ગયો પછી ઈશ બોલ્યો, 'જોયું, એટલે જ ભારત દરેક મેચ નથી જીતતું.'

હા, ઈશ પાસે એવો હાસ્યાસ્પદ વિચાર હતો કે ભારતે દરેક મેચ જીતવી જ જોઈએ. 'લે, આપણે બધી જીતવાની જરૂર નથી. તો પછી રમતની મજા નહીં રહે.' કેશ બૉક્સ બંધ કરતાં મેં કહ્યું.

'આપણા દેશમાં એક અબજ લોકો છે. આપણે તો હમેશાં જીતવું જ જોઈએ.' ઈશે ભારપૂર્વક કહ્યું.

'આંકડાકીય રીતે અશક્ય છે.'

'કેમ ? ઑસ્ટ્રેલિયામાં બે કરોડ લોકો છે, છતાં લગભગ બધી જ મેચો તેઓ જીતે છે. આપણે ત્યાં તેનાથી પચાસ ગણા લોકો છે. એટલે આપણી પાસે તો પચાસ ગણી પ્રતિભા છે. વળી, ભારતમાં ક્રિકેટ જ એક રમત છે. જ્યારે ઑસ્ટ્રેલિયામાં તો રગ્બી, ફૂટબૉલ વગેરે અનેક રમતો છે. તેથી કોઈ કારણ નથી કે આપણે તેનાથી હારીએ. આંકડાકીય રીતે તો, દોસ્ત, ઑસ્ટ્રેલિયા ભાગ્યે જ જીતે.'

'તો શા માટે ?' મેં પૂછ્યું.

'જોયો પેલો છોકરો ? બાળકોનાં માતાપિતા તેમને જીવનમાં કદી ઉપયોગમાં નથી આવવાનાં તેવાં ટ્રિગોનૉમેટ્રી કે કેલ્ક્યુલસ શીખવા હજારો રૂપિયા વાપરશે, પણ રમતગમતમાં કોચિંગ – તેને પૈસાનો બગાડ માનશે.'

'ચિંતા ન કર. આપણે બન્ને ઑફર કરીએ છીએ.'

'ગોવિંદ, આ વાત બિઝનેસની નથી. શું તું તેને પૈસાની દૃષ્ટિથી જુએ છે ?'

'પૈસા સારા નથી ?'

'આ બાળકો, ગોવિંદ, તેમની સામે જો. તેર વર્ષના, તેમના બૅટ કેવા વટથી પકડે છે અથવા તો તેઓ સારી બૉલિંગ શીખવા માગે છે. નાના પાર્કમાં રમાતી દરેક મેચમાં તેમની આંખમાં આગ દેખાય છે. જ્યારે ભારત જીતે છે તો તેઓ કૂદે છે. હું કેવળ તેમનામાં જ તત્પરતા જોઉં છું. મને તેમની સાથે રહેવું ગમે છે.'

'હોઈ શકે.' મેં કહ્યું.

'અલબત્ત, બે વર્ષમાં તેઓ દસમા ધોરણમાં પહોંચશે અને તેમના હાથમાં બૅટની જગ્યાએ ફિઝિક્સનાં પુસ્તકો આવી જશે. અને પછી પેલો ક્રિકેટનો ઝબકારો ઝાંખો પડવા માંડશે. થોડા વખતમાં આ બધા ઉદાસ યુવકો બની જશે.'

'એ સાચું નથી. દરેકને તત્પરતાની જરૂર હોય છે. મને મારી છે.'

'તો પછી મોટી ઉંમરનાઓ શા માટે ચીડિયા બની જાય છે ? શા માટે તેઓ વારંવાર સ્મિત કરી નથી શકતા કે નાના પાર્કનાં બાળકોની જેમ ઉત્સાહિત નથી થઈ શકતા ?'

'હવે તારું ચીડિયાપણું બંધ કરીશ અને મને દુકાન સાફ કરવામાં મદદ કરીશ ?'

* * *

‘ઓ.કે., ઓ.કે., આપણે દારૂની પાર્ટી ર્ કરીશું, બસ !’ હું હસ્યો. ઈશ અને ઓમીએ જ્યાં સુધી હું કબૂલ ન થયો ત્યાં સુધી મને બંને બાજુએથી પકડી રાખ્યો હતો.

‘મારો દીકરો ઓમી ક્યાં છે ?’ દુકાન દુકાન બંધ કરવાના સમયે બિટ્ટુમામા આવ્યા અને પોતાના ભાણેજને ભેટવા આગળ વધ્યા. તેમણે લાલ રેશમી કપડામાં મીઠાઈનું પેકેટ ધર્યું.

‘મામા, તમે ક્યાં હતા ?’ ઓમી બોલ્યો. દુકાન ઊઘડી ત્યારથી તે અહીં કદી આવ્યા ન હતા.

‘મેં પારેખજી સાથે આખા ગુજરાતનો પ્રવાસ કર્યો. જબરો અનુભવ થયો ! લે આ થોડા બેસનના લાડુ. વડોદરાના, તાજા છે.’ બિટ્ટુમામા બોલ્યા. મેં ફ્રૂટીનો ઑર્ડર આપ્યો. ઈશે સ્ટૂલ ખેંચ્યું અને અમે બધા બહાર બેઠા. મેં એક લાડુ લીધો.

‘આ શું, ઓમી ? જોડા પહેર્યા છે ?’ બિટ્ટુમામાની આંખોમાં કાજળ આંજ્યું હતું. તેમના કપાળની વચ્ચે તિલક હતું.

‘મામા.’ ઓમી થોથવાતો બોલ્યો. મેં મારા પગ સામે જોય. મેં બનાવટી રીબોકનાં નાં સ્લીપર્સ પહેર્યાં હતાં. ઈશે જૂનાં સ્નીકર્સ પહેર્યાં હતાં.

‘અલ્યા, તારી દુકાન મંદિરમાં છે અને તેં જોડા પહેર્યા છે ? બ્રાહ્મણ પૂજારીનો દીકરો થઈને ?’

‘મામા, કમોન, તે મંદિરની બહાર છે. બીજા કોઈ દુકાનદારો...’

‘બીજા દુકાનદારો તો નકામા વાણિયાઓ છે. તું તેમના જેવો જ બનવા માગે છે ? રોજ તમે દુકાન ઉઘાડો છો તે પહેલાં પૂજા તો કરો છો ને ?’

‘હા મામા.’ ઓમી નરદમ જૂઠ બોલ્યો.

‘તમે.’ બિટ્ટુમામાએ ઈશને ઉદ્દેશીને કહ્યું ‘તમે પણ હિન્દુ છોકરાઓ છો. તમારી દુકાન પવિત્ર સ્થાનમાં છે. છેવટે પગરખાં તો કાઢો. એક દીપક પ્રગટાવો !’

‘અમે અહીં કામ કરવા આવ્યા છીએ, પૂજા કરવા નથી આવ્યા.’ મેં કહ્યું. હું હવે દર માસે દુકાનનું ભાડું ચૂકવતો હતો. મારે ધંધો કેમ કરવો તે મને કોઈ કહી ન શકે.

મામા મારી સામે નવાઈથી જોઈ રહ્યા. ‘તારું નામ શું છે ?’

'ગોવિંદ.’

‘ગોવિંદ – કેવા ?’

‘ગોવિંદ પટેલ.’

‘હિન્દુ ને ?’

‘હું તો અજ્ઞેયવાદી છું.’ મેં ચીડથી કહ્યું. મારે દુકાન બંધ કરવી હતી અને ઘેર જવું હતું.

‘શું અજ્ઞેય ?’

‘તેને ઈશ્વર છે કે નહીં તે વિશે શંકા છે.’ ઈશે જવાબ આપ્યો

‘ઈશ્વરમાં નથી માનતો ? ઓમી, તારા આ મિત્રો કઈ જાતના છે ?’ મામા તો સ્તબ્ધ થઈ ગયા.

‘ના, તેને તો નાસ્તિક કહેવાય.’ મેં સ્પષ્ટતા કરી. ‘અજ્ઞેયવાદી એટલે તો ઈશ્વર કદાચ હોય પણ અને કદાચ ન પણ હોય. મને ખાતરી નથી.’

‘અલ્યા નાના છોકરાઓ,’ બિટ્ટુમામા બોલ્યા, ‘ઘણી જ શરમની બાબત છે ! પણ હું તમને મળવા અને આમંત્રણ આપવા આવ્યો હતો.’

ઓમીએ મારી સામે જોયું. મેં મારી નજર ફેરવી લીધી.

‘મામા, ગોવિંદની ચિંતા ન કરો. તે ગોટાળામાં છે.’ મારા ધાર્મિક વિચારોને કોઈ ગોટાળા માને છે ત્યારે મને ખૂબ ગુસ્સો ચડે છે. મારે શા માટે કોઈમાં માનવું કે ન માનવું જોઈએ ?

ઈશે બિટ્ટુમામાને ફ્રૂટી આપી. તેનાથી તે થોડા નરમ પડયા.

'તું શું માને છે ?' મામાએ ઈશને પૂછ્યું.

'હિન્દુ છું, મામા, હું તો પ્રાર્થના વગેરે કરું છું.' ઈશ બોલ્યો. હા, તદ્દન સાચું – જ્યારે મેચમાં છ બૉલ વધ્યા હોય ત્યારે.

મામાએ ફ્રૂટીમાંથી મોટી ચૂસકી લીધી અને ઓમી તથા ઈશ સામે જોયું. તેમના મતે મારું કોઈ અસ્તિત્વ ન હતું.

'મામા, તમે અમને શેનું આમંત્રણ આપવા માગતા હતા ?' ઓમી બોલ્યો.

મામાએ રેશમી કપડું ખોલ્યું અને ત્રણ ફૂટ લાંબું કાંસાનું ત્રિશૂળ કાઢ્યું. દુકાનની ટ્યૂબલાઈટના પ્રકાશમાં તેનાં તીક્ષ્ણ પાંખિયાં ચળકતાં હતાં.

'આ ખૂબ સુંદર છે. તમે ક્યાંથી લાવ્યા ?' ઓમીએ પૂછ્યું.

'આ પારેખજીએ ભેટ આપી છે. તે મારામાં પાર્ટીનું ભાવિ જુએ છે. મેં રાત-દિવસ કામ કર્યું. અમે ગુજરાતના દરેક જિલ્લાની મુલાકાત લીધી. તેમણે કહ્યું, ''આપણી પાસે જો બિટ્ટુ જેવા થોડા વધારે લોકો હોય, તો લોકો હિન્દુ કહેવડાવવામાં ગૌરવ લેશે.'' તેમણે મને અમદાવાદમાં જુવાનિયાઓને પાર્ટીમાં દાખલ કરાવવાનો ઈન-ચાર્જ બનાવ્યો છે.'

મેં અને ઈશે ઓમી સામે અભિપ્રાય માટે જોયું.

'પારેખજી હિન્દુ પાર્ટીના સિનિયર નેતા છે. તે વડોદરામાં સૌથી મોટા મંદિરનું ટ્રસ્ટ સંભાળે છે.' ઓમી બોલ્યો. 'અને મામા, તે મુખ્ય પ્રધાનને પણ ઓળખે છે, નહીં ?'

'પારેખજી માત્ર સી.એમ.ને ઓળખતા જ નથી, તે રોજ બે વાર તેમની સાથે વાતો પણ કરે છે.' બિટ્ટુમામા બોલ્યા. 'અને મેં પારેખજીને તારા વિશે પણ કહ્યું. ઓમી, હું તારામાં યુવાન લોકોને હિન્દુત્વનું ગૌરવ શીખવવાની તાકાત જોઈ રહ્યો છું.'

'પણ મામા, હું તો બધો સમય...'

'હું તને કશું છોડવાનું નથી કહેતો. પણ અમારી પાસે છે તેમાંથી મોટી જવાબદારી વિશે જાણ. આપણે કેવળ એવા પૂજારીઓ નથી જે ગોખેલ શાસ્ત્રો બોલે. આપણે એ નક્કી કરવાનું છે કે ભારતની ભાવિ પેઢી હિન્દુત્વને બરાબર સમજે. પારેખજીને ઘેર થનાર એક મહાથાળ પ્રસંગે તને આમંત્રણ આપવા આવ્યો છું. ઈશ, તું પણ આવજે. આવતા સોમવારે ગાંધીનગરમાં.'

કુદરતી છે કે મારા જેવા નાસ્તિકને આમંત્રણ ન મળે.

'આભાર મામા, મજા પડે તેવી વાત છે. પણ મને ખબર નથી કે અમે આવી શકશું કે કેમ.' ઈશે કહ્યું. કેટલાક લોકો કેટલી સરળતાથી નમ્ર થઈ શકતા હોય છે.

'કેમ ? પણ ચિંતા ન કર. ત્યાં કેવળ બ્રાહ્મણો જ નથી. ઘણા યુવાન વ્યવસાયી લોકો પણ આવવાના છે.'

'મને રાજકારણ નથી ગમતું.' ઈશે કહ્યું.

'હં ! આ કંઈ રાજકારણ નથી, બેટા. આ તો જીવનપદ્ધતિ છે.'

'હું તો આવીશ.' ઓમીએ કહ્યું.

'પણ ઈશ, તું પણ જરૂર આવજે. અમને યુવાન લોહીની ખાસ જરૂર છે.'

ઈશ ખચકાતો હતો.

'અરે, તું શું એમ માને છે કે પારેખજી કોઈ વૃદ્ધ અને પરંપરાવાદી માણસ છે જે તને શાસ્ત્રો વાંચવાનું દબાણ કરશે ? તને ખબર છે કઈ કૉલેજમાં પારેખજી ભણ્યા છે ? કેમ્બ્રિજ ! પછી હાર્વર્ડ. તેમનો અમેરિકામાં હોટેલનો મોટો બિઝનેસ હતો. તે તેમણે વેચી નાખ્યો અને દેશમાં પાછા આવ્યા. તે તમારા લોકોની ભાષા બોલે છે. અને હા, તે કેમ્બ્રિજ કૉલેજની ક્રિકેટ ટીમ માટે રમ્યા હતા.'

'ગોવિંદ આવશે તો હું આવીશ.' મૂર્ખ ઈશે કહ્યું.

મામાએ મારી સામે જોયું. તેમની આંખો કહેતી હતી કે હું જ હિન્દુ સંસ્કૃતિના પતનનું કારણ

હતો.

'ખેર, હું તો તમને ત્રણેને આમંત્રણ આપવા આવ્યો હતો. પણ તેણે એમ કહ્યું કે તે ભગવાનને માનતો નથી.'

'હું એમ બોલ્યો નથી.' મેં કહ્યું. અરે ! ભૂલી જા ને – મેં વિચાર્યું.

'તો પછી આવજે.' મામા ઊભા થયા. 'તમે ત્રણે આવજો. હું ઓમીને સરનામું આપીશ. તે ગાંધીનગરનું એક ભવ્ય ઘર છે.'

* * *

લોકો મને મિસ્ટર એકાઉન્ટ લોભી, કંજૂસ – ગમે તે નામે બોલાવતા. પણ હકીકત એ છે કે હું જ દુકાનના મારા ભાગીદારોને પ્રેરિત કરવા પીવાની પાર્ટીનો બધો ખર્ચ આપતો. અમદાવાદમાં સાલું આલ્કોહોલ મેળવવો ભારે તકલીફ છે – બિયરની પુષ્કળ બૉટલની તો વાત જવા જ દો ! મારા એક સંપર્ક – રોમીભાઈએ હજારમાં સ્ટ્રૉંગ બિયરની એક પેટી આપવાની કબૂલાત કરી.

પાર્ટીના દિવસે, સાંજે સાત વાગ્યે રોમીભાઇ કપડામાં વીંટી બિયર એસ.બી.આઈ.ના કમ્પાઉન્ડના પ્રવેશદ્વાર પાસે રાખી ગયા. હું દરવાજા પાસે આવ્યો અને રોમીભાઈને તે દિવસનું છાપું આપ્યું. છાપાના ત્રીજા પાના પર મેં સો સોની દસ નોટો પીન કરી હતી. તેણે માથું હલાવ્યું અને ચાલ્યો ગયો.

મેં કપડાના પૅકેટને અંદર ખસેડયું. અને બૉટલોને રસોડામાં મૂકેલ બરફ ભરેલ ત્રણ બાલટીઓમાં મૂકી. અમે જ્યાં નૂડલ્સથી માંડી ભારત મેચ જીતે તો ફોડવાના ફટાકડા સહિત બધું જ રાખતા, તે રસોડાની છાજલી પરથી બૉટલ ઓપનર લીધું.

સામાન્ય કોઈ વ્યક્તિને આ વેરાન એસ.બી.આઈ. કમ્પાઉન્ડ એક સૂની જગ્યા લાગે. આગળ તે એક વૃદ્ધની હવેલી હતી. તેનો માલિક પૈસા ભરી ન શક્યો અને બૅન્કે તેની આ મિલકત લઈ લીધી. પછી બૅન્કે હવેલીમાં તેની શાખા ખોલી. વૃદ્ધ માલિકના મૃત્યુ પછી તેનાં પરિવારજનોએ કેસ માંડયો. કેસ હજી સુધી પત્યો ન હતો, પણ કુટુંબે કોર્ટ પાસેથી મનાઈ-હુકમ મેળવ્યો હતો કે બૅન્ક આ મિલકતનો ઉપયોગ નફો મેળવવાના અર્થે ન કરી શકે. આ દરમ્યાન એસ.બી.આઈ.ને પણ ખ્યાલ આવ્યો કે બેલરામપુરની ની નાનકડી ગલી સ્થાનિક શાખા માટે તદ્દન નકામી જગ્યા હતી. તેમણે તે જગ્યા ખાલી કરી દીધી અને ચાવી કોર્ટને આપી દીધી. કોર્ટના અધિકારીએ આ ચાવી ઓમીના પિતાને સોંપી – જે આ વિસ્તારના સૌથી વિશ્વાસુ વ્યક્તિ હતા. આવું એટલા માટે કર્યું કે કોર્ટ બંધ હોય તે દરમ્યાન કોઈ અધિકારી તેનું નિરીક્ષણ કરવા આવે તો વાંધો ન આવે. અલબત્ત, કોઈ આવતું ન હતું અને ઓમી આ ચાવીઓનો ઉપયોગ કરી શકતો.

આ મિલકતની જમીન ૫૦૦ સ્ક્વેર યાર્ડનો વિસ્તાર હતો. બેલરામપુરના સંદર્ભમાં ઘણો મોટો. આગળનું બારણું સીધું દીવાનખંડમાં ખૂલતું હતું જે બૅન્ક કસ્ટમર સર્વિસ બનેલ. પ્રથમ માળના ત્રણ બેડ રૂમ એ બ્રાન્ચ મૅનેજરની ઑફિસ, ડેટા રૂમ અને લૉકર રૂમ તરીકે વપરાતા. બ્રાન્ચ મૅનેજરની મૅનેજરની ઑફિસમાં વિશાળ છ ફૂટનો વૉલ્ટ હતો. અમે આ ખાલી સેઈફમાં અમારા ક્રિકેટ બૅટ રાખતા.

અમે મોટા ભાગે હવેલીના પાછળના ભાગનો ઉપયોગ કરતા. શરૂમાં તે સમૃદ્ધ કુટુંબની લોનનો વિસ્તાર હતો. બૅન્ક બ્રાન્ચના ભાગ તરીકે તે ઓછો વપરાયો હતો. પાર્કિંગ વિસ્તાર હતો અને હવે અમારી પ્રૅક્ટિસ પીચ હતી.

મેં બિયરની શીશીઓને વધારે ઠંડી કરવા આઈસ-બૉક્સમાં ફેરવ્યે રાખી.

ઈશ બૅન્કમાં પ્રવેશ્યો.

'ઘણો મોડો છે.' મેં કહ્યું. '૮-૩૦ થઈ છે.'

'સૉરી. ક્રિકેટની હાઈલાઈટ્સ જોતો હતો. વાહ, સ્ટ્રૉંગ બિયર છે.' ઈશે બૉટલ હાથમાં લેતાં કહ્યું. અમે નીચેના માળે કસ્ટમર વેઈટિંગ વિભાગના સોફા પર બઠ મેં સોફા પર લંબાવ્યું. ઈશ

ભજિયાં લેવા રસોડામાં ગયો.

'ઓમી આવી ગયો ?' પૅકેટ ઉઘાડતાં ઈશે પૂછ્યું.

'ના, એક હું જ ગધેડો છું. મેં જ ડિલિવરી લીધી. જગ્યા સાફ કરી અને મારા શેઠોની આવવાની રાહ જોતો હતો.'

'પાર્ટનર, દોસ્ત, પાર્ટનર !' ઈશે સુધારતાં કહ્યું. 'આપણે બૉટલ ખોલશું ?'

'ના, રાહ જો.'

દસ મિનિટમાં ઓમી આવી પહોંચ્યો. તેણે માફી માગીને કહ્યું કે તેના બાપે તેને મંદિર સાફ કરવા રોકી રાખ્યો હતો. પછી આલ્કોહોલ પીવાનું પાપ કરવા બદલ તેણે પ્રાયશ્ચિત્તની પ્રાર્થના કરી.

'ચિયર્સ !' મોટી ચૂસકી લઈ અમે બધાએ આનંદ વ્યક્ત કર્યો. તે કડવો હતો અને કેવળ ફેનીસ કરતાં થોડો સારો હતો.

'આ શું ? આ ખરેખર મૂળ દારૂ જ છે ને ?' ઈશે પૂછ્યું.

અમે થોડી પળ અટકી ગયા. ભેળસેળિયો દારૂ અમદાવાદમાં મોટો મુદ્દો છે.

'ના, કોઈ ખોટો બિયર ન બનાવે. લાગે છે કે વધારે પડતો સ્ટ્રૉંગ છે.' મેં કહ્યું.

ભજિયાંથી મોં ભરીને પીએ તો બિયરનો સ્વાદ ખાસ ખરાબ નહોતો લાગતો. અર્ધી બૉટલ ખાલી થયા પછી તો સ્વાદ ઘણો સુધરી ગયો અને બધાનો મૂડ પણ.

'મારે આ ટેણિયા અલીને જોવો પડશે. ત્રણ ગ્રાહકોએ તેનો ઉલ્લેખ કર્યો છે.' ઈશ બોલ્યો.

'મુસ્લિમ છોકરો ?' ઓમી બોલ્યો.

'તારા મામાની જેમ બકબક કરવાનું બંધ કર.' ઈશે તેને ઠપકો આપ્યો. 'તેમાં શું ફરક પડવાનો ? તે કહે છે કે તેની પાસે જબરો ટાઈમિંગ સેન્સ છે.'

'તે ક્યાં રમે છે ?' મોઢામાં ભજિયું મૂકતાં મેં કહ્યું.

'આપણી શાળામાં. છોકરા કહે છે કે તેનો મુખ્ય ફટકો સિક્સરનો જ હોય છે.'

'ચાલો, આપણે ત્યાં જઈને જોઈએ. એ. લાગે છે કે શાળામાં તારો યોગ્ય વારસદાર આવી ગયો લાગે છે.' મેં કહ્યું.

ઈશ શાંત થઈ ગયો. આ ખૂબ નાજુક મુદ્દો હતો. અને બિયર ન હોત તો હું બોલ્યો પણ ન હોત.

'ઈશના વારસદાર થવું તો ખૂબ અઘરું છે.' ઓમીએ કહ્યું. 'યાદ છે પેલા મહીપ મ્યુનિસિપલ સ્કૂલ સામે ૬૩ બૉલમાં ૧૦૦ રન ? એ ઈનિંગને કોઈ ભૂલી શકવાનું નથી.' ઓમી ઊભો થયો અને ઈશની પીઠ થાબડી, જાણે કે દસ વર્ષ પહેલાંની મેચ હમણાં જ પૂરી થઈ હોય.

'તો રાજ્ય કક્ષાની પસંદગીમાં કરેલ બે શૂન્ય રન પણ કોઈ નથી ભૂલવાનું.' ઈશે કહ્યું અને ફરી ચૂપ થઈ ગયો.

'મૂક એ વાત. ત્યારે તું ફોર્મમાં ન હતો.' ઓમી બોલ્યો.

'પણ સાલી એ મેચો જ મહત્ત્વની નહોતી ? હવે આપણે એ મુદ્દો અટકાવશું ?'

ઓમી છોભીલો પડી ગયો. હું પણ રાજી થયો અને મુદ્દો બદલાવ્યો. 'મને લાગે છે કે આજની રાતે આપણે આપણા સ્પોન્સરનો આભાર માનવો જોઈએ – ટીમ ઈન્ડિયા ક્રિકેટ શૉપનો ! આ સાત માસના કાર્યકાળમાં આપણો નફો ૪૨,૬૦૦ રૂપિયા થયો છે. જેમાંથી આપણે ભાગીદારોને ૧૮,૦૦૦ આપ્યા છે. ૨૨,૦૦૦ નવરંગપુરા શૉપ ડિપૉઝિટ માટે રાખ્યા છે. બાકીના ૨,૬૦૦ આજ રાત જેવાં મનોરંજન માટે રાખ્યા છે. એટલે મારા શૅરહોલ્ડરો અને ભાગીદારો, તમારો આભાર અને બીજી બૉટલ માટે ચિયર્સ !'

મેં આઈસ-બૉક્સમાંથી દરેક માટે બીજી બૉટલ કાઢી.

'સાલા આખલા.' ઈશ ઊભો થયો. તેની જીભ થોથવાતી હતી. 'આ વેપાર અને નફો આપણા આખલા – મિસ્ટર ગોવિંદ પટેલને આભારી છે. થૅન્ક્સ, બડી !' તારા કારણે આ આર્મીમાંથી કાઢી મૂકેલનું ે ભાવિ ઊભું થયું છે. અને આ મૂરખનું પણ, નહીં તો જીવનભર મદિંરમાં ઘંટ વગાડયા કરતો હોત. સાલા આખલા, લાવ તને હું ભેટું.'

તે મને ભેટવા આગળ આવ્યો. આ પીવાની જ અસર હતી. અલબત્ત, લાગણીભરી.

'અલ્યા, મારા પર હજી એક કૃપા કરીશ ?' ઈશ બોલ્યો.

'કઈ ?'

'હજી એક જણને ગણિતના ટ્યુશનની જરૂર છે.' ઈશ બોલ્યો.

'ના, હું પેક છું ઈશ, સાત વિદ્યાર્થીઓ તો થઈ ગયા છે.' હું બોલ્યો. તેણે મને કાપતાં કહ્યું,

'પણ આ વિદ્યા છે.'

'તારી બહેન ?'

'તે બાર પાસ છે. હવે મેડિકલ એન્ટ્રન્સની તૈયારી માટે તે એક વર્ષનો ડ્રોપ લે છે.'

'ડૉક્ટર બનવા ગણિતની સહેજ પણ જરૂર નથી.'

'હા, પણ એન્ટ્રન્સ પરીક્ષામાં છે અને ગણિતમાં તો તે તદ્દન નકામી છે. તું જ ઉત્તમ વ્યક્તિ છે. બીજા કોના પર વિશ્વાસ કરું ?'

'જો તારી બહેન હોય તો મારે...' મેં ઊંડો શ્વાસ લીધો. 'લે, વિદ્યા મેડિકલ કૉલેજમાં જશે ? તે એટલી મોટી થઈ ગઈ ?'

'લગભગ અઢાર, વર્ષ.'

'જોકે હું તો પાંચમાથી આઠમું ભણતાં બાળકોને ભણાવું છું. પણ તેનો અભ્યાસક્રમ તો એડવાન્સ્ડ હશે. મારો પરિચય છૂટી ગયો છે.'

'પણ સાલા, તું તો એ વિષયનો સેન્ચ્યુરી બૅટ્સ્મૅન છે. થોડો પ્રયત્ન કર તો તેને જોઈએ તે મદદ કરી શકીશ.'

હું થોડી વાર ન બોલ્યો. યાદ કરવા લાગ્યો કે હું વિદ્યા વિશે શું જાણતો હતો. પણ તદ્દન ઓછું જાણતો હતો.

'શું વિચારે છે ? હા, હું જાણી ગયો. મિસ્ટર એકાઉન્ટ, નિશ્ચિંત રહેજે. અમે તને ફી આપશું.' ઈશ બોલ્યો અને ચૂસકી લીધી.

'ચૂપ ! તે તારી બહેન છે. ચાલ, કરીશ, બસ. ક્યારે શરૂ કરશું ?'

'સોમવારે શરૂ કરી શકાય ? ના, સોમવારે તો પારેખજીની મિજલસ છે, સાલું ! ઓમી, આપણે ત્યાં જઈ શું કરવાના ?'

'આપણે તારા મામાને ખુશ કરવાના છે.' હું તો નવરંગપુરા જવાની રાહ જોતો હતો.

'કહેવાય છે કે પારેખજી મહાન વ્યક્તિ છે.' ઓમી બોલ્યો. 'અને હું હમેશાં તમારું કહ્યું માનું છું. આ વખતે મારા ખાતર આવો.'

'ભલે, ભલે, તો મંગળવારે.' મેં ઈશને કહ્યું. 'તો તે બૅન્કમાં આવશે ?'

'ડૅડ તેને કદી પણ બહાર એકલી નહીં મૂકે. તું જ ઘેર આવજે.'

'શું ?' હું બોલ્યો. મને લાગે છે કે મારે ફી સ્વીકારવાની જરૂર હતી. 'ભલે. અહીંનો સમય જરા ગોઠવી લઈશ. સાત વાગ્યે બરાબર થાય ?'

'ચોક્કસ. હવે મિસ્ટર એકાઉન્ટ, એક ગણિતના પ્રશ્નનો તું જવાબ આપીશ ?'

'કયો ?'

'તેં દસ બૉટલવાળી ક્રેટનો ઑર્ડર આપ્યો હતો. આપણે દરેકે ત્રણ ત્રણ પીધી. દસમી ક્યાં ?' લથડતાં તે ઊઠયો.

હું પણ ઊભો થયો. ‘દસમી ક્યાં છે તે ખ્યાલ નથી, પણ કોની થશે તેનો તો છે.’ મેં આઈસ-બૉક્સ તરફ કૂદકો માર્યો. ઈશે પણ ડાઈવ મારી. અમે બન્ને ખેંચાખેંચ કરવા લાગ્યા. જમીન પર ઠંડું પાણી રેલાઈ ગયું. દસમા પ્રયત્ને તેણે મૂકી દીધી.

‘લઈ જા, આખલા, તારા વિના મારું શું થશે ?’



ચાર

અમે સાંજે લગભગ આઠ વાગ્યાની આસપાસ પારેખજીના નિવાસસ્થાને પહોંચ્યા. બે સશસ્ત્ર ચોકીદારો આગળના દરવાજે ઊભા હતા. અમારાં નામ તપાસી અમને અંદર જવા દીધા. ઘરનું પ્રવેશદ્વાર સુંદર રંગોળી, ડઝન જેટલા દીવડા અને તાજાં ફૂલોથી શોભતું હતું.

'જુઓ કેવા લોકો એકઠા થયા છે.' બિટ્ટુમામા અમને દરવાજા પાસે જ મળ્યા. 'વાર્તાલાપ શરૂ થાય તે પહેલાં ભોજન લઈ લો.' આરતીની થાળીમાંથી તેમણે અમારાં કપાળ પર મોટાં લાલ તિલક કર્યાં. તેમણે અમને કહ્યું કે ભોજન પછી પારેખજી પ્રવચન આપશે.

અમે વિશાળ ફૂડ-કાઉન્ટર પાસે ગયા. ત્યાં જેને જે જોઈએ તે બધી શાકાહારી વાનગીઓ હાજર હતી. ત્યાં આલ્કોહોલ તો ન હતો, પણ માગો તે ફળોના રસ હાજર હતા. આવી પાર્ટીઓમાં એક જ હોજરી હોવાનો અફસોસ થાય. મેં જૈન પીઝા લીધો અને પછી વિશાળ દીવાનખંડને જોવા લાગ્યો. તેમાં પચાસ જેટલા મહેમાનો સફેદ કે ભગવાં વસ્ત્રોમાં હાજર હતા. પારેખજીએ ટોળામાં આસાનીથી ભળી જવાય તેવો ભગવો – ધોતી અને સફેદ શર્ટનો ડ્રેસ પહેર્યો હતો. ઈશ આ બધામાં ખોપરીવાળાં હાડકાંના ચિત્રવાળા કાળા રંગના ટી-શર્ટથી અલગ તરી આવતો હતો. અમારા સિવાય લગભગ બધા ધોળા વાળવાળા અથવા ટાલવાળા હતા. અહીં લગ્નની પાર્ટી હોય તેવો દેખાવ હતો જ્યાં કેવળ બ્રાહ્મણોને જ આમંત્રણ હતું. દરેકના હાથમાં ત્રિશૂળ, રુદ્રાક્ષ કે માળા હતાં.

ઈશ અને મેં પરસ્પર નજરથી સંદેશા મૂક્યા કે આપણું અહીં શું કામ છે !

ઓમી બે ટાલિયા સફેદ વસ્ત્રવાળા, એક ધોળા વાળવાળા ને ભગવાં વસ્ત્રવાળા અને એક ટાલવાળા – ભગવાં વસ્ત્રવાળા જૂથને મળવા ગયો. તેણે બધાનો ચરણસ્પર્શ કર્યો. બધાએ તેને આશીર્વાદ આપ્યા. એમ માનીને કે ઓમી આવા લોકોને વારંવાર મળતો હતો, તેથી કલ્પના કરી શકાય કે ભારતમાં વ્યક્તિ દીઠ મહત્તમ આશીર્વાદનો રેકર્ડ તેનો હશે.

'ખાવાનું મસ્ત છે, નહીં ?' ઓમી પાછો આવ્યો. ગુજરાતમાં જમવાનું હમેશાં ઉત્તમ જ હોય. લોકો વખાણ કરે જ. ઈશે ઓમીને જૈન ખાણું આપ્યું.

'આ બધા કોણ છે ?' મેં બેદરકારીથી પૂછ્યું.

'તદ્દન સમજાય તેવું છે.' ઓમીએ જવાબ આપ્યો. 'ભગવાંમાં રહેલા લોકો શહેરના બ્રાહ્મણો અથવા સાધુસંતો છે. સફેદ વસ્ત્રોવાળા વિવિધ પક્ષોના રાજકારણીઓ છે. પણ તું આ ખાતો કેમ નથી ?'

'મને ચાઈનીઝ નથી ભાવતું.' ઈશે કહ્યું. 'અને આ પારેખજી કોણ છે ?'

'તે માર્ગદર્શક છે.' ઓમીએ કહ્યું. 'અથવા તો નમ્ર હોવાથી તે આમ કહે છે. હકીકતે, તે મુખ્ય મંદિરના ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી છે. તે બધા રાજકારણીઓને સારી રીતે ઓળખે છે.'

'એનો અર્થ એ કે તે સંકર છે. રાજકારણી-સંત.' મેં કહ્યું.

'તું થોડો આદર આપી ન શકે ? અને આ ટી-શર્ટ વળી કેવી પહેરી આવ્યો છે ?'

જેવા પારેખજી ખંડમાં આવ્યા કે બધા શાંત થઈ ગયા. તે પોતા સાથે સગવડભર્યું દેખાતું લાલ રંગનું રેશમી ઓશીકું રાખતા હતા. તેમણે બધાને સાદડી પર બેસી જવાનો ઈશારો કર્યો. માછલીનાં ટોળાંની જેમ ભગવાંવાળા સફેદવાળાઓથી અલગ થઈ ગયા અને બે વિભાગમાં બેસી ગયા.

'સાલું, આપણે ક્યાં બેસવું ?' ઈશે મારા તરફ ઈશારો કરી કહ્યું. મેં બ્લૂ ટી-શર્ટ પહેરી હતી અને મારા રંગને અનુકૂળ જગા હું શોધી ન શક્યો. બિટ્ટુમામાએ ઓમીનો હાથ ખેંચ્યો અને અમને ભગવાંવાળાઓ સાથે બેસવા કહ્યું. અમે બેઠા, પણ અમારાં પ્રતિકૂળ દેખાતાં કપડાંમાં અલગ પડી આવતા લોકો જેવા લાગતા હતા. બિટ્ટુમામા ત્રણ ભગવા સ્કાર્ફ લઈ આવ્યા અને અમને આપ્યા.

'આ શું ? હું કંઈ...' મેં ઓમી સામે વિરોધ કર્યો.

'શ્ શ્... હમણાં પહેરી લે.' ઓમી બોલ્યો અને અમારી ગરદન આસપાસ કેમ વીંટવું તેનું નિદર્શન પણ કર્યું.

પારેખજી પોતાની અદ્ભુત જાદુઈ ગાદી પર બેઠા. રૂમમાં પૂરી શાંતિ છવાઈ ગઈ. ઈશે એક વાર ટચાકા ફોડયા. ઓમીએ તેની સામે તિરસ્કારથી જોયું. મારા સિવાય બધાએ આંખ બંધ કરી. બધા સંસ્કૃતમાં શ્લોક બોલતા હતા ત્યારે હું આસપાસ જોતો હતો. એક મિનિટ પછી શ્લોકગાન પૂરું થયું અને પારેખજીએ પોતાનું પ્રવચન શરૂ કર્યું.

'સ્વાગત ! ભક્તો, મારા ગરીબના ઘેર સ્વાગત છે. હું ખાસ કરીને જમણી બાજુની સિંધીપુર ટીમને ખાસ આવકારું છું. તેઓ મહિના પહેલાં જ અયોધ્યાની કારસેવામાંથી પાછા આવ્યા છે. આપણે તેમને વંદન કરીએ અને આશીર્વાદ માગીએ.'

હાથમાં ત્રિશૂળધારી એવા ભગવાંધારીને બધાએ વંદન કર્યાં.

પારેખજી આગળ બોલ્યા, 'આજે આપણી સાથે થોડા યુવાનો પણ છે. આપણને તેમની ખૂબ જ જરૂર છે. તેમને લાવનાર બિટ્ટુમામા ધન્યવાદને પાત્ર છે. બિટ્ટુ પક્ષ માટે ખૂબ જ કામ કરે છે. આવતા વર્ષની ચૂંટણીમાં તે આપણા ઉમેદવાર હસમુખજીને ટેકો આપવાના છે.'

બધાએ અમારી સામે જોયું અને સ્મિતભર્યાં મસ્તક હલાવ્યાં. અમે પણ અમારાં મસ્તક હલાવ્યાં.

'ભક્તો, હિન્દુ ધર્મ આપણને પુષ્કળ સહિષ્ણુતા શીખવે છે. અને આપણે પણ પુષ્કળ સહિષ્ણુ છીએ. તેથી આજની ચર્ચાનો વિષય છે : 'કેટલી સહિષ્ણુતા પૂરતી છે ? ક્યાં સુધી હિન્દુએ પીડા સહન કરવી ?'

બધાંએ મસ્તક હલાવ્યાં. પલાંઠી વાળીને બેસવાને કારણે મારા ઘૂંટણ પીડાથી જડ થતા જતા હતા. મને વિચાર આવ્યો કે હું હમણાં જ પીડા સહન કરવાનું અટકાવીને મારા પગને લાંબા કરું !

'આપણાં શાસ્ત્ર બીજા પ્રત્યે હિંસા કરવાની ના પાડે છે.' પારેખજી બોલ્યા, 'તે શીખવે છે કે બીજા પંથો ભલે આપણો સ્વીકાર ન કરે, પણ આપણે તો બીજા પંથોનો સ્વીકાર કરવો. તે આપણને ધૈર્ય શીખવે છે. હજારો વર્ષ પહેલાં આપણા ઋષિઓએ આવાં ઉદાત્ત મૂલ્યોનો વિચાર કર્યો જે આજે પણ એટલાં જ પ્રસ્તુત છે અને આજે પણ આપ જેવા મહાન લોકો આ મૂલ્યો સમાજને આપી રહ્યા છો.' પારેખજીએ બ્રાહ્મણો તરફ આંગળી ચીંધી કહ્યું. બ્રાહ્મણોએ મસ્તક નમાવ્યાં.

'પણ સાથોસાથ, શાસ્ત્રો એ પણ શીખવે છે કે અન્યાયને સહન ન કરવો. ગીતામાં અર્જુનને ધર્મયુદ્ધ કરવાનું કહ્યું છે. તેથી અમુક હદ પછી આપણને લડવાની આજ્ઞા અપાઈ છે. એ હદ કઈ છે તેનો વિચાર કરવાનો છે.'

ટોળામાં જોરથી માથાં હલ્યાં. જોકે મને આ સમગ્ર મિટિંગ અને જાદુઈ લાલ ગાદી હાસ્યાસ્પદ લાગ્યાં. પણ પારેખજીનો તર્ક માનવા યોગ્ય તો હતો જ.

'અને તે અન્યાય અત્યારે હું જોઉં છું. હિન્દુઓને સમાધાન કરવાનું, સ્વીકારવાનું, સહન

કરવાનું કહેવામાં આવે છે. હિન્દુઓએ માત્ર એક મંદિરના પુનર્નિર્માણની માગણી કરી, અને તે પણ ગમે તે મંદિર નહીં, પણ એ મંદિર, જ્યાં આપણા એક અવતારી પુરુષ પ્રગટયા હતા. પણ ના, તેઓ તે નહીં આપે. આપણે કહ્યું કે આપણે આદરપૂર્વક પાસેના ખૂણામાં ખસેડી દેશું, પણ ના, તેને પણ અયોગ્ય માનવામાં આવ્યું. આપણે પુરાવા આપવાનો પ્રયત્ન કર્યો, પણ તે દબાવી દેવામાં આવ્યા. શું આ ન્યાય કહેવાય ? આપણે તે સહન જ કર્યા કરવું ? હું તો બુઢ્ઢો માણસ છું. મારી પાસે તેના જવાબ નથી.’

ઈશે મારા કાનમાં ફૂંક મારી, ‘રાજકારણ છે આ, રાજકારણ. સીધુંસાદું રાજકારણ.’

પારેખજી આગળ બોલ્યા, ‘હું એ બાબતમાં ઊતરવા માગતો નથી કે આ દેશ હકીકતે કોનો છે, કારણ કે ગરીબડો હિન્દુ હમેશાં પરદેશીઓનાં રાજ્યથી ટેવાયેલો છે – ૭૦૦ વર્ષ મુસ્લિમો, ૨૫૦ વર્ષ બ્રિટિશરો. હવે આપણે સ્વતંત્ર થયા છીએ, છતાં હિન્દુ પોતાની અસ્મિતા નથી પ્રગટ કરતો. મને જે દુ:ખી કરે છે તે એ છે કે આપણને સમાન પણ નથી ગણવામાં આવતા. તેઓ પોતાને બિનસાંપ્રદાયિક કહે છે, પણ તેઓ મહત્ત્વ તો મુસલમાનોને જ આપે છે ! આપણે સમાન વર્તન માટે સંઘર્ષ કરીએ છીએ. તો ‘કોમવાદી’ કહેવાઈએ છીએ. ભયાનક ક્રૂર ત્રાસવાદીઓ તો મુસ્લિમો છે, પણ તેઓ પાછા એમ કહે છે કે આપણે જડ છીએ. મુસ્લિમો કરતાં વધારે હિન્દુ બાળકો ભૂખ્યાં સૂએ છે, છતાં તેઓ કહે છે કે મુસ્લિમો પછાત છે.’

પારેખજી પાણીનો ગ્લાસ લેવા થોભ્યા. ‘એ લોકો મને કહે છે – ‘પારેખજી, તમે આટલા બધા રાજકારણીઓને ઓળખો છો ?’ હું જવાબ આપું છું કે હું તો ભગવાનનો દાસ છું. મારે રાજકારણમાં જોડાવાની સહેજ પણ ઈચ્છા નથી. પણ મારે જો હિન્દુ તરીકે ન્યાય મેળવવો હોય, તો પછી દેશ જે રીતે ચાલે છે તેમાં મારે સંલગ્ન થવું જ રહ્યું. અને તો પછી રાજકારણમાં જોડાવા સિવાય બીજો કયો માર્ગ છે ? એટલે અહીં હું અડધો ભગવો અને અડધો સફેદ છું. તમારી સેવામાં.’

શ્રોતાઓએ હળવી તાળીઓ પાડી. ઓમીએ પણ. હું અને ઈશ એટલું જમ્યા હતા કે પ્રત્યાઘાત આપી શકીએ તેમ ન હતા.

‘પણ હજી આશા છે. અને તમે જાણો છો કે આ આશા ક્યાંથી મળે છે – ગુજરાતમાંથી. વેપારીઓનું રાજ્ય છે અને તમે વેપારીઓના સો દોષ કાઢી શકો, પણ તમે એ બાબતે નકારી નહીં શકો કે વેપારી હમેશાં વાસ્તવવાદી હોય છે. તેને ટુકડાઓને જોડતાં આવડે છે કે જગત કેમ કામ કરે છે તે પણ જાણે છે. આપણે દંભ કે અન્યાય સહન નથી કરી શકતા. એટલે જ આપણે જુઠ્ઠા – બિનસાંપ્રદાયિક પક્ષોને નથી ચૂંટતા. આપણે કોમવાદી નથી. આપણે પ્રમાણિક છીએ. અને આપણે જો પ્રત્યાઘાત આપીએ છીએ, તો તેનું કારણ એ છે કે આપણે લાંબા સમયથી પીડા વેઠતા આવ્યા છીએ.’

હવે શ્રોતાઓએ પુષ્કળ તાળીઓ પાડી. મેં આ ખલેલનો ઉપયોગ કર્યો અને પારેખજીના ઘરમાંથી નીકળી તેના બાગમાં ચાલ્યો આવ્યો અને એક સુંદર નકશીકામવાળા હીંચકા પર બેસી ગયો. પછી દસ મિનિટ સુધી પારેખજી બોલ્યા, પણ હું સાંભળી ન શક્યો. હું આકાશમાં તારા નિહાળતો હતો અને રેશમી ગાદી પર બેઠેલ તે માણસ પર વિચારતો હતો. એ વિચિત્ર બાબત હતી કે હું તેના તરફ સમાંતરે આકર્ષાતો હતો જોકે મને તેના પ્રત્યે અણગમો પણ હતો. તેનામાં એકી સાથે કરિશ્મા અને ગાંડપણ બન્ને હતાં.

પ્રવચન પછી થોડા વધારે શ્લોકો બોલાયા. પછી ભુજના થોડા બ્રાહ્મણો દ્વારા બે ભજન ગવાયાં. ઈશ બહાર આવ્યો. ‘અલ્યા, તું અહીં છે ?’

‘આપણે ઘેર જઈશું ?’ મેં કહ્યું.

* * *

હું મંગળવારે સાંજે ઈશાનના ઘેર પહોંચ્યો. વિદ્યા પોતાના અભ્યાસ ટેબલ પાસે બેઠી હતી.

તેનો ખંડ તદ્દન છોકરીછાપ હતો – વધારે પડતો સ્વચ્છ, વધારે પડતો સુંદર, વધારે પડતો ગુલાબી. સ્ટફ્ડ રમકડાં, અને 'હું બૉસ છું' જેવા સંદેશાવાળાં પોસ્ટરો રૂમની દીવાલો પર લટકાવ્યાં હતાં. હું ખુરસી પર બેઠો. તેની ભૂરી આંખો મને પૂરી એકાગ્રતાથી જોતી હતી. હું એ જોયા વિના રહી ન શક્યો કે તેનો બાળસહજ – ગભરુ ચહેરો એક સુંદર સ્ત્રીમાં પરિવર્તિત થવાની પ્રક્રિયામાં હતો.

'તો તને ગણિતના કયા મુદ્દા વધારે આવડે છે ?'

'ખાસ ખબર નથી.' તેણે કહ્યું.

'બીજગણિત ?'

'ના.'

'ટ્રિગોનૉમેટ્રી ?'

'થોડીઘણી.'

'કેલ્ક્યુલસ ?'

મેં જાણે કોઈ ભયાનક ફિલ્મનો ઉલ્લેખ કર્યો હોય તેમ તેની ભ્રમર ખેંચાઈ.

'ખરેખર !' મેં કહ્યું મારા પ્રિય વિષય તરફ આટલી ઉદાસીનતા જોઈ મને ખલેલ પહોંચી.

'હકીકતે મને ગણિત ખાસ ગમતું જ નથી.'

'હં....' મેં મેં વિચારગ્રસ્ત પ્રોફેસર દેખાવાનો પ્રયત્ન કર્યો. 'તું બરાબર સમજતી નથી કે તને થોડુંઘણું આવડતું નથી તેથી ગમતું નથી ? તને ખબર છે કે ગણિત તો ખૂબ મજા પડે તેવો વિષય છે.'

'મજા પડે તેવો ?' તેણે ધિક્કારના અવાજમાં કહ્યું.

'હા.'

તે ટટ્ટાર બેઠી અને તેનું મસ્તક હલાવ્યું. 'હું ચોખ્ખું કહી દઉં. હું હકીકતે ગણિતને ધિક્કારું છું. મારી દૃષ્ટિએ તેનું સ્થાન વંદા અને ગરોળીની બાજુમાં હોવું જોઈએ. તેના પ્રત્યે મને ધિક્કાર છે. મને તેનાથી ઊલટી થાય છે અને હું તેનાથી ઉદાસીન થઈ જાઉં છું. વિદ્યુતનો શોક અને ગણિતની પરીક્ષા વચ્ચે પસંદગી કરવાની હોય, તો હું તો શોકને જ પસંદ કરું. મેં સાંભળ્યું છે કે રાજસ્થાનમાં પાણી મેળવવા લોકોને બે માઈલ ચાલવું પડે છે. હું ગણિતના પ્રશ્નોને ટાળવા રોજ એવું કરવા તૈયાર છું. માણસે શોધેલ તદ્દન વ્યર્થ શોધોમાં એક ગણિત છે. તેઓ શું વિચારતા હતા ? ભાષા તો ખૂબ સરળ છે. તેથી ચાલો આપણે થોડાં વિચિત્ર ચિહ્નો ઊભાં કરીએ અને બાળકોની દરેક પેઢીને તેનાથી હેરાન કરીએ. સીન થીટાથી કોસ થીટા જુદું હોય તો ચિંતા કરવાની જરૂર શું છે ? ક્યુબના દાખલાનું વિસ્તરણ જાણવાની કોને પડી છે ?'

'ઓહ ! જબરો પ્રત્યાઘાત છે આ તો.' હું ખુલ્લું મોં કરી સાંભળતો હતો.

'અને મજા ? જો ગણિત આનંદજનક હોય તો દાંત કઢાવવો પણ એટલો જ આનંદજનક છે. હડકાયા કૂતરાનાં ઈન્જેક્શન પણ એટલાં જ આનંદજનક છે.'

'મને લાગે છે કે તું ખોટી રીતે તેને જુએ છે.'

'અહોહોહો, આવું બોલવાની જરૂર નથી. હું જોતી જ નથી. હું તો તેની સાથે જીવી છું, સમાધાન સાધ્યું છે અને તેની સાથે ખૂબ સંઘર્ષ કર્યો છે. ઘણાં વર્ષોથી અમારી વચ્ચે ખૂબ ખરાબ સંબંધો છે. પહેલાથી બારમા ધોરણ સુધી આ વિષય ક્યારેય દૂર થતો નથી. લોકો ભૂતથી ડરે છે, પણ મને તો અચાનક ગણિતની કસોટી વખતે બિહામણાં સપનાં આવતાં. મને ખબર છે કે તમે સોમાંથી સો ગુણ લાવતા અને તમે તેને ખૂબ ચાહો છો. પણ યાદ રાખજો કે વિશ્વના મોટા ભાગના વિસ્તારોમાં વિદ્યાર્થીઓ માટે ગણિત એટલે એક જ બાબત છે.'

તે શ્વાસ લેવા અટકી. મને ઊભા થઈ ભાગી જવાની ઈચ્છા થઈ. આ જંગલી જાનવરને કેમ કાબૂમાં રાખવું ?

'કઈ ?'

'રૂંવાડાં ઊભાં થઈ ગયાં. જુઓ, મારાં તો થઈ જ ગયાં છે.' તે બોલી અને પોતાની કમીઝની બાંય કોણી સુધી ઊંચી કરી. મને થયું કે તેની ચામડી પરના ગુલાબી ડાઘા ગણિત કરતાં તેના આ આવેશના કારણે જ હતા.

મારું ધ્યાન તેના દૂબળા હાથ પર ગયું. તે એટલો સુંદર હતો કે તમે તેની ત્રણે નસો જોઈ શકો. તેના હાથમાં ઊંડી રેખાઓ હતી. ખાસ કરીને જીવનરેખા ખૂબ લાંબી હતી. તેની આંગળીઓ પાતળી હોવાથી લાંબી લાગતી હતી. તેણે છેડે ચમકતી ચાંદી રંગની નેઈલ પૉલિશ લગાવી હતી. સ્ત્રીઓને આવા બધા વિચારો ક્યાંથી આવતા હશે !

'શું છે ?' મેં થોડી લાંબી પળો સુધી તેના હાથને જોયો તેથી તે બોલી.

મેં ઝડપથી પુસ્તક ખોલ્યું.

'કંઈ નહીં. મારું કામ તને ગણિત ગમતું કરવાનું નહીં, તે શીખવવાનું છે. મેં સાંભળ્યું છે કે તું ડૉક્ટર બનવા માગે છે.'

'મારે તો મુંબઈની કૉલેજમાં જવું છે.'

'શું કહ્યું ?'

'મારે અમદાવાદ છોડી દેવું છે, પણ મોમ-ડૅડ મને જવા દેતાં નથી. અલબત્ત, મેડિકલ કે ઈજનેરી જેવો મહત્ત્વનો કોર્સ હોય તો. ઈજનેરી એટલે ગણિત. ગણિત એટલે ઊબકા. એટલે રતબાતલ ! બીજો વિકલ્પ મેડિસિન છે. તે મારો બહાર જવાનો પાસ છે, પણ ત્યાં વળી આ એન્ટ્રન્સ પરીક્ષા છે અને...'

મને લાગ્યું કે વિદ્યા પાસે પોતાને રોકવાનું કોઈ આંતરિક બટન ન હતું. મારી પાસે કેવળ એક કલાક જ હતો અને તેમાં આ એવરેસ્ટ પર ખુલ્લા પગે ચડવાનું હતું. એટલે હું મુદ્દા પર આવવા માગતો હતો.

'તો કયા મુદ્દાથી તું શરૂ કરવા માગે છે ?'

'ઈક્વેશન સિવાય કોઈ પણ.'

'મેં તારો મેડિકલ એન્ટ્રન્સનો કોર્સ જોયો. તેમાં દેખાય છે કે કેટલાક સ્કોરિંગ મુદ્દાઓ છે જે પ્રમાણમાં સરળ છે.'

મેં મેડિકલ અ◌ૅક્ઝામ એન્ટ્રન્સ ગાઈડ ખોલી અને તેની સામે ધરી.

'જો, આ 'પ્રોબેબલિટી.' મેં કહ્યું. 'આ અને પરમ્યુટેશન, ગણિતની પરીક્ષામાં ૨૫ ટકા હશે. આંકડાશાસ્ત્ર બીજા દસ ટકા. ક્યાંય ઈક્વેશન નથી. તો આપણે આનાથી શરૂ કરીશું ?'

'જરૂર.' તે બોલી અને નવી નોટબુક કાઢી. નોટ પાસે તેણે બે રાખી. જાણે તે ભારતની સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થી હોય તેમ પ્રથમ પ્રકરણ ખોલ્યું. અલબત્ત, કશી ખબર ન હતી તેને, કદાચ.

'પ્રોબેબલિટી.' હું બોલ્યો, 'હકીકતે ખૂબ મજા પડે તેવું છે. હું આમ એટલે કહું છું, કારણ કે તું તેનો રોજબરોજ ઉપયોગ કરી શકે છે.'

'જેમ કે...'

'જેમ કે એટલે ?'

'કઈ દૈનિક સમસ્યાઓ તમે નિવારી શકો ?' પોતાના વાળને હટાવતાં બોલી.

'હં, હવે કંઈક આગળ વધી. આપણે જોઈએ.' મેં સરળ ઉદાહરણ માટે આજુબાજુ નજર કરી. મેં ગુલાબી શીટવાળો તેનો ચોખ્ખોચણક રૂમ જોયો. સામેની દીવાલ પર પશ્ચિમનાં દૃશ્યો, છોકરાઓ તથા રિતીક રોશનના ફોટા હતા. તેની પાસે ગ્રીટિંગ કાર્ડ્ઝ હતા. 'પેલા કાર્ડ્ઝ જોયા ?'

'એ મને મારી શાળાની બહેનપણીઓએ આપેલ જન્મદિન કાર્ડ્ઝ છે. બે માસ પહેલાં મારો જન્મદિવસ હતો.'

મેં વધારાની માહિતી પર ધ્યાન ન આપ્યું. 'માની લે કે તે ૨૦ કાર્ડ્ઝ છે. મોટા ભાગના સફેદ

છે. કેટલાક રંગીન છે. તો કેટલા ?'

'પાંચ રંગીન છે.' તેણે કાડ્ર્ઝ સામે જોતાં કહ્યું. તેની આંખો પૂછતી હતી – 'તો ?'

'શાંતિ. પાંચ છે. હવે માની લે કે હું બધા કાર્ડ લઈ તેને એક થેલામાં મૂકું. પછી તેમાંથી એક કાર્ડ ખેંચું. તો તે કાર્ડ રંગીન હોવાની કેટલી શક્યતા છે ?'

'તમે તેને થેલામાં શા માટે મૂકો ?' તેણે પૂછ્યું.

'ધારણા કરવાની છે. કેટલી શક્યતા છે ?'

'મને ખબર નથી.'

'ઓ.કે. તો પ્રોબેબલિટીના પાયાના સિદ્ધાંતને શીખવા આપણે આ ઉદાહરણનો ઉપયોગ કરીએ.' મેં લખતાં કહ્યું, 'પ્રોબેબલિટી એટલે...'

પ્રોબેબલિટી બરાબર તમે ઇચ્છો તે બને તે સંખ્યા / કશુંક બીજું બને તેની સંખ્યા.

'આમાં ચિહ્નો કેમ નથી ?' તેણે પૂછ્યું.

'જોયું મેં તને કહ્યુંને કે પ્રોબેબલિટી રસપ્રદ છે. આપણે ડિનોમીનેટરને તપાસીએ. વીસ કાર્ડમાંથી એક કાર્ડને ખેંચું તો કેટલા વિવિધ કાર્ડ આવે ?'

'હં... વીસ.'

'અલબત્ત, સરસ.'

'છટ્ !'

મેં મારી ચીડને માંડ દબાવી. મેં તેને દાખલો આપ્યો અને તેણે મારી સામે તિરસ્કારથી જોયું. એ જ વર્તન !

'અને આંકડા મહાશય, મને હવે રંગીન કાર્ડ જોઈએ. જો હું ખેંચું તો કેટલા રંગીન કાર્ડ આવે ?'

'પાંચ.'

'જી. તો તો આપણે આપણી શાબ્દિક ફોર્મ્યુલા અપનાવીએ.' મેં કહ્યું. અને લખ્યું,

પ્રોબેબલિટી = તમે ઇચ્છો તે બને તેની સંખ્યા / જે બની શકે તેની સંખ્યા

એટલે કે પ્રોબેબલિટી = ૫/૨૦ બરાબર ૦.૨૫.

'સમજાયું ? પ્રોબેબલિટી ૦.૨૫ છે. અથવા ૨૫%' મેં કહ્યું. મેં પેન ફરી ટેબલ પર મૂકી. થોડી વાર તેણે મેં જે લખેલું તે વાંચ્યું.

'આ તો સરળ છે, પણ પરીક્ષામાં અઘરા દાખલા આવે છે.' છેવટે તે બોલી.

'તેવા પણ કરીશું, પણ પહેલાં પાયાની સંકલ્પના સમજી લેવાની જરૂર છે. અને તને ઊલટી નથી થઈ.'

તેના સેલફોનની બીપે મને અટકાવ્યો. તે પોતાનો ફોન લેવા બેડ પાસેના ટેબલ તરફ દોડી. તે ત્યાં બેઠી અને એસ.એમ.એસ. વાંચ્યો. 'મારી શાળાની બહેનપણી. તે મૂર્ખ છે.' તે ફોન સામે જોઈ હસી.

હું ચૂપ રહ્યો. તેની ફરી બેસવાની રાહ જોવા લાગ્યો. 'ઓ.કે. એક બીજો દાખલો કરીએ.' મેં કહ્યું. 'માની લે કે આપણી પાસે ચાર લાલ અને છ બ્લૂ લખોટીવાળી બરણી છે.'

પછીના અડધા કલાકમાં મેં ત્રણ દાખલા કરાવ્યા. 'જોયું ને કે તું એકાગ્રતાથી કરે તો ખાસ અઘરું નહીં લાગે. સરસ.' તેણે દાખલા ગણી આપ્યા એટલે મેં પ્રશંસા કરતાં કહ્યું.

'તમે ચા પીશો ?' તેણે મારી પ્રશંસા અવગણતાં કહ્યું.

'ના. આભાર. મને વારંવાર ચા પીવી નથી ગમતી.'

'એમ ? મને પણ નથી ગમતી. મને કૉફી ગમે છે. તમને કૉફી ગમે ?'

'મને પ્રોબેબલિટી જ ગમે છે અને તારે પણ તેને જ ગમાડવાની છે. આપણે નવો દાખલો

કરીશું ?'

તેના સેલફોનમાંથી ફરી અવાજ આવ્યો. ફરી તેણે પેન મૂકી દીધી અને ફોન તરફ કૂદી.

'નથી જવું. મારા વર્ગમાં એસ.એમ.એસ. નહીં.' મેં કહ્યું.

'પણ આ તો...' તેનો હાથ હવામાં અધ્ધર રહી ગયો.

'એકાગ્રતાથી કામ નહીં કરે તો હું ચાલ્યો જઇશ. મેં આ તારા પાસે આવવા ઘણા વિદ્યાર્થીઓને ના પાડી છે, સમજી.'

તે મારી કડકાઇ જોઈ ઝંખવાઈ ગઈ, પણ હું કંઈ સુષ્ઠુ સુષ્ઠુ બોલનારો નથી. જે લોકો એકાગ્ર નથી તેમને ધિક્કારું છું. ગણિતને ધિક્કારનારાને તો ખાસ.

'સૉરી.' તે બોલી.

'આપણી પાસે માત્ર એક કલાક છે. મનોરંજનની પ્રવૃત્તિઓ પછી કરજે.'

'મેં કહ્યું ને કે સૉરી.' તેણે ફરી પેન હાથમાં લીધી અને ચીડથી તેનું ઢાંકણું ખોલ્યું.



પાંચ

'ચાલો, ચાલો, તમારે ચાલવું જ પડશે, હમણાં જ.' દરેક શબ્દ પછી છોકરો શ્વાસના બાચકા ભરતો હતો. 'અલી...'

'ધીમે, ધીમે, પારસ.' ઈશે હાંફતા છોકરાને કહ્યું. છોકરો બેલરામપુર સ્કૂલમાંથી દોડતો દોડતો આવ્યો હતો અને તે હઠાગ્રહ કરતો હતો કે અમારે તેની સાથે જવું જ.

'અત્યારે તો હજી ચાર જ થયા છે. હું દુકાન બંધ કેમ કરી શકું ?' મેં કહ્યું.

'પણ આવું ક્રિકેટ તે રોજ નથી રમતો. તે રોજ તો લખોટીથી રમે છે. ઈશ ભૈયા, ચાલો ને.'

'ચાલ ને જઈએ, આમ પણ આજે ધંધો ઠંડો છે.' ચપ્પલ પહેરતાં ઈશે કહ્યું.

ઓમી તો દુકાનની બહાર નીકળી જ ગયો હતો. મેં પણ કેશ બૉક્સને તાળું માર્યું અને પાસેની દુકાનવાળાને જરા ધ્યાન રાખવા કહ્યું.

અમે સ્કૂલના અમારા પરિચિત મેદાનમાં પહોંચી ગયા. વીસ છોકરાઓ અલીને ઘેરીને ઊભા હતા.

'અત્યારે હું રમવા નથી માગતો.' ટોળાની વચ્ચેથી એક અવાજ આવ્યો.

પાતળો, લગભગ અપોષણથી પીડાતો એક છોકરો ભોંય બેઠો હતો. તેણે પોતાનો ચહેરો હાથથી ઢાંક્યો હતો.

'ના, ઈશ ભૈયાને તારી રમત જોવી જ છે.' પારસ પણ ટોળામાં જાડ અને તેને પટાવવા લાગ્યો. તેણે અલીનો હાથ ખેંચ્યો.

'મને ક્રિકેટ નથી ગમતું. તેને કારણે મારું માથું દુ:ખે છે.' અલી બોલ્યો. તેના હાથ હજી પણ તેના ચહેરાને ઢાંકેલા હતા.

'મેં તારા વિશે ઘણું સાંભળ્યું છે.' ઈશ અલી જેટલો જ નીચે નમ્યો અને બોલ્યો.

અલીએ ઈશનો ચહેરો જોવા પોતાની આંગળીઓ પહોળી કરી. તેની આંખો ઘેરી ભૂરી હતી.

'હાય, હું ઈશ છું. હું પણ આ શાળામાં તેર વર્ષ ભણ્યો છું અને ક્રિકેટ શીખવું છું.' ઈશ બોલ્યો. તેણે અલી સામે હાથ લાંબો કર્યો.

અલીએ ધ્યાનથી ઈશનો ચહેરો જોયો. પછી સંકોચથી તેનો હાથ પણ લંબાવ્યો.

અલીના લાંબા વાળ સરસ રીતે ઓળ્યા હતા. તેનું નાનકડું અને દૂબળું શરીર છોકરી જેવું દેખાતું હતું. તે ક્રિકેટને બદલે સંગીતમાં હોશિયાર હોય તેવો દેખાતો હતો.

'કેવડો છે આ ?' મેં ટોળામાંના એક ચશ્માં પહેરેલ છોકરાને પૂછ્યું.

'તે સાતમા-કના વર્ગમાં છે.' છોકરાએ ઠંડીને કારણે છીંક ખાધી.

મેં ગણતરી કરી. તે બાર વર્ષથી વધારે ન હોઈ શકે.

'તે હમણાં જ જોડાયો છે, નહીં ? ક્યાંથી ?' મેં આગળ પૂછ્યું.

'તે આગળ શાહપુર મદ્રેસામાં હતો. તેના ડૅડી આ બાજુ આવ્યા છે. ત્યારથી દરેક બૉલરે

આત્મવિશ્વાસ ગુમાવ્યો છે.' તે છોકરો ફરી છીંક્યો. હું તેના કફથી બચવામાં માંડ સફળ થયો.

ઈશ અને ઓમી અલી સાથે જમીન પર પલાંઠી વાળી બેઠા હતા.

'હું લાંબો સમય રમી શકતો નથી. મને માથું ચડે છે.' અલી બોલ્યો.

'તારે ન રમવું હોય તો કંઈ વાંધો નહીં.' ઈશ બોલ્યો. 'ચાલ, આપણે જઈએ, ઓમી.'

ઈશ અને ઓમી ઊભા થયા અને પેન્ટ પરથી ધૂળ ખંખેરી.

'તમે બૉલિંગ કરતા હો તો એક ઓવર રમું.' અમે જતા હતા ત્યાં અલી બોલ્યો.

'જરૂર.' ઈશ હળવાશથી બોલ્યો. બીજા છોકરાએ તેના હાથમાં બૉલ ઉછાળ્યો.

ટોળું પાછળ ખસી ગયું. કેટલાક છોકરાઓએ ફિલ્ડરની કામગીરી સંભાળી. ઓમી વિકેટકિપર બન્યો. હું બૉલરના છેડે ઊભો. અમ્પાયર તરીકે. અલી ક્રીઝ પર ઊભો. તેણે બૉલર સામે જોવા આંખો ખેંચી. ઈશે ટૂંકું દોડવાનું શરૂ કર્યું કે ટોળાએ તાળીઓ પાડી. આ કુમળા, કબૂતર જેવી આંખોવાળા છોકરાની રમત વિશે થતી ચકચારને હું સમજી ન શક્યો. બૅટ તેની ઊંચાઈના ત્રીજા ભાગમાં પહોંચતું હતું.

ઈશની રનિંગ ખોટી હતી. તે મારી પાસે થોભી ગયો. પુખ્ત વ્યક્તિ નાનકડા બાર વર્ષના છોકરા સામે ફાસ્ટ બૉલિંગ કરે તે હાસ્યાસ્પદ હતું. ઈશે છોકરા સામે જોયું અને સીધોસાદો બૉલ ફેંક્યો.

ધીમા દડાની મધ્યમાં પીચ પડી અને તેણે ક્રીઝ સુધી પહોંચવા નિરાંતનો સમય લીધો. 'ઠક' – અલીએ સરળતાથી બૅટ ફેરવ્યું અને તે બૉલ સાથે અડાડયું, બૉલ ઉપર ચડયો અને હું અને ઈશ તેને ઉપર જતો જોઈ રહ્યા.

ઈશે અલી સામે જોયું અને પ્રશંસાથી મસ્તક હલાવ્યું. અલી ફરી ઊભો રહ્યો. ફરી તેણે પોતાનો ચહેરો લાંબો કર્યો. અડધો સૂર્યથી બચવા, પણ હકીકતે યોગ્ય ડિલિવરી જોવા.

પછીના દડા માટે ઈશે આઠ પગલાંની રનિંગ લીધી. છોકરો રમી શકે છે, ભલે ને છોકરી જેવો દેખાતો હોય. મિડિયમ પેસ બૉલ બાઉન્સ થઈ ઉપર ચડયો અને ધડાંગ ! બીજી સિક્સ ?

ઈશ થોડું હસ્યો. અલીના બૅટે બૉલને જ નહોતો ફટકાર્યો, પણ તેના અહંકારને પણ ફટકાર્યો હતો. ટોળાએ તાળી પાડી.

પછીના બૉલમાં ઈશે અગિયાર પગલાંની રનિંગ લીધી. બૉલ છૂટયો ત્યારે તેણે હુંકાર કર્યો. દડો અલીના ખભા પર ઊછળ્યો. અલી જાણે નાચતો હોય તેમ એક પગે કૂદ્યો અને અડક્યો – છગ્ગો !

ત્રણ બૉલ – ત્રણ છગ્ગા ! ઈશને માઠું લાગી ગયું. ઓમીનું મોં પણ ખુલ્લું રહી ગયું હતું. પણ તેણે વિકેટ કીપિંગ પર જ ધ્યાન આપ્યું. મને લાગ્યું કે તે ઈશ ખાતર પોતાનો પ્રત્યાઘાત રોકતો હતો.

'અલી તો ધૂની છે. અલી, ધૂની... ધૂની.' મીડ ઓન પર ઊભેલા છોકરાએ બૂમ મારી અને અલીનું ધ્યાન તોડવાનો પ્રયાસ કર્યો.

'તું તારે રમ.' ઈશે અલીને કહ્યું. તેણે ફિલ્ડર સામે આંખો કાઢી.

તેણે પોતાનો બૉલ પેન્ટ પર ત્રણ વાર ઘસ્યો. તેણે પોતાની પકડ બદલાવી અને શરીરના ઉપરના ભાગને અલગ વળાંક આપ્યો અને ધક્કો આપ્યો. તેણે અત્યાર સુધીની સૌથી લાંબી દોડ લીધી અને પૂરી તાકાત સાથે આગળ દોડયો. દડો ખૂબ ઝડપથી ફેંક્યો, પણ તે ફૂલ ટોસ હતો. ઈશની હતાશા તેના દડામાં દેખાતી હતી. અલી સજાને પાત્ર હતો. અલીએ બે પગલાં આગળ લીધાં અને ધડાંગ ! દડો ખૂબ ઊંચે ગયો અને મેદાનની બહાર નીકળી ગયો અને સામેના વર્ગખંડની બારીમાં અથડાયો.

હું હસ્યો. મને ખબર હતી કે મારે હસવું ન જોઈએ, છતાં હસ્યો. મારા સમયના શાળાના ક્રિકેટ ચેમ્પિયનને એક કેવળ બાર વર્ષના છોકરાએ જાહેરમાં ધીબ્યો હતો. આ રમૂજી ઘટના હતી.

અલબત્ત, મારા માટે. હકીકતે કેવળ મારા માટે જ !

'આ શું ?' ઈશે ત્રાડ પાડી.

'કશું નહીં.' મેં કહ્યું.

'સાલો દડો ક્યાં છે ?'

'તેઓ બૉલ શોધવાનો પ્રયત્ન કરી રહ્યા છે. કોચ, તું મારી દુકાનમાંથી નવો દડો ખરીદવા ઈચ્છે છે ?' મેં હળવાશથી મશ્કરી કરતાં કહ્યું.

'ચૂપ મર !' બૉલ તેની પાસે દડતો દડતો આવ્યો ત્યારે ઈશે ઘુરકિયાં કરતાં કહ્યું.

ઈશ ફરી દોડવા જતો હતો, ત્યાં અલી ક્રીઝ પર બેસી ગયો.

'શું થયું ?' ઓમી તેની પાસે પહેલો પહોંચ્યો.

'મેં તમને કહ્યુંને કે મને માથું દુ:ખે છે. હવે હું જઈ શકું ?' અલી બોલ્યો. તેનો કોમળ અવાજ લગભગ રડમસ હતો.

ઓમીએ ઈશ અને મારી સામે જોયું. મેં બેદરકારીથી ખભા હલાવ્યા.

'મેં તમને નહોતું કહ્યું ? તરંગી છે તે.' પારસ અમારી પાસે દોડતો આવ્યો.

અલી ઊભો થયો. 'હું જઈ શકું ?'

અમે માથું હલાવી હા પાડી. અલીએ પોતાના ખિસ્સામાંથી લખોટીઓ કાઢી. તે તેની આંખો જેવી જ હતી. પોતાના હાથમાં તેને રમાડતાં તેણે મેદાન છોડી દીધું.

* * *

'હું તો માની જ નથી શકતો.' પોતાના સવારના પચાસ પુશઅપ પૂરા કર્યા પછી ઈશે જાહેર કર્યું. તે આવ્યો અને બૅન્કના પાછળના ભાગની જમીન પર મારી પાસે બેઠો.

ઓમીએ પોતાના સો પુશઅપ પૂરા કરવાનું ચાલુ રાખ્યું.

'ચા.' મેં કહ્યું અને ઈશને તેનો કપ આપ્યો. મારા આ પરમ મિત્રએ કાલ જબરદસ્ત માનસિક આઘાત અનુભવ્યો હતો. બૅન્કના રસોડામાં સરસ ચા બનાવી તેને આપવા સિવાય હું બીજું કશું કરી શકું તેમ ન હતો.

'આ કેવળ નસીબ તો ન જ કહી શકાય, ખરું ? શક્ય જ નથી.' ઈશે પોતાના પ્રશ્નનો જવાબ પોતે જ આપ્યો.

મેં માથું હલાવ્યું અને બિસ્કિટની પ્લેટ તરફ ધ્યાન દોર્યું. ઈશે તેમાં ધ્યાન ન દીધું. મને લાગ્યું કે અલીની ઘટના ઈશની ભૂખને કાયમી નુકસાન તો નહીં પહોંચાડે ને ! હું મારામાં મસ્ત હતો તે દરમ્યાન ઈશે પોતાની સાથે વાતો કરવાનું ચાલુ રાખ્યું. ઓમીએ સીટ-અપ કરવાનું શરૂ કર્યું. તે કસરત સાથે હનુમાન ચાલીસાના પાઠ પણ મોટેથી કરતો હતો. છોકરાઓ ગયા પછીનો અને દુકાન ખોલવા પહેલાંનો આ નાનકડો વિશ્રામ મને ખૂબ ગમતો હતો. તે મને વિચાર કરવા પ્રેરતો હતો. આ દિવસો દરમ્યાન હું કેવળ એક જ વિચાર કરતો હતો – નવી દુકાન વિશે. 'અત્યાર સુધી ૨૫ હજાર રૂપિયાની બચત થઈ ગઈ છે અને ડિસેમ્બર સુધી પંદર હજાર બચી જશે.' હું બડબડયો. 'જો બિલ્ડર ચાલીસ હજાર ડિપૉઝિટ તરીકે સ્વીકારી લેશે તો મને નવરંગપુરાની લીઝ મળી જવાની.'

મેં ફરી મારા કપમાં ચા રેડી. 'મામા, આ રહી તમારી દુકાનની ચાવી. અમે નવરંગપુરામાં આવેલ એર કંડિશન્ડ મોલમાંની અમારી નવી દુકાનમાં જઈ રહ્યા છીએ.' હું મારા મગજમાં રમતાં સપનાંના સંવાદને સોમી વાર બોલ્યો. હવે કેવળ ત્રણ માસ વધારે રાહ જોવાની છે – મેં મારી જાતને આશ્વાસન આપ્યું.

'તમે લોકો બધાં જ બિસ્કિટ ખાઈ ગયા ?' ઓમીએ પોતાની કસરત પૂરી કરી અને આવતાં કહ્યું.

'સૉરી, ચા ?' મેં ચા ધરી.

ઓમીએ માથું હલાવી ના પાડી. તેણે દૂધની કોથળી તોડી અને સીધી પોતાના મોંએ મૂકી દીધી. મારી જેમ તેને પણ વધારે ચા ભાવતી ન હતી. ઈશના કુટુંબના લોહીમાં કેફેઈન દોડતું હતું. મને વિધા ચા ઑફર કરતી હતી તે યાદ આવી ગયું. મૂર્ખ છોકરી. મને પટાવતી હતી.

'હજી પણ અલી વિશે જ વિચારે છે ?' પોતાની મૂછ પર રહેલ દૂધને લૂછતાં ઓમીએ ઈશને પૂછ્યું.

'તે ખરેખર અદ્ભુત છોકરો છે, હો. મેં ભલે મારી ઉત્તમ બૉલિંગ નહોતી કરી, છતાં તે એટલા ખરાબ પણ ન હતા. પણ... પણ...' તેને શબ્દો મળતા ન હતા.

'ચારે ચાર સિક્સ ! માની પણ ન શકાય.' ઓમી બોલ્યો. 'તેને તરંગી કહે છે તે ખોટું નથી.'

'તે તરંગી છે કે નહીં તે તો હું નથી જાણતો, પણ તે ખરેખર સારો છે.' ઈશ બોલ્યો.

'અલ્યા, આ મુસ્લિમ છોકરાઓ, તમે તેને કદી જાણી ન શકો.' ઓમી બોલ્યો અને તેણે બાકીનું દૂધ ગટગટાવ્યું.

'ચૂપ મર. યાર, તે ખરેખર સારો છે. મેં કદી પણ આવી રીતે કોઈને રમતો જોયો નથી. હું તેને તાલીમ આપવા માગું છું.'

'ચોક્કસ, જ્યાં સુધી તે પૈસા આપે ત્યાં સુધી.' તે ચાર બૉલથી વધારે ન રમી શકે. તું તેને મદદરૂપ થઈ શકે.' મેં કહ્યું.

'શું કહ્યું ? તું આ મુલ્લાંના છોકરાને શીખવશે ?' ઓમીના ચહેરા પર ચિંતાના ભાવ આવ્યા.

'હું બેલરામપુરના ઉત્તમ ખેલાડીને શીખવીશ. આ છોકરામાં ઘણી શક્યતાઓ છે. તું પણ તે જોઈ શક્યો છે કે...'

'ટીમ ઈન્ડિયા ?' મેં સૂચન કર્યું.

'શ્ શ્, પણ હા. હું તો તેને શીખવવા માગું છું. તેની સ્કૂલમાં તો તેને ખલાસ કરી નાખશે. રમતને તો જાવા દે, સ્કૂલમાં તો કોર્સ પણ પૂરો નહીં થાય.'

'આપણે મુસ્લિમ છોકરાને શીખવવાનું નથી.' ઓમીએ વાતને ઉડાડી દેતાં કહ્યું. 'બિટ્ટુમામા મને મારી નાખે.'

'વધારે પડતા પ્રત્યાઘાતી થવાની જરૂર નથી. તેને ખબર પણ નહીં પડે. આપણે તેને બૅન્કમાં જ શીખવશું.' ઈશ બોલ્યો. બાકીની દલીલ ઈશ અને ઓમીએ સામસામે દૃષ્ટિ કરી પતાવી. છેવટે તો, હમેશ મુજબ ઓમી ઈશને વશ થઈ ગયો.

'તો તારી મરજી. પણ એ ધ્યાન રાખજે કે તે ક્યારેય મંદિર નજીક ન આવે. જો બિટ્ટુમામાને ખબર પડશે, તો આપણને લાત મારીને મંદિર બહાર કાઢી મૂકશે.'

'ઓમી સાચો છે. આપણને હજી થોડા મહિના આ દુકાનની જરૂર છે.' મેં કહ્યું.

'આપણે ડૉક્ટર પાસે જવાની પણ જરૂર છે.' ઈશે કહ્યું.

'ડૉક્ટર ?' મેં પૂછ્યું.

'ચાર દહાડા પહેલાં તેનું માથું દુ:ખતું હતું. આપણે પ્રૅક્ટિસ શરૂ કરીએ તે પહેલાં તેનું માથું ડૉક્ટર તપાસી લે એવું હું ઈચ્છું છું.'

'જો તે માટે તેણે પૈસા આપવાના હોય, તો તારે તેનાં માતાપિતા સાથે વાત કરી લેવી પડશે.' મેં કહ્યું.

'હું તેને મફત શીખવીશ.' ઈશે કહ્યું.

'છતાં, ભારતીય માતાપિતા માટે ક્રિકેટ એટલે સમયનો બગાડ જ છે.'

'તો પછી આપણે તેના ઘેર જઈશું.' ઈશે કહ્યું.

'હું કોઈ મુસ્લિમના ઘેર જવા નથી માગતો.' ઓમીએ લગભગ ચીસ પાડીને કહ્યું. 'હું તો

નહીં આવું.'

'આપણે પહેલાં દુકાન તો ખોલીએ.' મેં કહ્યું.

* * *

'ક્રિકેટ નહીં, મને તો લખોટી જ ખૂબ ગમે છે.' અલીએ પાંચમી વાર વિરોધ કરતાં કહ્યું. ઈશે સિક્સરના ઈનામ તરીકે તેના માટે ચાર ચૉકલેટ લીધી હતી. (દુકાનના ખર્ચે જ, મૂર્ખ !) અલીએ ચૉકલેટ લઈ લીધી, પણ ક્રિકેટના કોચિંગની ના પાડી દીધી. અને ડૉક્ટરને મળવાની તો પગ પછાડીને ના પાડી દીધી.

'અમારી દુકાનમાં લખોટીઓ પણ છે.' મેં તેને પટાવવાનો પ્રયાસ કર્યો. 'ખાસ જયપુરથી આવેલ ભૂરી લખોટીઓ ! જો તું ડૉક્ટર પાસે આવીશ તો એક ડઝન તને આપીશું. તે સામેની શેરીમાં જ છે.'

અલીએ મારી પાસેની બે લીલી લખોટીઓ સામે જોયું.

'બે ડઝન ! જો તું સવારે ક્રિકેટ કોચિંગ વર્ગમાં આવીશ તો...' મેં કહ્યું.

'ડૉક્ટર કબૂલ, પણ કોચિંગ ક્લાસ માટે તો અબ્બાને પૂછવું પડે.'

'અબ્બાનું નામ અને સરનામું આપ.' મેં કહ્યું.

'નસીર આલમ.' અલીએ કહ્યું.

'મેં આ નામ ક્યાંક સાંભળ્યું છે, પણ મને યાદ નથી આવતું,' ઓમી બબડયો. પણ ઈશે તેના તરફ ધ્યાન ન આપ્યું.

'ડૉ. વર્માનું ક્લિનિક પછીની પોળમાં જ છે. ચાલો, ત્યાં જઈએ.' ઈશે કહ્યું.

* * *

'પધારો, બદલાવ ખાતર મારા ક્લિનિકમાં કોઈ યુવાન આવે તે ગમે.' ડૉ. વર્માએ પોતાનાં ચશ્માં ઉતાર્યાં. તેમણે પોતાની પંચાવન વર્ષ જૂની આંખો મસળી. ત્રણ વર્ષ પહેલાં હું તેમને છેલ્લે મળ્યો પછી તેમના ચહેરાની કરચલીઓમાં ખાસો વધારો થયો હતો. પહેલાંના કાળા વાળ હવે સફેદ થવા લાગ્યા હતા. વૃદ્ધાવસ્થા તેમને ઘેરતી જતી હતી.

'અને આ નાનકડું વાઘનું બચ્ચું કોણ છે ? તારું મોં ખોલ તો, બાબા.' ડૉ. વર્માએ કહ્યું અને ટેવવશ પોતાની બૅટરીનું બટન ઓન કર્યું. 'શું થયું છે ?'

'આમ તો કશું નથી, પણ અમારે થોડા પ્રશ્નો છે.' ઈશે કહ્યું.

ડૉક્ટરે પોતાની બૅટરી નીચે મૂકી દીધી. 'પ્રશ્નો ?'

'આ છોકરો ક્રિકેટમાં પ્રતિભાશાળી છે. હું જાણવા માગું છું કે તે કેમ છે ?' ઈશ બોલ્યો.

'કેમ છે એટલે ?' ડૉ. વર્માએ કહ્યું. 'કેટલાક લોકો બસ, હોશિયાર હોય છે.'

'મેં તેને ચાર દડા ફેંક્યા. તેણે દરેકમાં સિક્સ મારી.' ઈશે કહ્યું.

'શું ?' ડૉ. વર્માએ કહ્યું. તે જાણતા હતા કે ઈશ આટલામાં શ્રેષ્ઠ બૅટ્સ્મેનોમાંનો એક હતો.

'માની ન શકાય, પણ છે સાચું.' મેં પણ સૂર પુરાવતાં કહ્યું. 'વળી, તે ચાર દડા પછી બેસી ગયો. તેણે કહ્યું કે તેનું માથું દુ:ખવા આવ્યું હતું.'

ડૉ. વર્મા અલી તરફ ફર્યા, 'તને ક્રિકેટ ગમે છે, બાબા ?'

'ના.' અલીએ જવાબ આપ્યો.

'આ તો સામાન્ય વાઈરલ તાવ કરતાં વધારે ગંભીર છે. ચાર દડા પછી તને શું થયું, બાબા ?'

'જ્યારે હું ધ્યાનથી રમું છું, ત્યારે મારું માથું દુઃખવા લાગે છે.' અલીએ કહ્યું. તેણે પોતાના ખિસ્સામાં હાથ સેરવ્યો. મેં લખોટીઓનો અવાજ સાંભળ્યો.

'તો પછી તારી આંખો તપાસીએ.' ડૉ. વર્માએ કહ્યું અને આંખો તપાસવાના રૂમ તરફ જવા ઊભા થયા.

'આંખો તો તદ્દન બરાબર છે.' ડૉ. વર્માએ પાછા વળી કહ્યું. 'મારી તમને ભલામણ છે કે તમે મારા મિત્ર ડૉ. મુલતાનીને સિટી હૉસ્પિટલમાં મળો. તે આંખના ડૉક્ટર છે અને યુ.એસ.એ.ની બેઝબૉલની ટીમના ડૉક્ટર પણ રહી ચૂક્યા છે. 'જોકે, હું પણ તેમને એક વર્ષથી નથી મળ્યો. તમારી ઈચ્છા હોય તો તમને હું તેમની પાસે લઈ જાઉં.'

અમે મસ્તક હલાવી હા પાડી. મેં મારા ખિસ્સામાંથી પાકીટ કાઢયું. ડૉ. વર્માએ મને અટકાવવા કડક નજરે મારી સામે જોયું.

* * *

'રસપ્રદ છે.' અલીનો એમ.આર.આઈ. હાથમાં લેતાં એક જ શબ્દ ડૉ. મુલતાની બોલ્યા. તેણે અલી સાથે બે કલાક ગાળ્યા હતા. તેણે કલ્પના કરી શકાય તે બધી જ ટેસ્ટો કરી હતી ફિટનેસ ચેક, લોહીની ટેસ્ટ, આંખની કીકીની તપાસ, કમ્પ્યુટરાઈઝ્ડ હાથ-આંખનાં સંકલનની ટેસ્ટ. મેટ્રિક્સ સ્ટાઈલ એમ.આર.આઈ., જેમાં અલીએ પહેલાં એક ચેમ્બરમાં સૂઈ જવાનું હતું, જે ઉપયોગી નીવડી.

'હું મારા સ્પોર્ટ્સ ડૉક્ટર તરીકેના દિવસો ખરેખર ગુમાવી રહ્યો છું, ડૉ. વર્મા. આ અમદાવાદ તરફના રાગે મન ઘણું છોડવાની ફરજ પાડી છે.' ડૉ. મુલતાનીએ કહ્યું. તેમણે અમારા બધા માટે ચા અને ખાખરાનો ઑર્ડર આપ્યો.

'બધું પતી ગયું ?' અલીએ બગાસું ખાતાં કહ્યું.

'લગભગ. તને ઈચ્છા હોય તો બહાર બાગમાં તું લખોટીએ રમ.' ડૉ. મુલતાનીએ તેને કહ્યું. અલી ગયો ત્યાં સુધી તે ચૂપ રહ્યા.

'આ સામાન્ય માથાના દુઃખાવા માટે તમે ઘણી મહેનત કરી, ડૉ. મુલતાની.' ડૉ. વર્માએ કહ્યું.

'આ સામાન્ય માથાનો દુઃખાવો નથી.' ડૉ. મુલતાનીએ કહ્યું અને એક ખાખરાનો ટુકડો ચાવવાની શરૂઆત કરી. 'ઈશ સાચો છે. આ છોકરો ખરેખર અસાધારણ પ્રતિભાશાળી છે.'

'કઈ રીતે ?' મેં જોરથી પૂછ્યું. આ ટેસ્ટોમાં એવું તે શું હતું કે તે કહી શકે કે અલી દરેક બૉલરને ફટકારી ખલાસ કરી શકે ?

'છોકરાને હાઈપર-રિફ્લેક્સ છે. મેડિકલ પરિભાષામાં તે એક ભૂલ છે. પણ તે ક્રિકેટ માટે ભેટ સમાન છે.'

'હાઈપર શું ?' ઓમી બોલ્યો.

'હાઈપર-રિફલેક્સ.' ડૉ. મુલતાનીએ ટેબલ પરથી ગોળ વજનિયું ઉપાડયું અને ઓમી સામે તેનો ઘા કરવાનો અભિનય કર્યો. ઓમી નમી ગયો. 'જયારે આ હું તારા સામે ફેંકું છું, ત્યારે તું શું કરે છે ? આ ઘાને ચુકાવવાનો કે અટકાવવાનો પ્રયાસ કરે છે. મેં તને આગળથી સૂચના આપી નથી અને બધું જ એક સેકન્ડમાં બની ગયું. આમ, તેં પણ નમી જવાનો જાગૃત રીતે વિચાર ન કર્યો. તે બસ, થયું.'

ડૉ. મુલતાની પાણી પીવા થોભ્યા. પછી આગળ વધ્યા, 'આપણે જો કંઈ વધારે પડતાં ગરમ કે ઠંડાને ન અડકીએ, તો દૈનિક જીવનમાં આનું ખાસ મહત્ત્વ નથી. પણ રમતમાં આ ખૂબ જ મહત્ત્વનું છે.' ડૉ. મુલતાની કેટલાક રિપોર્ટ ખોલવા થોભ્યા અને એક બીજો ખાખરો લીધો.

મેં બારીમાંથી બહાર અલી સામે જોયું. તે એક લખોટીથી બીજી લખોટીને મારવા કિંગનો

ઉપયોગ કરતો હતો.

'એટલે કે અલીના પ્રત્યાઘાત સરસ છે.' ઈશે કહ્યું.

'તેના પ્રત્યાઘાત આપણા બધા કરતાં દસ ગણા વધારે સારા છે. રિફ્લેક્સ કાર્ય ઉપરાંત માનવ મગજ બે રીતે નિર્ણય લેતું હોય છે. એક લાંબો અને પૃથ્થકરણાત્મક માર્ગ છે – સમસ્યા આપણા મગજના વિશ્લેષણાત્મક હિસ્સામાંથી સખ્તાઈથી પસાર થાય છે અને પછી જ આપણે કયું કાર્ય કરવું તે નક્કી કરીએ છીએ. બીજો અલગ એક માર્ગ છે જે ઝડપી પણ ઓછો ચોક્કસ છે. સામાન્ય રીતે લાંબો માર્ગ જ લેવાતો હોય છે અને આપણે તેનાથી જાગૃત પણ હોઈએ છીએ. પણ ક્યારેક કટોકટીની સ્થિતિમાં મગજ ટૂંકો માર્ગ પસંદ કરે છે. તેને ઝડપી વિચારનો માર્ગ કહી શકાય.'

અમે મસ્તક હલાવ્યું. ડૉ. મુલતાનીએ ચાલુ રાખ્યું.

'રિફ્લેક્સ કાર્યમાં મગજ વિચારની પ્રક્રિયાને અતિ ટૂંકી કરી નાખે છે અને કાર્ય કરે છે. તે દડાને જોવાને બદલે ઝડપથી ફટકારે જ છે. અહીં પ્રતિભાવનો સમય અતિ ઝડપી હોય છે. રમતગમતમાં એવી પળો આવતી હોય છે જ્યારે દરેક રીતે વિચારવાની ફરજ પડતી હોય છે – પૃથ્થકરણની રીતે, ઝડપી વિચાર અને રિફ્લેક્સ.'

'અને અલી ?' ઈશે પૂછ્યું.

ડૉ. મુલતાનીએ ફરી એમ.આર.આઈ. સ્કેન હાથમાં લીધું. 'અલીનું મગજ ખૂબ રસપ્રદ છે. તેનો પહેલો, બીજો અને ત્રીજો વિચાર પણ રિફ્લેક્સ સંકલિત છે. તેનો કાર્ય કરવાનો સમય પણ રિફ્લેક્સ કાર્ય જેટલો જ ઝડપી છે, છતાં તેની નિર્ણયશક્તિ પૃથ્થકરણાત્મક રીત જેવી જ ચોક્કસ છે. તું એમ કદાચ માનતો હોઈશ કે તેણે તારી ઝડપી ડિલિવરીને ઝડપી ફટકો માર્યો તે સંયોગ હતો, પણ તેના મગજે તો તેની આવવાની રીત સરળતાથી જોઈ લીધી હતી. તેના માટે તો જાણે કે એક હળવો દડો જ હતો.'

'પણ મેં તો ઝડપી દડો જ ફેંક્યો હતો.'

'હા, પણ તેનું મન તેને નોંધી લે છે અને તે મુજબ જ કાર્ય કરી નાખે છે. જો આ સમજવું મુશ્કેલ હોય તો કલ્પના કરો કે... અલી બૉલને ધીમી ગતિમાં જુએ છે. સામાન્ય ખેલાડી આ ઝડપી દડાને ફટકારવા બીજી કે ત્રીજી વિચારપદ્ધતિનો ઉપયોગ કરશે. અલી પહેલીનો જ ઉપયોગ કરે છે. ચોક્કસ રીતે રમવા માટે સામાન્ય ખેલાડીએ બીજી રીતનો ઉપયોગ કરવા વર્ષોની પ્રેક્ટિસ કરવી પડે છે. અલીને તેની જરૂર જ નથી. આ જ તેને મળેલ ભેટ છે.'

ડૉ. મુલતાનીના શબ્દો પચાવવા અમને એકાદ મિનિટ લાગી. તેને સમજવા અમારે તો વિચારવાની પહેલી રીતનો જ ઉપયોગ કરવો પડયો.

'તેના માટે ઝડપી દડાની ડિલિવરી શું ધીમી ગતિ જ છે ?' ઈશે પૂછ્યું.

'કેવળ તેના મગજ માટે, કારણ કે તે ઝડપથી પૃથ્થકરણ કરે છે. અલબત્ત, જો તું તેને ઝડપી દડાથી મારીશ તો તે પણ ઈજાગ્રસ્ત તો થશે જ.'

'પણ તે આમ કેમ મારી શકે છે ?' ઈશે કહ્યું.

'તે કંઈ ખાસ મારતો નથી. તે ઝડપી દડાની દિશા બદલાવે છે. દડામાં તો મોટા ભાગે તારી જ ઊર્જા હોય છે.'

'તમે તેના જેવા બીજા કોઈ પ્રતિભાશાળી ખેલાડીઓ જોયા છે ?' હું જાણવા માગતો હતો.

'આ સ્તરે તો નહીં જ. આ છોકરાનું મગજ તો તદ્દન અલગ રીતે જોડાયેલ છે. કેટલાકના મતે તે તેની મર્યાદા છે. તેથી મારી ભલામણ છે કે આને કોઈ મોટો મુદ્દો બનાવશો નહીં.'

'તે એક ભારતીય ટીમનું મટીરિયલ છે.' ઈશે કહ્યું, 'ડૉ. મુલતાની, તમે પણ જાણો છો કે તે છે જ.'

ડૉ. મુલતાનીએ નિસાસો નાખ્યો : 'હા, પણ અત્યારે તો નહીં જ. દાખલા તરીકે તેનું માથું

એક સમસ્યા છે. તેનું મગજ ઝડપથી વિચારી શકે છે, પણ તે થાકી જલદી જાય છે. તેણે રમતમાં તો રહેવું જ પડે. તેનું મગજ તેની આ ભેટનો ફરી ઉપયોગ કરવા તાજું થાય ત્યાં સુધી તેણે ટકવું પડે.'

'તે શક્ય છે ?' ઈશે કહ્યું.

'હા, કડક તાલીમ હેઠળ જ. તેણે ક્રિકેટનાં બીજાં પાસાંઓને પણ શીખવાં પડે. હું નથી માનતો કે તે વિકેટની બે બાજુએ દોડતો હોય. 'છોકરા પાસે જરા પણ શક્તિ નથી. તે નબળો છે. લગભગ પોષણરહિત.' ડૉક્ટરે કહ્યું.

'હું તેને કોચિંગ કરવાનો છું.' ઈશે પ્રતિજ્ઞા કરી. 'અને ઓમી મને મદદ કરશે. ઓમી તેને ખાતો કરશે અને મજબૂત બનાવશે.'

'ના, હું ન કરી શકું.' બધાએ તેની સામે જોયું ત્યારે ઓમીએ ના પાડી. 'ડૉક્ટર વર્મા, તેને કહો કે હું શા માટે ન કરી શકું.'

'કારણ કે તે મુસ્લિમ છે, મુલતાની. યાદ છે તમને મુસ્લિમ યુનિવર્સિટીનો નાસીર અલી ? તેનો દીકરો છે.'

'ઓહ, તે નાસીર ? હા, તે યુનિવર્સિટીની ચૂંટણીઓમાં પ્રચાર કરતો. તે ગરમ મગજનો લેખાતો. પણ મેં સાંભળ્યું છે કે તે તો હવે નરમ પડી ગયો છે.'

'હા, હવે તે પૂરા સમયનો રાજકારણી છે. હવે તે કેવળ મુસ્લિમ મટી બિનસાંપ્રદાયિક પક્ષમાં જોડાયો છે.' ડૉ. વર્માએ કહ્યું.

ઈશે નવાઈથી ડૉ. વર્મા સામે જોયું.

'ગઈકાલે તમે બધા ગયા પછી મેં આ શોધી કાઢયું. ક્યારેક મને વહેમ પડે છે કે હું ક્લિનિક નહીં, અફવાઓનું કેન્દ્ર ચલાવું છું.' ડૉ. વર્મા ખડખડાટ હસી પડતાં બોલ્યા. 'એટલે આ મુદ્દો છે. પૂજારીનો દીકરો મુસ્લિમને શીખવે ?'

'હું તેને શીખવવા માગતો નથી.' ઓમીએ ઝડપથી કહ્યું.

'ચૂપ મર, ઓમી. તું જુએ કે આપણે શા માટે અહીં છીએ ?' ઈશે કહ્યું.

ઓમી ઊભો થઈ ગયો અને ઈશ તરફ અણગમતી નજરે જોયું અને રૂમ છોડી ચાલ્યો ગયો.

'તો પછી સ્ટેટ એકૅડેમી કેમ રહે ?' ડૉ. વર્માએ કહ્યું.

'તેઓ તો તેને ખલાસ જ કરી નાખશે.' ઈશે જવાબ આપ્યો.

'એ બાબતે હું સંમત છું.' ડૉ. મુલતાનીએ કહ્યું. 'તે ઘણો નાનો છે, મુસ્લિમ છે અને વળી ગરીબ છે. તે બિનતાલીમી છે. મારી તો ભલામણ છે કે છોકરો અત્યારે તો તમારી નિગાહબાની નીચે જ રહે. સમય આવશે ત્યારે આપણે જોઈશું.'

અમે ક્લિનિક બહાર નીકળ્યા. મેં મારા ખિસ્સામાંથી ચાર લખોટી કાઢી અને અલીને બોલાવ્યો.

'અલી, ચાલ, ઘેર જવાનો સમય થયો છે. લે, આ પકડ.'

મેં ચાર લખોટી તેના તરફ હવામાં ઊંચે ઉછાળી. મેં ચાહીને દરેક જુદી ઉછાળી.

અલી રમતો હતો તેમાંથી નજર ખસેડી અને લખોટીને હવામાં જોઈ. તે પોતાની સ્થિતિમાં જ બેસી રહ્યો અને પોતાના ડાબા હાથને ઊંચો કર્યો – એક, બે, ત્રણ, ચાર જાદુઈ છડી જેમ તેનો ડાબો હાથ હલ્યો. તેણે દરેકને પકડી લીધી.



૭

'તે કબૂલ નહીં થાય. મેં તેમની સાથે વાત કરી લીધી છે.' અલીએ ખિજાઈને કહ્યું અમે તેના ઘેર પહોંચવા બેલરામપુરના છેડે પહોંચ્યા હતા. તે ગંદી અને કંગાળ ચાલીમાં રહેતો હતો. અલીએ બટન દબાવ્યું. મેં જોયું કે તેના પિતાના નામની પ્લેટ પર ખાસ રાજકીય પક્ષનું ચિહ્ન હતું.

'અલી, ફરી મોડું ?' બારણું ઉઘાડતાં તેના પિતાએ કહ્યું. તેણે ચુસ્ત કાળું અચકન પહેર્યું હતું જે તેની સફેદ દાઢી અને ચપોચપ દોરાની બનાવેલ ટોપી સાથે વિરોધાભાસ સર્જતું હતું. તે લગભગ સાઠના દેખાતા હતા. એનો અર્થ એ હતો કે અલી મોડો જન્મ્યો હતો.

'અને તમે કોણ છો, ભાઈઓ ?' તેણે પૂછ્યું.

'હું ઈશાન છું.' ઈશે જવાબ આપ્યો. 'આ ગોવિંદ અને ઓમી છે. અમે અલીના મિત્રો છીએ.'

'મિત્રો ?' ઉંમરનો વિચિત્ર તફાવત જોઈ અલીના પિતાએ નવાઈથી પૂછ્યું.

'હા અબ્બા, તેઓ સ્કૂલમાં ક્રિકેટ રમવા આવ્યા હતા. તેમની સ્પોર્ટ્સની દુકાન છે. મેં તમને વાત કરી હતી, યાદ છે ?'

'અંદર આવો.' અલીના પિતાએ કહ્યું.

અમે દીવાનખંડ માં બેઠા. ભૂરા રંગની સલવાર પહેરેલ અલીની માતા શરબત લઈ આવી. જોકે તેના મોટા ભાગના ચહેરા પર દુપટ્ટો ઢાંક્યો હતો. હું જોઈ શક્યો કે તે તેના પતિથી ઓછામાં ઓછી વીસ વર્ષ નાની હશે. તેણે આવતી કાલનું લેશન ન કરવા બદલ અલીને ઠપકો આપ્યો. મને લાગે છે કે ભારતીય માતાઓનાં બે જ કામ છે – તેમનાં બાળકોને વધારે ખાવાનું આપવાનું અને વધારે ભણવાનું કહેવાનું.

'અમે અલીના કોચિંગ વિશે વાત કરવા માગીએ છીએ.' અલી તેની માતા સાથે રૂમમાં ગયો પછી ઈશે બોલવાની શરૂઆત કરી.

'ક્રિકેટ કોચિંગ ? ના, શુક્રિયા. અમને જરા પણ રસ નથી.' અલીના પિતાએ કહ્યું. તેનો અવાજ ચર્ચા કરવાને બદલે નિર્ણયાત્મક વધારે હતો.

'પણ અંકલ...' ઈશે વિરોધ કરતાં કહ્યું.

'ઉપર જુઓ.' અલીના પિતા બોલ્યા અને પોતાની આંગળી છત તરફ ચીંધી. 'જુઓ, ઉપર છત પર તિરાડ પડી ગઈ છે. આ એક રૂમ છે અને નાનો બીજો રૂમ છે જે મેં ભાડે લીધો છે. આ તમને એવી વ્યક્તિનું ઘર લાગે છે જે ક્રિકેટ કોચિંગનો ખર્ચ કરી શકે ?'

'પણ અમે અલીની ફી નહીં લઈએ.' ઈશે કહ્યું.

મેં ઈશ સામે આંખ કાઢી. તે જ્યારે દુકાનમાં વળતર આપે છે ત્યારે પણ હું તેને ધિક્કારું છું, પણ સો ટકા વળતર તો ગાંડપણ જ કહી શકાય.

'તે ક્રિકેટ કોચિંગથી શું મેળવશે ? મદરેસા પછી તો આ સ્કૂલ પણ તેના માટે અઘરી પડે છે. આ પહેલી વાર છે જ્યારે અલી ગણિત ભણી રહ્યો છે. હું તો તેના માટે ગણિતના શિક્ષક પણ

સહન કરી શકું તેમ નથી.'

'ગોવિંદ ગણિત શીખવે છે.' ઈશે કહ્યું.

'શું ?' અલીના પિતા સાથે જ બોલ્યા.

'હા, ખરેખર તે બેલરામપુરમાં શ્રેષ્ઠ છે. તેણે બારની બોર્ડની પરીક્ષામાં સોએ સો માર્ક્સ મેળવ્યા હતા.'

મેં કડક રીતે તેની સામે જોયું. હું ટ્યુશનમાં પૂરો ભરાઈ ચૂક્યો હતો અને તેની જોકર જેવી બહેનને તો મફત શીખવતો જ હતો. 'પણ ઈશ, મારા માટે તે શક્ય નથી.' મેં કહ્યું.

'આપણે એક કરાર કરી શકીએ. જો તમે તેને અમારી પાસે ક્રિકેટ કોચિંગની હા પાડો, તો અમે તેને ગણિત મફત શીખવશું.' ઈશે મારા શબ્દોને અવગણીને કહ્યું.

'હું મફત કેમ શીખવી શકું ? મારી પાસે તો ફી ભરનારા વિધાર્થીઓની પણ લાંબી યાદી છે.' મેં કહ્યું.

જાણે કે મેં તેના મંગળના યાનને તોડી પાડયું હોય તેમ ઈશે મારી સામે અણગમાથી જોયું

'મફતમાં ?' હું ધીમેથી ગણગણ્યો.

'મારાથી થશે તેટલું હું આપીશ.' અલીના પિતાએ દબાયેલા અવાજે જવાબ આપ્યો.

'મને દિલગીરી છે, પણ હું આ રીતે મારી કમાણી કરું છું. હું મફત ન...' મારી ખરાબ થતી જતી છબીને બચાવવા મેં ઝડપથી કહ્યું.

'તું મારા પગારમાંથી લઈ લેજે, બસ ? તું મને વાત કરવા દઈશ ?' ઈશે પરાણે નમ્ર થતાં કહ્યું.

હું ઊભો થઈને બહાર જવા માગતો હતો.

'મને થોડું નિવૃત્તિ પેન્શન મળે છે. તમે કેટલી ફી રાખો છો ?'

'ચાર સો...' હું બોલવા જતો હતો, પણ ઈશે કાપતાં કહ્યું, 'આપણે શરૂ તો કરીએ. પછી જોઈશું.'

દરેકે માથું હલાવ્યું. ઓમીએ પણ, કારણ કે તે તો આમ પણ દરેક જણ કરે તે કરવા ટેવાયેલો હતો.

'બરાબર, ગોવિંદ ?' ઈશે છેવટે મને કહ્યું.

મેં શક્ય તેટલી ઓછી રીતે માથું હલાવ્યું. કેવળ પાંચ ડિગ્રીમાં.

'મહેરબાની કરી તમે જમવા થોભી જાવ.' અમે જવા ઊભા થયા ત્યારે અલીના પિતાએ વિનંતી કરી.

'ના, ના.' મુસ્લિમ ઘરમાં ખાવાની કલ્પનાથી પણ ગભરાઈને ઓમીએ ના પાડી.

'મહેરબાની કરો. મારો આગ્રહ છે. અમારા માટે આતિથ્ય મહત્ત્વનું છે. તમે અમારા મહેમાન છો.'

મેં ના જ પાડી હોત, પણ હું મફત ક્રિકેટ કોચિંગ અને ગણિત ટ્યુશનનું થોડું પણ ુપણ વળતર મેળવવા માગતો હતો.

અમે દીવાનખંડની જમીન પર બેઠા. અલીની મા બે મોટી વધારાની પ્લેટ લાવી. એક અમારા ત્રણ માટે અને બીજી અલીના પિતા માટે. પ્લેટમાં સાદું ભોજન હતું – ચપાટી, દાળ અને બટેટા કોબીનું શાક.

ઓમી બેસી ગયો. તે આ ખોરાકને ન અડક્યો.

'સૉરી, હું તમને માંસ નથી પીરસી શકતો. આજે તો આ જ અમારી પાસે છે.'

'હું માંસ નથી ખાતો. હું પૂજારીનો દીકરો છું.' ઓમીએ કહ્યું.

થોડી વાર તો મૂંઝવણભરી શાંતિ રહી. પછી ઈશે કહ્યું, 'વાહ, ખાવાનું તો ઉત્તમ છે, ભલા.

જમો, જમો.'

એક જ પ્લેટમાંથી ખાવું જરા વિચિત્ર પોતાપણું કહી શકાય. ઈશ અને મેં એક જ રોટલી કાપી. તેની લાંબી આંગળીઓ જોતાં મને તેની બહેન યાદ આવી ગઈ. સાલું, કાલે ફરી મારે તેને ગણિત શીખવવું પડશે.

'તેઓ મદરેસામાં ગણિત નથી શીખવતા ?' મેં વાતચીત અને ગણિત ખાતર પૂછ્યું.

'ના, અહીં તો નહીં જ.' અલીના પિતાએ દાળમાં ચમચો બોળતાં કહ્યું. 'ગણિત અને વિજ્ઞાનની મનાઈ છે.'

'તે તો આજના સમયમાં અને આ ઉંમરે વિચિત્ર કહેવાય.' મેં જવાબ આપ્યો. દરેક મદરેસા બહાર એક વિશાળ ટ્યુશનની શાખાઓની મેં ખૂબ મોટી વ્યાપારી તકો જોઈ.

'ના, ખરેખર.' અલીના પિતાએ કહ્યું. 'મદરેસાઓ તો શાળા પણ થવા નથી સર્જાઈ. તેમની ભૂમિકા તો ઈસ્લામી સંસ્કૃતિ શીખવવા પૂરતી મર્યાદિત છે. લ્યો, થોડી વધારે ચપાટી.'

'અને તેથી જ તમે તેને સ્કૂલમાં મોકલ્યો છે.'

'હા. આ તો મેં વહેલું જ કર્યું હોત, પણ મારા પિતા તેની વિરુદ્ધ હતા કે અલી કેવળ મદરેસા જ જાય. તે છ મહિના પહેલાં મૃત્યુ પામ્યા.'

'ખરેખર દિલગીરીની ઘટના છે.' ઈશ બોલ્યો.

'તે લાંબા સમયથી માંદા હતા. મને તેનો વિયોગ છે, પણ વર્ષોના મેડિકલ ખર્ચે મને ધોઈ નાખ્યો.' અલીના પિતાએ કહ્યું. તે પાણીનો એક આખો ગ્લાસ પી ગયા. 'જ્યારે હું યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયો, મારે કૅમ્પસનું ઘર છોડવું પડયું. પક્ષ મને અહીં આવી જવા કહેતો હતો. બેલરામપુર મ્યુનિસિપલ સ્કૂલ નજીક હતી, તેથી મેં તેને અહીં મોકલ્યો છે. તે સારી છે ને ?'

'હા, અમે પણ અહીં બાર વર્ષ સુધી ભણ્યા છીએ.' મેં જવાબ આપ્યો.

'ઓમી, તમે તો કશું નથી ખાતા. છેવટે ફળ તો લ્યો.' અલીના પિતાએ કહ્યું. તેણે તેને થોડાં કેળાં ધર્યાં. ઓમીએ એક લીધું. તેને ચકાસ્યું. પછી ત્રણ કોળિયામાં ઉતારી ગયો.

'શા માટે તમે અલીને ક્રિકેટ શીખવવા આતુર છો ?' અલીના પિતાએ પૂછ્યું.

આ પ્રશ્ન ઈશને આનંદિત કરવા પૂરતો હતો. તે ઉત્સાહથી બોલ્યો, 'અલી પાસે કુદરતી ભેટ છે. જોજો તમે કે તે મારી તાલીમથી કેવો ખીલી ઊઠે છે.'

'તમે ક્રિકેટ રમો છો ?' અલીના પિતાએ પૂછ્યું.

'શાળામાં રમતો હતો અને હવે અમારો સ્પોર્ટ્સનો સ્ટોર છે. મેં ખેલાડીઓને જોયા છે, પણ તેમાં અલી જેવો તો કોઈ નથી.' ઈશે ખૂબ જ અહોભાવથી કહ્યું.

'પણ તે તો કેવળ રમત છે. એક વ્યક્તિ બૅટથી દડાને ફટકારે છે અને બાકીના તેને અટકાવવા તેની આસપાસ ઊભા હોય છે.'

'તેનાથી તે વધારે છે.' ઈશે કચવાઈને કહ્યું. 'પણ તમે જો તે કદી રમ્યા નહીં હો, તો તમે તેને ક્યારે પણ સમજી નહીં શકો.'

અલીના ડૅડે કહ્યું, 'તમે જાણો છો કે હું એક બિનસાંપ્રદાયિક પક્ષનો સભ્ય છું.'

'અમે તેનું ચિહ્ન જોયું.' મેં કહ્યું.

'તમે ક્યારેક આવીને અમારા પક્ષની મુલાકાત લેશો ?'

ઓમી અચાનક ઊભો થઈ ગયો. 'તમે જાણો છો કે તમે કોની કોની સાથે વાત કરી રહ્યા છો ? હું પંડિત શાસ્ત્રીનો દીકરો છું. તમે બેલરામપુરમાં આવેલ સ્વામીનું મંદિર તો જોયું જ હશે, કે નથી જોયું ?' તેનો અવાજ ઊંચો થઈ ગયો.

ઈશે ઓમીનો હાથ પકડી તેને બેસાડવા પ્રયત્ન કર્યો.

'તેને તેના સાથે શું સંબંધ છે, બેટા ?' અલીના પિતાએ પૂછ્યું.

‘તમે તમારા પક્ષની મુલાકાત લેવા મને કહો છો ? હું હિન્દુ છું.’

‘અમે તારાથી વિરુદ્ધ નથી.’ અલીના પિતાએ સ્મિત કરતાં કહ્યું. ‘અમારો પક્ષ તો બિનસાંપ્રદાયિક છે.’

‘તે બિનસાંપ્રદાયિક નથી. તે બીજાનું લોહી પીતું રાજકારણ છે. તે તમે પણ જાણો છો. નવાઈ નથી કે તમારા જેવા મુસ્લિમો ત્યાં દોડે છે. હવે ઈશ, આપણે જઈશું ?’

‘ઓમી, સારી રીતે વર્તન કર. આપણે અહીં અલી માટે આવ્યા છીએ.’

‘મને તેની પરવા નથી. તેને લખોટી રમવા દો અને ગણિતમાં નાપાસ થવા દો. જો બિટ્ટુમામાને ખબર પડી જશે કે હું અહીં આવ્યો હતો...’

‘બિટ્ટુ તમારા મામા છે ?’ અલીના પિતાએ પૂછયું.

‘તે તમારી વિરુદ્ધમાં છે. અને યાદ રાખજો કે આ લોહી પીતી પાર્ટી બેલરામપુરમાં કદી નથી જીતવાની.’

‘શાંત થા, બેટા. બેસી જા.’ અલીના પિતાએ કહ્યું

ઓમી બેસી ગયો અને ઈશે તેના ખભા પંપાળવા માંડયા. ઓમી ભાગ્યે જ ગુસ્સે થતો, પણ જ્યારે થતો ત્યારે તેને શાંત અને સહજ કરવા માટે અનેક રીતો અપનાવવી પડતી.

‘લે, આ કેળું. મને ખબર છે કે તું ભૂખ્યો છે.’ ઈશે કહ્યું.

ઓમીએ વિરોધ કરવા પ્રયાસ કર્યો, પણ છેવટે કેળું લઈ લીધું.

‘હું પણ બિનસાંપ્રદાયિક રાજકારણમાં નવો છું. બેટા. હું પણ ઝનૂની રાજકારણમાં હતો.’ અલીના પિતાએ કહ્યું, અને થોડી પળ થોભ્યા, ‘હા, મેં પણ થોડીક ભૂલો તો કરી જ છે.’

‘તે જે હોય તે, પણ અમારા પક્ષમાંથી કોઈ પણ વ્યક્તિને બદલાવવાનો જરા પણ પ્રયાસ ન કરતા.’ ઓમીએ ઝનૂનથી કહ્યું.

‘નહીં કરું. પણ તું આટલો અમારાથી વિરુદ્ધ શા માટે છે ? આ પક્ષે દેશ પર ચાલીસ વર્ષ સુધી રાજ્ય કર્યું છે. અમે કંઈક તો સારું કર્યું જ હશે ને.’

‘હવે તમે ગુજરાત પર રાજ્ય કરી નહીં શકો, કારણ કે અમે તમારા દંભની આરપાર જોઈ શક્યા છીએ.’ ઓમીએ જવાબ આપ્યો.

‘ઓમી, બોલવાનું બંધ કરીશ ?’ ઈશે કહ્યું.

‘વાંધો નહીં ઈશ, મને યુવાનો સાથે વાતો કરવાની ભાગ્યે જ તક મળે છે. તેને પોતાની વાત કહેવા દે.’ અલીના પિતા બોલ્યા.

‘મારે કશું કહેવું નથી. આપણે જઈએ હવે.’ ઓમીએ કહ્યું.

‘કોમવાદી પક્ષો પણ કંઈ પૂર્ણ નથી.’ અલીના પિતા બોલ્યા.

મને લાગ્યું કે અલીના પિતાને પણ દલીલ કરવાની મજા આવતી હતી.

‘હવે બોલ્યા ને આ જ તમારો પૂર્વગ્રહ છે કે તમે અમને કોમવાદી કહો છો. તમારો પક્ષ મુસ્લિમોને વધારે પડતું મહત્ત્વ આપે છે, છતાં બિનસાંપ્રદાયિક છે ! કેમ ?’ ઓમી બોલ્યો.

‘અમે શું મહત્ત્વ આપ્યું છે ?’ અલીના પિતા બોલ્યા.

‘શા માટે તમે અમને અયોધ્યામાં મંદિર બનાવવા નથી દેતા ?’ ઓમીએ પૂછ્યું.

‘કારણ કે ત્યાં પહેલેથી મસ્જિદ છે જ.’

‘પણ તે પહેલાં ત્યાં મંદિર હતું.’

‘આનો પુરાવો નથી.’

‘પુરાવો છે. સરકાર રિપોર્ટ છુપાવી રાખે છે.’

‘ખોટું.’

‘તે જે હોય તે, પણ તે એક અસાધારણ સ્થાન છે. અમે માનીએ છીએ કે તે અમારા

ભગવાનનું જન્મસ્થળ છે.' ઓમીએ કહ્યું 'અમને તે સ્થળ આપી દો, અમે સન્માનપૂર્વક મસ્જિદ પાસ ખસેડી નાખશું. પણ તમે તો તે પણ નથી કરી શકતા. અને અમારી બહુમતીની આ નાનકડી વિનંતીને પણ પૂરી કરવામાં નથી આવતી. પારેખજી સાચા છે કે આ દેશમાં હિન્દુ માટે કોઈ પણ આશા નથી.'

'તો આ પારેખજીનું છે, કેમ ? તેણે તને આ બધું શીખવ્યું છે ?' અલીના પિતાએ લગભગ કૃત્રિમ હાસ્ય કરતાં કહ્યું.

'તેમણે અમને નથી શીખવ્યું. અમારું કામ કોમવાદી કહેવાય છે. તે વિશે વાત કરવી બરાબર નથી મનાતી, કારણ કે હિન્દુ બોલતા નથી, તેથી શું તમે એમ માનો છો કે તેઓ કંઈ અનુભવતા પણ નથી ? તમે વિચારો કે લોકો શા માટે પારેખજીને સાંભળે છે ? કારણ કે ક્યાંક તેમના દિલમાં તે સંવાદિતા સાધે છે. સુષુપ્ત ગુસ્સો બધાના હૃદયમાં છે, મિસ્ટર નાસીર, ભલે તે બહાર આવતો ન હોય.'

'પણ અનેક હિન્દુઓ તો અમને પણ મત તો આપે છે, તે તો તને ખબર હશે.' અલીના બાપ બોલ્યા.

'ધીમે ધીમે તેઓ પણ સાચું જોવા લાગશે.'

'બેટા, ભારત એક સ્વતંત્ર દેશ છે. તને તારા અભિપ્રાયો આપવાની છૂટ છે. મારી એક જ સલાહ છે કે હિન્દુ ધર્મ એક મહાન ધર્મ છે. તેને અંતિમવાદી ન બનાવતો.'

'હં... તમારે મને અંતિમવાદી બાબતે કહેવાની જરૂર નથી. અમે જાણીએ છીએ કે કયો ધર્મ અંતિમવાદી છે.'

મને ખાતરી ન હતી કે ઓમી જે બોલતો હતો તેને પોતે માનતો હતો કે નહીં કે પછી તે પારેખજીએ તેને જે ભણાવ્યું હતું તેનું પુનરાવર્તન કરતો હતો. તે મારી કે ઈશ સાથે તો આ બાબત વિશે કદી ન બોલતો, પણ શું તે પોતાના દિલમાં, ઊંડે ઊંડે બિટ્ટુમામા જેમ જ અનુભૂતિ કરતો હતો ? જો ઈશની તમન્ના ક્રિકેટ હતી કે મારી તમન્ના બિઝનેસ હતી, તો શું ઓમીની તમન્ના ધર્મ હતી ? અથવા તો સંભવ છે, તે બીજા લોકો જેમ મૂંઝવણમાં હતો અને પોતાની તમન્ના શોધી રહ્યો હતો ! અમે કદાચ તેને ક્યારે પણ ગંભીરતાથી લેતા ન હતા, પણ સંભવ છે, પારેખજીએ તેને ધ્યેય અને મહત્ત્વ આપ્યાં હોય.

'આપણે એક નક્કી કરીએ કે આપણે રાજકારણની ચર્ચા ન કરીએ.' સમય પૂરો થયો છે એમ ઈશારો કરતાં ઈશે વિનંતી કરી.

'હજી પણ તમે તમારા પુત્રને મોકલવા તૈયાર થશો ?' મેં અલીના પિતાને પૂછ્યું મને થયું કે કદાચ તેમણે ઓમીના બકવાસને કારણે વિચાર બદલાવ્યો હોય.

'ગાંડો ન થા, અમે તો અમારા મતભેદો કહેતા હતા. આનો જ આપણા દેશમાં અત્યારે અભાવ છે. હા, હું તમારા પર ભરોસો મૂકી મારા દીકરાને સોંપું છું.'

અમે જવા ઊભા થયા અને બારણા સુધી પહોંચ્યા. ઈશે પ્રૅક્ટિસનો સમય નક્કી કર્યો – સવારે સાત વાગ્યે.

'ચાલો, હું તમને છોકરાઓને મુખ્ય રસ્તા સુધી મૂકવા આવું. મને જમ્યા પછી ફરવા જવાની ટેવ છે.' અલીના પિતા બોલ્યા.

અમે અલીના ઘરની બહાર નીકળ્યા. પોતે ઊંચો અવાજ કરી વાતો કરી હતી તેથી કદાચ શરમ અનુભવતો હોવાથી ઓમી માથું નીચું કરી ચાલતો હતો. અલીના પિતા ફરી બોલ્યા, 'મને પણ મારા પક્ષ વિશે ખાસ રસ નથી.'

'ખરેખર ?' કોઈ ન બોલતાં મેં કહ્યું.

'હા, કારણ કે એક સ્તરે તેઓ પણ બીજી રાજકીય પાર્ટીઓ જેવા જ છે. તેઓ દેશનું કામ કરવાને બદલે રાજકારણ રમવામાં વધારે સમય બગાડે છે. મતભેદો ઊભા કરવા, કોઈનો પક્ષ લેવો, ભાગલા કરવા – આ બધું તેઓ સરસ રીતે જાણે છે.'

અમે બધાએ તેમને ગૂડ નાઈટ કહેવા મસ્તક હલાવ્યાં. પણ અલીના પિતાએ પોતાની વાત હજી પૂરી કરી ન હતી. 'આ તો એના જેવી વાત છે કે બે ગ્રાહકો એક રેસ્ટોરાંમાં જાય અને તેનો મૅનેજર બન્ને વચ્ચે એક જ પ્લેટ મૂકે. એટલે જો તમારે ખાવું હોય તો બીજા સાથે ઝઘડો કરવો જ પડે. બે લોકો ઝઘડામાં પરોવાય, અને કેટલાક લોકો તેમને અર્ધી અર્ધી પ્લેટ ખાવાનું અને સમાધાન કરવાનું કહે. આ બધામાં તેઓ મૂળ મુદ્દો તો ભૂલી જાય કે – મૅનેજરે તેમને શા માટે બે પ્લેટ ન આપી !

મેં અલીના પિતાના ચહેરા સામે જોયું. મૂછ અને દાઢીની પાછળ ક્યાંક એક ડાહ્યો માણસ દેખાતો હતો.

'સારો મુદ્દો. લડાઈ ઊભી કરવામાં આવે છે. તેથી જ હું ક્યારે પણ ધર્મ કે રાજકારણને કદી મહત્ત્વ આપતો નથી.' મેં જવાબ આપ્યો.

'એક વાર જો લડાઈ ઊભી થઈ તો તેમાંથી બીજી લડાઈ ઊભી થશે જ. તમે તેને નિયંત્રિત ન કરી શકો.' ઈશે કહ્યું.

'તમને ખબર નહીં હોય કે હું કૉલેજમાં પ્રાણીશાસ્ત્ર ભણાવતો.' અલીના પિતાએ કહ્યું, 'એક વાર મેં ચિમ્પાઝીની લડાઈ વિશે વાંચેલ. તે કદાચ અહીં પણ લાગુ પડે છે.'

'ચિમ્પાઝીની લડાઈ ?'

'હા. નર ચિમ્પાઝીઓ પોતાના જૂથના જ ચિમ્પાઝીઓ સાથે હિંસક રીતે લડે છે – આહાર માટે, માદા માટે કે અન્ય માટે. જોકે, લડાઈ પછી તેઓ એક વિચિત્ર રિવાજ કરે છે. તેઓ એકબીજાને હોઠ પર ચુંબન કરે છે.'

આ સાંભળીને તો ઓમી પણ હસી પડયો.

'એટલે હિન્દુ અને મુસ્લિમોએ પણ ચુંબન કરવું જોઈએ ?' મેં પૂછ્યું.

'ના, મુદ્દો એ આ રિવાજ કુદરતે ઊભો કર્યો હતો. એનો હેતુ એટલા જ છે કે લડાઈનું સમાધાન થઈ જાય અને ટોળું એક રહે. હકીકતે, કોઈ પણ લાંબા સમયના સંબંધોમાં આ જરૂરી છે.'

'કોઈ પણ ?' ઈશે કહ્યું.

'હા, કોઈ પણ. પતિ-પત્નીને લો. તેઓ ઝઘડશે, એકબીજાંને આવેશભરી રીતે નુકસાન પણ પહોંચાડશે. પાછળથી તેઓ એકબીજાને ભેટી, ભેટ આપી કે પ્રેમભર્યા શબ્દો કહીને સમાધાન સાધી લેશે. ભારતીય હિન્દુ-મુસ્લિમ દુશ્મનાવટમાં સમસ્યા એ નથી કે કોણ સાચું છે કે કોણ ખોટું છે. તે તો...'

'એ કે તેમના વચ્ચે સમાધાન કરવાની વ્યવસ્થા નથી.' ઈશે જવાબ આપ્યો.

'હા, એટલે કે જો રાજકારણીઓ આગ લગાવે, તો આગ બુઝાવવા માટે કોઈ સંચાલન નથી. કદાચ મારી વાત કડવી લાગશે, પણ ઓમી સાચો છે. લોકો અંદર ને અંદર અનુભવ્યા કરે છે. તેને પ્રગટ ન કરી મતભેદો સુલઝાવી ન શકાય. ગુસ્સો જામતો જ જાય છે, અને બહાર આવે છે ત્યાં સુધી મોડું થઈ ગયું હોય છે.'

અમે મુખ્ય રસ્તા પર પહોંચી ગયા હતા અને પાનની દુકાન પાસે થોભ્યા. હવે મને સમજાયું કે અલીના પિતા શા માટે અમારી સાથે આવ્યા હતા. તેમને ભોજન પછીના પાનની ટેવ હતી.

'અલીને કહેશો કે તે સમયસર આવી જાય.' અમે હાથ હલાવ્યા ત્યારે ઈશે કહ્યું.

ચિમ્પાઝીની ચુંબન કરવાની છબી આખી રાત મારા મનમાં ઘૂમરાતી રહી.

અલી સફેદ ખમીસ અને પાયજામો પહેરીને સમયસર આવી ગયો. તેણે એક હાથમાં ગણિતનાં પુસ્તકો પકડયાં હતાં અને બીજા હાથમાં ક્રિકેટ બૅટ પકડયું હતું.

'પહેલાં ક્રિકેટ. પુસ્તકો દૂર રાખી દે.' ઈશે કહ્યું.

અચાનક સૂચના સાંભળી છોકરો ચમકી ગયો. હું તેને ઉપરના માળમાં લઈ ગયો અને વૉલ્ટ ખોલ્યું. અલીએ એક ખાલી લૉકર પસંદ કર્યું અને તેમાં પોતાનાં પુસ્તકો મૂક્યાં. પરેશ અને નવીન નામના બે બીજા છોકરા પણ ક્રિકેટની પ્રૅક્ટિસ માટે આવ્યા હતા. તે પણ અલીની ઉંમરના જ હતા, પણ તેનાથી મજબૂત લાગતા હતા.

'છોકરાઓ, આ પાછળના ભાગમાં વીસ ચક્કર લગાવો, જોઉં.' ઈશે તેના ડ્રિલ સાર્જન્ટના અવાજમાં હુકમ કર્યો. બાળકોએ કેટલાં ચક્કર લેવાં તે તેનો નિર્ણય પોતાનો જ રહેતો. હું માનું છું કે આ રીતે તે રોજ પોતાની સત્તાનો આનંદ માણતો.

હું ઉપર વૉલ્ટમાં અલીનાં પુસ્તકો જોવા ગયો. નોટબૂકો કોરી હતી. ગણિતનું સાતમા ધોરણનું પુસ્તક હતું, પણ તે આજ સુધી વણસ્પર્શ્યું રહ્યું દેખાતું હતું.

હું પહેલા માળની બાલ્કનીમાં આવ્યો. વિદ્યાર્થીઓ સવારની પહેલી દોડ લેતા હતા.

'શું ?' અલી પાંચમા રાઉન્ડ પછી અટકી ગયો એટલે ઈશે કહ્યું.

'હું... દોડી... નથી શકતો.' અલીએ હાંફતાં કહ્યું.

ઓમીએ દાંતિયાં કાઢયાં. 'બચ્ચા, અહીં તો લોકો સો સો રાઉન્ડ લે છે. તો પછી તું બિટવીન ધ વિકેટ કેમ દોડી શકીશ ? તું ફિલ્ડિંગ કેમ ભરી શકીશ ?'

'એટલે જ મને ક્રિકેટ નથી ગમતી.' માંડ માંડ શ્વાસ લેતાં અલીએ કહ્યું. 'આપણે માત્ર રમીએ એમ ન બને ?' અલી બોલ્યો.

'તારે ગરમ તો થવું પડે ને, દોસ્ત.' ઈશે કહ્યું. પણ અલી તો વધારે પડતો ગરમ થઈ ગયો હતો. તેનો ચહેરો ગરમ અને લાલ થઈ ગયો હતો.

કસરતો પછી ઈશે કેચ અને ફિલ્ડિંગની પ્રૅક્ટિસ કરાવી. ઈશ બૅટ લઈ વચ્ચે ઊભો અને બાકીના બધાએ તેની સામે બૉલિંગ કરી. તે બૉલને ઉપર ચડાવતો અને ઈચ્છતો કે બધા તેને કેચ કરે. અલી ક્યારે પણ પોતાની જગ્યાએથી ન ખસતો. તે તો જ્યારે તેની પાસે બૉલ આવે તો જ કેચ કરતો.

'ભલે, ચાલો આપણે રમીએ.' ઈશે તાળી પાડી કહ્યું. 'પરેશ, તું મારી સાથે છે. આપણે પહેલાં બૉલિંગ કરશું. નવીન, તું અલીની ટીમમાં છે અને બૅટિંગ કરીશ.'

નવીન ક્રીઝ પર ઊભો અને અલી રનર તરીકે રહ્યો. નવીને પરેશના ચોથા બૉલને ફટકાર્યો ર્ ઈશ દડો લેવા દોડયો. તે સરળ બે રન હતા, પણ અલીનું આળસ સૂચવતું હતું કે માત્ર એક જ રન થશે. પરેશે ત્રણ પગલાંની રનિંગ લીધી અને દડો ફેંક્યો. અલીએ તેને ફટકાર્યો. દડો ઉપર ગયો અને પહેલા માળ પર ભટકાયો. મેં પહેલા માળની બાલ્કનીમાં તેને પકડવા કૂદકો માર્યો. દડો મારી પાસેથી નીકળી ગયો અને બ્રાન્ચ મૅનેજરની ઑફિસની બારીમાં અથડાયો.

જ્યારે અલીએ તેના પહેલા જ બૉલે છગ્ગો માર્યો, ત્યારે પરેશને પણ ઈશની જેમ જ આઘાત લાગ્યો.

'એ, આ શું ? તું હિરો છે કે શું છે ?' ઈશે અલીને કહ્યું.

અલી આ ઠપકાથી મૂંઝાઈ ગયો.

'આ ક્રિકેટનું મેદાન નથી. આપણે બૅન્કમાં રમીએ છીએ. દડો જો બહાર ગયો અને કોઈને વાગ્યો તો કોણ જવાબદાર થશે ? કોઈ વસ્તુ તૂટી તો ? કોણ પૈસા આપશે ?' ઈશે બૂમ મારી કહ્યું.

અલી હજી પણ આશ્ચર્યથી જોતો હતો.

'આ ખૂબ સરસ શોટ હતો.' પરેશે કહ્યું.

'ચૂપ રહે ! એ અલી, હું જાણું છું કે તું આમ કરી શકે છે, પણ રમતનાં બીજાં પાસાં પણ શીખ.'

અલી સડક થઈ ગયો. લગભગ રડવા જેવો.

'ઓ.કે. સાંભળ. હું દિલગીર છું. મારો કહેવાનો અર્થ એ ન હતો કે...'

'હું તો આ જ જાણું છું. હું બીજું કશું ન કરી શકું.' અલીના અવાજમાં ધ્રુજારી હતી.

'અમે તને શીખવશું. હવે એમ કર, તું બૉલિંગ શા માટે ન કરે ?'

અલીએ પછી તે દિવસે બૅટિંગ ન કરી. પછીના અર્ધા કલાક સુધી ઈશે હળવી પ્રૅક્ટિસ કરાવી અને ગુસ્સે ન થવાનો પ્રયત્ન કર્યો. અલબત્ત, એ તેના માટે ખૂબ અઘરું હતું. ખાસ કરીને ક્રિકેટનો પ્રશ્ન હોય તો તે જાનવર બની જતો હતો.

'તારાં પુસ્તકો ઉપરથી લઈ લે. આપણે પાછળના ભાગમાં ભણશું.' મેં પરસેવાથી લથબથ અલીને કહ્યું.

તે પોતાનાં પુસ્તકો નીચે લઈ આવ્યો અને ગણિતનું પહેલું પ્રકરણ ખોલ્યું. તે અપૂર્ણાંક અને દશાંશનું હતું.

ઓમી દૂધની બે પોલીપેક લઈ આવ્યો. 'લે.' તેણે એક ઈશને આપી.

'આભાર.' ઈશે તેને તોડી અને ખોલી નાખી અને મોંમાં મૂકી દીધી.

'અને આ એક વધારાની.' ઓમી બોલ્યો.

'શેના માટે ?' ઈશે એક વધારાની ચૂસકી લેતાં કહ્યું.

'આ તું તારા લાકડી છાપ જતુને આપ.' ઓમીએ કહ્યું. 'તેં તેના હાથ જોયા ? તે વિકેટ કરતાં પણ પાતળા છે. તું એને ખેલાડી બનાવવા માગે છે કે નહીં ?'

'તું જ આપ તેને.' ઈશે સ્મિત કરી કહ્યું.

ઓમીએ અલી તરફ દૂધનું પેકેટ સરકાવ્યું અને પછી ચાલ્યો ગયો.

'તેં આગળ અપૂર્ણાંકના દાખલા કર્યા છે ?' મેં તેને પૂછ્યું.

તેણે માથું હલાવ્યું.

મેં તેને ૨૪/૨૬નું સાદું અપૂર્ણાંક કરવા કહ્યું. તેણે તે કરવાનું શરૂ કર્યું. તેનામાં કલ્પનાશક્તિ ઓછી હતી. ક્રિકેટમાં જે શક્તિ હતી તે ગણિતમાં ઓછી હતી. તેના બાપે ઠીક ઠીક તેની પાછળ મહેનત કરી હતી.

'તો આપણે દુકાને મળીએ.' ઈશે મને કહ્યું અને અલી તરફ ફરી બોલ્યો, 'છે કોઈ ક્રિકેટ બાબતે પ્રશ્ન, ચેમ્પિયન ?'

'રન કરવા લોકો બે વિકેટ વચ્ચે શા માટે દોડ છે ? પોતાની પેન મોંમાં ચગળતાં અલીએ પૂછયું.

'એમ જ તમારે સ્કોર કરવાનો છે. તે નિયમ છે.' ઈશે જવાબ આપ્યો.

'ના, એમ નહીં. શા માટે દોડવું અને એક યા બે રન માટે જોખમ લેવું જોઈએ, જ્યારે તમે એક જ ફટકે સિક્સ મારી શકતા હો ?'

ઈશે માથું ખંજવાળ્યું. 'હમણાં તો ગણિતના જ પ્રશ્નો કર.' તેણે કહ્યું અને ચાલ્યો ગયો.

* * *

'મેં એક અનુમાન કર્યું છે કે સાઠથી એંસી વચ્ચે જન્મેલ યુવાન પેઢી ભારતે જન્માવેલ પેઢીઓમાં ખૂબ ખરાબ છે. આ ત્રીસ વર્ષ ભારત માટે શરમજનક રહ્યાં છે.' અમે દુકાનમાં સૂતા હતા ત્યારે ઈશે કહ્યું.

અમે દુકાનની ભોંય પર સાદડી પાથરી હતી. બપોરે થોડી ઊંઘ એ સમય પસાર કરવાનો ઉત્તમ ઉપાય હતો. અત્યારે પરીક્ષાનો સમય હતો અને બિઝનેસ ધીમો હતો. ઓમી નસકોરાં બોલાવતો હતો અને હું અને ઈશ હંમેશ જેમ તાત્ત્વિક ચર્ચા કરતા હતા.

'એવું કંઈ ખરાબ નથી.' મેં કહ્યું. 'આપણે ૧૯૮૩માં વિશ્વકપ તો જીત્યા.'

'હા, આપણે સરસ ક્રિકેટ રમ્યા, પણ બસ. આપણે ગરીબ જ રહ્યા, યુદ્ધો જ લડતા રહ્યા, એ જ મુર્ખોને ચૂંટતા રહ્યા જેમણે દેશ માટે કશું પણ કર્યું ન હતું. લોકોનાં સપનાંમાં નોકરી અને સરકારી નોકરી જ રહી. કોઈ જોખમ લેતું ન હતું અને માથું ઊંચું કરતું ન હતું. એક સડેલું ભ્રષ્ટાચારી રાજ્ય જેનો નેતાઓએ નવું સમાજવાદી અને બૌદ્ધિક રાજ્ય હોવાના પ્રચાર કર્યો. ટેન્કો અને થિન્ક ટેન્કો, બીજું કશું જ નહીં.' તેણે કહ્યું.

'અને કલ્પના તો કર કે ઉપર કોણ હતું ? કયો પક્ષ ? બેવકૂફ બિનસાંપ્રદાયિક, ફરી ફરી.'

ઓમીએ આંખ ખોલી અને અમારી વાતમાં જોડાયો.

'હા, પણ તમારી જમણેરી વિચારસરણીએ પણ કંઈ ખાસ કામગીરી ન બતાવી.' ઈશે કહ્યું.

'અમે અવશ્ય બતાવશું, દોસ્ત. અમે તૈયાર છીએ. થોભ અને થોડી રાહ જો. આવતા વર્ષે ચૂંટણીઓ આવે છે અને ગુજરાત અમારું થવાનું છે.' ઓમીએ કહ્યું.

'ભલે ભલે, રાજકારણને માર ગોલી. મારો મુદ્દો એ છે કે પેલી સાઠ અને એંસી વચ્ચેની દિશાહીન પેઢી હવે તો વૃદ્ધ થવા આવી છે અને પાછી દેશને ચલાવે છે ! પણ નેવું અને, પેલું શું કહે છે ?'

'ઝીરો ?'

'હા, જે હોય તે, તેઓ કંઈક અલગ વિચારે છે. પણ આપણને તો બુઢ્ઢાઓ દોરે છે, જેમણે પોતાના વખતમાં કંઈ પણ સાર્થક કર્યું નથી. દૂરદર્શન પેઢી સ્ટાર ટી.વી. ચલાવે છે.' ઈશે કહ્યું.

મેં તાળીઓ પાડી. 'વાહ, ટીમ ઈન્ડિયા ક્રિકેટ શૉપમાં ડહાપણ મફત મળે છે.'

'સાલા, ચૂપ મર. અહીં તો ચર્ચા પણ નથી થઈ શકતી. તું શું માને છે, તું એક જ બુદ્ધિશાળી છે ! અને હું તો માત્ર ક્રિકેટ કોચ છું ?' ઈશે ઘૂરકતાં કહ્યું.

'ના, ના, તું પણ બુદ્ધિશાળી જ છે. હું તો ઊંઘણશી છું. હવે બીજું કોઈ બાળક આવે ત્યાં સુધી આપણે થોડો આરામ કરીશું ?' મેં કહ્યું અને આંખો મીંચી.

અમારા આરામમાં થોડા જ વખતમાં ખલેલ પહોંચી.

'સૂતા છો ? સરસ. જ્યારે ભાડું ઓછું હોય ત્યારે દુકાનદાર આરામથી સૂઈ શકે.' બિટ્ટુમામાના અવાજે અમને જગાડી દીધા. અમે બેઠા થઈ ગયા. તે વળી અત્યારે અહીં શું કરતા હતા ?

'અત્યારે બિઝનેસ ધીમો હોય છે, મામા.' ઓમીએ સ્ટૂલ ખેંચતાં કહ્યું. તેણે મને ચા લાવવાનો ઈશારો કર્યો. મેં કેશ બૉક્સ ખોલ્યું અને થોડા સિક્કા લીધા.

'કંઈક ખાવાનું પણ લઈ આવજે.' મામા બોલ્યા. મેં માથું હલાવ્યું. લે, મામાના ખાવાના પૈસા કોણ ચૂકવશે ? અને ભાડું કંઈ એટલું સસ્તું નથી. મેં કૃત્રિમ સ્મિત કર્યું અને જતાં જતાં વિચાર કર્યો. હું બધાની ચા લઈ પાછો આવ્યો.

મામા ઓમીને કહેતા હતા, 'બપોરે જો ધંધો ધીમો હોય તો પછી તું મને મદદ કરવા આવ ને. તારા મિત્રો પણ આવી શકે. બેઠક જીતવી કંઈ સરળ તો નથી જ. આ બિનસાંપ્રદાયિક લોકો પણ સારા તો છે જ.'

'મામા, તમે હું શું કરું તેમ ઈચ્છો છો ?' ઓમીએ ચા લીધી અને બધાને આપતાં કહ્યું.

'આપણે યુવાનોને કામ કરતા કરવાના છે. તેમને આપણું તત્ત્વજ્ઞાન સમજાવ. તેમને દંભ સામે ચેતાવ. પ્રચાર દરમ્યાન આપણને જાહેરાત કરવામાં તથા સરઘસો કાઢવામાં લોકોની મદદની જરૂર છે. આ કામ કરવાનું છે.'

'આ વખતે હું આવીશ, મામા.' ઓમી બોલ્યો.

'બીજાઓને પણ કહેજે. તું કોઈ યુવાનને મંદિરમાં જુએ, તો તેમને પક્ષ વિશે સમજાવજે. તેમને મારા વિશે પણ કહેજે.'

મને કંટાળો આવ્યો. હું ઊભો થઈ ગયો. પક્ષના તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ મંદિરમાં આવતા લોકોને નિશાન બનાવવાની વાત હું સમજી ગયો. પણ જ્યારે કોઈ પ્રાર્થના કરવા આવતું હોય, ત્યારે તેને રાજકારણમાં જોડાવાનું કહી શકાય ખરું ! મેં મારું ધ્યાન બદલાવવા એકાઉન્ટ બુક ખોલી.

'તું આવીશ ?' મામાએ ઈશને પૂછ્યું.

'કોઈકે દુકાન પણ સંભાળવી પડશે ને. છેવટે એક જણાએ, ધંધો ધીમો હોય તો પણ.' ઈશ બોલ્યો. ભારે ચતુર છે. આ તો મારું બહાનું હતું.

'અને તું, ગોવિંદ ?' મામાએ પૂછ્યું.

'હું આ પ્રકારની વ્યક્તિ નથી. હું અજ્ઞેયવાદી છું તે તો જાણો છો ને !' મેં રજિસ્ટરમાં વાંચતાં જવાબ આપ્યો.

'પણ આ કંઈ ધર્મની બાબત નથી. આ તો ન્યાયની વાત છે. અમે તને આટલા ઓછા ભાડે દુકાન આપી છે તેનો વિચાર કરીને પણ તારે કશુંક કરવું જોઈએ તેમ નથી લાગતું ?'

'આ તમારી દુકાન નથી. ઓમીનાં માએ અમને આપી છે. અને જે સ્થળે છે તે જોતાં ભાડું પણ બરાબર છે.' મેં કહ્યું.

'હું એકલો પૂરતો છું, મામા. ધીરજ પણ સાથે આવશે, બસ.' મામા અને મારી વચ્ચે વિવાદ ટાળવા ઓમીએ કહ્યું. ધીરજ. એના મામાનો ચૌદ વર્ષનો પુત્ર હતો.

'આનો અહંકાર તો જો. આ નાનકડી દુકાન અને આવડો મોટો અહંકાર !' મામા બોલ્યા. 'અહીં જો ઓમી ન હોત ને, તો હું તને લાત મારી કાઢી મૂકત.'

'તેની જરૂર જ નથી. અમે આમ પણ થોડા સમય પછી છોડવાના જ છીએ.' મેં વિચાર્યા વિના જવાબ આપ્યો. હું બીજું કશું કરી શકું તેમ ન હતો. આમ તો નવરંગપુરા મોલમાં જઈએ તે પહેલાં હું તેમને છેલ્લી મિનિટે કહેવાનો હતો. પણ હું તેમની વડીલાઈથી ત્રાસી ગયો હતો.

'ઓહ, એમ ? ક્યાં, તું આ બૅટ-બૉલ લઈ હાથગાડી ચલાવવાનો છે ?' મામાએ પૂછ્યું.

'અમે નવરંગપુરામાં મોલમાં જઈ રહ્યા છીએ. ત્યારે તમને તમારી દુકાન ખાલી કરી દઈશું.'

'શું ?' મામા મોટેથી બોલ્યા.

'અમે આવતા મહિને ડિપૉઝિટ પણ આપવાના છીએ. ત્રણ માસ પછી ખૂલશે ત્યારે કબજો લેવાના છીએ. આ ટચૂકડી દુકાન હવે પછી મોકાના સ્થળે સ્પોર્ટ્સ સ્ટોર બનવાની છે.' મેં કહ્યું.

મામાનું મોં ખુલ્લું જ રહી ગયું. આ દૃશ્ય જોવા હું મહિનાઓથી આતુર હતો.

'ખરેખર ?' મામાએ ફરી ઓમીને પૂછયું.

ઓમીએ માથું હલાવ્યું.

'ડિપૉઝિટ કેટલી છે ?' મામા બોલ્યા.

'ચાલીસ હજાર... અમે બચત કરી છે.' મેં જવાબ આપ્યો.

'તમે આ દુકાનના એક મહિનાના હજાર આપો છો એટલે, પણ જો મારકેટ દરે બે હજાર આપવા પડતા હોત તો શું બચાવી શક્યા હોત ?' મામા બોલ્યા.

હું ચૂપ રહ્યો.

'કેમ ? હવે તું કેમ શાંત થઈ ગયો ? હેં ?' મામા ઊભા થયા.

તે મારી પાસેથી શું ઈચ્છતા હતા ! દોડીને તેમના પગ પકડું ? હું તેના ભાણેજને પણ મારા ધંધામાં સરખો ભાગ આપતો હતો. હા, ઓમી મારો મિત્ર હતો, પણ તેની લાયકાત જોતાં એને કોઈ આટલું ન આપે. કમ સે કમ તે ભાડું તો ઓછું કરી શકે.

'તમે મને કહેજોને કે મારી ક્યારે જરૂર છે, મામા.' ઓમીએ કહ્યું.

'સરસ. હું તને પછી મળું છું.' તેણે કહ્યું, 'તમે હવે આરામ કરો.'

મામા ગયા પછી ઈશે આંગળી ઊંચી કરી. અમે ફરી સૂઈ ગયા.



સાત

'મેં તને આપ્યા હતા તે દાખલા કર્યા ?'

વિધાએ માથું હલાવી હા પાડી. અમે પડખોપડખ બેઠાં હતાં તેથી હું તેનો ચહેરો જોઈ શકતો ન હતો, પણ હું જાણી ગયો હતો કે તે થોડી વાર પહેલાં જ રડી હતી, કારણ કે તેણે આંખો લૂછવા હાથ ઊંચક્યો હતો.

મેં તેની ટ્યુશન નોટબુક ખોલી. હું તેનો ટ્યુટર હતો, તેને આશ્વાસન આપનાર ન હતો.

'તેં બધા જ દાખલા કર્યા છે ?'

તેણે મસ્તક હલાવ્યું.

'કેટલા ?'

તેણે મને સાત આંગળીઓ બતાવી. ઓ.કે. દસમાંથી સાત કંઈ ઓછા ન કહેવાય. પણ તે કંઈ બોલતી કેમ ન હતી !

'કેમ ? શું થયું ?' મેં તેની ધૂંધળી આંખો જોતાં આશ્વાસનને બદલે વાતચીત વધારવા પૂછ્યું.

'કંઈ નહીં.' તેણે ધ્રૂજતા અવાજે કહ્યું.

છોકરીના 'કંઈ નહીં'નો અર્થ મોટા ભાગે 'ઘણું જ' થતો હોય છે. હકીકતે અહીં પણ તેનો અર્થ 'ઘણું જ અને મને બોલાવો નહીં' એવો થતો હતો. હું આ જૂઠા 'કંઈ નહીં'ના યોગ્ય ઉત્તરની રાહ જોતો હતો.

'તારે મોંઢું ધોવું છે ?' મેં કહ્યું.

'ના, ચાલો, આપણે શરૂ કરીએ.'

મેં તેની આંખો સામે જોયું. તેની પાંપણો ભીની હતી. તેની આંખો તેના ભાઈ જેવી જ હતી. અલબત્ત, તેનો ભૂરો રંગ સુંદર ચહેરામાં તરી આવતો હતો.

'બીજો દાખલો પણ બરાબર છે.' મેં કહ્યું અને તેમાં સાચાની નિશાની કરી. મેં ટેવવશ 'સરસ' એમ લખ્યું. હું મોટા ભાગે નાનાં બાળકોને ભણાવતો હતો અને તેમને આવા 'સરસ', 'સુંદર' વગેરે અભિપ્રાય કે તેના દાખલા પર તારાનું નિશાન કરતો તો ખૂબ ગમતું. પણ વિધા તો કંઈ બાળક ન હતી.

'તેં સરસ કામ કર્યું છે.' મેં તેના દાખલા તપાસવાનું પૂરું કરતાં કહ્યું.

'એકસ્ક્યુઝ મી.' તે બોલી અને બાથરૂમ તરફ દોડી. તેની આંખમાં કદાચ આંસુ આવતાં હતાં. તે પાછી આવી. આ વખતે તેની આંખમાંનો રંગ ચાલ્યો ગયો હતો અને આખો ચહેરો ભીનો હતો.

'જો, તું માનસિક રીતે બરાબર ન હો તો આપણું કામ બરાબર નહીં ચાલે. આજે આપણે વધારે અઘરા દાખલા કરવાના છે અને...'

'પણ હું જરા પણ અસ્વસ્થ નથી. તે તો ગરિમા છે ને... ખેર, જવા દો તે વાત.'

'ગરિમા ?'

'હા, મારી કાકાની દીકરી બહેન અને મુંબઈમાંની મારી પાક્કી મિત્ર. મેં તમને ગયે વખતે વાત કરી હતી...'

'મને તો યાદ નથી.' મેં જવાબ આપ્યો.

'તેણે મને ગઈ રાત્રે કહેલ કે તે મને સવારે એસ.એમ.એસ. કરશે. અત્યારે બપોર થઈ છે અને હજી તેણે એસ.એમ.એસ. નથી કર્યો. તે હંમેશાં આવું જ કરે છે !'

'શા માટે તું એને સામેથી એસ.એમ.એસ. નથી કરતી ?'

'હું એને ન કરું. તેણે કહેલું કે તે કરશે. એટલે તેણે જ કરવો જોઈએ. કેમ ?'

હું તેની સામે ખાલી નજરે જોઈ રહ્યો. શું પ્રતિભાવ આપવો તે સમજ ન પડી.

'તે આ હાઈ-ફાઈ પી.આર. જૉબમાં છે. એટલે તે એક લાઈન લખવા પણ નવરી નથી હોતી.'

મને થયું કે તે છોકરી જો તેને જલદી એસ.એમ.એસ. કરે તો અમારું કામ શરૂ થઈ શકે.

'હવે પછી હું તેને કહીશ કે મારે અગત્યની વાત કરવી છે અને પછી તેને બે દિવસ કૉલ નહીં કરું.' તે બોલી.

કેટલીક... હા, કેટલીક – છોકરીઓ એકબીજા સાથે લાગણીના ખેલ ખેલી પોતાની મૈત્રીને ગાઢ કરતી હોય છે.

'તો આપણે શરૂ કરીશું ?'

'હા, હવે કંઈક સારું લાગે છે. તમે મને સાંભળી તે બદલ આભાર.'

'વાંધો નહીં. તો આઠમા દાખલાનું શું થયું ?' મેં કહ્યું.

અમે પ્રોબેબલિટીમાં પછીનો અર્ધો કલાક ડૂબી ગયાં. જ્યારે તે પોતાના મનથી કામ કરતી, તો તે પ્રથમ દૃષ્ટિએ લાગ્યું હતું તેમ, ગણિતમાં જરા પણ નબળી ન હતી. પણ તે ભાગ્યે જ પાંચ મિનિટથી વધારે એમ કરતી. એક વાર તેણે પેન બદલી. પછી હેરક્લીપ ખોલી અને ફરી બાંધી. પંદર મિનિટમાં તો તેને અઢેલવા ઓશીકાની જરૂર પડી.

તેની બાએ ચા અને બિસ્કિટ આપ્યાં, જે તે દર ત્રીસ સેકંડે ખાતીપીતી રહી. આ બધું છતાં અમે આગળ તો વધ્યાં. ચાલીસ મિનિટ પછી તેણે પોતાની ખુરશી પાછળ ધકેલી.

'હવે તો મારું માથું ધમધમે છે. આટલું ગણિત તો મેં કદી કર્યું નથી. આપણે થોડા આરામ લઈશું ?'

'વિધા, આપણી પાસે હવે માત્ર વીસ મિનિટ જ છે.' મેં કહ્યું.

તે ઊભી થઈ, ટટ્ટાર થઈ અને આંખો પટપટાવી. 'આપણે પાંચ મિનિટનો વિશ્રામ લઈ શકીએ ? કોઈએ આટલો લાંબો સમય ગણિત ભણવું ન જોઈએ. તે નુકસાનકારક થઈ શકે.'

તેણે પેન બાજુએ મૂકી અને વાળ ખુલ્લા કર્યા. વાળની લટો મારા હાથ પર પડી. મેં મારો હાથ લઈ લીધો.

'બીજા વિષયોની તારી તૈયારી કેવીક છે ? તું વિજ્ઞાનને તો નથી ધિક્કારતી, કેમ ?' મેં પૂછ્યું. હું આ વિશ્રામના સમયને પણ ઉપયોગી બનાવવા કરતો હતો.

'મને વિજ્ઞાન ગમે છે, પણ જે રીતે ભણાવાય છે તે ત્રાસદાયી છે.' વિધાએ જવાબ આપ્યો.

'દાખલા તરીકે ?'

'દાખલામાં મેડિકલ એન્ટ્રન્સની ગાઈડો. તેમાં હજારો વૈકલ્પિક કસોટીઓ હોય છે. જો તમે તેને ઉકેલી શકો તો જ ડૉક્ટર બનવાને લાયક બની શકો. આ રીતે હું વિજ્ઞાનને જોઉં છું.'

'ખેર, પણ તેમાં આપણને રસ નથી. અહીં ઘણી સારી કૉલેજો છે અને ભારે સ્પર્ધા છે.'

'હું જાણું છું, પણ મને શંકા છે કે જે લોકો પરીક્ષાના પેપર કાઢે છે તેઓ, રસાયણ વિશે

જરા પણ રસ ધરાવતા હોય ? શું તેઓ તેનાં પરિણામો માત્ર ગોખતા જ હશે ? કે બહારથી સ્થિર દેખાતા આરસના પૂતળાની ભીતર પ્રોટોન અને ઈલેક્ટ્રોનને ફરતા જોઈ નવાઈ નહીં પામતા હોય ?

મેં તેની તેજસ્વી આંખો સામે જોયું. મને થયું કે તેને પ્રોબેબલિટી શીખવતો હોઉં, ત્યારે પણ તે આમ જ ઝગે !

'તે નવાઈની વાત છે, નહીં ?' મેં પૂછ્યું.

'ઓ.કે. આપણે જીવશાસ્ત્રની વાત કરીએ, આના વિશે વિચારો.' તેણે કહ્યું અને મારા હાથને સ્પર્શ કર્યો. 'આ શું છે ?'

'શું ?' હું તો તેના આ સ્પર્શથી ડઘાઈ જ ગયો.

'આ તમારી ચામડી છે. તમે એ જાણો છો કે બૅક્ટેરિયાની અનેક જાતિઓ અહીં વસવાટ કરે છે ! આહાર-પ્રજનન કરતાં અને અહીં લાખો જીવન છે – આપણામાં જ મૃત્યુ પામતાં. છતાં, આપણને કદી તે માટે આશ્ચર્ય નથી થતું. કેમ ? આપણને તો હમેશાં એપીડેમિક લેયર ડાયાગ્રામ' ગોખવામાં જ રસ પડે છે, કારણ કે તે દર વર્ષે પરીક્ષામાં ચોક્કસ પુછાય છે.'

મને સમજ ન પડી કે આ છોકરીને મારે શું કહેવું. મને લાગે છે કે મારે સાત વર્ષનાંને જ ભણાવવાં જોઈએ.

'તારાં વિજ્ઞાનનાં પુસ્તકો ઉપરાંત બીજાં થોડાં સંદર્ભ પુસ્તકો પણ છે.' મેં તેને કહ્યું.

'એમ, છે ?'

'હા, તું તેને લૉ ગાર્ડન બુક માર્કેટમાંથી મેળવી શકે છે. તેઓ સંકલ્પનાને સમજાવે છે. તારે જોઈતી હોય તો હું તને અપાવી શકું છું. તારાં મમ્મી-ડૅડીને પૂછી જો કે તેઓ તેની કિંમત ચૂકવવા તૈયાર છે ?'

'અલબત્ત, તેઓ આપશે જ. જો કંઈ પણ ભણવાની બાબત હોય, તો તેઓ પૈસો ગમે તેટલો ખર્ચવા તૈયાર છે. પણ હું તમારી સાથે આવી શકું ?'

'ના, તારે આવવાની જરૂર નથી. હું બિલ લઈ આવીશ.'

'શું ?'

'તને એમ લાગતું હોય કે મેં કેટલો ખર્ચ કર્યો...'

'તમે ગાંડા છો કે શું ? મારા માટે તો તે સરસ બ્રેક થશે. આપણે સાથે જઈશું.'

'સરસ. તો આપણે હવે બાકીના દાખલા કરીએ. આપણે પંદર મિનિટનો બ્રેક લીધો છે.'

મેં બાકીના મનોયત્નો પૂરા કર્યા અને તેને દસ દાખલા ઘરકામ માટે આપ્યા. હું જવા માટે ઊભો થયો ત્યાં તેનો ફોન બીપ કરવા લાગ્યો. તે તેને લેવા દોડી. 'ગરિમા.' તેણે કહ્યું. મેં પાછળ દરવાજો બંધ કર્યો.

* * *

હું બહાર નીકળતો હતો ત્યાં ઈશ આવ્યો.

'એય, સરસ ગયો વર્ગ ? તે મંદબુદ્ધિની છે, તને તકલીફ પડતી હશે.' ઈશ બોલ્યો. તેનું શરીર પ્રૅક્ટિસ પછી પરસેવાથી લથબથ હતું.

'ખરાબ નથી. તે શીખવામાં ઝડપી છે.' મેં કહ્યું. કોણ જાણે કેમ, પણ ઈશ સામે જોતાં ત્યારે મારા હૃદયના ધબકારા વધી ગયા. મને થયું કે મારે તેને કહી દેવું જોઈએ કે હું વિધા સાથે લૉ ગાર્ડનમાં પુસ્તકો ખરીદવા જવાનો છું. પણ મને લાગ્યું તે મૂર્ખતા ગણાશે, મારે તેને બધુંય કહેવાની જરૂર નથી.

'મને ખ્યાલ આવી ગયો છે કે અલીને કેમ કાબૂમાં લેવો.' ઈશે કહ્યું.

'કેમ ?'

'પહેલાં હું તેને ચાર બૉલ સિક્સ મારવા આપું છું. પછી તે આપણા બધા જેવો જ થઈ જાય છે.'

મેં મસ્તક હલાવ્યું.

'જોકે બીજા છોકરાઓ તેથી ખિજાય છે. તેઓ માને છે કે હું આ વિદ્યાર્થી માટે પક્ષપાત કરું છું.'

'તેઓ બાળકો છે. તેની ચિંતા ન કર.' મેં કહ્યું, મને થયું મારે એની પાસે રોકાવું પડે છે. તેમાં હું અપરાધભાવ કેમ અનુભવું છું ?

'હા, પણ કેટલાક વિદ્યાર્થીઓ તો ખાસ હોય જ છે, નહીં ?' ઈશે હસતાં કહ્યું. એક સેકન્ડ તો મને લાગ્યું કે તે મને ઉદ્દેશીને બોલતો હતો. પણ ના, તે અલી વિશે કહેતો હતો. મારે કોઈ ખાસ વિદ્યાર્થી ન હતો.

'હા, સાંભળ. મારે જવું પડશે. મોમને લગ્નનો મોટો ઑર્ડર આવ્યો છે. મારી મદદની જરૂર છે.'

એમ કહી મેં ઝડપથી પગલાં ભર્યાં અને તેની દૃષ્ટિથી બહાર નીકળી ગયો. ઓમીના મંદિરની મૂર્તિઓમાંનાં ઈલેક્ટ્રોન જેમ મારું માથું પણ ધણધણતું હતું.

* * *

અમારી લૉ ગાર્ડનની સફરના દિવસે તેણે સફેદ ચિકન સલવાર-કમીઝ પહેર્યાં હતાં. ઑરેન્જ રંગના બાંધણીવાળા દુપટ્ટાના છેડે કાંસાની ઝીણી ઘૂઘરીઓ હતી. જ્યારે તે હાથ હલાવતી, ત્યારે ઘૂઘરીઓ રણકતી. તેણે જરા વધારે પડતો મેક-અપ કર્યો હતો. તેના હોઠ ચમકતા હતા અને મારાથી તેની સામે જોયા વિના રહેવાતું ન હતું.

'તે લીપ-ગ્લોસ છે. શું તે વધારે પડતા છે ?' તે હોઠને આંગળીથી ઘસતાં ઘસતાં સભાન થઈ બોલી. તેના હોઠની જમણી બાજુ દેખાય તેવો તલ હતો. મેં માંડ નજર ખેસવી અને રસ્તા પરની ઑટો તરફ જોવા લાગ્યો. તેના ચહેરા તરફ નથી જોવાનું – મેં મને ઠપકો આપ્યો.

'આ રહી બુક શૉપ.' જેવાં અમે સ્ટોર નજીક આવ્યાં કે હું બોલ્યો.

નવરંગપુરામાં આવેલ યુનિવર્સિટી બુક સ્ટોર પુસ્તકપ્રેમીઓ માટે તો મંદિર જ હતો. તેના લગભગ બધા જ ગ્રાહકો ઊંઘમાં જ હોય. તે એવા ઉત્સાહી વિદ્યાર્થીઓ હોય જેઓ કદી પણ ક્વૉન્ટમ ફિઝિક્સ કે કેલ્ક્યુલસ બાબતે ધરાતા જ ન હોય. તેઓ આંકડા આપતા ન હતા, પણ મને ખાતરી છે કે જેઓએ મેડિકલ કે ઈજનેરી એન્ટ્રન્સ પરીક્ષા પાસ કરી હશે, તે બધાએ આ સ્ટોરની મુલાકાત તો લીધી જ હશે.

પ્રૌઢ વયના દુકાનદારે વિદ્યા તરફ પોતાનાં ચશ્માંમાંથી જોયું. આ મહિને મુલાકાત લેનાર ગ્રાહકોમાં કદાચ તે સુંદરતમ દેખાવવાળી હતી. જે વિદ્યાર્થીઓ મેડિકલ એન્ટ્રન્સ પરીક્ષા આપતા હોય છે તેઓ કંઈ રંગીન લીપ-ગ્લોસનો ઉપયોગ કરતા નથી હોતા.

'હલ્લો.' દુકાનદાર વિદ્યાને ઉપરથી નીચે તાકીને જોતો હતો ત્યારે મેં કહ્યું.

'આહ, ગોવિંદ બેટા, તને જોઈને આનંદ થયો.' તેણે કહ્યું. પ્રૌઢ કે વૃદ્ધ લોકો પોતાની વાસના વ્યક્તિને દીકરો કે દીકરી કહી આરામથી છુપાવે છે. મેં જ્યારે બોર્ડની પરીક્ષામાં સો માર્ક્સ મેળવ્યા ત્યારથી તે મારું નામ જાણતો હતો. મેં એક છાપાના ઈન્ટર્વ્યુમાં તેની દુકાનના નામની ભલામણ કરી હતી. તેણે એ કટિંગ બે વર્ષ સુધી પોતાની દુકાનમાં લટકાવી રાખેલ. આજે પણ હું દરેક ખરીદી પર પચીસ ટકા વળતર મેળવું છું.

'તમારી પાસે એલ.જી. વેડની ઑર્ગેનિક કેમિસ્ટ્રી છે ?' મેં પૂછ્યું. હું તેમની સાથે થોડી વાત કરી શક્યો હોત, પણ હું વિદ્યા વિશે વાત કરવાનું ટાળવા માગતો હતો. હકીકતે તો મને તે વિદ્યાની સામે જુએ તે પણ પસંદ ન હતું.

'હા, કેમ ?' દુકાનદારે કહ્યું. મેં એકાએક પૂછ્યું તેથી ખચકાઈ ગયો હતો.

'કેમિસ્ટ્રી બુક, કવર પર સફેદ અને લાલ બૉલ.' તેણે પાંચમાંના એક કર્મચારીને બૂમ મારી.

'આ ખૂબ સરસ પુસ્તક છે.' મેં કવર પર હાથ ફેરવતાં અને વિધાને આપતાં કહ્યું. 'ઑર્ગેનિક કેમિસ્ટ્રીનાં બીજાં પુસ્તકોમાં વધારે પડતું યાદ રાખવું પડે છે. આ તો સિદ્ધાંતોની જ ચર્ચા કરે છે.'

વિધાએ પુસ્તક હાથમાં લીધું. કવર પર એટમનો જે રંગ હતો તેવો જ તેના નખ પરના નેઈલ પૉલિશનો રંગ હતો.

'તને ગમે તો પાનાં ફેરવી જો.' મેં કહ્યું.

તેણે થોડાં પાનાં ઉથલાવ્યાં. દુકાનદારે નેણ ઊંચાં કર્યાં. તે મને આ છોકરી વિશે પૂછવા માગતો હતો. હવે ખ્યાલ આવશે કે અમદાવાદમાં મલ્ટીપ્લેક્સ હોવા છતાં લોકો અમદાવાદને કેમ નાનું શહેર માને છે. લોકોની માનસિકતા જ એવી છે.

'વિધાર્થી, હું ટ્યુશન લઉં છું.' તે બાકીનું જીવન ઊંઘી ન શકે તેવું ન થાય માટે તેની જિજ્ઞાસા સંતોષવા હું તેના કાનમાં ગણગણ્યો. તેણે પોતાનું, ુ માથું સંમતિમાં હલાવ્યું. શા માટે આ વૃદ્ધ લોકો અમારી જિંદગીમાં આટલો બધો રસ લે છે ? જાણે કે તે ત્રણ દાદીમાઓની ચિંતા કરે તો અમને ગમે !

'જો તમે કહેતા હો કે તે સારું છે, તો મારે કશું કહેવાની જરૂર નથી.'

'સરસ, અને ભૌતિકશાસ્ત્રમાં તેં ક્યારે પણ રેઝનિક અને હેલીડે વાંચેલ છે ?'

'આહ, તે પુસ્તક મેં એક વાર મારી બહેનપણીના ઘેર જોયેલું. તેના કોઠાઓએ જ મને મૂંઝવણમાં મૂકી દીધી હતી. તે મારા માટે ખૂબ જ હાઈ-ફાઈ છે.'

'આ હાઈ-ફાઈ શું છે ? તે તારા કોર્સમાં છે, માટે તારે વાંચવું જ રહ્યું.' મેં મારો અવાજ કડક કરી કહ્યું.

'તેમની પાસે ગાઈડ કે એવું કશું નથી ?' તેણે મારી ટીકાને અવગણતાં કહ્યું.

'ગાઈડો શોર્ટ કટ હોય છે. તેઓ કેટલાક પ્રશ્નો જ ઉકેલે છે. તારે તો સંકલ્પનાઓ સમજવાની જરૂર છે.'

દુકાનદાર રેઝનિક અને હેલીડેનું ઑરેન્જ અને કાળા રંગના કવરવાળું પુસ્તક આપ્યું. હા, તેનું કવર બીક લાગે તેવું અને ઝાંખું પણ હતું. ભૌતિકશાસ્ત્રમાં શક્ય હોય તેવું.

'મને તો એમાં સમજ નથી પડવાની, છતાં જો તમે ઈચ્છતા જ હો તો ખરીદો.' વિધા કબૂલ થતાં બોલી.

'ચિંતા ન કર. તું સમજી જઈશ. અને અંકલ, ગણિત માટે તમારી પાસે એમ. એલ. ખન્ના છે ?'

મેં તેમને અંકલ કહ્યા તેથી તેમના ચહેરા પરનો અણગમો હું જોઈ શક્યો, પણ કોઈકે તો તેમને યાદ દેવડાવવાની જરૂર હતી જ.

'ગણિત, ખન્ના.' દુકાનદારે બૂમ મારી. તેના સહકાર્યકરે એક પીળો અને કાળો દળદાર ગ્રંથ કાઢયો. હવે જો રેસનિક અને હેલીડે બીક લગાડે તેવા હતા, તો આ એમ.એલ. ખન્ના તો ડાકણ છાપ જ હતો. મેં આવું જાડું પુસ્તક નથી જોયું અને તેનું દરેક પાનું વિશ્વના અઘરામાં અઘરા દાખલાઓથી ભરપૂર હતું. એ એક રમૂજ કહી શકાય કે એમ. એલ. ખન્ના જેવું મૈત્રીભર્યું નામ આપણો દેશ વિધાર્થીઓ માટે આવું કરે !

'આ શું છે ?' વિધા બોલી અને પોતાના ડાબા હાથથી તેને ઊંચકવાનો પ્રયત્ન કર્યો. તે ઊંચકી ન શકી. તેણે બન્ને હાથથી ઊંચકવાનો પ્રયાસ કર્યો અને છેવટે જમીનથી છ ઇંચ ઉપાડી શકી. 'ખરેખર, ગંભીરતાથી કહો કે આ છે શું ? આ કોઈ ભયાનક શસ્ત્ર છે ?'

'આમાં દરેક મુદ્દાની ચર્ચા કરાઈ છે.' મેં કહ્યું અને તેની જાડાઈ મારા જમણા હાથની આંગળીઓ વડે માપવાનો પ્રયાસ કર્યો.

તેણે મને મદદ કરવા બાજુમાં હાથ ધર્યા.

'છ, આ છ આંગળી જાડું છે.' તેણે કહ્યું.

મેં હાથ ખેંચી લીધો, કદાચને અંકલ ફરી ભ્રમર વાંકી કરે યા તો – ભૂંડી રીત – જાડાઈ ચકાસવામાં પોતાનો હાથ પણ આગળ કરે.

'ચિંતા ન કર, મેડિકલ પરીક્ષા માટે તો તારે આમાંથી થોડા મુદ્દાઓ જ શીખવાના છે.' મેં તેને ખાતરી આપતાં કહ્યું.

અમે પુસ્તકોના પૈસા ચૂકવી દીધા અને દુકાન બહાર આવ્યાં.

અમે નવરંગપુરાના મુખ્ય રસ્તા પર ચાલવા લાગ્યાં. મારી નવી દુકાન બસો મીટર જ દૂર હતી. મને તે જોવાની ઈચ્છા થઈ.

'હવે શું ?' તેણે પૂછ્યું.

'કંઈ નહીં. આપણે ઘેર જઈએ.' મેં કહ્યું અને ઑટો માટે નજર ફેરવી.

'તમે તો ભારે કંટાળાજનક છો, હો. નથી ?' તે બોલી.

'શું કહ્યું ?' મેં કહ્યું.

પાસે જ ડેરી ડેન છે અને મને ભૂખ લાગી છે.' તેણે કહ્યું.

'હું સખત ભૂખી છું. હકીકતે મને ભયાનક ભૂખ લાગી છે.' તેણે પોતાના પેટ પર હાથ મૂકતાં કહ્યું. તેણે હાથમાં વિવિધ ડિઝાઈનોવાળી અને નાના નાજુક હીરાવાળી ત્રણ વીંટીઓ પહેરી હતી.

મેં ડેરી ડેનમાં નજરે ન પડાય તેવી જગ્યાએ બેઠક લીધી. પોળમાંથી અહીં કોઈ નથી આવવાનું. છતાં મારે ખ્યાલ તો રાખવો જ પડે. જો કોઈ સપ્લાયર મને જોઈ લેશે, તો તે મને પણ અમદાવાદના ફૅશનેબલ છોકરાઓ જેવો જ માની લેશે. મને ક્યારેય ક્રિકેટના બૉલની સારી કિંમત નહીં મળે.

મને પણ ભૂખ તો લાગી જ હતી. પણ હું આ નાટકિયાણી છોકરીને બોલવામાં પહોંચી શકું તેમ ન હતો. તેણે ડેનમાંના રસોડામાં જેના પર ધ્યાન અપાતું હતું તે ડેનના ખાસ પીઝાનો ઑર્ડર આપ્યો. અમદાવાદીઓ પસંદ કરે તે બધી ડિશો શાકાહારી હતી.

'આ પુસ્તકો ખરેખર અધતન લાગે છે.' તેણે પ્લાસ્ટિક બૅગ તરફ આંગળી ચીંધતાં કહ્યું

'આ એમ.એસસી.ની ચોપડીઓ છે.' મેં જવાબ આપ્યો.

તેણે પોતાની આંખ ઊંચી કરી. 'મને કોઈ સમજાવશે કે સત્તર વર્ષનાં છોકરાંઓને આ દેશમાં એમ.એસસી.નાં પુસ્તકો વાંચવાની શા માટે ફરજ પાડવામાં આવે છે ?'

હું ન બોલ્યો. આળસુ વિધાર્થીઓ માટે મારી પાસે જવાબ ન હતો.

પીઝા આવ્યા. અમે શાંત રહ્યાં અને ખાવાનું શરૂ કર્યું. મેં તેની સામે જોયું. તેણે પોતાના વાળ બાંધ્યા હતા જેથી તે પીઝા પર ન પડે અને ચીઝને ન અડકે. તેણે પોતાનો દુપટ્ટો દૂર કરી ખુરશી પર રાખ્યો હતો. છોકરીઓની મહત્ત્વની બાબત એ છે કે વાતચીતની વચ્ચે પણ તમે તેની સામે જોઈ શકો અને છતાં કંટાળો ન અનુભવો.

દૂરના ટેબલ પર બે છોકરાઓ તેની સામે તાકીને જોતા હતા તેથી સભાન થઈ તેણે બાજુએ જોયું. ડેન ડેરીમાં તે જ એક અતિ સુંદર છોકરી હતી તેથી આવું બનવું નવાઈનો વિષય ન હતો. શા માટે ઓછી સુંદર છોકરીઓ છે ? ઉત્ક્રાન્તિમાં એ કેમ ન વિચારવામાં આવ્યું કે માણસોને સુંદર છોકરીઓ ગમે છે અને બધીને સુંદર ન બનાવી ?

તેણે પોતાનો ફોન કોઈ નવા એસ.એમ.એસ. માટે તપાસ્યો. તેણે ફોન તપાસવાની જરૂર ન હતી, કારણ કે જ્યારે પણ તે આવતો ત્યારે તે આગ લાગવાના બંબા કરતાં પણ વધારે મોટેથી વાગતો. તેણે પોતાની બાંય ઊંચી કરી અને પીઝાનો એક ટુકડો હાથમાં લીધો. પીઝામાંથી જે નાના રેસા નીચે પડી જતા હતા તેને તે આંગળીઓથી ઉપાડતી અને ફરી પીઝા પર મૂકી દેતી. છેવટે તેણે તેને મોંમાં નાખ્યો.

'તો હવે શું ?' તેણે મૌન તોડતાં કહ્યું 'આપણને વિજ્ઞાનના વિષય સિવાય બીજી કોઇ વાત કરવાનો હક છે ખરો ?'

'જરૂર.' મેં કહ્યું. મેં સામે બેઠેલ છોકરાઓ સામે આંખો કાઢી. તેમણે મને ન જોયો.

'આપણે ઉંમરમાં ખાસ તફાવત નથી ધરાવતાં. તમે જાણો છો, આપણે મિત્ર બની શકીએ.' તેણે કહ્યું.

'જી.' મેં જવાબ આપ્યો, 'મુશ્કેલ છે, નહીં ?'

'મુશ્કેલ ? કેમ ? કારણ આપશો ?'

'હું તને ચાર કારણ આપીશ – (૧) હું તારો શિક્ષક છું. (૨) તું મારા પ્રિય મિત્રની બહેન છે. (૩) તું મારાથી નાની છે અને (૪) તું છોકરી છે.'

મેં મુદ્દાસર કારણો આપ્યાં તેથી મને જ હું મૂર્ખ લાગ્યો. મારા જેવા નકામા માણસ છોકરીઓ પર છાપ ન પાડી શકે. વાતો કેમ કરવી તે તેઓ જાણતા નથી હોતા.

તે મારા પર હસવા લાગી.

'આ યાદી માટે દિલગીર છું. હું મારા મનમાંથી કોઈ આંકડા બોલી શકતો નથી.' મેં કહ્યું

તે ફરી હસી. 'પણ તે મને એક બીજી બાબત કહે છે. તમે આ વિચાર કરી જવાબ આપ્યો છે. એનો અર્થ એ કે તમે છૂપી મૈત્રીનો વિચાર તો કર્યો જ છે.'

હું શાંત રહ્યો.

'હું તો મશ્કરી કરું છું.' તેણે કહ્યું અને મારા હાથને પંપાળ્યો. લોકોને સ્પર્શ કરી તેમને હળવા કરવાની તેની આ ટેવ હતી. સહજ લોકો માટે આ બરાબર હોય, પણ મારા જેવા બીમાર લોકો માટે તો આ સ્પર્શ હળવા કરવાને બદલે ઉશ્કેરી નાખે. મને તેના ચહેરા સામે ફરી જોવાની તીવ્ર ઈચ્છા થઈ આવી. મેં પરાણે પીઝા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું.

'પણ ગંભીર રીતે કહું તો, તમને એક ટેકારૂપ મિત્રની જરૂર તો છે જ.' તે બોલી.

'ટેકારૂપ એટલે શું ?'

'તમે, ઈશ અને ઓમી ખરેખર ગાઢ મિત્રો છો. તમે વીર્યકણ હતા ત્યારથી એકબીજાને ઓળખતા હો તેમ લાગે છે.'

તેના છેલ્લા શબ્દથી મારું તો મોં જ ઉઘાડું રહી ગયું. વિધા ઈશની નાની બહેન હતી જે હજી ઢીંગલીથી રમતી હોય. આવી વાત કરતાં તે વળી ક્યાંથી શીખી ?

'સૉરી, મારો કહેવાનો અર્થ એ હતો કે ઈશ અને ઓમી તમારા ઉત્તમ મિત્રો છે. પણ તમારે કોઈ સાથે ખરાબ વર્તન કરવું હોય, હં... બકબક કરવી હોય તો તો તમે કોની સામે કરશો ?'

'મારે મારા મિત્રો સાથે ખરાબ વર્તન કરવાની જરૂર જ નથી.' મેં જવાબ આપ્યો.

'જવા દો ને યાર... શું તેઓ પૂર્ણ લોકો છે ?'

'કોઈ જ પૂર્ણ નથી.'

'જેમ કે ગરિમા અને હું ખૂબ જ નજીક છીએ. અમે દિવસમાં બે વાર વાતો કરીએ છીએ, પણ ક્યારેક તે મને અવગણે છે. અથવા તો મારી સાથે એવી રીતે વાતો કરે છે જાણે કે હું કોઈ સાદીસીધી નાના શહેરની છોકરી હોઉં. મને તે જરા પણ નથી ગમતું. છતાં તે મારી ગાઢ મિત્ર છે.'

'તો ?' મેં કહ્યું. છોકરીઓ ગોળ ગોળ વાત કરતી હોય છે. બીજગણિતના દાખલાની જેમ મુદ્દા પર આવતાં તેમને થોડો સમય લાગે છે.

'અને તમારા વિશે કહું તો આમ બોલવાથી મને સારું લાગે છે. હું તમને માફ કરી શકું છું. એટલે એ મારી ઉત્તમ મિત્ર હોવા છતાં તમે મારા વધારાના મિત્ર તો બન્યા જ છો.'

આટલું મગજ જો તે ગણિતમાં લગાડે, તો તેને સર્જન બનતાં કોઈ રોકી ન શકે. પણ વિધા, જે સંબંધોનું કલાકો સુધી ઝીણવટભર્યું વિશ્લેષણ કરી શકે છે, તે પોતાની જિંદગીમાં પણ આગળ

વધવા એમ. એલ. ખન્નાનું પુસ્તક નહીં ખોલે.

'કમઓન, તો પછી તમારા મિત્રોની બાબતે તમે શું કહી શકો છો ?'

'મારા મિત્રો મારા બિઝનેસના ભાગીદારો પણ છે. તેથી વાત જરા મુશ્કેલ છે.' હું થોભ્યો. 'ક્યારેક મને લાગે છે કે તેમનામાં બિઝનેસની સમજ નથી. અથવા તો કદાચે હોય, તો પણ હું તેમાં જે તીવ્રતાથી કામ કરી શકું છું તે તેઓ લાવી શકતા નથી.'

તેણે માથું હલાવ્યું. મને આ વર્તન ખૂબ ગમ્યું. છેવટે એક બાબતમાં તો કોઈએ હકારમાં જવાબ આપ્યો હતો. મારા પર તેની ઘણી અસર થઈ.

'કેવી રીતે ?' તેણે આગળ બોલવા ફરજ પાડી.

જે થોડોઘણો પીઝા બચ્યો હતો, તે ખાતાં ખાતાં મેં તેને બધી જ વાત કરી. મેં તેને અમારી દુકાન વિશે અને હું તે બધું જ કેમ સંભાળતો હતો તેની વાત કરી. ટ્યુશન અને કોચિંગની ઑફર દ્વારા મેં બિઝનેસને કેમ વધાર્યો હતો. મેં ઈશની છોકરાઓને વળતર આપવાની ચીડ ચડે તેવી ટેવ અને ઓમીની આંકડાઓ બાબતે મૂર્ખાઈની વાત કરી. અને છેલ્લે, મેં તેને મારાં સપનાંની – જૂના શહેરમાંથી બહાર નીકળી ઍર-કંડિશન્ડ મોલમાં નવી દુકાન લેવાની વાત કરી.

'નવરંગપુરા.' તેણે કહ્યું, 'અહીંથી નજીક ?'

'હા.' મેં કહ્યું. મારી છાતી ચાર ઇંચ ફૂલી.

તેણે મારી આંખમાં ઝબકારો જોયો. હું તેને તેની આંખમાં ઝિલાતો જોઈ શક્યો.

'સારું થયું કે તમે ઈજનેરી ન કર્યું. અલબત્ત, મને ખાતરી છે કે તમે તે સારી રીતે કરી શક્યા હોત.' તેણે કહ્યું.

'હું મને ઑફિસમાં પુરાયેલો કલ્પી નથી શકતો. મોમને અને તેના બિઝનેસને છોડવો એ વિકલ્પ ન હતો.'

હું આજ સુધી મારા જીવનમાં કોઈ પાસે ખૂલ્યો હતો તેના કરતાં આજે વધારે ખૂલ્યો હતો. આ યોગ્ય ન હતું. મેં મને ઠપકો આપ્યો. હું ફરી ચાર કારણો મનમાં રટી ગયો અને પુસ્તકોના ઢગલા સામે જોયું.

'મારા કરતાં વધારે તારે આ પુસ્તકો સાથે મૈત્રી કેળવવાની જરૂર છે.' મેં કહ્યું અને બિલ મગાવ્યું.

* * *

'આવું છું.' જેવી ઈશાને વિક્રેતાના ઘરની ઘંટડી વગાડી કે અંદરથી જવાબ આવ્યો.

અમે નવા બૅટ ખરીદવા અને જૂના સમારાવવા ગયા હતા.

પંડિતજીની અઢાર વર્ષની દીકરી સાયરાએ દરવાજો ખોલ્યો.

'પપ્પા તૈયાર થાય છે. તમે ગૅરેજમાં રાહ જુઓ.' તેણે પંડિતજીના વેર હાઉસની ચાવી ધરતાં કહ્યું. અમે ગૅરેજમાં ગયા અને લાકડાના સ્ટૂલ પર બેઠા. ઈશે સમારકામ કરાવવાનાં બૅટ જમીન પર મૂક્યાં.

ધ પંડિત સ્પોર્ટ્સ ગૂડ્ઝ સપ્લાયર્સ એલિસબ્રિજમાં હતું. તેના માલિક ગિરિરાજ પંડિતનું એક રૂમનું ઘર તેની દુકાનની નજીક જ હતું. પાંચ વર્ષ પહેલાં તે કાશ્મીરમાં મોટી ફૅક્ટરીના માલિક હતા. જ્યારે ત્રાસવાદીઓએ તેમને છૂટ આપેલી કે કાં તો પોતાની ગરદન બચાવે કાં ફૅક્ટરી ! અને પોતાના વતનમાંથી લાત મારીને બહાર ફેંકી દીધા હતા તે પહેલાંની એ વાત હતી. આજે તે પોતાનું કુટુંબ બચી જવા અને નાની દુકાનમાં વિક્રેતા હોવા – બદલ પોતાની જાતને સદ્ભાગી માનતા હતા.

'કાશ્મીરીઓ ખૂબ સુંદર ચામડી ધરાવે છે.' વાત શરૂ કરવાના ઈરાદાથી મેં કહ્યું.

'તને તે ગમે છે ?' ઈશે સ્મિત કરતાં કહ્યું.

‘તું ગાંડો થઈ ગયો છે ?’

‘સુંદર ચામડી, લે.’ ઈશે હસવાનું શરૂ કર્યું.

‘ગોવિંદભાઈ, આહા, મારા શ્રેષ્ઠ ગ્રાહક.’ વેર હાઉસમાં પ્રવેશ કરતાં પંડિતજી બોલ્યા. નાહ્યા હોવાને કારણે તે તાજા લાગતા હતા. તેણે અમને તાજી બદામ આપી. બિઝનેસમાં ખરીદનાર હોવું એ સારી બાબત છે. સૌ તમારું સ્વાગત કરે.

‘અમને છ બૅટની જરૂર છે અને આ બધાને સમારવાની જરૂર છે.’ મેં કહ્યું.

‘અરે, ડઝન લઈ જાવ ને, ગોવિંદભાઈ.’ તેમણે જવાબ આપ્યો અને લાકડાની પેટી ખોલી. ‘ભારત-ઑસ્ટ્રેલિયાની સિરીઝ આવી રહી છે અને ઘણી સારી માંગ વધવાની.’

‘જૂના શહેરમાં નહીં.’ મેં કહ્યું.

તેમણે પેટી ખોલી અને પ્લાસ્ટિકમાં વીંટાળેલ એક બૅટ બહાર કાઢયું. તેમાં તાજા લાકડાની સુગંધ આવતી હતી. ક્યારેક બૅટ બનાવનારાઓ નવા બૅટમાં સારી વાસ આવે માટે કૃત્રિમ સુગંધ પણ નાખતા હતા. પણ પંડિતજી પાસે તો સાચી જ વસ્તુ હોય.

ઈશે બૅટને તપાસ્યું. તે પેટી પાસે ગયો અને બીજાં બૅટમાં કોઈ તિરાડ કે છોલછાલ છે કે નહીં તે જોયું.

‘ઉત્તમ તો તમારા માટે જ રાખું છું, ગોવિંદભાઈ.’ પંડિતજીએ નિર્મળ હાસ્ય કરતાં કહ્યું.

‘કેટલું ?’ મેં પૂછ્યું.

‘ત્રણ હજાર.’

‘મજાક તો નથી કરતા ને ?’

‘કદી નહીં.’ તેણે ગંભીરતાથી કહ્યું. ‘બે હજાર અને પચાસ.’ મેં કહ્યું. ‘છેલ્લી વાર.’

‘ગોવિંદભાઈ, અત્યારે મારો ખરાબ સમય ચાલે છે. મારા કાકાના દીકરા ભાઈનું કુટુંબ કાશ્મીરથી આવ્યું છે. તેમણે પણ બધું જ ગુમાવ્યું છે. તે નોકરી અને રહેવાનું સ્થળ શોધે ત્યાં સુધી મારે વધુ પાંચ જણને ખવડાવવાનું છે.’

‘તે બધા આ એક જ રૂમમાં રહે છે ?’ ઈશે જિજ્ઞાસાથી પૂછ્યું.

‘બીજું શું થાય ? શ્રીનગરમાં તો તેનો વિશાળ બંગલો અને પચાસ વર્ષ જૂનો બદામનો ધંધો હતો. જુઓ, કેવો સમય આવતો હોય છે. પોતાના જ ઘરમાંથી લાત મારી કાઢી મૂક્યા છે.’ પંડિજીએ નિસાસો નાખ્યો અને ગુણીમાંથી સમારકામ કરવા માટેનાં બૅટ બહાર કાઢયાં.

મને બિઝનેસમાં દયામાયા ગમતી નથી. થોડી રકઝક પછી અમે સત્તાવીસ સોમાં નક્કી કર્યું. ‘કબૂલ.’ મેં કહ્યું અને પૈસા કાઢયા. હું હવે તો હજારોમાં સોદા કરતો હતો, પણ કલ્પના કરતો કે લાખો કે કરોડોના સોદામાંય ખાસ ફેર નહીં હોય.

પંડિતજીએ પૈસા લીધા, ગોડાઉનમાંના નાના મંદિરમાં અડકાવ્યા અને પોતાના ખિસ્સામાં મૂક્યા. તેના ભગવાને તેના જીવનની ભારે કીમત લીધી હતી, છતાં હજી પણ તે તેના પ્રત્યે કૃતજ્ઞ હતા. શ્રદ્ધાળુઓ જે પૂર્ણ શ્રદ્ધા ધરાવે છે તેને હું કદી પણ સમજી નથી શકતો. સંભવ છે, અજ્ઞેયવાદી થઈ મેં કાંઈક ગુમાવ્યું હોય.



આઠ

અલી પ્રૅક્ટિસમાં વીસ મિનિટ મોડો પહોંચ્યો. મોડી થતી દરેક મિનિટ ઈશને વધારે ને વધારે ગુસ્સે કરતી હતી.

'તેં તો કુર્તું-પાયજામો પહેર્યાં છે. તારું કીટ ક્યાં છે ?' ૭-૨૦ના અલી આવ્યો કે તરત ઈશે બૂમ મારી પૂછ્યું.

'સૉરી, મોડો ઊઠયો. મને સમય ન મળ્યો અને...'

'તારાં ચક્કર માર.' ઈશે કહ્યું અને ચોક વચ્ચે ઊભો રહ્યો.

જ્યારે અલીએ પોતાનાં ચક્કર પૂરાં કર્યાં, ત્યારે ઈશે તેના માટે એક નવું બૅટ કાઢયું.

'આ તારા માટે તદ્દન નવું, કાશ્મીરમાંથી આવ્યું છે. ગમશે ?'

અલીએ મન વિના માથું હલાવ્યું. 'આજે હું વહેલો જાઉં ?'

'કેમ ?' ઈશે ઘુરકિયું કરતાં કહ્યું.

'મારી પોળમાં લખોટીની હરીફાઈ છે.'

'તો ક્રિકેટનું શું ?'

અલીએ ખભા ઉલાળ્યા.

'એક તો તું મોડો આવે છે અને પાછો વહેલા જવાની વાત કરે છે. લખોટીનો શું અર્થ છે ?' ઈશે તેને ક્રીઝ લેવાની નિશાની કરતાં કહ્યું. ત્રણમાંથી એક છોકરો બૉલર બન્યો.

'આપણે કૅચ કરવાની પ્રેક્ટિસથી શરૂઆત કરશું અલી, શૉટ નથી મારવાના. તેમને કૅચ જ આપ.'

થોડા મહિનાની તાલીમ પછી અલીની સજ્જતા વધી હતી. ઈશે તેને ડિફેન્સીવ રમવાનું અને આઉટ થવાથી બચતાં શીખવ્યું હતું. યોગ્ય આહાર અને કસરતને કારણે અલીની શક્તિમાં પણ વધારો થયો હતો. હવે તે ઝટપટ ફટકારવાને સ્થાને જોરથી બૉલને ફટકારવાનું શીખ્યો હતો. એક વખત બરાબરની રીતે પાંચ બૉલનો સામનો કરતાં શીખ્યો, પછી તે તેની વિશિષ્ટ શક્તિને એકાગ્ર કરતાં શીખ્યો. આમાં એ શક્તિને વાપરવાની યુક્તિનો ઉપયોગ કરવાનો હતો જેમાં તે રન પણ કરે, છતાં ક્રિઝ પર ટકી રહે. એક ઓવરમાં એક દડો રમવો બરાબર કામ કરતો હતો. ઈશ હવે તે ઓવરમાં બે દડા રમે તે જોવા ઈચ્છતો હતો.

'બદલાવો. પારસ બૅટિંગ કરે. અલી બૉલિંગ કરે.' ઈશે ત્રણ ઓવર પછી બૂમ મારી. અલીએ કોઈ મોટા ફટકા ન માર્યા તેથી નિરાશ થઈ તેણે ક્રીઝ પર બૅટ ફેંકી દીધું.

'એય જો, બૅટ નવું છે.' ઈશ બોલ્યો.

પારસે બૅટિંગ કરી અને અલી સામે કેચ ફેંક્યો. અલીના હાથ તેના પાયજામાની નાડી બાંધવામાં રોકાયેલા હતા. બૉલ જમીન પર અથડાયો.

'અલ્યા, સૂતો છે કે શું ?' ઈશે કહ્યું પણ અલીએ તેના પર ધ્યાન ન આપ્યું.

ત્રણ બૉલ પછી પારસે ફરી અલી સામે કેચ મૂક્યો.

'એ અલી, કેચ.' ઈશે અમ્પાયરની જગ્યાએથી બૂમ મારી.

અલીનો એક હાથ તેના ખિસ્સામાં હતો. તેણે ઈશને તેની સામે જોતાં જોયો અને તેનો હાથ બેધ્યાન રીતે ઊંચો કર્યો. બે પગલાં અને તે દડાનો કેચ કરી શક્યો હોત. પણ તેણે ન કર્યો અને બૉલ ફરી જમીન પર પડયો.

'એય.' ઈશે અલીના ખભાને જોરથી હલાવ્યા. 'તું સ્વપ્નાં જુવે છે કે શું ?'

'મારે વહેલા જવું છે.' અલીએ પોતાના ખભાને પંપાળતાં કહ્યું.

'પહેલાં પ્રૅક્ટિસ પૂરી કર.'

'લે અલી, આ બૅટ.' પારસ અલીની નજીક આવ્યો ત્યારે તેણે કહ્યું.

'ના, તેણે ફિલ્ડિંગ કરવાની છે.' ઈશે કહ્યું.

'ભલે ઈશ ભૈયા. મને ખ્યાલ આવે છે કે તેને બૅટિંગ કરવી છે.' પારસે કહ્યું અને અલીને બૅટ આપ્યો. 'મારે વધારે કેચની પ્રૅક્ટિસ કરવી છે. હું મારી શાળાની મેચ પહેલાં સજ્જ થઈ જવા માગું છું.'

અલીએ બૅટ હાથમાં લીધું અને ઉપર જોયા વિના ક્રિઝ તરફ આગળ વધ્યો. તેની આ ઉદ્ધતાઈથી નારાજ થવા છતાં ઈશ આ છોકરાને કેટલીક ભેટો આપીને બગાડતો – ક્યારેક કીટ તો ક્યારેક બૅટ.

ઈશે પારસના આગ્રહને વશ થઈ અલીને ફરી બૅટિંગ કરવા દીધી. 'પારસ માટે બૉલને ઉપર કર. જરા હળવેથી ડાબી બાજુ.'

બૉલ આવ્યો. અલીએ તેને જોરથી ફટકાર્યો. હર વખત જેમ બૉલ બૅન્કની બહાર ચાલ્યો ગયો. 'હું જવા માગું છું.' અલીએ પોતાની નીલી આંખથી ઈશ સામે જોતાં કહ્યું.

'મને તારી મૂર્ખ લખોટીની રમતની જરા પણ નથી પડી. આજ સુધી કોઈ લખોટીનો ખેલાડી મહાન નથી બન્યો.' ઈશે રાડ પાડતાં કહ્યું.

'લ્યો, તમે પણ ક્યાં મહાન બન્યા છો ?' અલીએ જવાબ આપ્યો.

ઓહ ! છોકરાં અને તેમનું કડવું સત્ય !

ઈશ થીજી ગયો. તેનો હાથ ધ્રૂજવા લાગ્યો. અલીના બૅટ જેમ બરાબર નિશાન લઈ ઈશનો જમણો હાથ ઝૂલ્યો અને અલીના ચહેરા પર જોરથી થપ્પડ મારી. તેની અસર અને આઘાતથી અલી જમીન પર ગબડી પડયો.

બધાએ તે થપ્પડ સાંભળી અને ટટ્ટાર અને સ્થિર ઊભા રહી ગયા.

અલી મેદાન પર ઊભો થયો અને આંસુ રોકવા ઊંડા શ્વાસ લેવા લાગ્યો.

'જા સાલા, રમ તારી લખોટીથી.' ઈશે કહ્યું અને ફરી એક થપ્પડ મારી લીધી. હું દોડયો અને ઈશનો હાથ પકડી લીધો. અલી રડી પડયો. હું અલીને ઊભો કરવા નીચે નમ્યો. તેના ઓછા કડક ગણિતના શિક્ષક તરીકે મેં તેને બાથમાં લેવાનો પ્રયાસ કર્યો. તેણે મને હડસેલી નાખ્યો.

'હટો.' અલીએ રડતાં રડતાં તેના નાનકડા પગથી મને લાત મારતાં કહ્યું, 'મને તમારી જરૂર નથી.'

'અલી, શાંત થઈ જા, બેટા. ચાલ, આપણે જઈએ. આપણે થોડા મજાના દાખલા કરીએ.' મેં કહ્યું. જે બાળકને પળ પહેલાં જ થપ્પડ પડી હોય તેને આવું કહેવું તદ્દન ખોટું હતું.

'મારે દાખલા નથી કરવા.' અલીએ મારા સામે ઘૂરકતાં કહ્યું.

'હા, હા, નથી તેને ફિલ્ડિંગ કરવી. નથી તેને દાખલા કરવા. સાલો, આળસુ ! આખો દિવસ બસ, લખોટી જ રમવા માગે છે.' ઈશે થૂંક ફેંકતાં કહ્યું.

બાર વર્ષના છોકરા સાથે ઈશને દલીલ કરતો જોઈ મને તે મૂર્ખ લાગ્યો.

'બધા ઘેર જાવ. આપણે કાલે પ્રૅક્ટિસ કરશું.' મેં કહ્યું.

'ના, આપણે...' ઈશ બોલ્યો.

'ઈશ, બૅન્કની અંદર જા.' મેં તેને કહ્યું.

'મને તે જરા પણ નથી ગમતા.' અલીએ રડતાં રડતાં કહ્યું.

'અલી, બરાબર વર્તન કર. તારા કોચ સાથે આમ ન બોલાય. હવે ઘેર જા, જોઉં.' મેં કહ્યું.

બધા ગયા પછી મેં ઊંડા શ્વાસ લીધા. મને લાગે છે કે ઈશ્વરે જ મને બધાના વડીલ બનવા જ અહીં મોકલ્યો હતો.

* * *

'અલ્યા, પણ તને થયું છે શું ? તે નાનો છોકરો છે.' બધા ગયા પછી મેં ઈશને કહ્યું. મેં ઈશને ઠંડો પાડવા બૅન્કના રસોડામાં લેમનેડ બનાવ્યું હતું. ઈશ મારી પાસે જ ઊભો હતો.

'નાલાયક, તે માને છે કે પોતે કોઈ વિશિષ્ટ છે.' ઈશે કહ્યું.

'તે છે.' મેં જવાબ આપ્યો અને તેને પીણું આપ્યું.

'એય, તું બીજા એલ.પી.જી. સિલિન્ડરનો ઑર્ડર આપી દઈશ ? આ તો ખલાસ થઈ ગયો લાગે છે.' મેં કહ્યું. અમારી પાસે કેરોસીન સ્ટવ હતો, પણ તેના પર તો કંઈ કરવું ત્રાસજનક જ હતું.

અમે કેશિયરના વેઈટિંગ વિભાગમાં આવ્યા અને સોફા પર બેઠા.

ઈશ શાંત રહ્યો. તે કંઈક મૂંઝાતો હતો. મને ખાતરી ન હતી કે તે આંસુ જ હતાં, કેમ કે મેં ઈશને કદી રડતાં જોયો ન હતો.

'મારે તેને મારવાની જરૂર ન હતી.' અર્ધો ગ્લાસ પાણી પી લીધા પછી તેણે કહ્યું.

મેં માથું હલાવ્યું.

'પણ તેં તેનું વર્તન જોયું ?' તમે પણ કદી મહાન બન્યા નથી. 'તું કલ્પના કરી શકે કે હું મારા કોચને આમ કહી શક્યો હોત ?'

'તે કેવળ બાર વર્ષનો છે. તેને ગંભીરતાથી ન લે.'

'તેનામાં પરવા નથી, દોસ્ત. તેનામાં નૅશનલ ટીમમાં જઈ શકવાની તાકાત છે. પણ તેને તો માત્ર સાલું લખોટી રમવાની જ પડી છે.'

'તેને લખોટી ગમે છે. હજી તે ક્રિકેટ માણતો નથી.'

તે પાણી પી રહ્યો અને પ્લાસ્ટિક ગ્લાસને સિંકમાં ફેંકી દીધો. અમે બૅન્કનું મુખ્ય દ્વાર તથા દરવાજો બંધ કર્યાં અને અમારી દુકાન તરફ જવા લાગ્યા.

'આ તો સાલું અન્યાય જ છે, હો.' ઈશે કહ્યું, 'મેં વર્ષો સુધી મજૂરી કરી. મેં આ રમત માટે મારું ભવિષ્ય જતું કર્યું, છતાં કશું વળ્યું. આપણી સામે આ છોકરો છે જે જન્મથી પ્રતિભા સાથે જન્મ્યો છે અને તેને તેની જરા પણ પડી નથી.'

'તું એમ કેમ કહે છે કે કશું ન વળ્યું ? તું વર્ષો સુધી શાળાનો શ્રેષ્ઠ ખેલાડી હતો.'

'હા, બેલરામપુર મ્યુનિસિપલ સ્કૂલમાં. આનો અર્થ તો એવો થયો કે વિધા આપણી પોળની પ્રીતિ ઝીંટા છે. કોને પડી છે !'

'શું કહ્યું ?' અને હું સ્મિત કર્યા વિના ન રહી શક્યો.

'કંઈ નહીં, અમારી કાકીએ એક વાર તેને આ નામથી સંબોધી હતી અને હું હવે તેને આ નામથી ચિડાવું છું.' ઈશ બોલ્યો. તેનો મૂડ થોડો હળવો થયો હતો. અમે અમારી દુકાન નજીક આવી ગયા હતા. મંદિરનો ઘુમ્મટ હવે દેખાતો હતો.

'ગોવિંદ, ભગવાન આમ શા માટે કરતો હશે ?' ઈશે કહ્યું.

‘શું ?’

‘કેટલાક લોકોને તે ખૂબ પ્રતિભા આપે છે અને મારા જેવાને કશું જ નહીં.’

‘તું પણ હોશિયાર જ છે.’

‘પૂરતો નહીં. અલી જેટલો તો નહીં જ. મને આ રમત ખૂબ ગમે છે, પણ તે માટેની હોશિયારી નથી. મેં મારી જાતને કસી – સવારે ચાર વાગ્યે ઊઠતો, કલાકો તાલીમ લેતો, વધારે ને વધારે પ્રૅક્ટિસ કરતો. મેં તેના માટે અભ્યાસ પણ છોડયો. અને હવે વિચારું તો ભાવિ પણ. અને હવે આવે છે આ લખોટીનો ખેલાડી જેની પાસે કમાલની શક્તિ છે. હું કદી પણ અલી જેમ બૉલ જોઈ ન શકતો કે ન ફટકારી શકતો. ગોવિંદ, શા માટે ?’

મારા મિત્રો પ્રત્યેની ફરજ પણ બજાવવાનું ચાલુ રાખી, મારે તેના દરેક મૂર્ખ પ્રશ્નનો જવાબ આપવો પડતો. ‘મને ખ્યાલ નથી. ઈશ્વર એટલા માટે જ વિશિષ્ટ શક્તિ આપે છે જેથી સાધારણ વ્યક્તિ અસાધારણ બની શકે. વિશિષ્ટ શક્તિ એક જ એવી બાબત છે જેની મદદથી ગરીબ પૈસાદાર બની શકે છે. નહીં તો આ જગતમાં પૈસાદારો પૈસાદાર જ રહે અને ગરીબો ગરીબ જ રહે. આ અન્યાયી કહેવાતી વિશિષ્ટ શક્તિ જ હકીકતે સમતોલન ઊભું કરે છે અને જગતને જીવવા યોગ્ય બનાવે છે.’ મેં કહ્યું. મેં મારા વિધાન પર જરા પણ વિચાર ન કર્યો.

‘પણ તો પછી તું એની કાળજી કેમ નથી લેતો ? છોકરાને લખોટીમાં વધારે રસ હોઈ શકે એમ આપણે માનવું !’

‘તેને ખબર નથી કે તે ક્રિકેટમાંથી શું મેળવી શકશે ! અત્યારે તે પોળમાં લખોટી ચેમ્પિયન છે અને તેને તે માણે છે. એક વાર જો તે આવી જ સફળતાનો ક્રિકેટમાં અનુભવ કરશે, તો તેને તેની વિશિષ્ટતાની કિંમત સમજાશે. અત્યારે તો તે ચાર દડાનો બાદશાહ છે. તું જ તેને એક ખેલાડી બનાવવાનો છે, ઈશ.’ મેં કહ્યું.

અમે દુકાનમાં પહોંચ્યા. ઓમી અમારા પહેલાં પહોંચી ગયો હતો અને દુકાન સાફસૂફ કરી નાખી હતી. તે કોચિંગમાં આવી શક્યો ન હતો, પણ તેણે તેના મામાને અઠવાડિયામાં બે વાર રેલીમાં હાજરી આપવાનું વચન આપ્યું હતું. આજે તેમાંનો એક દિવસ હતો.

‘બરાબર થઈ પ્રૅક્ટિસ ?’ ઓમીએ ચાનો ઑર્ડર આપતાં પૂછવા ખાતર પૂછ્યું.

ઈશ અંદર ગયો. મેં ઓમીને ચૂપ રહેવા ઈશારો કર્યો.

એક દસ વર્ષનો છોકરો ક્રિકેટ બૉલ ખરીદવા આવ્યો હતો.

‘એક લેધર બૉલની કિંમત ત્રીસ રૂપિયા છે. એકવીસ રૂપિયા જ છે તારી પાસે તો ?’ મેં સિક્કા ગણવાનું કામ પૂરું થયા પછી કહ્યું.

‘મેં મારી પિગ્ગી બૅન્ક તોડી. હવે મારી પાસે કશું નથી.’ છોકરાએ ગંભીરતાથી કહ્યું.

‘તો પછી આવજે.’ મેં કહ્યું. ઈશે મને રોક્યો.

‘લે, આ બૉલ.’ ઈશે કહ્યું અને તેને દડો આપ્યો.

છોકરાએ તે લઈ લીધો અને દોડી ગયો.

‘સાલા ઈશ.’ મેં કહ્યું.

‘સાલો તું, બિઝનેસમૅન.’ ઈશે કહ્યું અને પછી ખૂણામાં બેસી અલી વિશે દિલગીરી કરતો રહ્યો.

* * *

અલીને પાછો લાવવા ઈશને એક ચૉકલેટનું બૉક્સ, બે ડઝન લખોટીઓ અને નવી સ્પોર્ટ્સ કેપનો ખર્ચ કરવો પડયો. અલી પણ અમારી કંપની મીસ કરતો હતો. તેની માએ કહ્યું કે અલી તે દિવસે બે કલાક રડયો હતો અને પછી લખોટીની ટૂર્નામૅન્ટમાં ગયો ન હતો. પછીના બે દિવસ તે પ્રૅક્ટિસમાં પણ આવ્યો ન હતો. ઈશનો અપરાધભાવ એક વળગણમાં ફેરવાઈ ગયો હતો. અલી

પાસે તો માફીનું બહાનું હાજર હતું – કદાચ તેની માએ શીખવેલ. તેણે ઈશના ચરણને સ્પર્શ કર્યો અને ગુરુનું અપમાન કરવા બદલ દિલગીરી વ્યક્ત કરી. ઈશે તેને બાથમાં લીધો અને ભેટો આપી. ઈશે કહ્યું કે તે તેને હવે મારવા બદલ પોતાનો હાથ કાપી નાખવાનું કબૂલ કરશે. મને પૂછો તો આ બધું નાટક જ હતું. પણ મુદ્દો એ કે અલી પાછો આવ્યો. આ વખતે તે વધારે ગંભીર બન્યો હતો. ઈશ પણ થોડો પીગળ્યો હતો. અલીનું ક્રિકેટ સુધર્યું હતું અને બીજા છોકરાઓએ સૂચન કર્યું હતું કે અમે તેને જિલ્લા સ્તરની પ્રૅક્ટિસ કરાવીએ.

ઈશે એ વિચાર ઉડાડી દીધો. 'શક્ય જ નથી. પસંદગી કરનારાઓ તેને ખલાસ કરી નાખશે. જો તેઓ તેને નકારશે તો તે હમેશ માટે નિરાશ થઈ જશે. જો તેઓ તેને સ્વીકારશે, તો તેઓ તેને વર્ષો સુધી નકામી મેચો રમાડયા કરશે. તે પસંદગી માટે ચોક્કસ જશે, પણ ફક્ત મોટી બાબતમાં – નૅશનલ ટીમમાં.'

'ખરેખર ? તને વિશ્વાસ છે કે તે આમ કરી શકશે ?' પ્રૅક્ટિસ પછી લસ્સીના ગ્લાસ અમને આપતાં ઓમીએ કહ્યું.

'જોજે, ભારતે કદી ન જોયો હોય તેવો ખેલાડી તે બનશે.' ઈશે જાહેરાત કરતાં કહ્યું. આ જરા ગાંડપણ જેવું લાગતું હતું, પણ અમે અલીને થોડા જ દડાઓમાં સારામાં સારા બૉલરોને ખલાસ કરી નાખતાં જોયો હતો. બે વધારે વર્ષ અને ઈશ કદાચ સાચો ઠરે.

'અલીની પ્રતિભા વિશે જરા પણ વાત ન કરો. મને કોઈ પર જરા પણ વિશ્વાસ નથી.' ઈશે લસ્સીથી થયેલ મૂછને લૂછતાં કહ્યું.

* * *

'બહાનાંઓથી પરીક્ષા પાસ નથી કરી શકાતી, વિધા. જો તું આનો અભ્યાસ કરીશ તો તે તને ઉપયોગી થશે. બીજું કશું નહીં.' મેં કેમિસ્ટ્રીની ચોપડી ફરી ખોલતાં કહ્યું.

'મેં પ્રયત્ન કર્યો,' તેણે જવાબ આપ્યો અને પોતાના વાળને પાછળ ઠેલ્યા. તેણે સ્નાન નહોતું કર્યું. તેણે ટ્રેક પેન્ટ – જે મને લાગે છે કે તે તેર વર્ષની હતી ત્યારથી પહેરતી હતી – અને 'ફેરી ક્વીન' કે એવું કંઈક લખેલ ગુલાબી ટી-શર્ટ પહેર્યું હતું. પુખ્ત છોકરી 'ફેરી ક્વીન' લખેલ લખાણ પહેરી જ કેમ શકે ? કોઈ પણ આવું લખાણવાળું કપડું કેમ પહેરી શકે ?

'હું રોજ પ્રાર્થના કરું છું. તે મને મદદ કરશે.' તેણે કહ્યું.

મારે તેની બેપરવાઈ પર હસવું કે ગુસ્સે થવું તેની સમજ ન પડી. સંભવ છે, જો તે આ કપડાંમાં ઢીંગલી જેવી ન લાગતી હોત તો મેં મારો મિજાજ ગુમાવ્યો જ હોત.

'ઓર્ગેનિક કેમિસ્ટ્રી જેવી જાતે વાંચી શકાય તેવી બાબત ઈશ્વર પર છોડી ન દે.' મેં કહ્યું.

તેણે માથું હલાવ્યું અને પોતાની ખુરશી થોડી ખેસવી. શીશી જમીન પર પડી ગઈ.

'ઓહ.' તેણે કહ્યું અને નીચે નમી.

'અરે, આ શું ? હું પણ ઊભો થઈ ગયો. તે કોપરેલના તેલની શીશી હતી. નસીબજોગે બંધ હતી.

'કશું નહીં. મેં વિચારેલ કે હું મારા વાળમાં તેલ નાખીશ.' તેણે કહ્યું અને બ્લૂ શીશી ઉપાડી.

મેં તેના ચહેરા સામે જોયું. મારી નજર જરૂર કરતાં એક સેકન્ડ વધારે ટકી રહી. સ્ત્રી સામે જોવાનો સમય વધારેમાં વધારે એટલો હોવો જોઈએ જ્યારે તે 'તાકીને જોવું' ન કહેવાય. મેં તે ઉંબરો ઓળંગ્યો હતો. તે એનાથી સભાન બની ગઈ હતી અને ઊભી થઈ ત્યારે પોતાના ટી-શર્ટની નેકલાઈનને સીધી કરવા લાગી. આ કેવળ મારા કારણે જ હતું. મેં ત્યાં જરા પણ નજર ન કરી, પણ તેને લાગ્યું કે મેં કરી હતી. મને ન ગમ્યું.

'કોપરાનું તેલ.' મેં કહ્યું. કદાચ આ વાક્ય તદ્દન વ્યર્થ હતું, પણ મેં મુદ્દો બદલાવવા જ કહ્યું હતું.

'હા, મારા માથા માટે કદાચ થોડી ઑર્ગેનિક કેમિસ્ટ્રી. કદાચ તે મને મદદ કરે.'

બેનજીન ઑક્સિઝાઇડ કેમ બને છે તે જોવા મેં પુસ્તકનાં પાનાં ફેરવ્યાં.

'તમારો જન્મદિવસ ક્યારે છે ?' તેણે પૂછ્યું.

'ચૌદ માર્ચ.' મેં જવાબ આપ્યો. 'Pi દિવસ.'

'કયો દિવસ ?'

'Pi દિવસ. જો, Pi ૩.૧૪ની બરાબર છે. તેથી ચૌદ માર્ચ પણ એ જ દિવસ છે. તે આઈન્સ્ટાઈનનો પણ જન્મ દિવસ છે. સરસ, નહીં ?'

'Pi માટેનો દિવસ ? આવી ભયંકર બાબતનો દિવસ હોવાની તમે કલ્પના જ કેમ કરી શકો ?'

'સંભાળીને બોલ. ગણિતપ્રેમીઓ માટે એ મહત્ત્વનો દિવસ છે. અલબત્ત, અમે જાહેરમાં કદી તે નથી કહેતા. તમે એમ કહી શકો કે તમને સાહિત્ય પસંદ છે. તમે એમ પણ કહી શકો કે તમને સંગીત ગમે છે, પણ તમને ગણિત વિશે પણ આવી જ લાગણી છે એમ ન કહી શકો.'

'કેમ ન કહી શકાય ?'

'લોકો તમને મૂર્ખ જ માનવાના.'

'તે તો તમે છો જ.' તે ખડખડાટ હસી.

તેણે તેલની શીશી નજીક ખેંચી.

'તમે મને માથામાં તેલ નાખવામાં મદદ કરશો ? હું પાછળ નાખી શકતી નથી.'

મેં જવાબ આપ્યો ત્યારે મને લાગ્યું કે મારી જીભ તેલમાં જ બોળેલ હોવાથી સરકી જતી હતી, 'વિદ્યા, આપણે ભણવાનું છે.'

'હા, હા, લગભગ પતી જવાની તૈયારીમાં છે. પાછળ, મારી ગરદનની જરા ઉપર, બસ, પ્લીઝ.'

તેણે પોતાની ખુરશીને જરા વાંકી કરી જેથી તેની પીઠ મારી સામે આવી. તેણે તેલની શીશીનું ઢાંકણું મારી સામે ધર્યું.

આ શું માંડયું છે, મને વિચાર આવ્યો. મેં મારી આંગળી તેલમાં બોળી અને તેની ગરદન પાસે લીધી.

'અહીં નહીં.' તે ફરી હસી, 'અહીં તો ગલગલિયાં થાય છે. ઉપર, હા, વાળના મૂળમાં.'

તેણે મને એક આંગળીને બદલે ત્રણ આંગળી બોળવાનું કહ્યું અને જોરથી થી દબાવવા કહ્યું. હું તો બેભાન જેમ તેની સૂચનાઓનું પાલન કરતો હતો. શહેરનો ગણિતનો શ્રેષ્ઠ ટ્યુટર ચમ્પીનો માણસ બન્યો હતો.

'નવી દુકાન કેટલે આવી ?' તેણે પૂછ્યું.

'મેં ડિપૉઝિટ અને ત્રણ મહિનાનું ભાડું આગળથી જ આપી દીધું છે.' મેં જવાબ આપ્યો. 'પચાસ હજાર રોકડા. મોલમાં અમારી દુકાન મોકાની જગ્યાએ હશે.'

'મને તે જોવાની ઈચ્છા છે.' તેણે કહ્યું.

'બસ, બે જ મહિના.' મેં કહ્યું. 'ઓ.કે., આટલું બસ છે. હવે તું તારી જાતે જ કર. હું શીશી પકડીશ.'

તે મારા તરફ ફરી, તેની આંગળીઓ તેલમાં બોળી અને પોતાના માથામાં ઘસવા લાગી.

'મને થાય છે કે હું છોકરો હોત તો !' જોરથી તેલ ઘસતાં તે બોલી.

'કેમ ? માથામાં તેલ સરળતાથી પડે માટે ?' મેં કહ્યું. મારું કાંડું દુઃખતું હતું છતાં મેં શીશી પકડી રાખી.

'તમારી ઈચ્છાઓ પૂરી કરવી તમારા માટે સરળ હોય છે. મને આવી દુકાન ખોલવાની રજા

ન મળે.’ તેણે જવાબ આપ્યો.

હું શાંત રહ્યો.

‘મને લાગે છે કે હવે મારું મગજ કામ કરતું થઈ જશે.’ તેણે પોતાના વાળ ફરી બાંધતાં અને કેમિસ્ટ્રીની ચોપડી ટેબલની વચ્ચે મૂકતાં કહ્યું.

‘મને આ જરા પણ ભણવાની ઈચ્છા નથી.’ તે બોલી.

‘વિદ્યા, મારી તારા શિક્ષક તરીકેની ફરજ છે.’

‘હા, તમારી મારા શિક્ષક તરીકે શું ફરજ છે ? મારે મારાં સ્વપ્ન કેમ પૂરાં કરવાં તે શીખવવું ? કે મારે આળસુ કેમ થવું તે ?’

હું શાંત જ રહ્યો. તેણે પોતાનો ડાબો પગ પોતાના ખોળામાં મુક્યો. મને તેના પાયજામામાં નાનકડા રીંછનાં ચિત્ર દેખાયાં.

‘ખેર, હું તારો શિક્ષક નથી. હું તો તારો ટ્યુટર છું. તારો ગણિતનો ટ્યુટર. હું જ્યાં સુધી જાણું છું ત્યાં સુધી સપનાંનો ટ્યુટર નહીં.’

‘પણ તમે મારા મિત્ર નથી ?’

‘હા, થોડોક કહી શકાય.’

‘ભલે, થોડા તો થોડા. તો પછી કહો, મારે શું કરવું ? મારી ઈચ્છાઓ કચડી નાખવી અને મારી જાતને હાઈડ્રૉકાર્બન મોલેક્યુલ્સથી હમેશ માટે દાટી દેવી ?’

હું ચૂપ રહ્યો.

‘કશુંક તો બોલો. બધા જ સારા ભારતીય વિદ્યાર્થીઓ કરે છે તેમ મને રસ ન હોય તોપણ મારે આ પાઠ કર્યા જ કરવા ?’

મેં જવાબ ન આપ્યો.

‘બોલો, શું કરવું ?’ તેણે મને ફરી પૂછ્યું.

‘સમસ્યા એ છે કે તું એમ માને છે કે હું મૂર્ખ પ્રોબેબલિટીના દાખલા આનંદ માટે શીખવું છું. ખેર, હશે, પણ તે મારા માટે સર્વસ્વ નથી. હું ટ્યુટર છું. મારા માટે તે એક નોકરી છે. પણ સાલી, મને કદી તારાં સપનાંને કચડી નાખનાર ન કહેતી.’ મને મોડેથી ખ્યાલ આવ્યો કે મેં ખરાબ શબ્દ વાપર્યો હતો. ‘મારી ભાષા માટે સૉરી.’

‘ગાળ દેવી તે પણ એક જાતની તીવ્ર ઈચ્છા જ છે.’

હું હસ્યો અને જવા માટે તેની પાસેથી ખસ્યો.

‘તો તમે જાઓ છો.’ તેણે કહ્યું. ‘મારા ટયુટર-મિત્ર, હું તમારી પાસે એક કબૂલાત કરવા માગું છું. હું મુંબઈ જવા માગું છું, પણ મડદાં ચીરવા નહીં. હું તો પી.આર.નું ભણવા ઈચ્છું છું.’

મેં મારી મુઠ્ઠી ટેબલ પર પછાડી. ‘તો પછી એમ કર. મને એવી બેવકૂફ વાતો ન કહે કે હું છોકરો થવા માગું છું અને પીંજરામાં ફસાઈ ગઈ છું. ભલે, તું પીંજરામાં છે. પણ તારી પાસે સરસ તેલથી માલિશ કરેલું મગજ છે, જે ચકલી જેવડું નાનું નથી. ઉપાય શોધવા તેનો ઉપયોગ કર.’

‘મેડિકલ કૉલેજ એક ઉપાય છે, પણ તે મારા માટે નથી.’ તેણે જવાબ આપ્યો.

‘એમ હોય તો પાંજરું તોડી નાખ.’

‘પણ કેમ ?’

‘પાંજરું કોણ બને છે ? તારાં માતાપિતા, બરાબર ? તારે શું હમેશાં તે કહે તેમ જ કરવાનું છે ?’

‘ના જ તો વળી. હું પાંચ વર્ષની હતી ત્યારથી તેમની સામે જુઠ્ઠું બોલું છું.’

‘ખરેખર ? વાહ !’ મેં કહ્યું અને ઊભો થયો. ‘ઈચ્છા વિરુદ્ધ માતાપિતા – અઘરો કિસ્સો છે. પણ તારે જો પસંદગી જ કરવી હોય તો ઈચ્છા જ જીતવી જોઈએ. લોકોએ જો હંમેશાં પોતાનાં

માતાપિતાનું જ કહ્યું માન્યું હોત, તો માણસજાત કદી પણ આગળ વધી શકી ન હોત.'

'હવે બરાબર. આપણાં માતાપિતા પણ નિર્દોષ તો નથી જ. આપણે બધાં પણ ઇચ્છાની પળે જ ગર્ભમા આવ્યાં ન હતાં ?' મને આઘાત લાગ્યો. મેં તેના નિર્દોષ દેખાતા ચહેરા સામે જોયું. આ છોકરી તો કાબૂ બહાર જ છે. કદાચ તેને પીંજરાની બહાર કાઢવી યોગ્ય નથી.



નવ

૨૬ જાન્યુઆરી એ બધા ભારતીયો માટે એક આનંદનો દિવસ છે. તમે પોતાને દેશભક્ત માનો કે ન માનો, પણ તે પહેલે મહિને જ નક્કી રજાનો દિવસ છે. મને યાદ છે કે હું એમ વિચારતો હતો કે તે મંદિરમાંની અમારી દુકાનનો છેલ્લો રજાનો દિવસ હશે, કારણ કે અમે વૅલેન્ટાઈન દિવસે નવા મોલમાં જવાના હતા. ડિપૉઝિટ ઉપરાંત અમે તેનાં ઈન્ટિરિયરને સુશોભિત કરવા બીજા સાઠ હજાર ખર્ચ્યા હતા. મેં મારી મા પાસેથી લોન તરીકે દસ હજાર લીધા હતા. ઈશના પિતાએ કોઈ પણ જાતના પૈસા આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. ઓમીએ, જોકે મેં તેને ના પાડી હતી છતાં, બાકીના બિટ્ટુમામા પાસેથી લોન તરીકે લીધા હતા.

પ્રજાસત્તાક દિવસની આગલી રાતે હું મારી પથારીમાં વિચાર કરતો સૂતો હતો. મેં એક લાખ, દસ હજાર રૂપિયા રોક્યા હતા. મારો બિઝનેસ હવે તો લાખો રૂપિયા સુધી પહોંચી ગયો હતો. શું હવે અમારે એવા જ જુનવાણી રહેવું ! હવે તો સ્પૉર્ટ્સ શૉપ માટે આરામથી રહેવાશે. આખી રાત મેં મારા ચેઈન સ્ટોરનાં સ્વપ્નાં જોયાં.

'મને હલાવો નહીં, મોમ. મને સૂવા દો.' મેં બૂમ મારી કહ્યું. જગત બિઝનેસમૅનને ભાગ્યે જ આવતા રજાના દિવસે પણ સૂવા કાં નથી દેતું ?

પણ મોમે મને હલાવ્યો ન હતો. હું જાતે જ હલતો હતો. મેં મારી આંખો ઉઘાડી. મારી પથારી આમતેમ હલતી હતી. મેં દીવાલ પરની ઘડિયાળ સામે જોયું. તે જમીન પર પડી ગઈ હતી. રૂમ, ફર્નિચર, પંખો અને બારી – બધું ભયાનક રીતે ધ્રૂજતું હતું.

મેં મારી આંખોને ચોળી. આ શું હતું ? કોઈ ભૂતાવળ જોતો હતો ?

હું ઊભો થયો અને બારી પાસે ગયો. શેરીમાં લોકો આમતેમ ગમે તે દિશામાં દોડતાં હતાં.

'ગોવિંદ ?' મારી મોમે બીજા ખંડમાંથી રાડ પાડી. 'ટેબલ નીચે છુપાઈ જા. આ ધરતીકંપ છે.'

'શું ?' મેં કહ્યું, અને બારીની પાસે આવેલા ટેબલ નીચે કૂદકો મારીને ઘૂસી ગયો. હું બહારનો વિનાશ જોતો હતો. સામેનાં ત્રણ મકાન પરનાં ટી.વી. એન્ટેના નીચે પડી ગયાં. ટેલિફોનનો થાંભલો તૂટી પડયો અને જમીન પર ઢળી પડયો.

ધ્રૂજારી લગભગ પિસ્તાલીસ સેકન્ડ ચાલી. મારા જીવનની સૌથી લાંબી અને ભયાનક વિનાશક પિસ્તાલીસ સેકન્ડ ! અલબત્ત, તે પળે તો મને ખબર ન હતી. ધરતીકંપ પછી એક વિચિત્ર શાંતિ છવાઈ ગઈ.

'મોમ ?' મેં ચીસ પાડી.

'ગોવિંદ, હલતો નહીં.' તેણે સામે ચીસ પાડી કહ્યું.

'તે પૂરો થઈ ગયો છે.' દસ મિનિટ પસાર થઈ ગયા પછી મેં કહ્યું, 'તું સલામત છે ?'

હું દીવાનખંડમાં આવ્યો. દીવાલ પરનું બધું જ – કૅલેન્ડર, પેઈન્ટિંગ્ઝ, લેમ્પ સ્ટૅન્ડ – જમીન પર પડયું હતું.

'ગોવિંદ.' મારી મા આવી અને મને વળગી પડી. હા, હું તદ્દન સાજોસમો હતો. મારી મા પણ હેમખેમ હતી.

'ચાલ, આપણે બહાર જઈએ.' તેણે કહ્યું.

'કેમ ?'

'મકાન કદાચ ઢળી પડે.'

'મને નથી લાગતું.' મારી માએ મને પાયજામામાં જ ઘસડયો ત્યારે મેં કહ્યું. શેરી લોકોથી ઊભરાતી હતી.

'તે બૉમ્બ છે !' એક માણસ બીજાને ધીમેથી કહેતો હતો.

'ધરતીકંપ. ટી.વી.માં આવે છે. તે ભુજમાં શરૂ થયો.' શેરીમાંના બીજા માણસે કહ્યું.

'બહુ ખરાબ.' બીજી વ્યક્તિ બોલી.

'જો આપણે સેંકડો કિલોમીટર દૂર રહી આ કંપન અનુભવ્યું, તો ભુજની ની સ્થિતિની કલ્પના તો કરો !' એક વૃદ્ધે કહ્યું.

અમે એકાદ કલાક બહાર ઊભાં. અમારા મકાનનો પાયો, ના, અમારી આખી પોળનાં મકાનોના પાયા નબળા ન નીકળ્યા. તે દરમ્યાન અફવાઓ અને વાતો ફેલાવા લાગી. કેટલાકે કહ્યું કે હજી વધારે ભૂકંપ આવવાનો છે. કેટલાકે કહ્યું કે ભારતે ન્યુક્લીયર બૉમ્બનું પરીક્ષણ કર્યું હતું. અમદાવાદના થોડા ભાગમાં ખૂબ નુકસાન થવાના સમાચાર પણ આવવા લાગ્યા. આ બધી વાતો શેરીઓમાં શેરીઓમાં પ્રસરવા લાગી.

હું મારા ઘરમાં ફરી આવ્યો અને ટી.વી. ચાલુ કર્યું. દરેક ચેનલમાં ધરતીકંપના જ સમાચાર આવતા હતા. તેનું એપીસેન્ટર ભુજ પાસે ભચાઉ ગામમાં હતું, પણ તેને કારણે ગુજરાતના ઘણા ભાગોમાં અસર થઈ હતી.

'રિપોર્ટ કહે છે કે અમદાવાદના મોટા ભાગના વિસ્તારો સલામત છે, પણ નવાં બંધાતાં ઘણાં મકાનોને વ્યાપક નુકસાન થયું છે.' રિપોર્ટર બોલ્યો. મારા શરીરમાં ધ્રુજારી આવી ગઈ.

'ના, ના, ના.' હું બબડયો.

'શું ?' મારી મા ચા અને ટોસ્ટ લઈ આવી અને પૂછ્યું.

'મારે બહાર જવું પડશે.' મેં કહ્યું.

'ક્યાં ?'

'નવરંગપુરા... હમણાં જ.' મેં કહ્યું અને સ્લીપર્સ પહેર્યા.

'તું ગાંડો થઈ ગયો છે ?' તેણે કહ્યું.

'મારી દુકાન, મોમ, મારી દુકાન...' એટલું જ હું બોલી શક્યો અને ઘરની બહાર દોડી ગયો.

આખું શહેર જાણે થંભી ગયું હતું. મને ઑટો કે બસ કંઈ જ ન મળ્યું. મેં સાત કિલોમીટર દોડવાનું નક્કી કર્યું. મારે જોવું હતું કે મારો સ્ટોર તો બરાબર હતો ને ! હા, હું તેને માત્ર ઓ.કે. જોવા માગતો હતો.

ત્યાં પહોંચતાં મને એક કલાક લાગ્યો. આખે રસ્તે મેં વિનાશ જ વિનાશ જોયો. સેટેલાઈટ જેવા નવા વિસ્તારમાં ખૂબ નુકસાન થયું હતું. લગભગ દરેક મકાનની બારીઓ તૂટી ગઈ હતી. જે મકાન હજી બંધાતાં હતાં, તે તો જમીનદોસ્ત જ થઈ ગયાં હતાં. હું નવરંગપુરામાં પ્રવેશ્યો. જમીનદોસ્ત દુકાનોની નિશાનીઓ રસ્તા પર દેખાતી હતી. મેં મનોમન દલીલ કરી કે મારા નવા અદ્યતન મકાનમાં તો ભૂકંપ-પ્રૂફ વ્યવસ્થા હશે જ. છેલ્લા સો મીટર દોડતાં તો હું હાંફી ગયો. મારા આખા શરીરે પરસેવો વળ્યો હતો.

મારું બિલ્ડિંગ મને દેખાતું નહોતું ? જેવો હું મારી શેરીમાં પ્રવેશ્યો કે મેં વિચાર્યું. ચારે બાજુ વિનાશ જ દેખાતો હતો અને તૂટી ગયેલ નિશાનીઓના કારણે સરનામું મળતું ન હતું.

મારો શ્વાસ થંભાવી હું પાછળ ખસ્યો.

'મારું બિલ્ડિંગ ક્યાં છે ?' શેરીને ચક્કર મારતાં મેં મારી જાતને પૂછ્યું.

છેવટે મળ્યું. જોયું તો ગઈ કાલ સુધી સંપૂર્ણ છ માળનું હતું તે હવે સિમેન્ટના ઢગલામાં ફેરવાઈ ગયું હતું. હું સ્વસ્થ ન રહી શકયો. મને તીવ્ર તરસ લાગી. મેં આજુબાજુ પાણી માટે જોયું, પણ ચારે બાજુ કેવળ ઢગલા જ ઢગલા દેખાતા હતા. મારા પેટમાં પીડા થતી હતી. મેં પેટને ડાબા હાથથી દબાવ્યું અને મારી જાતને સાચવવા પાસેના તૂટેલા બાંકડા પર બેસી ગયો.

પોલીસે એક મજૂરને બહાર કાઢયો. તેના આખા શરીરે ઉઝરડા હતા. સિમેન્ટની બૅગો તેના શરીર પર પડી હતી અને તેના પગ કચડાઈ ગયા હતા. લોહીના દર્શનથી મને ઊલટી થઈ. આખા ટોળામાંથી કોઈએ મારા પર ધ્યાન ન આપ્યું. એક લાખ અને દસ હજાર મારા મનમાં આ આંકડા ઘૂમતા હતા.

મારા પિતા ગયા ત્યારથી બનેલ અનેક બનાવોની અનેક અસંબદ્ધ ઘટનાઓ મારા મનમાં ઘૂમરાવા લાગી. જે મારા મનમાં કદી નહોતી આવી. ઘર બહાર નીકળતી વખતે દરવાજો બંધ કર્યો ત્યારના તેમના ચહેરા પરની નજર. પછીના થોડા કલાકો સુધી મારી માનાં મૌન આંસુ, જે થોડાં વર્ષો સુધી પછી ચાલુ જ રહ્યાં. મને સમજ પડતી ન હતી કે શા માટે આ ભૂતકાળનાં દૃશ્યો મારા મનમાં આવતાં હતાં. મને લાગે છે કે મગજ પાસે એક ખાસ પેટી હોય છે જે આવી અણગમતી સ્મૃતિઓ સાચવે છે. તે આમ તો બંધ રહે છે, પણ જ્યારે તેમાં કોઈ નવા દૃશ્યનો સમાવેશ કરવાનો હોય ત્યારે ખૂલે છે અને તેની અંદર શું છે તે તમે જોઈ શકો છો. મને મારા પિતા પ્રત્યે ભારે ગુસ્સો આવ્યો. તે ખોટું હતું, મારે ખરું તો ભૂકંપ પ્રત્યે ગુસ્સો કરવો જોઈએ, ખાસ તો મારા પ્રત્યે જ – આટલાં બધાં નાણાં રોકવા બદલ – આવી ભૂલ કરવા બદલ.

મારું શરીર ભયંકર ધ્રૂજતું હતું.

'ચિંતા ન કરો. ઈશ્વર આપણું રક્ષણ કરશે.' કોઈએ મારા ખભા પર હાથ મૂકી કહ્યું.

'ઓહ એમ, ખરેખર ! તો પછી સાલો આ ભૂકંપ કોણે મોકલ્યો ?' મેં જવાબ આપ્યો અને આ અજાણ્યાને ધક્કો મારી કાઢી મૂક્યો. મને સહાનુભૂતિની જરૂર ન હતી. મારે તો મારી દુકાન જોવી હતી.

બે વર્ષની કંજૂસાઈ અને બચત, વીસ વર્ષનાં સ્વપ્ન – બધું જ વીસ સેકન્ડમાં ધોવાઈ ગયું હતું. એક સમયે છ માળના બિલ્ડિંગના ઉપલા માળે મુકાયેલ 'નવરંગપુરા મોલ'નું નિયોન બોર્ડ અત્યારે જમીન પર પડયું હતું. સંભવ છે, ભગવાન આ રીતે કશુંક કહેવા માગતો હશે કે આપણને મોલની જરૂર નથી. આપણે તો નાના શહેરમાં જ રહેવા સર્જાયેલા છીએ અને આપણે મોટું શહેર થવાનો પ્રયાસ પણ કરવો ન જોઈએ. મને સમજ ન પડી કે હું ઈશ્વરનો વિચાર કેમ કરતો હતો, હું તો અજ્ઞેયવાદી હતો. પણ તમે ધરતીકંપ માટે કોને દોષ આપી શકો ?

અલબત્ત, હું નવરંગપુરા મોલના બિલ્ડરને પણ દોષ આપી શકું, કારણ કે પોળમાંનાં સો વર્ષ જૂનાં મકાનો અડીખમ ઊભાં હતાં. ઓમીનું બસો વર્ષ જૂનું મંદિર પણ ટકોરાબંધ ઊભું હતું. તો આ સાલો મોલ કેમ પડી ગયો ? શેનાથી તેને બનાવ્યો હતો ? રેતીથી ?

મારે દોષ દેવા માટે કોઈક જોઈતું હતું. મારે કોઈકને, કશાકને મારવું હતું.. મેં એક ઈંટ ઉપાડી અને તૂટી ગયેલી બારી પર ઘા કર્યો. બાકી રહી ગયેલ કાચના ચૂરેચૂરા થઈ ગયા.

'આ તું શું કરે છે ? આપણે ભારે વિનાશ નથી જોયો ?' મારી બાજુમાં ઊભેલ કોઈક બોલ્યું.

હું તેનો કે બીજા કોઈનો પણ ચહેરો ઓળખી ન શક્યો. મારું હૃદય બમણા જોરથી ધડકતું હતું. હું મારા બિલ્ડર પર કેસ તો કરી જ શકું, મારા દિલે કહ્યું. બિલ્ડર ભાગી પણ ગયો હોય, મારી બુદ્ધિએ કહ્યું. અને કોઈને તેના પૈસા પાછા નથી મળવાના.

'ગોવિંદ, ગોવિંદ.' ઈશ બોલ્યો. તેણે મારા કાનમાં ચીસ પાડી. પછી જ હું જાગ્યો અને તેના તરફ ધ્યાન ગયું.

'અલ્યા, તું અહીં શું કરી રહ્યો છે ? અત્યારે તો બહાર ફરવું પણ જોખમી છે. ચાલ, આપણે

ઘેર જઈએ.' ઈશે કહ્યું.

મારા જીવનના છેલ્લા ચાર કલાક જ બચ્યા હોય તેમ હું આ મલબા સામે જોતો રહ્યો.

'ગોવિંદ.' ઈશ બોલ્યો, 'આપણે કંઈ કરી શકીએ તેમ નથી. ચાલ, જઈએ.'

'આપણે ખલાસ થઈ ગયા, ઈશ.' હું બોલ્યો. છેલ્લા દસકામાં પહેલી વાર મેં મારી આંખને ભીની થતી જોઈ.

'કંઈ વાંધો નહીં, દોસ્ત, પણ આપણે જવું જોઈએ.' ઈશ બોલ્યો.

'આપણે બધું જ ગુમાવી દીધું છે. જો, જો, આપણો બિઝનેસ શરૂ થાય તે પહેલાં જ...'

હું ભાંગી પડયો. મારા પિતા ગયા પછી હું કદી રડયો ન હતો. મારો હાથ એક દિવાળીએ દાઝી ગયો હતો અને ડૉ. વર્માએ મને સૂવા માટે ઊંઘની ગોળી આપવી પડી હતી, છતાં હું રડયો ન હતો. ભારત મેચ હારતું ત્યારે પણ હું કદી ન રડતો. ઈજનેરી કૉલેજમાં હું જોડાઈ ન શક્યો છતાં હું રડયો નહીં. બિઝનેસના પહેલા ત્રણ માસમાં અમે ભાગ્યે જ કમાતા, છતાં હું ન રડતો. પણ એ દિવસે, જ્યારે ભગવાને મારા શહેરને કોઈ પણ કારણ વિના તમાચો માર્યો, ત્યારે હું સતત રડતો રહ્યો. ઈશે મને પકડી રાખ્યો અને મારાં આંસુ લૂછવા માટે પોતાના શર્ટનો ઉપયોગ કરવા માંડયો.

'ગોવિંદ, ચાલ આપણે ઘેર જઈએ.' ઈશે કહ્યું. તે કદી પણ મને ટૂંકા નામે ન બોલાવતો. તેણે મને આવી સ્થિતિમાં પણ કદી જોયો ન હતો. તેમનો સી.ઈ.ઓ. અને વડીલ અત્યારે ભાંગી પડયો હતો.

'આપણે દુર્ભાગી છીએ, દોસ્ત. મેં બચત જ કરી, બચત જ કરી અને સાલી બચત કર્યે જ રાખી. અને આપણે લોન પણ લીધી. પણ પછી આ ? ઈશ, હું બિટ્ટુમામાના ચહેરા પરની સંતોષની નજર જોવા નથી માગતો. હું રસ્તા પર કામ કરીશ.' ઈશ મને ઑટો તરફ ઘસડી જતો હતો ત્યારે હું બોલ્યો.

લોકોએ એમ માન્યું કે મેં મારું બાળક ગુમાવ્યું હશે. પણ બિઝનેસમૅન જ્યારે પોતાનો બિઝનેસ ગુમાવે છે, તો તેને તેવું જ થતું હોય છે. તમે બિઝનેસનું જોખમ લો અને તેમાં ખોટ ખાવ તો એક બાબત છે, પણ આ તો અન્યાય જ હતો. કોઈકે તો જાણવાની જરૂર જ હતી કે તે સરાસર અન્યાય હતો.

ઈશ મને શાંત કરવા ફ્રૂટિ લાવ્યો. તેણે જરા મદદ કરી, કારણ કે હું પછીના બે દિવસ ખાઈ જ ન શક્યો. મને લાગે છે કે આંબાવાડીના બીજા લોકોની પણ આ જ હાલત હતી.

પાછળથી મને ખબર પડી કે ત્રીસ હજારથી વધારે લોકોએ પોતાના જાન ગુમાવ્યા હતા. આનો અર્થ એ કે લોકોથી ભરેલ એક આખું સ્ટેડિયમ. ભુજમાં તો નેવું ટકા ઘર નાશ પામ્યાં હતાં. શાળાઓ અને હૉસ્પિટલો જમીનદોસ્ત થઈ ગઈ હતી. એકંદરે, ગુજરાતમાં ભૂકંપે એક લાખ મકાનોને નુકસાન કર્યું હતું જેમાં મારી દુકાનનો પણ સમાવેશ થતો હતો. વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોતાં મારું નુકસાન આંકડાકીય રીતે નહીંવત હતું. વ્યક્તિગત રીતે જોઈએ તો મને સૌથી વધારે નુકસાન ગયું હતું. નવા શહેરની તુલનામાં જૂનું શહેર ટકી ગયું હતું. મને લાગે છે કે આપણા વડવાઓ મોલવાળા કરતાં સિમેન્ટમાં વધારે વિશ્વાસ કરતા હતા.

ટી.વી. ચેનલો કહેતી હતી કે ગુજરાતની તુલનામાં અમદાવાદનું નસીબ સારું હતું. નવા શહેરમાં માત્ર પચાસ બહુમાળી મકાનો નાશ પામ્યાં હતાં. બીજી જગ્યાએ જે હજારો લોકો ૅ મરી ગયાં હતાં, તેની તુલનામાં અમદાવાદમાં કેવળ થોડા સો લોકો જ મર્યાં હતાં. જ્યારે સેંકડો માણસો મરી જાય તેને 'થોડાં' કહેવાય તે તો હાસ્યાપદ કહી શકાય. તે બધાં લોકોને પણ કુટુંબ તો હશે જ. તેમની આશાઓ અને સપનાં ભૂકંપની આ ચાલીસ સેકન્ડમાં વીખરાઈ ગયાં હતાં. પણ ગણિત આમ જ કામ કરે છે – ત્રીસ હજારની સરખામણીમાં સો એક નાની ભૂલ કહેવાય.

* * *

મેં એક અઠવાડિયું તો ઘર જ ન છોડયું. પહેલા ત્રણ દિવસ તો મને સખત તાવ આવ્યો અને

પછીના ચાર દિવસ મારું શરીર પથ્થર જેવું ટાઢું થઈ ગયું.

'તારો તાવ તો ચાલ્યો ગયો.' ડૉ. વર્માએ મારી નાડ તપાસતાં કહ્યું.

હું પથારીમાં સૂતો હતો અને કોરી આંખે છત તરફ જોયા કરતો હતો.

'તું દુકાને નથી જતો ?'

મેં ઊંચું જોઈને માથું હલાવી ના પાડી.

'મને તારી પાસે આવી આશા ન હતી. તેં નવલધારીઓ વિશે તો સાંભળ્યું જ હશે.'

હું શાંત રહ્યો.

'તું બોલી શકે છે. મેં કંઈ તારા મોંમાં થર્મોમીટર નથી રાખ્યું.'

'ના. તેઓ કોણ છે ?'

'નવલધારીઓ ગુજરાતની એક ચુસ્ત સાહસિક કોમ છે. તેમાં દરેક જણ વેપાર જ કરે છે. તેઓ કહે છે કે, સાચો નવલધારી બિઝનેસમૅન એ છે જે નવ વખત જમીનદોસ્ત થયા પછી પણ ઊભો થઈ જાય છે.'

'હું દેવામાં છું, ડૉક્ટર. મારા બિઝનેસમાં જેટલું હું કમાયો હતો તેના કરતાં વધારે પૈસા એક જ ઝટકે મેં ગુમાવ્યા છે.'

'દુનિયામાં એવો કોઈ જ વેપારી નથી જેણે ક્યારેય પણ પૈસા ગુમાવ્યા ન હોય એવો કોઈ નથી જે સાઈકલ શીખતી વખતે પડયો ન હોય. એવો પણ કોઈ નથી જેણે દુ:ખી થયા વિના પ્રેમ કર્યો હોય. આ તો બધું એ રમતનો એક ભાગ છે.' ડૉ. વર્માએ ખભા હલાવતાં કહ્યું.

'હું તો ડરી ગયો છું.' મેં દીવાલ તરફ મારું મોં કરતાં કહ્યું.

'મીડલ ક્લાસ મા-બાપ જેવી વાત ન કર. પૈસા ગુમાવવાની બીકે તેઓ પોતાના બાળકોને સલામત આવક મેળવવા આખી જિંદગી બીજાની ગુલામી કરવાનું કહે છે.'

'પણ મેં તો ખૂબ ગુમાવ્યું છે.'

'હા, પણ તારા પક્ષે તારી ઉંમર છે ને. તું તો યુવાન છે. તું એ બધું પાછું કમાઈ લઈશ. તારે બાળકોને ખવડાવવાનું નથી કે નથી ઘર ચલાવવાનું. અને બીજી વાત, હજી તો તેં ઘણા ઓછા પૈસા જોયા છે. તું તેના વિના જીવી શકે છે.'

'મને કશું જ કરવાની ઈચ્છા નથી. આ ધરતીકંપ, તે આવ્યો જ શા માટે ? તમે જાણો છો કે અમારી શાળા હવે એક રાહત કૅમ્પ બની ગઈ છે ?'

'હા, અને આ શરણાર્થીઓ શું કરે છે ? તેઓ શું પથારીમાં પડયા રહે છે કે પુન: બેઠા થવાનો પ્રયત્ન કરે છે ?'

મેં ડૉક્ટરને જવાનું કહ્યું. મારી આસપાસના બધા જ મને સલાહો આપતા હતા. સરસ સલાહ, હકીકતે. પણ હું સાંભળવાના મૂડમાં ન હતો. મને કશું કરવાનો મૂડ ન હતો. અને દુકાન ? એ એક અઠવાડિયું વધારે બંધ રહેવાની હતી. ધરતીકંપ પછી કોણ રમતગમતનાં સાધનો ખરીદવાનું હતું !

'આવતી કાલે તું પથારીમાંથી ઊભો થઈ જા એવું ઈચ્છું છું.' ડૉ. વર્માએ કહ્યું અને તે ગયા. ઘડિયાળ બપોરના ત્રણ બતાવતું હતું. મેં તેની સામે ચાર સુધી જોયા કર્યું.

'હું અંદર આવી શકું, ગોવિંદ સર ?' વિદ્યાનો મીઠો અવાજ મારા ઘરમાં એટલો વિચિત્ર લાગ્યો કે હું સટાક કરતો પથારીમાં બેઠો થઈ ગયો. અને આ સર વળી શું હતું !

તેના હાથમાં જાડું એમ. એલ. ખન્નાનું પુસ્તક અને નોટબુક હતાં.

'તું વળી અહીં શું કરે છે ?' મેં મારો પાયજામો અને ગંજી છુપાવવા ચાદર ખેંચી.

તે અલબત્ત, પોતાના મરુન અને ઑરેન્જ રંગના સલવાર-કમીજમાં અને તેને મેચિંગ આભલાંવાળા દુપટ્ટામાં ખૂબ સુંદર લાગતી હતી.

'હું કેટલાક દાખલામાં અટકી પડી હતી. મને થયું કે હું જ આવું અને પૂછું, કારણ કે તમે માંદા છો.' તેણે કહ્યું અને મારી પથારી સામે ખુરશી પર બેઠી.

મારી મા ચાના બે કપ લઈને રૂમમાં આવી. મેં તેને શર્ટ માટે સંકોચ સાથે ઈશારો કર્યો.

'તારે શર્ટ જોઈએ છે ?' ઈશારા કરવાની મારી બધી મહેનત પર પાણી ફેરવતાં માએ પૂછ્યું

'કયા દાખલા ?' મેં મોમના ગયા પછી શુષ્ક રીતે પૂછ્યું.

'ગણિતના બહાને હું મારી મોમ પાસેથી રજા લઈને આવી છું. ખરેખર તો હું તમને મળવા માગતી હતી.' તેણે મને ખન્નાનું પુસ્તક આપ્યું.

શા માટે ? પથારીમાં પડયા પડયા દાખલા ઉકેલવા ?

મારી મા શર્ટ લઈને આવી અને પછી ચાલી ગઈ. મેં મારા એક હાથથી શર્ટ પકડયું અને બીજા હાથમાં ખન્નાનું પુસ્તક. વર્તન અને જિજ્ઞાસા વચ્ચેનો મુદ્દો હતો. મેં શર્ટ બાજુમાં મૂક્યું અને પુસ્તક ખોલ્યું. હાથેથી બનાવેલ એક ગુલાબી ગ્રીટિંગ કાર્ડ અંદરથી સરી પડયું.

કાર્ડમાં પથારીમાં સૂતેલા એક છોકરાનું હાથથી દોરેલ કાર્ટૂન હતું. મને કદાચ ખ્યાલ ન આવે તો, ગોવિંદ એમ નામ આપેલ હતું. અંદર વાંકા અક્ષરોમાં છોકરાની જેમ લખ્યું હતું : 'જલદી સાજા થાવ.' તેની નીચેની કવિતા આમ હતી :

મારા ગણિતના ટ્યુટરને/ સ્વપ્નના ગાઇડને/ એક જાતના મિત્રને,
હું તમારી ખોટને બરાબર સમજી શકતી નથી, પણ હું પ્રયત્ન કરી શકું છું.
ક્યારેક જીવન સ્પીન બૉલ ફેંકે છે અને તમે પ્રશ્ન કરો છો – શા માટે ?
તેના જવાબો ન હોઈ શકે, પણ મને ખાતરી છે કે સમય ઘાને રૂઝવી દેશે.
એટલે જ અહીં હું તમને 'જલદી સાજા થાવ' એમ કહું છું.

તમારી તદ્દન નબળી વિદ્યાર્થીની,
વિદ્યા

'આ કંઈ બરાબર નથી.' તે બડબડી.

'મને તે ગમે છે. મને દિલગીરી છે કે હું કહેવા પૂરતો જ મિત્ર છું. હું કેવળ...'

'એ તો ઠીક છે. એ એટલું તો સ્પષ્ટ કરે છે કે અભ્યાસ પ્રથમ આવે છે. બરાબર ?'

મેં માથું હલાવ્યું.

'કેમ ચાલે છે ?'

મેં દીવાલ તરફ ઊંધા સૂવાની તીવ્ર ઈચ્છાને અટકાવી. 'જીવન ચાલ્યા કરે છે અને એમ જ હોય. કદાચ ઍરકંડિશન્ડ મોલ મારા માટે ન હતો.'

'અલબત્ત, છે જ. તે કંઈ તમારી ભૂલ ન હતી. મને ખાતરી છે કે તમે એક દિવસ ત્યાં જ હશો. તમે તમને નસીબદાર નથી માનતા કે જ્યારે આ ઘટના બની ત્યારે તમે ત્યાં ન હતા ? જો મોલ ખૂલી ગયો હોત તો કેટલી જિંદગીઓ ચાલી ગઈ હોત ?'

તેનો મુદ્દો વિચારણીય હતો. મારે આનાથી પર થવું જ રહ્યું. મારે બીટ્ટુમામાનો ચહેરો ફરીથી સ્વીકારવો જ પડશે.

મેં ખન્નાની ચોપડી તેને પાછી આપી અને કાર્ડ મારી પથારી નીચે મૂક્યું.

'ઈશ કહે છે કે તમે દુકાને નથી જતા.'

'દુકાન ખુલ્લી છે ? મેં કહ્યું. ઈશ અને ઓમી રોજ મને મળતા હતા, પણ આ વિશે કદી વાત કરી ન હતી.

'હા, તમારે એ જોવાની જરૂર છે કે ભૈયા ઘેર બેસી એકાઉન્ટ વિશે કેટલી મથામણ કરે છે ? તેને પણ ટ્યુશન આપવાની જરૂર છે.' તે ખડખડાટ હસી. 'હવે હું જાઉં. મારા ભણતર વિશે ચિંતા ન કરતા.'

'હું આવતા બુધવારે આવી જઈશ.' મેં કહ્યું.

'સરસ છોકરી છે.' મારી માએ સાવચેતીથી કહ્યું. 'તને ગમે છે ?'

'ના. ખૂબ ભયાનક વિદ્યાર્થિની છે.'

મેં રાતે ભૂખ ન લાગે તેવું ઉકાળેલ શાકભાજીનું ખાણું ખાઈ લીધું ત્યારે ઓમી અને ઈશ આવ્યા.

'તમે દુકાન ચલાવો છો, કેમ ?' મારા અવાજમાં શક્તિનો સંચાર જોઈ તેઓ નવાઈ પામ્યા.

'અલ્યા, તું તો ઠીક થઈ ગયો લાગે છે.' ઈશે કહ્યું.

'એકાઉન્ટ કોણ સંભાળે છે ?' મેં પૂછ્યું અને બેઠો થયો.

ઓમીએ ઈશ તરફ આંગળી ચીંધી.

'અને ? શું કરે છે ? એક વેચાણમાં બે આપે છે ?'

'અમે આ અઠવાડિયામાં એક પણ ડિસ્કાઉન્ટ નથી આપ્યું.' ઈશે કહ્યું અને મારી પાસે પથારી પર જ બેઠો.

ઈશે આરામથી બેસવા મારું ઓશીકું ખેંચ્યું. 'થોભ' મેં કહ્યું. અને કોણીથી ઓશીકાને બરાબર દબાવ્યું.

'આ શું કરે છે ?' ઈશે કહ્યું અને મારા ઓશીકા નીચે ગુલાબી કાર્ડ જોઈને સ્મિત કર્યું.

'ના. તે તારો વિષય નથી.' મેં કહ્યું. અલબત્ત, તે તેનો જ વિષય હતો. તે તેની બહેન હતી.

'કાર્ડ ?' ઓમીએ પૂછ્યું.

'હા, મારા કઝીને આપ્યું.' મેં જવાબ આપ્યો.

'તને ખાતરી જ છે ?' ઈશે મને હેરાન કરવા અને ઓશીકા પરની મારી પકડને હળવી કરવા કહ્યું.

'મૂકી દે.' મેં કહ્યું અને હળવા દેખાવાનો પ્રયાસ કર્યો. મેં જેમ જેમ ઓશીકું વધારે દબાવ્યું તેમ તેમ મારું હૃદય જોરથી ધબકતું હતું.

'પંડિતની દીકરી, નહીં ?' ઓમી હસતાં બોલ્યો.

'જે હોય તે.' મેં જવાબ આપ્યો. હું છેલ્લા ઉપાય તરીકે ઓશીકા પર બેસી ગયો.

'બિઝનેસ સાથે આનંદ પણ ભળે છે ?' ઈશે કહ્યું અને તે પણ હસી પડયો.

આ છેતરામણીને ઉત્તેજન આપવા હું પણ હસ્યો.

'પાછો આવી જા.' ઈશે કહ્યું.

'લોન... એ બધી મારી ભૂલો છે.' મેં દીવાલ સામું જોઈ કહ્યું.

'મામાએ કહ્યું કે આપણે દુકાન ચાલુ રાખી શકીએ છીએ.' ઓમી બોલ્યો.

'કોઈ પણ શરત વિના ?' મેં નવાઈથી કહ્યું.

'એવું તો સાવ નહીં.' ઓમીએ જવાબ આપ્યો.

'એનો અર્થ શું થાય છે ?'

'એ તો સમજી લેવાનું કે આપણે તેમને પ્રચારમાં મદદ કરીશું.' ઈશ બોલ્યો. 'પણ ચિંતા ન કર. તારે કશું કરવાનું નથી. ઓમી અને હું મદદ કરશું.'

'આપણે તેમની લોન ઝડપથી પાછી આપવાની છે. આપવી જ પડશે.' હું બોલ્યો.

'આપણે તે આપી દઈશું.' ઈશે મારી આંખમાં જોતાં કહ્યું. હિંમતભર્યા શબ્દો પણ પહેલી વાર માનવા યોગ્ય.

'હું દિલગીર છું કે મેં બચત...' મને લાગ્યું કે મારે માફી તો માગવી જ જોઈએ, પણ ઓમીએ મને અટકાવ્યો.

'બિઝનેસ તો ભાગીદાર તરીકે સાથે મળી કર્યો છે. અને તું અમારા બેમાં વધારે ચતુર છે.'

મને ખાતરી ન હતી કે તેનું આ વાક્ય સાચું હતું કે નહીં. બિઝનેસમૅન તરીકે નકામો હું તો મને લાગતો હતો.

'તો કાલે મળીએ.' મેં કહ્યું.

તેઓ ગયા પછી મેં કાર્ડ ફરી કાઢયું અને તેના સળને સરખા કર્યા. સૂતાં પહેલાં મેં કાર્ડ આઠ વાર વાંચ્યું.

અમારા કામમાં મારી ગેરહાજરીથી મારા મિત્રોમાં પેલી શક્તિ બહાર આવી. ગણતરીની કેટલીક ભૂલો બાદ કરતાં તેમણે એકાઉન્ટ બરાબર સાચવ્યું. તેઓ રોજ દરરોજના વેચાણને નોંધતા કિંમતો પણ બરાબર યાદ રાખતા. વળતર નહોતું આપ્યું. દુકાન ચોખ્ખીચણક રાખતા અને વસ્તુઓ સરળતાથી મળી આવતી. સંભવ છે, એક દિવસ હું મારો બિઝનેસ શરૂ કરું અને છૂટો થઈ શકું.

મેં સપનાં જોવાનું બંધ કર્યું. ભારત સપનાં જોવાની ભૂમિ નથી. ખાસ કરીને તમે જ્યારે એક વાર નિષ્ફળ ગયા હો. હવે હું હિન્દુ તત્ત્વજ્ઞાનના ડહાપણને સમજી શક્યો કે વધારાની ઈચ્છા રાખવા કરતાં તમને જે મળે તેમાં સંતોષ માનો. ઋષિઓએ નવરાશમાં શોધેલ આ કોઈ કોરું તત્ત્વજ્ઞાન ન હતું, પણ જે દેશમાં ઈચ્છાઓને સતત કચડવામાં આવે છે, તેમાં ટકવાનો મંત્ર હતો. મંદિરમાંની દુકાન એ મારી નિયતિ હતી. અને તેમાંથી મળતી સરાસરી આવક એ મારું કર્મ હતું. વધારે મળવાનું ન હતું. મેં ઊંડો શ્વાસ લીધો, હળવાશનો અનુભવ કર્યો અને કેશ બૉક્સ ખોલ્યું.

'બે અઠવાડિયાં માટે ખૂબ ઓછું કહેવાય, પણ પહેલાં ધરતીકંપ અને હવે ભારત-ઑસ્ટ્રેલિયા સિરીઝ.' ખૂણામાંથી ઈશે કહ્યું.

'લોકો માટે હવે રમવાનું કોઈ જ કારણ નથી.' ઓમીએ કહ્યું.

'ના, ના, બધું બરાબર છે. સિરીઝમાં શું ચાલે છે ?' મેં પૂછ્યું. ક્રિકેટના કાર્યક્રમ વિશે હું કશું જાણતો ન હતો.

'ભારતે પહેલી ટેસ્ટ ગુમાવી. હજી બે બાકી છે. હવે પછીની કોલકાતામાં છે.' ઈશે કહ્યું.

'હત્, વન ડે ?'

'પાંચ, હવે શરૂ થશે.' ઓમી બોલ્યો. 'મને તેના વિશે ખાસ મોટી આશા નથી. આ ઑસ્ટ્રેલિયનો કોઈ જુદી જ માટીના બનેલા છે.'

'મને તો એ જાણવાની ઈચ્છા છે કે ઑસ્ટ્રેલિયનો આ કેમ કરી શકે છે ?' ઈશ બોલ્યો.

મામાના આગમને અમારી વાતોમાં ભંગાણ પાડયું. 'સમોસા ગરમ, સંભાળીને ચા લઈ આવજે.' તેમણે કહ્યું અને ખૂણામાં પોતાની ભૂરી બૅગ મૂકી.

હું પહેલાં જેવો હોત તો આ બાબત મારા માટે ગુસ્સે થવાની હોત ને કાઉન્ટર પર ગ્રીઝ ડાઘો કરશે એમ ટીકા કરત. પણ હવે, ધરતીકંપ પછીના, ગોવિંદનો નવો અવતાર મામાને વિરોધી તરીકે જોતો ન હતો. અમે હૂંફાળા ચોગાનમાં ચા અને સમોસા લઈ બેઠા. તે બહુ જ સ્વાદિષ્ટ હતાં. મને લાગે છે કે સમોસા એ માણસજાતે શોધેલ શ્રેષ્ઠ નાસ્તો છે.

'જે બન્યું તે ભૂલી જવાનો પ્રયત્ન કરજો.' મામાએ નિસાસો નાખતાં કહ્યું. 'મેં આટલો વિનાશ તો કદી નથી જોયો.'

'તમારો પ્રવાસ કેવો રહ્યો ? ઓમી બોલ્યો.

મામા થોડા વખત પહેલાં જ ભુજથી પાછા ફર્યા હતા. 'દરેક જગ્યાએ દુઃખ જ દુઃખ.

આપણને સમગ્ર ગુજરાતમાં બધી જ જગ્યાએ કૅમ્પની જરૂર છે. પણ પારેખજી એકલા કેટલું લું કરી શકે ?'

બેલરામપુરમાં તાત્કાલિક રાહત કૅમ્પનું આયોજન કરવામાં મામા રાતોની રાતો સુધી જાગ્યા હતા. પારેખજીએ ટ્રકો ભરીને અનાજ, દાળ અને બીજી વસ્તુઓ મોકલી હતી. લોકોએ હવે આઘાતમાંથી બહાર નીકળવાનું અને પોતાનું જીવન ફરી શરૂ કરવા માંડયું હતું.

'અમે ત્રણ અઠવાડિયાંમાં કૅમ્પો બંધ કરીએ છીએ.' મામાએ ઓમીને કહ્યું, 'અને પછી હું મારા મૂળ મિશન–અયોધ્યા–માં જઈ શકીશ.'

કૅમ્પને કારણે મામાએ આસપાસમાં ઘણા લોકોનાં મન જીતી લીધાં હતાં. ટૅક્નિકલી તો કૅમ્પમાં કોઈ પણ આશરો લઈ શકતું, પણ કોઈ મુસ્લિમ કુટુંબ ભાગ્યે જ ત્યાં મદદ લેવા જતું. કદાચ જાય તો કૅમ્પના આયોજકો તેમને રાશન આપતા, પણ આગ્રહ રાખતા કે કૅમ્પમાં હિન્દુ જ હોય. આ હળવા ભેદભાવ છતાં મેં આ કાર્યને ઉત્તમ માન્યું.

'મામા, તમારી લોન વિશે...' હું તેમના તરફ ફર્યો, પણ તેમણે મને સાંભળ્યો નહીં.

'મારો દીકરો મારી સાથે અયોધ્યા યા આવે છે. તમે પણ જોડાઈ શકો છો.' તે બોલ્યા. તેમણે અમારા અસંમત ચહેરા જોઈ ઉમેર્યું, 'અલબત્ત, તમે તમારા બિઝનેસમાં બરાબર ગોઠવાઈ જાવ પછી.'

'અમે તમને અહીં મદદ કરશું, મામા.' ઓમીએ કહ્યું. 'આ કૅમ્પ પછી બીજો કોઈ પ્રોજેક્ટ છે ?'

'હા, એક ચમચો માટીનો પ્રોજેક્ટ.' મામા બોલ્યા.

અમે મૂંઝવણથી તેમની સામે જોયું.

'અમે અયોધ્યા એક ખાસ હેતુ માટે જઈએ છીએ. અમે ત્યાંથી એક કોથળો ભરીને માટી લઈ આવશું. પછી અમે બેલરામપુરના દરેક હિન્દુ ઘરમાં જઈશું અને પૂછીશું કે તેમને રામના જન્મસ્થાનની એક ચમચો માટી જોઈએ એ છે ? તેઓ તેને પોતાના ઘરની પાછલી બાજુ રાખી શકે છે, ઘરનાં ઝાડ-પાન ક્યારામાં ભેળવી શકે છે – ગમે તે ! આ પારેખજીનો જબરો વિચાર છે.'

હું પારેખજીનો નક્કામો પણ નિર્દોષ તર્ક જોઈ શક્યો. કોઈ પણ અયોધ્યામાંથી આવેલ માટીની ના નહીં પાડી શકે. પણ તે સાથે તેઓ અજાણતાં પણ આ મિશનને સ્વીકારશે. તો અયોધ્યા યા માટે લડતા લોકો માટે સહાનુભૂતિ આપોઆપ મળશે. અને આ સહાનુભૂતિ આપોઆપ મત આપવાની.

મામાએ મારી આંખમાંની શંકાને જોઈ લીધી.

'નાનકડા પ્રચાર માટે કેવળ માર્કેટિંગ વ્યૂહરચના. બીજો પક્ષ તો આના કરતાં પણ મોટા દરજ્જે કરે છે.'

મેં બીજું સમોસું લીધું.

'ઓ.કે. મામા, રાજકારણ મને ગૂંચવી નાખે છે.' મેં કહ્યું. 'હું તેની કોઈ ટીકા ન કરી શકું. અમે તમને મદદ કરીશું. તમે અમારી જિંદગી બચાવી છે અને અમે તમારા ઋણી રહીશું.'

'તમે તો મારાં બાળકો છો. તમે તમારા પિતાના ઋણી હોઈ શકો ?'

'બિઝનેસ ખાસ નથી, પણ લોનના હપ્તા ફરી નક્કી કરાય..., તો.' પણ મામાએ તેને વચ્ચેથી જ કાપી નાખ્યો.

'ભૂલી જા તે, બેટા. તમે એક આપદાનો સામનો કર્યો છે. જ્યારે અપાય ત્યારે આપજો. અને હવે તો વળી તમે અમારા પક્ષના સભ્ય છો, બરાબર ?'

મામા અમને બાથમાં લેવા ઊભા થયા. તેમને કમને ભેટ્યો મારા પર કોઈ લેણદાર હોય તેવા લોકો મને ગમતા નથી. 'મામા, હું તમારી માફી માગું છું. મારું તમારા પ્રત્યે ઉદ્ધત, અપમાનજનક અને ઘમંડી વર્તન હતું. મને હવે ખાતરી થઈ ગઈ છે કે આ દુકાન જ મારું નસીબ છે. સંભવ છે કે

ભગવાને આ રીતે મને સુધાર્યો અને હું તેનો સ્વીકાર કરું છું.' મેં કહ્યું.

'આપણે બધા યુવાન હોઈએ છીએ ત્યારે આવા જ હોઈએ છીએ. પણ તેં શું ભગવાનને માનવાનું શરૂ કર્યું ?' મામા રાજી થઈ બોલ્યા.

'હવે હું થોડો અજ્ઞેયવાદી ઘટયો છું.'

'બેટા, આજે સાંભળેલા સમાચારોમાં આ શ્રેષ્ઠ છે.' મામા બોલ્યા. 'આ વિનાશમાંથી કશુંક તો સારું નીપજ્યું છે.'

એક માણસ લાકડાની મોટી પેટી ઘસડતો અમારી દુકાનમાં પ્રવેશ્યો.

'કોણ છે ? અરે પંડિતજી, તમે ?' મેં કહ્યું.

પંડિતજી હાંફતા હતા. તેમનો ગુલાબી ચહેરો લાલ થઈ ગયો હતો. તેણે પેટીને જમીન પર બરાબર ગોઠવી. 'સ્પૉર્ટ્સ શૉપ બંધ થઈ ગઈ છે. પેલો આપી ન શક્યો. તેણે મને આ સાધનોથી ભરેલી પેટી આપી દીધી. મને પૈસાની જરૂર હતી તેથી મેં વિચાર્યું કે હું તે તમને આપી દઉં.'

'અમારા પાસે પણ પૈસા નથી.' મેં કહ્યું. મેં તેમને સમોસાં ધર્યાં. 'પંડિતજી, બિઝનેસની હાલત ખરાબ છે.'

'કોણ તમારી પાસેથી અત્યારે પૈસા માગે છે ? પણ આને તમારી દુકાનમાં રાખો. હજી પણ એક વધારાની પેટી હું મૂકું છું. જે કંઈ વેચાય તેમાંથી તમે અડધું રાખજો અને અડધું મને આપજો. માત્ર આ પેટી જ દસ હજારની છે. આવી તો છ વધારાની પેટી મારે ઘેર છે, શું કહેવું છે ?'

મારે જોખમ ન હોવાથી આ પેટી લઈ લીધી. આ વસ્તુઓ વેચવા માટે અમારે કોઈ ચમત્કારની જરૂર હતી. અલબત્ત, મને ખ્યાલ ન હતો કે ઑસ્ટ્રેલિયા-ભારતની બીજી મેચ તે કરશે.

મામાએ પોતાનો પરિચય પડિંતજીને આપ્યો. તેઓ મોટાઓ કરે તેમ વાતો કરવા લાગ્યા. પોતપોતાની જ્ઞાતિ, વતન કે પેટા જ્ઞાતિની ચર્ચા કરવા લાગ્યા.

'આપણે મોડા છીએ.' ઈશે ધીમેથી કહ્યું, પણ મામા અને પંડિતજી તે સાંભળી ગયા.

'તમારે ક્યાંય જવું છે ?' મામાએ પૂછ્યું.

'હા, ક્રિકેટ મેચમાં. અમે શીખવીએ છીએ તેમાંનો એક વિદ્યાર્થી તેમાં રમે છે.' ઈશે અલીનું નામ ટાળતાં કહ્યું.

ઓમીએ દુકાનનું શટર બંધ કર્યું. ઓમીએ ઈશારો કર્યો અને અમે બધા મામાના ચરણસ્પર્શ કરવા નમ્યા.

'મારા દીકરાઓ !' મામા બોલ્યા અને અમારાં મસ્તકો પર આશીર્વાદ આપવા હાથ મૂક્યો.

'તે ચાલુ ટીમના મૂર્ખની ચિંતા ન કર. તેં એમને બરાબર ટીપ્યા.' ઈશે અલીને કહ્યું.

અમે નજીકમાં રમાયેલ મેચમાંથી પાછા ફર્યા. અલીની ટીમ જીતી હતી અને અલીએ સૌથી વધારે રન કર્યા હતા. અલી આઠ ઓવર ટક્યો હતો. ઈશને આનંદ હતો કે તેની તાલીમ હવે પરિણામ દેખાડતી હતી. અલબત્ત, જ્યારે સામેની ટીમના કેપ્ટને ભાગી જવા પહેલાં અલીના ઘૂંટણમાં લાત મારી, ત્યારે અમારો આનંદ ઘટી ગયો.

'તે મને વધારે ઈજા કરશે ?' અલીએ પૂછ્યું.

'ના, કારણ કે તેઓ તને ઈજા કરશે તે પહેલાં હું જ તેમને ઈજા પહોંચાડીશ.' ઈશે અલીના કપાળ પર ચુંબન કરતાં કહ્યું. ઈશ એક સારો બાપ બની શકશે. તેના બાપ જેવો નહીં, જે આખા જીવનમાં એક પણ આનંદજનક વાક્ય બોલ્યા ન હતા.

ઓમીએ લંગડાતા અલીને ઉપાડી લીધો. 'હું તેને દુકાને લઈ જાઉં છું.' ઓમી બોલ્યા. 'અને માને તેના માટે હળદરવાળું દૂધ બનાવવાનું કહું છું. તેને જોઈતું હોય તે ભોજન તેના માટે લઈ આવો.'

‘મને કબાબ જોઈએ છે.’ અલી બોલ્યો.

‘કબાબ ? દુકાનમાં ?’ હું ખચકાયો.

‘ભલે, કોઈને કહેતો નહીં.’ ઓમીએ કહ્યું.

‘તે તૈયાર છે.’ ઈશ બોલ્યો. કાઝી ધાબામાં શેકાતા કબાબના ધુમાડા પાછળથી તેનો ચહેરો ચમકતો હતો. ‘આજે તેં તેને રમતો જોયો ? તે રાહ જોઈ શકે છે. દોડી અને બીજાને ટેકો પણ આપી શકે છે. મોટો ફટકો મારવાનો આવે ત્યાં સુધી તે શાંતિથી રમી શકે છે. ફિલ્ડિંગમાં જરા નબળો છે, પણ બાકી બધી બાબતોમાં ખૂબ સરસ છે. તે તૈયાર થઈ ગયો છે, દોસ્ત.’ ચિકન ટીકાની સુગંધ મારા નાકમાં પ્રસરતી હતી. ઓમી ખરેખર જીવનમાં ઘણું ગુમાવતો હતો. ‘શેના માટે ?’ મેં પૂછ્યું.

‘ઑસ્ટ્રેલિયા અત્યારે ભારતનો પ્રવાસ કરી રહ્યું છે, બરાબર ?’ વેઈટરે અમારો રૂમાલી રોટી, ઘેટાનું માંસ અને ડુંગળી અને લીલી ચટણી સાથેના ચિકન ટીકાનો ઑર્ડર બાંધી આપ્યો ત્યારે ઈશે કહ્યું.

‘તો ?’ મેં કહ્યું.

‘તે હવે ઑસ્ટ્રેલિયનોને મળવા તૈયાર છે.’



દશ

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ મેચ
કોલકાતા, ૧૧-૧૫ માર્ચ, ૨૦૦૧

દિવસ-૧

જીવનમાં મોટા ભાગે અણધાર્યું બનતું છે. અલબત્ત, ક્યારેક ચમત્કારો પણ બનતા હોય છે. અમારા માટે, ભારત-ઑસ્ટ્રેલિયાની સિરીઝમાં બીજી ટેસ્ટ ધરતીકંપના ઉપાય તરીકે ચમત્કાર જ હતો. મને તે મેચનો દરેક દિવસ યાદ છે. ઈશે ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ સાથે અલીને મેળવવાના લગભગ અશક્ય લાગતા તરંગી વિચારો કરવાનું ચાલુ રાખ્યું.

'ઑસ્ટ્રેલિયનોને મળવાનું છે ?' કાઉન્ટરની ધૂળ સાફ કરતાં ઓમીએ ઓમીએ કહ્યું. ઈશ અને હું ખૂણામાં જમીન પર ટી.વી. સામે બેઠા હતા.

'તેઓ ભારતમાં છે.' ઈશે કહ્યું. તેણે ટી.વી.ના પડદા પર બૅટિંગ કરતી ઑસ્ટ્રેલિયન ટીમ બતાવી. 'આપણને એવી તક ક્યારે મળશે ?'

'આ ગાંડો તો નથી થઈ ગયો ને ?' ઓમીએ મને પૂછ્યું.

'અલબત્ત, થયો જ છે. તેમને મળીને તારે શું કરવું છે ? ખરેખર ?' હું પણ ઓમી સાથે જોડાયો.

'હું તેમની પાસેથી અલી વિશે અભિપ્રાય મેળવવા માગું છું.'

'પણ કેમ ?' ઓમીએ અમારી પાસે બેસતાં કહ્યું.

'આપણે મેચ જોવા જઈશું. કદાચ વન-ડે.' ઈશે કહ્યું.

'પ્રવાસ કરવા માટે આપણી પાસે પૈસા નથી.' મેં કહ્યું.

'વન-ડે સિરીઝ તો આવતા બે માસ દરમ્યાન ચાલુ રહેવાની છે. જો બિઝનેસ વધશે તો આપણે જઈશું.' ઈશે જવાબ આપ્યો.

'સાલા, આપણને હેરાન કરે છે. બિઝનેસ કદી પણ વધવાનો નથી.' મેં સ્કોર જોતાં કહ્યું. પહેલા દિવસે ચાના સમયે ઑસ્ટ્રેલિયાનો સ્કોર ૧૯૩/૧ હતો.

'જો તે થશે તો. મેં જો કહ્યું ને.' ઈશે કહ્યું. તે મારા વાક્ય કરતાં સ્કોરથી વધારે ગુસ્સે થયો હતો.

'તો આપણે મેચ જોવા જઈએ છીએ. પછી શું ? હેડનના દરવાજે ટકોરા મારીને કહેશું કે, "એ, આ છોકરાને જરા તપાસ તો." તું તેમને કઈ રીતે મળવા માગે છે ?' મેં કટાક્ષ કરતાં કહ્યું.

'તેની મને ખબર નથી.' ઈશ પડદા તરફ ઘૂરકતાં બોલ્યો. 'બૉલિંગ બરાબર કરો, ભાઈઓ'

'મને જરા કહેશો કે તમે શું ઑસ્ટ્રેલિયા-ભારતની મેચ જુઓ છો ?' એક સ્ત્રૈણ અવાજે અમારી વાતચીતને અટકાવતાં કહ્યું.

એક પ્રૌઢ સ્ત્રી પૂજાનો સામાન પોતાના હાથમાં લઈ કાઉન્ટર પર ઊભી હતી.

'હા.'

'મારો પૌત્ર તમારી સાથે થોડી વાર તે જોઈ શકે ?' તેણે પૂછ્યું.

હું જમીન પરથી ઊભો થયો. એક નાનકડો છોકરો આ બહેન સાથે હતો. ગમે ગમે વ્યક્તિ સમય પસાર કરવા મારી દુકાનમાં આવે તે મને પસંદ ન હતું. તેણે મારો ખચકાટ જોયો. 'અમે કશુંક ખરીદશું. હું અંદર ભજનમાં હાજરી આપવા માગું છું અને બબલુ મેચ જોવા માગે છે.'

'અલબત્ત, તે અંદર આવી શકે છે.' ઈશે બારણાને વધારે ખોલતાં કહ્યું. છોકરો અંદર આવ્યો અને ટી.વી. સામે બેઠો. ઈશ અને મેં પરસ્પર એક અણગમતી નજર કરી.

'આમ બહુ નજીકથી ન જો, બબલુ, હેલ્લો, મારું નામ શ્રીમતી ગાંગુલી છે. તમે જો ક્યારેક મારી મુલાકાત લ્યો, તો હું પણ મારી શાળા માટે ક્રિકેટનાં સાધનો ખરીદવા માટે તમારી સલાહ લેવા ઈચ્છું છું.'

'શાળા ?' મેં કહ્યું.

'હા, હું એલિસબ્રિજ પર આવેલ કેન્દ્રિય વિદ્યાલયની આચાર્યા છું. અમારી પાસે કદી રમતગમતના સારા વિક્રેતાઓ નથી આવ્યા. બધા એમ વિચારે છે કે અમે સરકારી છીએ, તેથી તેઓ અમને ઠગવાનો પ્રયાસ કરે છે. તમે પણ શાળાઓને માલ પૂરો પાડો છો, કેમ ?'

જવાબ તો ના હતો. અમે શાળાઓમાં માલ આપતા ન હતા.

'હા.' મેં કહ્યું. 'ખરેખર, અમારી પાસે અમારા આંતરિક સલાહકાર શ્રી ઈશાન છે. તે પૂર્વ જિલ્લા કક્ષાના ખેલાડી છે.'

'સરસ. તો હું તમને પછી મળું છું.' શ્રીમતી ગાંગુલી બોલ્યાં અને અમને બિઝનેસ દરખાસ્ત પર વિચાર કરવા છોડી ગયાં.

'બબલુ, તને કેન્ડી જોઈએ છે ?' ઓમીએ કહ્યું. અમે શ્રીમતી ગાંગુલીના કોઈ પણ પરિચિતને સારામાં સારી રીતે પ્રભાવિત કરવા માગતા હતા.

'પણ આપણે તો સપ્લાયર્સ નથી.' ઈશે પાછળથી કહ્યું.

'તો શું થઈ ગયું ? તારે આને મારી તરફેણમાં ફેરવી નાખવાનું છે, આ આપણો નિયમિત બિઝનેસ બનશે.'

'જો તું આ મેળવે તો તું ગોવા આવીશ ?'

'ગોવા ?' મેં ભ્રમર ઊંચી કરતાં કહ્યું.

'તે છેલ્લી વન-ડે મેચ છે. હું ત્યાં સુધી રાહ જોઈ શકું છું. જો આપણે પૂરતા બચાવીએ તો આપણે અલી સાથે જઈએ.'

'પણ...?'

'હા કહે.'

'હા.' મેં કહ્યું. મોલની નિષ્ફળતા પછી હું ઈશને ખુશ રાખવા માગતો હતો હું તે દિવસનું એકાઉન્ટ તપાસવા ઊભો થયો.

'શાંત. એય, આ મેચ જોઈ ?' ઈશે કહ્યું. 'તેણે ટર્ન લીધો છે.'

મેં ટી.વી. સામે જોયું. કદાચ ભગવાને શ્રીમતી ગાંગુલીની પ્રાર્થના સાંભળી હતી. એક અજાણ્યા બૉલર હરભજનસિંહે ચાના સમય પછી બૉલિંગ કરી હતી. વિકેટો ખરવા માંડી હતી અને ૧૯૩/૧ થી ઑસ્ટ્રેલિયા દિવસના અંતે ૨૯૧/૮માં આવી ગયું.

'ભજ્જી, તું તો જબરો મહાન છે.' ઈશ ટી.વી.ને ચુંબન કરવા નીચે નમ્યો.

'આટલે નજીકથી ટી.વી. ન જુઓ.' બબલુએ કહ્યું.

'હમેશાં મોટાંઓનું કહ્યું નથી માનવાનું. નજીકથી ટી.વી. જોઈને કોઈ આંધળું નથી બન્યું. શું

લોકો કમ્પ્યુટર પર કામ નથી કરતા ?' ઈશ ઉત્તેજનાથી ઉપર-નીચે નાચતો હતો.

બે કલાક પછી શ્રીમતી ગાંગુલી બબલુને લેવા આવ્યાં. તેણે તેના માટે બે ટેનિસબૉલ ખરીધા. હું તેને મફતમાં આપવા લલચાયો, પણ તે તેને ખોટી રીતે લે તો, એટલે ન આપ્યા.

શ્રીમતી ગાંગુલીએ પોતાનું કાર્ડ મને આપ્યું. 'દર સોમવારે અમારી બોર્ડ મિટિંગ હોય છે. શા માટે ત્યારે તમે ન આવો અને તમે અમને કેમ મદદરૂપ થઈ શકો તે ન કહો ?'

અમારી પાસે ચાર દિવસ તૈયારી માટે હતા. જો ભારત આ મેચ જીત્યું, તો બોર્ડ પણ સારા મૂડમાં હશે.

'ચોક્કસ, અમે આપને ત્યારે મળીશું.' મેં કહ્યું અને બબલુના હાથમાં એક કેન્ડી પકડાવી દીધી.

દિવસ-૨

બીજા દિવસની મેચનું વર્ણન કરવું હોય તો તેને નિરાશાજનક કહી શકાય. ઑસ્ટ્રેલિયા ૨૯૧/૮માંથી ઘસડીને પહેલી ઈનિંગના અંતે સારામાં સારા ૪૪૫ રન કરી ઓલ આઉટ થયું. ભારતીયો બૅટિંગ કરવા આવ્યા અને ઑપનર રમેશ એક પણ રન કર્યા વિના આઉટ થઈ ગયો.

'આ સાલો રમેશ છે કોણ ? કનેક્શન ક્વૉટા ?' ઈશે કહ્યું.

પણ માત્ર રમેશે જ આમ ન કર્યું. તેંડુલકરે પણ દસ રન જ કર્યા. બીજાઓએ તો તેનાથી પણ ઓછા. દ્રવીડે સૌથી વધારે રન કર્યા – પચીસ. બીજો દિવસ ભારતના ૧૨૮/૮થી પૂરો થયો.

તે રાત્રે ઈશે જમતી વખતે તેની ચપાટી ગુસ્સાથી ચીરી નાખી. 'આ ઑસ્ટ્રેલિયનો વિચારતા હશે કે ભારતમાં આવીને રમવાની પણ શું જરૂર છે ?'

'હવે તો ડ્રો માટે જ પ્રાર્થના કરવી રહી. ડ્રો થશે તો જ વેચાણ માટેની શક્યતાઓ છે. નહીં તો આપણે આપણો બિઝનેસ બદલવો પડશે. સ્પૉર્ટ્સ એ આપણા દેશમાં ખોટી પસંદગી છે.' મેં ઓમીને દાળ આપતાં કહ્યું.

'તેમની પાસે વીસ મિલિયન લોકો છે. આપણી પાસે એક બિલિયન. અને દર વર્ષે એક ટકાના દરે વધે છે. સાલું, આપણે દર વર્ષે એક ઑસ્ટ્રેલિયા વધારીએ છીએ. છતાં તેઓ આપણને ચૂસે છે. આપણામાં કંઈક તો ખામી છે જ.' મેં કહ્યું.

ઈશે મને અવગણ્યો. ફોલો-ઓન ટાળવા બાબતે તે કંઈક બબડયો અને તે ખૂબ મુશ્કેલ લાગતું હતું

દિવસ-૩

બીજી સવારે મને ખ્યાલ પણ નથી કે અમે ટી.વી.ની સ્વીચ ઓન કરવાની શા માટે ઉપાધિ કરી. ભારત પોતાની પહેલી ઈનિંગ ખેંચવા માટે સંઘર્ષ કરતું હતું, પણ લંચ પહેલાં ૧૭૧માં સમેટાઈ ગયું. 'અને ઑસ્ટ્રેલિયનોએ ભારતને ફોલો-ઓન કરવાનું કહ્યું છે.' કોમેન્ટેટરે કહ્યું અને મેં કપાળ કૂટ્યું. એક ટેસ્ટ મેચમાં હાર એ એક બાબત હતી, પણ એક ઈનિંગની હાર તો અઠવાડિયાંઓ સુધી ખિસ્સાં ખાલી રખાવશે. બાળકો ક્રિકેટ રમવા કરતાં પાઠયપુસ્તકો વાંચશે અને ભારતની નામોશીભરી હારને યાદ કરશે. શા માટે મેં આ બિઝનેસ શરૂ કર્યો ? હું મૂર્ખ હતો ? આના કરતાં મેં મીઠાઈની દુકાન શા માટે ન ખોલી ? ભારતીયોને મીઠાઈ ખૂબ ગમે છે. શા માટે સ્પૉર્ટ્સ ? અને તેમાં પણ ક્રિકેટ ?

'આ ભવ્ય સાલું ! ફોલો-ઓન, અદ્ભુત !' ઈશે આ પળ માટે પોતે શોધેલ વાક્યોનો ઉપયોગ કરતાં કહ્યું. તેણ મુઠ્ઠી વાળી અને ટી.વી.ની એકદમ નજીક આવ્યો. 'આપણે તેમને જ તેમના દડાથી જ ૨૯૧/૮ પર રાખ્યા હતા. અને હવે તેઓ આપણને ફોલો-ઓનનું કહે છે.'

'તો પછી આપણે ટી.વી. બંધ કરી દઈશું ?' મેં કહ્યું, અને તો પછી આપણે દુકાન પણ શા

માટે બંધ ન કરી દઈએ ? મેં વિચાર્યું.

'થોભ. હું જોવા માગું છું. હું એ જોવા માગું છું કે આપણી ટીમ ભયાનક રીતે હારે છે ત્યારે કેવી રીતે આંખનો સંપર્ક કરે છે ?'

'તેઓ આંખનો સંપર્ક નથી કરતા. તું કેવળ તેમને ટી.વી. પર જુએ છે,' ઓમી બોલ્યો.

'જો આ મેચ ડ્રો જશે તો હું તમને ડિનર આપીશ.' ઈશે કહ્યું.

બીજી ઈનિંગ માટે ભારતે એક ફેરફાર કર્યો. તેણે ઓપનરમાં રમેશને બદલાવી નાખ્યો અને બીજા એક નવા ખેલાડી લક્ષ્મણને મૂક્યો.

'આખી ટીમ લાગવગિયાઓની જ બનેલી છે. આજે બધા એક પછી એક વારો લે છે.' ભારતના ઓપનરો ફોલો-ઓનમાં બીજી ઈનિંગ રમવા માટે ક્રીઝ પર આવ્યા ત્યારે ઈશ બોલ્યો. બોલ્યો.

પણ લક્ષ્મણને બૅટ અને બૉલ સાથે ફાવી ગયું. તે એક પછી એક ફોર મારવા લાગ્યો. ત્રીજા દિવસના અંતે ભારત સન્માનનીય કહી શકાય તેટલા સ્કોર ૨૫૪/૪ પર ઊભું રહ્યું પહેલી ઈનિંગનો ૧૭૧નો સ્કોર ઉમેરતાં ભારતને ઑસ્ટ્રેલિયાના ૪૪૫ રને પહોંચવા માત્ર વીસ રનની જરૂર હતી. હવે એક ઈનિંગની હાર તો અશક્ય લાગતી હતી, અને હા, હવે આપણે મેચને ડ્રો તરફ ખેંચી શકીશું.

'જો, આમ કર છે આ ભારતીય ટીમ. જ્યારે તમે આશા ગુમાવી બેસો ત્યારે જ તે તમને પોતાની સાથે ફરી જોડે છે.' ઈશે કહ્યું.

'આમ પણ તું આખો દિવસ જોવાનો જ હતો. મહેરબાની કરી આપણી સોમવારની મિટિંગ વિશે વિચાર.' મેં કહ્યું.

'લક્ષ્મણનું કામ હજી પૂરું નથી થયું. આપણે જો ડ્રો કરવા માગતા હોઈએ તો તેની હાજરી જરૂરી છે.' ઈશ બોલ્યો.

મેં નિસાસો નાખ્યો. મારે જ સ્કૂલની મિટિંગની તૈયારી કરવી પડશે.

દિવસ-૪

જો એવો કોઈ દિવસ હોય જ્યારે ભારતે વિશ્વક્રિકેટ પર રાજ કર્યું હોય, તે તો મેચનો ચોથો દિવસ હતો. હા, ભારત ૨૫ જૂન, ૧૯૮૩ના વિશ્વકપ જીત્યું હતું. અને તેનું મહત્ત્વ હતું, પણ હું તો એ દિવસની વાત કરું છું જ્યારે ભારતના બે બૅટ્સમૅનોએ અગિયાર ઑસ્ટ્રેલિયનોને પોતાના સંગીતથી સતત નૃત્ય કરતા રાખ્યા. તેમણે એ જાહેરમાં જ કર્યું અને પાછું આખો દિવસ કર્યું. આ જ સાચું છે. ટેસ્ટના ચોથા દિવસે ઈશ ટી.વી. જોતાં પેશાબ કરવા પણ ઊભો ન થયો.

આમ બન્યું હતું. લક્ષ્મણ અને દ્રવીડે રમવાનું ચાલુ રાખ્યું હતું અને પાંચમી વિકેટમાં ૩૫૭ રન ઉમેર્યા. ચોથો દિવસ ૨૭૪/૪થી શરૂ થયો હતો અને ૫૮૯/૪થી પૂરો થયો. ઑસ્ટ્રેલિયાના અગિયારમાંથી નવ ખેલાડીઓએ બૉલિંગ કરી, પણ તેમાંનાં કોઈ પણ ખેલાડીને વિકેટ લેવા સફળતા ન મળી. ઈડન ગાર્ડનના પ્રેક્ષકો તો ગાંડા જ બની ગયા હતા. તેમણે સ્ટીવ વો ચિડાઈ જાય એ હદે લક્ષ્મણના નામના જાપ જપ્યા. જે ટીમે આપણને ફોલો-ઓન કરેલા, તે એક પણ બૅટ્સમૅનને આઉટ ન કરી શકી.

લક્ષ્મણ દિવસના અંતે ૨૭૫ નોટ આઉટ હતો, ભારતની આખી ટીમે પહેલી ઈનિંગમાં કુલ સ્કોર કર્યો હતો તેના કરતાં પણ વધારે. દ્રવીડ ૧૫૫ નોટ આઉટ હતો. આપણી પાસે હજુ પુષ્કળ વિકેટો બાકી હતી, ઑસ્ટ્રેલિયા ઑસ્ટ્રેલિયા કરતાં ૩૩૭ રન વધારે હતા અને મેચનો એક દિવસ બાકી હતો.

'હવે હું શાંતિથી સૂઈ શકીશ. હું ડ્રો ડિનર ખરીદીશ.' અમે દુકાન બંધ કરતા હતા ત્યારે ઈશે કહ્યું.

'આશા રાખીએ કે થોડા છોકરા આપણા પાર્કમાં ફરી આવે.' મેં કહ્યું.

દિવસ-૫

માનવઅપેક્ષાને કોઈ જ મર્યાદા નથી. હજી બે દિવસ પહેલાં જ અમે ડ્રોની પ્રાર્થના કરતા હતા, પાંચમા દિવસની શરૂઆતે જ અપેક્ષાઓ લક્ષ્મણ ૨૮૧એ ગયો બધાએ ઊભા થઈ તેની અગિયાર કલાકની ઈનિંગને તાળીઓથી વધાવી.

ભારતીય કપ્તાન ગાંગુલીએ એક આશ્ચર્યજનક નિર્ણય લીધો. તે દિવસે એક કલાકની રમત પછી તેણે ભારતનો દાવ ૬૫૭/૭થી ડિક્લેર કર્યો. તેનો અર્થ એવો થયો કે ઑસ્ટ્રેલિયાએ આવવું પડશે અને બૅટિંગ કરવી પડશે. અને તેમણે મેચ જીતવા બાકીના દિવસમાં ૩૮૪ રન કરવા પડશે.

'ગાંગુલી ગાંડો થઈ ગયો છે કે શું ?' આ તો ખૂબ જોખમી છે. આપણે રમવાનું ચાલુ રાખવાની જરૂર હતી. બસ, ડ્રો કરો અને પૂરું કરો.' મેં કહ્યું.

'સંભવ છે, તેના મનમાં કંઈક બીજું જ હશે.' ઈશે કહ્યું.

'શું ?' ઓમીએ તેનું માથું ખંજવાળ્યું.

મને પણ ગાંગુલીના ઈરાદાઓનો ખ્યાલ આવતો ન હતો. ઓ.કે. અમે રમતને ડ્રો કરવા મોટો સ્કોર કર્યો હતો. પણ સમય ખૂટી ન જાય ત્યાં સુધી રમવા કરતાં કેપ્ટને દાવ ડિક્લેર શા માટે કર્યો ? સિવાય કે તેને કોઈ નિર્ણય જોઈતો હોય. એટલે કે ભારતની જીત.

'તે ગંભીર લાગતો નથી. આપણને ફોલો-ઓન મળ્યું હતું. આપણે એક ઈનિંગથી હારી ગયા હોત. અને હવે ગાંગુલી માને છે કે તેની પાસે ઑસ્ટ્રેલિયનોને આઉટ કરવાની તાકાત છે ?' મેં કહ્યું.

ઈશે માથું હલાવ્યું. ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅનો ક્રિઝ પાસે આવ્યા. ગાંગુલીએ ઑસ્ટ્રેલિયનોને ટટળાવે તેવો ૩૮૪ રનનો સ્કોર જીતવા માટે રાખ્યો હતો – મુશ્કેલ છતાં શક્ય. ઑસ્ટ્રેલિયનો સલામત રીતે રમી શક્યા હોત અને રમતને ડ્રો તરફ ખેંચી ગયા હોત, પણ ઑસ્ટ્રેલિયનો એમ નથી રમતા.

'એ મિસ્ટર ગણિતશાસ્ત્રી, આવું કદી બન્યું છે ? એવું કદી પણ બન્યું છે કે જે ટીમે ફોલો-ઓન કર્યું હોય અને ખરેખર મેચ જીતી ગઈ હોય ?' ઈશે પૂછ્યું. તેણે ઓમીને ખાસ અને ઝડપથી પ્રાર્થના કરવાનો ઈશારો કર્યો.

મેં છાજલી પરથી ક્રિકેટની માહિતી પુસ્તિકા કાઢી. અમે આ ભાગ્યે જ વેચી શકતા, પણ પ્રકાશક આગ્રહ રાખતો કે અમારે થોડી નકલો તો રાખવી જ. 'ઓ.કે. આગળ બનેલ છે.' દસ મિનિટની શોધ પછી મેં કહ્યું.

'કેટલી વાર ?' ઈશે પોતાની આંખ ટી.વી.ના પડદા પર ચોટાડી રાખતાં કહ્યું.

'બે વાર.' મેં જવાબ આપ્યો. મેં જોયું કે ઓમીએ આંખ બંધ કરી હતી અને મંત્રોચ્ચાર કરતો હતો.

'જો હવે તે બનશે. બે વાર કેટલા સમયમાં ?' ઈશે પૂછ્યું.

'બે વાર છેલ્લાં એક સો દસ વર્ષમાં.'

ઈશ મારા તરફ ફર્યો, 'માત્ર બે વાર ?'

'એક વાર ૧૮૯૪માં અને પછી ૧૯૮૧માં.' મેં ચોપડીમાંથી મોટેથી વાંચ્યું 'બંને વખતે ઇંગ્લૅંડ – કલ્પના કરો કોના સામે – ઓસ્ટ્રેલિયા સામે જીત્યું હતું. સૉરી મિત્રો, પણ આંકડાકીય રીતે તો આ મેચ પૂરી થવા આવી છે.'

ઈશે માથું હલાવ્યું.

'શક્યતા એટલી ઓછી છે કે હું કહું કે માની લ્યો કે ભારત જીતે, તો હું ગોવાનો પ્રવાસ સ્પૉન્સર કરીશ.' મેં રમૂજ કરતાં કહ્યું.

'અથવા તો એમ કહે કે ભારત જો જીતે, તો તું ભગવાનમાં વિશ્વાસ રાખવાનું શરૂ કરીશ.' ઓમીએ પણ ફટકો માર્યો.

'હા.' મેં જવાબ આપ્યો.

મેં ઓમીને વધારે પડતી પ્રાર્થના કરવાની ના પાડી. ડ્રો ચાલશે. ગાંગુલીને કદાચ વિચિત્રતાઓનો ખ્યાલ ન હતો. ખરાબમાં ખરાબ એ હશે કે ઑસ્ટ્રેલિયા આ સ્કોર કરી જશે.

'૧૬૧/૩.' ઓમીએ ઑસ્ટ્રેલિયાનો સ્કોર ચાના સમયે વાંચ્યો. તે અમારા બ્રેકનો પણ સમય હતો.

'આપણે દુકાન સાફસૂફ કરી નાખીએ, દોસ્તો. મેચ થોડા જ કલાકોમાં પૂરી થઈ જશે. આપણી પાસે કદાચ ગ્રાહકો આવે.' મેં કહ્યું.

'ડ્રો ચાલશે. આપણે ઑસ્ટ્રેલિયનો સાથે બીજી વાર રમીશું.' ઈશે પરાણે સાવરણી હાથમાં લેતાં કહ્યું.

દિવસ ૫ : ચા પછી

ભારતીય ટીમે પોતાની ચામાં કશુંક ખાસ ભેળવેલ હશે. ઓસ્ટ્રેલિયા પાછું આવ્યું અને ૧૬૬/૩ સાથે ક્રિઝ પર ચાલુ રહ્યું. પછી પાંચ ભયંકર ઓવરો આવી જેમાં હરભજનસિંહની હેટ્રિકનો પણ સમાવેશ થતો હતો. પછીના તબક્કે, ઑસ્ટ્રેલિયા ૧૭૪/૮. માત્ર આઠ જ રનમાં ઑસ્ટ્રેલિયાની અડધી ટીમ પેવેલિયન તરફ રવાના થઈ ગઈ હતી.

'ઈશ, સાલા, ટી.વી.ની સામે ઊભો ન રહે.' મેં કહ્યું પણ ઈશ માત્ર ઊભો જ ન હતો. તે કૂદતો પણ હતો.

'ભાડમાં જાય તારું આંકડાશાસ્ત્ર, અલ્યા. ભાડમાં જાય તારી શક્યતાઓ.' ઈશ હર્ષમાં બૂમ મારતો હતો. કોઈ ગણિતનું અપમાન કરે છે ત્યારે મને જરા પણ નથી ગમતું, પણ મેં ઈશને શંકાનો લાભ આપ્યો. જ્યારે તમે ઈતિહાસના સાક્ષી બનતા હો છો, ત્યારે ક્યારેક આવી ઉત્તેજનાજનક ગાળોને ચલાવી લો છો.

બહુ ઝડપથી છેલ્લા બે બૅટ્સમૅનને પણ ફેંકી દેવામાં આવ્યા. આ અજાણ્યા હરભજનસિંહને ઈશ પડદા પર ચુંબન કરતો હતો (અને તેના પર થૂંક ચોટાડતો હતો) જેણે છ વિકેટ લીધી હતી અને ભારત ખૂબ જ કલ્પનાતીત રીતે મેચ જીતી ગયું હતું.

ઈડન ગાર્ડનમાં તો દરેક પ્લેકાર્ડ, દરેક પોસ્ટર અને લોકો સિવાય બધું જ બાળી શકાય તેવું આગઝરતું હતું. ભારતના દરેક ખેલાડીનું નામ બોલાતું હતું ત્યારે લોકો એટલી બૂમો મારતા હતા કે ટી.વી.ની કોમેન્ટરી સાંભળવી ખૂબ જ મુશ્કેલ હતી.

ઈશ ટટ્ટાર ઊભો હતો. તેના હાથ તેના નિતંબ પર હતા અને પડદા પર જોતો હતો. હું તેની આંખમાં સાચો પ્રેમ જોઈ શક્યો. વારંવાર, હું ઈશને બ્લૂ ડ્રેસમાં ખેલાડીઓને એવી રીતે જોતાં દેખતો જાણે કે તે ઈચ્છતો કે તે પણ તેમનામાંનો એક હોય. પણ આજે તેને તેમનામાંના એક ન હોવાના જરા પણ અફસોસ ન હતો. મને લાગે છે કે તેમનામાંના એક હોવા ઉપરાંત તે તેઓ જીતી જાય તેમ ઈચ્છતો હતો. તેણે હરભજનસિંહને કૂદતો કૂદતો જોયો અને તે પણ કૂધો. ગાંગુલી જ્યારે ટ્રૉફી લેવા આવ્યો ત્યારે તેણે પણ તાળીઓ પાડી.

'બે બૉલ. ઝડપથી, પ્લીઝ, અમારી મેચ છે.' એક છોકરાએ કાઉન્ટર પર પાંચ રૂપિયાની નોટ મૂકતાં કહ્યું. મહાન ભારતીય ક્રિકેટ સીઝનનો પહેલો ગ્રાહક આવી પહોંચ્યો હતો.

મેં હાથ જોડયા અને આકાશ સામે જોયું. તેં અમારા માટે જે ચમત્કાર સર્જ્યો, તે બદલ આભાર, ભગવાન !

* * *

'અમે તમને ઉપાય બતાવવા આવ્યા છીએ, કાંઈ થોડાક બૉલ વેચવા નથી આવ્યા.' મેં વાતની શરૂઆત કરી.

મેં મારી પ્રથમ લાઈન બરાબર રીતે રજૂ કરી હતી. કાલે રાતે બે વાગ્યા સુધીની તૈયારી

સાર્થક હતી, મેં વિચાર્યું. અમે કેન્દ્રીય વિદ્યાલયના આચાર્યની ઑફિસમાં હતા. ઑફિસ ખૂબ જ ખરાબ સ્થિતિમાં હતી. તેમાં હાલકડોલક થતું ફર્નિચર અને ધૂળ ખાતી ટ્રૉફીઓ દેખાતી હતી. બધી જ સરકારી ઑફિસો અને મકાનોની જેમ કબાટો પર જૂની ફાઈલોના ઢગલા પડયા હતા. લેડી આચાર્યા અને છ શિક્ષકો લાકડાના એક ગોળ ટેબલની આસપાસ બેઠાં હતાં. અહીં કામ કરવું ખરેખર ત્રાસદાયક હશે, મેં વિચાર્યું. કોઈ પણ માટે કામ કરવું ત્રાસદાયક હશે, મેં ફરી વિચાર્યું.

'બોલો.' બોલ્યા પછી મેં થોડો સમય જવા દીધો તેના પ્રભાવથી આચાર્ય કહ્યું.

'તો અમારી પાસે એક જિલ્લા સ્તરના ચેમ્પિયન ખેલાડી છે જે તમને એક પેકેજ ડિઝાઈન કરી આપી શકે છે. તમારી જરૂરિયાત અને તમારા બજેટ પ્રમાણે.' મેં ઈશ તરફ આંગળી ચીંધી. દરેક શિક્ષકે તેની સામે જોયું.

આઠ સો વિદ્યાર્થીને આધારે શાળાની માસિક જરૂરિયાતને પૂરી કરી શકે તેવી એક અંદાજિત યાદી મેં બધાને આપી. ત્રણ રૂપિયે પાનું એમ એક કમ્પ્યુટરની દુકાને મેં તેને લેઝરમાં પ્રિન્ટ કરાવ્યાં હતાં. પટાવાળો બધા માટે સમોસાં અને ચા લઈ આવ્યો.

'આ બધાનો ખર્ચ કેટલો થશે ?' વહીવટી વડાએ પૂછયું.

'અમે થોડી ગણતરી કરી છે. તમારું અંદાજિત ખર્ચ મહિનાના દસ હજાર થશે.' મેં કહ્યું.

'એ તો વધારે પડતું કહેવાય. આ તો કેન્દ્રીય વિદ્યાલય છે. કોઈ ખાનગી શાળા નથી.' વહીવટી વડાએ કહ્યું. તેણે નોટબુક બંધ કરી અને મારી તરફ ધકેલી.

મેં ઊંડો શ્વાસ લીધો. આ દૃશ્યની કલ્પના કરીને મેં મારો જવાબ તૈયાર કરી જ રાખ્યો હતો. 'સર, આપણે નીચે ઉતારી શકીએ.'

ઈશે મને અટકાવતાં કહ્યું : 'આ તો બાળક દીઠ કેવળ બાર રૂપિયાનો માસિક ખર્ચ છે. તમને એમ નથી લાગતું કે સ્પૉર્ટ પણ એક ફાઉન્ટન પેનના ખર્ચ જેટલી જ લાયકાત ધરાવે છે ?'

શિક્ષકોએ પોતાની નોટબુકોમાંથી ઊંચું જોયું અને પરસ્પર આંખ મેળવી.

'સાચું કહું તો, ના. અમારા કામનો નિર્ણય અમારાં પરિણામોના આધારે થતો હોય છે. પાસની ટકાવારી અને પ્રથમ વર્ગ. અમારી પાસે મર્યાદિત સંસાધનો છે.' વડાએ કહ્યું.

'જો બધા જ આમ વિચારશે તો ભારતના ખેલાડીઓ ક્યાંથી આવશે ?' ઈશે પૂછ્યું.

'ધનવાન કુટુંબોમાંથી.' વડાએ પોતાનાં પોતાનાં ચશ્માં કાઢયાં અને તેને શાંતિથી લૂછવા લાગ્યા.

'પણ હોશિયારી કંઈ માત્ર પૈસાદારોમાં જ વહેંચાયેલી નથી. આપણે તેને વિસ્તારવી પડશે.'

'તમે જાણો છો કે અમારા અડધા વર્ગો વરસાદમાં ચૂવે છે ?' વડાએ કહ્યું. 'અમારે ચમકતા દડા લેવા કે આ ગળતર અટકાવવું ?' તે જવા ઊભા થયા.

મેં મનમાં તેને થોડી ગાળો આપી. ગોવિંદ, ચાલ આ પરિસ્થિતિને હટાવ, તારે બિઝનેસની જરૂર છે.

સર અમે તમને મહિનાના પાંચ હજારની યોજના પણ બનાવી આપી શકીએ છીએ.' મેં કહ્યું.

ઈશે મને શાંત રહેવા હાથ ઊંચો કર્યો. મને તેનું ખૂન કરવાની ઈચ્છા થઈ આવી.

ઈશ ઊભો થયો. વડાની ઊંચાઈ જેટલો જ ટટ્ટાર ઊભો રહ્યો. 'આપ અહીં શા માટે છો ?'

'બાળકોને શિક્ષણ આપવા માટે.' વડાએ ગંભીર ચહેરે કહ્યું.

'અને બધું જ શિક્ષણ બાળકો પ્લાસ્ટરવાળી છતો નીચે વાંચે છે તે પુસ્તકોમાં જ છે ? સ્પૉર્ટ્સમાંથી જે શિક્ષણ મળે છે તેનું શું ?'

'શું ?' વહીવટી વડાએ કહ્યું.

'બેસી જાવ જીતીન સર.' આચાર્યે કહ્યું. 'તેમને જે કહેવું છે તે આપણે સાંભળીએ.'

જીતીન સર. તે બેઠા ત્યારે મેં તેમનું નામ માનસિક રીતે નોંધી લીધું.

'આપ આપનાં બાળકોને ટીમ-વર્ક નામનો વિષય શીખવો છો ? આપ તેમને એક ધ્યેય પાછળ પૂરી પ્રતિબદ્ધતાથી કેમ પડવું તે શીખવો છો ? આપ તેમને શિસ્ત શીખવો છો ? આપ તેમને એકાગ્ર કેમ થવું તે શીખવો છો ?' ઈશે પૂછ્યું. મેં તેનો પગ દબાવ્યો અને બેસી જવાનો ઈશારો કર્યો, પણ તેણે મને અવગણ્યો.

'તમે શું કહેવા માગો છો ?' એક શિક્ષકે પૂછ્યું.

'રમતગમત જ આ બધું શીખવી શકે છે. અને મને કહો, જીવનમાં કોણ વધારે સફળ થશે ? એ બાળક જે રસાયણશાસ્ત્રની બધી ફોર્મ્યુલાઓ જાણે છે તે કે જે શિસ્ત, એકાગ્રતા, પ્રતિબદ્ધતા તથા ટીમવર્ક જાણે છે તે ?'

'બેસી જા, બેટા.' આચાર્ય બોલ્યા. ઈશે પોતાની જગ્યા લીધી પણ શાંત ન રહ્યો.

'નીચે ઊતરવાની વાતમાં જરા પણ સંમત નથી. આઠ સો વિદ્યાર્થીઓ અને તેઓ બધાંને આખો દિવસ વર્ગોમાં પૂરી રાખવા માગે છે. આપણે પ્રથમ વર્ગ માટે વ્યર્થ મહેનત કરીશું, પણ બે સમોસાંની પ્લેટ જેટલી રકમ પણ રમતગમત પાછળ નહીં વાપરીએ.'

તેણે સમોસાંની પ્લેટ તરફ આંગળી ચીંધી. બધા શિક્ષકો ખાતા અટકી ગયા. આચાર્ય ફરી ન બોલ્યા ત્યાં સુધી શાંતિ રહી. 'સરસ. પ્રયોગ ખાતર દસ હજાર બરાબર છે. આપણે તપાસીએ કે કેમ શક્ય બને. તમે છ માસ માટે અમારી સાથે રહેશો.'

અમે હાથ મિલાવવા ઊભા થયા. છ શિક્ષક, પચાસની ઉંમર આસપાસના, અમારી સાથે હાથ મિલાવવા ઊભા થયા. હા, હું હકીકતે બિઝનેસમૅન બન્યો હતો.

'જો આ યોગ્ય લાગતું હોય, તો શા માટે તમે અમારી બેલરામપુરની શાળામાં પણ મિટિંગમાં ન આવો?' જૂથમાંના એક પ્રૌઢ સદ્ગૃહસ્થે કહ્યું.

'ચોક્કસ. અરે, હા, આ શ્રી ભણસાળી છે. બેલરામપુર શાળાના હેડમાસ્તર. તે તો મુલાકાતે આવ્યા હતા. મેં તેમને આ મિટિંગમાં બેસવાનું કહ્યું હતું.' આચાર્યે તેમનો પરિચય આપતાં કહ્યું.

મેં તેમનું કાર્ડ લીધું. મેં મનમાં બિઝનેસ કાર્ડ બનાવવાનો ઑર્ડર આપવાનો નિર્ણય લીધો અને વિચાર્યું કે અત્યારે જ તેમનો હાથ દબાવું કે પછી !



અગિયાર

'ગોવા. આહ ! કોઈ જિંદગી જ નસીબદાર હોય છે.' પીન મોંમાં રાખી વિદ્યાએ કહ્યું. તે સ્ટૂલ પર ઊભી હતી. દીવાલ પર દિલ ચાહતા હૈના આમીર ખાનનું પોસ્ટર લગાવતી હતી. હું, તેનો ટ્યુટર, પીનની ટ્રે લઈને ઊભો હતો.

'ગોવા એ તારા ભાઈનો વિચાર છે. મને તો કામમાં કોઈ બ્રેકની જરૂર નથી.' મેં કહ્યું.

'અલબત્ત, તમને જરૂર છે.' તેણે નીચે ઊતરતાં કહ્યું. 'તેથી તમને પણ ધરતીકંપનો જે આઘાત લાગ્યો છે તે ઘટશે.'

'ધરતીકંપનો આઘાત દૂર કરવાનો મારા માટે એક જ ઉપાય છે – કામ અને લોનના પૈસા પાછા ભરી શકું તે. આ પ્રવાસ તો અમને ત્રણ હજારના ખાડામાં ઉતારવાનો છે.' હું તેના ટેબલ પાસે આવ્યો.

તેણે પોતાની બેઠક લીધી, પોતાની ચોપડી ઉઘાડી અને તેનાં પાનાં જોરથી ઉથલાવવા માંડયાં.

'તું જરા રસથી કામ ન કરી શકે ?'

'હું કોઈ અભિનેત્રી નથી.' તેણે કહ્યું.

'ઘણું જ રમૂજી કહેવાય. તેં તારું કેલ્ક્યુલસનું પ્રકરણ તારા કહેવાતા સ્વ-અભ્યાસની મદદથી કર્યું.'

'મારે જાતે અભ્યાસ કરવો પડયો, કારણ કે તમારી પાસે મારા માટે સમય ન હતો.' તેણે જવાબ આપ્યો : 'જે હોય તે, મને સમજ નહોતી પડતી. હમેશ મુજબ, આ dx dt શું છે અને વળી, આટલાં બધાં ડરામણાં ચિહ્નો શા માટે છે ?'

'વિદ્યા, તું મેડિકલ પરીક્ષાની તૈયારી કરે છે. આમ વાત ન કર.' મેં અડધા વાક્યમાં જ અટકાવી દીધું. મેં કેલ્ક્યુલસનું પ્રકરણ ખોલ્યું. કેટલાંક બગડેલ લોકોને પાયાથી જ બધું તૈયાર આપવું પડે છે.

'આમ વાત ન કર એટલે શું ?'

'મૂર્ખ જેમ. હવે ધ્યાન આપ.'

હું મૂર્ખ નથી. તમે ગોવા જાવ, તમારો ધંધો સંભાળો, પૈસા બનાવો, જે ગણિતમાં રસ ન લે તેનું અપમાન કરો અને મિત્રો માટે જરા પણ સમય ન ફાળવો. હું મારું ફોડી લઈશ.'

છેલ્લા શબ્દો 'ફોડી લઈશ' ખૂબ મોટેથી બોલી.

'સૉરી, પણ તારે કોઈ સમસ્યા છે ?' મેં થોડી વાર રહી પૂછ્યું.

'હા, કેલ્ક્યુલસની સમસ્યા. હવે આપણે શરૂ કરશું ?'

મેં પછીનો કલાક તેને કેલ્ક્યુલસ સમજાવ્યું. 'અંતે આપેલ મનોયત્નની પ્રૅક્ટિસ કર. અને ફરી આવું ત્યાં સુધી પછીનું નવું પ્રકરણ વાંચજે.' મેં મારું કામ પૂરું કરતાં કહ્યું.

તે શાંત રહી.

'વિધા, શા માટે તને બોલાવવી એ ક્યારેક દાંત ખેંચાવવા જેવું કામ છે ?'

'હું એવી જ છું. તમને કંઈ વાંધો છે ? લોકોને અવગણવાનો હક માત્ર તમને જ છે ?' તેણે તેણે સામો જવાબ આપ્યો. તેની આંખો ભીની થઈ ગઈ અને તેની લાંબી આંગળીઆ ધ્રૂજવા લાગી. ભીનાશ વરસાદમાં ફેરવાઈ જાય તે પહેલાં હું ચાલ્યો ગયો.

'ચાર દિવસ પછી આવીશ.' દરવાજા તરફ જતાં મેં કહ્યું.

'કોને પરવા છે ?' તેણે પાછળથી મને જવાબ આપ્યો.

* * *

'સમયસર ખાઈ લેજે અને મોડે સુધી ન જાગતો.' ટ્રેનનું સિગ્નલ મળ્યું કે અલીના પિતાએ કહ્યું.

અલી એટલો ઉત્તેજિત હતો કે તેના પિતાની ચિંતા તરફ ધ્યાન ન આપી શક્યો. તેણે ઉપરની બર્થ પોતા માટે રિઝર્વ કરાવી લીધી અને ઉપર ચડી ગયો. ઓમીએ મુસાફરી પહેલાંની પ્રાર્થના કરી લીધી.

'અલીની મમ્મી ચિંતા નથી કરતી, પણ તે તો મારા જિગરનો ટુકડો છે.' અલીના પિતા બોલ્યા અને તેમની આંખો ભીની થઈ ગઈ. 'ક્યારેક મને લાગે છે કે મારે ફરી લગ્ન જ નહોતાં કરવાં જોઈતાં.'

મેં પૈસા અને ટિકિટ પ્લાસ્ટિકમાં વીંટ્યાં અને તેને મારા ખિસ્સામાં મૂક્યાં. બાર વર્ષનાં તથા બે મોટાં થઈ ગયેલ બાળકો સાથે પ્રવાસ કરવો – આની જવાબદારી મારા પર હતી.

'એ બરાબર છે, ચાચા. હવે તમે તમારી ચૂંટણીસભામાં વડોદરા જઈ શકો છો.' મેં કહ્યું.

'હા, એ વાત સાચી છે. હું અલીને એની મમ્મી પાસે ચાર દિવસ ન છોડી શકું.'

'આ વર્ષે તમને ટિકિટ મળવાની છે ?' મેં નીચેની બર્થમાં અમારી સૂટકેસને સાંકળ મારતાં કહ્યું.

ટ્રેને ગતિ પકડવા માંડી.

'ના, ના. હું પક્ષમાં એટલો સિનિયર નથી. પણ હું બેલરામપુરના ઉમેદવારને મદદ કરીશ. અલી બેટા, બે બર્થ વચ્ચે કૂદકા ન મારતો....' ટ્રેને ગતિ પકડતાં તેનો અવાજ દૂર થતો ગયો.

ઈશે અલીનો હાથ ખેંચ્યો અને તેને ખોળામાં ખેંચ્યો. 'બરાબર બાય કહે.' ઈશે કહ્યું.

'ખુદા હાફિઝ, બાબા.' ટ્રેને ઉષ્માભર્યા પ્રદેશ તરફ ગતિ કરી કે અલીએ બૂમ મારી.

* * *

'આયોજકો, અમારે આયોજકોને મળવું છે. અમને અંદર જવા દો.' મેં કહ્યું. એક લાંબા વાળવાળા હાથે અમને રોક્યા. આ હાથ વી.આઈ.પી. સ્ટૅન્ડની બહાર ઊભેલ સિક્યૉરિટી ગાર્ડનો હતો.

'અહીં આવેલ ત્રીસ હજાર લોકો અંદર જવા માગે છે. તમે કોણ છો ? ઓટોગ્રાફ માટે મથનારા ?'

'તું જ બોલ ને.' ઈશે મને કાનમાં કહ્યું.

'તમારા સિનિયરને બોલાવો. મારે તેની સાથે વાત કરવી છે.'

'પણ શા માટે ?' વાળવાળા ગાર્ડે કહ્યું.

મેં મારું કાર્ડ તેની સામે ધર્યું. તેમાં લખેલ હતું, 'ઝુબેન સિંહ. વિલ્સન સ્પોર્ટ્સ.' પંડિતજી એક વાર ભારતની એક સૌથી મોટી સ્પૉર્ટ્સ કંપનીના ચૅરમૅનને મળ્યા હતા. મેં તેમની પેટીમાંથી

આ કાર્ડ લઈ લીધું હતું.

'હું વિલ્સન સ્પૉર્ટ્સમાંથી આવું છું. અમે કેટલાક કરાર વિશે વાત કરવા માગીએ છીએ. તમે સહકાર આપવા માગો છો કે...'

સિક્યૉરિટી ગાર્ડને પરસેવો વળી ગયો. તેણે તેના મૅનેજરને બોલાવ્યો. મેં તેને પણ આ જ વાત કહી. તેણે સૌથી સિનિયર સિક્યૉરિટી વ્યક્તિને બોલાવી જે સૂટમાં આવી. મેં એક ખોટો ફોન કૉલ કર્યો જેમાં દસ કરોડ બિઝનેસ ઑર્ડરની વાત કરવાનો ઢોંગ કર્યો. તે જોકે શંકાથી ઊભો હતો. મેં બીજો કૉલ ગુજરાતીમાં કર્યો. હવે તેનો ચહેરો હળવો થયો.

'ગુજરાતી ?' તેણે કહ્યું.

મેં તેની સામે જોયું. યોગ્ય જવાબ શોધવાનો પ્રયાસ કર્યો. ભારતમાંથી તમે કોઈ ચોક્કસ વિસ્તારમાંથી આવતા હો તો તમને ચાહશે કે ધિક્કારશે તે નક્કી નથી કરી શકાતું.

'હા.' મેં સાવચેતીથી જવાબ આપ્યો.

'ઓહ, તો તમે કેમ છો ?' તેણે પણ ગુજરાતીમાં કહ્યું. ભારતમાંની વિવિધ ભાષાઓની ક્લબ માટે ભગવાનની મહેરબાની છે.

'હું હમણાં જ અમદાવાદથી આવ્યો છું.' મેં કહ્યું.

'તમે એપોઈન્ટમૅન્ટ વિના જ આવ્યા છો ?' તેણે કહ્યું.

'હું તો મેચ જોવા આવ્યો છું. મેં ઑસ્ટ્રેલિયનોને રમતા જોયા અને વિચાર્યું કે અમે કોઈને બ્રાન્ડ ઍમ્બેસૅડર તરીકે શોધીએ.'

'પણ ઑસ્ટ્રેલિયન શા માટે ? શા માટે તમે ભારતીયને પસંદ નથી કરતા ?'

તદ્દન વ્યર્થ પ્રશ્ન, પણ તેણે તેની અમારી બાબતે વધતી શ્રદ્ધાનો ખ્યાલ આપ્યો. 'ભારતીય ટીમ ન પોષાય. સારા ખેલાડીઓ ખૂબ જ મોંઘા છે. અને નબળા ખેલાડીઓ, ખેર, કહો કે અજિત અગરકર જો કરાર કરે તો બૅટ કોણ ખરીદવાનું ?'

ગાર્ડે માથું હલાવ્યું. તેણે કાન પર લટકાવેલ માઈક્રોફોનમાં વાત કરી. પછી અમારા તરફ ફર્યો.

'તમારામાંનો એક મારી સાથે રહો.' સિક્યૉરિટી હેડે કહ્યું.

'આ રહેશે.' મેં ઓમી તરફ આંગળી ચીંધી કહ્યું.

'અમારો ગાર્ડ તમને કંપની આપશે. આ છોકરાનું શું છે ? તેણે પણ ચાલવાનું છે ?'

'હા, તે પણ આ જાહેરાતમાં છે. જુઓ, અમે કોચ અને વિદ્યાર્થીનું થીમ કરી રહ્યા છીએ.'

દરવાજો ઊઘડયો. ગાર્ડ અમને હેરાન કરતો હોય એ રીતે અંદર ખેંચી ગયો. છેવટે અમે અંદર પહોંચી ગયા. અમે ભભકાવાળી, લાલ ફાઈબર ગ્લાસવાળી બેઠકો પાસેથી પસાર થયા અને એક ખાલી હારમાં બેઠા. અમે અહીંથી મેદાનને ઉત્તમ રીતે જોઈ શકતા હતા. અમે આવ્યા ત્યારે ભારતીય ઈનિંગ પૂરી થઈ હતી. ઑસ્ટ્રેલિયાએ બૅટિંગ શરૂ કરી હતી. ક્રિઝ પર બૅટ્સમૅન હશે તે બાદ કરતાં બાકીની ટીમ થોડી જ વારમાં સ્ટૅન્ડમાં આવવાની.

'ઓમી બરાબર હશે ને ?' ઈશે મને પૂછયું.

મેં માથું હલાવ્યું.

'આપણે ઑસ્ટ્રેલિયન ટીમની આવવાની રાહ જોઈએ, કેમ ?' – મેં સિક્યૉરિટી ગાર્ડ અમારા પર ફરી શંકા ન કરે માટે કહ્યું. તેણે પણ મસ્તક હલાવ્યું.

'તમે પણ ગુજરાતમાંથી છો ?' ઈશે પૂછ્યું.

'ના.' ગાર્ડે જવાબ આપ્યો. જાણે તેનું દિલ કોઈ ગુજરાતી છોકરીએ તોડયું હોય તેમ તે મૂંઝાયેલ દેખાતો હતો.

'એય, ધીમેથી પાંચ હાર પાછળ જો તો.' ઈશે કહ્યું.

હું ફર્યો. ભારતીય ટીમનાં વસ્ત્રોમાં એક પાઘડીવાળો શીખ છોકરો દેખાતો હતો.

'શરણદીપસિંહ, બારમો ખેલાડી. તે ઝડપથી ટીમમાં આવી જશે. હું જઈને તેની સાથે હાથ મેળવી આવું ?' ઈશ બોલ્યો.

'મૂર્ખ ન થા. એક મિનિટ પણ જો તું આ ખેલાડીઓનો ફેન છો એવી શંકા જશે, તો તેઓ આપણને લાત મારી બહાર કાઢી મૂકશે.' મેં કહ્યું.

'હું આ લઈ શકું ?' સફેદ કપડાંવાળા વેઈટરો સૉફ્ટ ડ્રિંક લઈ ફરતા હતા તે જોઈ અલી બોલ્યો.

'એવો દેખાવ કરજે કે તું બે કરોડની કંપનીનો માલિક છે. જા, લઈ લે, અલી.' મેં જવાબ આપ્યો.

થોડી જ વારમાં અમે બધા મોટા ગ્લાસમાં ફૅન્ટા પીતા હતા. તેના સ્પૉન્સરોનો આભાર.

અમારા સ્ટૅન્ડમાં ગણગણાટ શરૂ થયો. દરેક જણ ડ્રેસિંગ રૂમમાંથી આવતા પીળાં કપડાંવાળા લોકો બહાર નીકળતા પાછા ફર્યા. જેવા ઑસ્ટ્રેલિયન ટીમના સભ્યોને જોયા કે ઈશે મારો હાથ જોરથી પકડી લીધો. તેઓ આવ્યા અને અમારાથી બે હાર આગળ બેઠા.

'પેલો સ્ટીવ વો છે, ઑસ્ટ્રેલિયાનો કેપ્ટન.' ઈશે મારા કાનમાં કહ્યું. હું તેની આંખ દ્વારા તેના હૃદયના ધબકારા સાંભળી શકતો હતો.

મેં માથું હલાવ્યું અને ઊંડો શ્વાસ લીધો. હા, બધા જ ત્યાં હતા – બેવાન, લેહમૅન, સાયમન્ડ અને મેકગ્રાથ પણ. અમે અહીં બીજા ફેનની જેમ ઑસ્ટ્રેલિયનોની ટીમ જોવા નહોતા આવ્યા. અમે તો એક ખાસ હેતુ માટે આવ્યા હતા.

'ઈશ ભૈયા, જો પેલો પૉન્ટિંગ, પેડમાં છે. તે વન ડાઉન છે.' અલીની ચીસે મારી તટસ્થ રહેવાની ખ્વાહિશ તોડી નાખી.

થોડા લોકોનું ધ્યાન ગયું, પણ તેમણે જોયું ન જોયું કર્યું. અલી આખરે તો બાળક હતો. ભલે તેઓ ખેલાડીઓ આસપાસ ઘૂમતા રહેવા માગતા હોય, પણ સાચા વી.આઈ.પી.ઓ તેમની સામે બૂમબરાડા ના પાડે.

એક યુવાન અને ગોરી ચામડીવાળો માણસ, જેને મેં ન ઓળખ્યો, આવ્યો અને અમારી એક હાર આગળ બેઠો. તેણે પણ ઑસ્ટ્રેલિયન શર્ટ પહેર્યો હતો, પણ સામાન્ય ખાખી ચડ્ડી પહેરી હતી. વાંકડિયા વાળ અને ઘેરી બ્લૂ આંખ જોતાં તે વીસથી વધુનો નહીં હોય.

આદમ ગિલ્ક્રીસ્ટે સિક્સ મારી એટલે વી.આઈ.પી.ઓએ તાળીઓ પાડી. જનરલ સ્ટૉલમાં દુઃખને કારણે મૌન છવાઈ ગયું. ઈશ બૉલરને ગાળ આપવા માગતો હતો, પણ તેનું ડહાપણ જીત્યું અને તેણે શાંતિ રાખી.

ઑસ્ટ્રેલિયન ટીમ પુષ્કળ સિક્સ મારતી હતી. આગળ બેઠેલ વાંકડિયા વાળવાળો છોકરડો મુઠ્ઠીઓ ઉછાળતો હતો.

અલીએ પોતાની ત્રીજી ફૅન્ટા પૂરી કરી.

'જા, મેં મારું કામ પૂરું કર્યું છે.' મેં ઈશને કહ્યું.

'થોડી ઓવરો પછી. મેચ પૂરી થવા દે.' ઈશે જવાબ આપ્યો.

ઑસ્ટ્રેલિયાએ પોતાની હેડનની પ્રથમ વિકેટ સિત્તેરના સ્કોરે ગુમાવી. વી.આઈ.પી. સ્ટૅન્ડમાં ગૌરવપૂર્વકની તાળીઓ પડી. પૉન્ટિંગ જેવો ક્રીઝ પર જવા નીકળ્યો કે તેની ટીમના સભ્યોએ તાળી પાડી તેને વધાવ્યો. શ્રીનાથે ચોથા જ બૉલે તેને રવાના કરી દીધો.

ઈશ હવે પોતાને રોકી ન શક્યો. 'વાહ ! શ્રીનાથ, વાહ. જામી પડ.' તેણે બરાડા પાડવા માંડયા. મેં તેને ખુરશી પરથી ઊભો થતાં રોક્યો. આ દિવસોમાં વી.આઈ.પી. સ્ટૅન્ડમાં આવા ગુણવત્તા વિનાના લોકો જોઈ કેટલાક લોકોએ નાકનું ટીચકું ચડાવ્યું. બેવન પેડ સાથે તૈયાર હતો

અને તે ઈનિંગ માટે રવાના થયો. વાંકડિયા વાળવાળો છોકરડો ઈશ તરફ નજર કરવા ફર્યો.

'શાબાશ, ભારત આગે જા. આપણે આ કરી શકીએ. સિરીઝ જીતી શકાય. આવી જાવ. આપણે ૨-૨ પર છીએ.' ઈશ મનમાં ગણગણ્યો.

છોકરડાએ અમારા સામે જોયું. ઈશ સાવધાન થઈ ગયો.

'ઓ.કે. સરસ, યુવાન.' તે બોલ્યો.

'સૉરી, અમે....' મેં કહ્યું.

'તે મારી ટીમ હોત તો હું પણ આમ જ કરત.' તેણે જવાબ આપ્યો.

હવે વાત કરવાની તક હતી. સંભવ છે, તે ટીમના કોઈ સભ્યનો ભાઈ કે કંઈક હોય.

મેં ઈશને કોણીથી ધક્કો માર્યો.

'હાય.' ઈશે કહ્યું, 'હું ઈશાન છું. અમે ગુજરાતના અમદાવાદથી આવ્યા છીએ. અને આ ઝુબીન છે. વિલ્સન સ્પૉર્ટ્સના માલિક છે અને આ અલી છે.'

'તમને જોઈને આનંદ થયો. હાય, હું ફ્રેડ છું. ફ્રેડ લી.'

'તમે ટીમમાં રમો છો ?' મેં ફ્રેડને પૂછ્યું.

'હમણાં તો નહીં, પીઠનો દુખાવો છે. પણ હા, ગયા વર્ષથી ઑસ્ટ્રેલિયા માટે રમવાનું શરૂ કર્યું છે.'

'બૅટ્સમૅન ?'

'બૉલર. પેસ.' ફ્રેડે જવાબ આપ્યો.

'ફ્રેડ, આપણને વાત કરવાની જરૂર છે. આ છોકરા વિશે. આપણને ખરેખર વાત કરવાની તાતી જરૂર છે.' ઈશે કહ્યું. ઉત્તેજનાથી તેનો શ્વાસ ઝડપથી ચાલતો હતો.

'ચોક્કસ, ભાઈબંધ. હું ત્યાં આવું છું.' ફ્રેડે કહ્યું અને કૂદકો મારીને ઈશની બાજુમાં આવી ગયો.

અમને કોઈ ધોળિયા સાથે જોઈ સિક્યૉરિટી ગાર્ડ જરા હળવો થઈ ગયો. હવે અમે તેને મહત્ત્વના માણસ લાગ્યા.

ઈશે એક કલાકમાં તેની વાત પૂરી કરી.

'હું તેને ટેસ્ટ કરું એમ તમે ઈચ્છો છો ? ભાઈબંધ, તમારે તમારા પસંદગીકારો કે એવા કોઈકને બતાવવો જોઈએ.'

'મારા પર વિશ્વાસ રાખો, જો ભારતીય પસંદગીકારો પોતાનું કામ બરાબર કરતા હોત, તો વિશ્વની એક પંચમાંશ વસ્તી ધરાવતો એક દેશ આમ આટલી મેચો હારતો ન હોત. ખોટું ના લગાડશો.'

'અમારી ટીમને હરાવવી જ મુશ્કેલ છે. અને તેનાં અનેક કારણો છે.' ફ્રેડે ધીમેથી કહ્યું.

'માટે જ તમે તેને ટેસ્ટ કરો એમ હું ઈચ્છું છું. એક વર્ષથી મેં તેને તૈયાર કર્યો છે અને હજી પણ અમે તે ચાલુ રાખશું. તમારી ટીમમાંથી કોઈને મળવા અમે ચોવીસ કલાકની મુસાફરી કરી છે, કારણ કે મને તમારા પર શ્રદ્ધા છે.'

'અને તેથી શું થશે ? હું કહું કે તે સારો છે તો ?'

'જો તમે કહો કે આ છોકરામાં વિશ્વ કક્ષાની ક્ષમતા છે. તો હું મારું જીવન તેને આગળ પહોંચાડવા આપી દઈશ. હું પ્રતિજ્ઞા કરી કહું છું. મહેરબાની કરી તેને થોડા બૉલ નાખો.'

'ભાઈ, જો હું મારા સામે આવતા દરેક માટે આમ કરવા બેસું તો...'

'હું તમને વિનંતી કરું છું, ફ્રેડ. ખેલાડી ખેલાડીના સંબંધે, અથવા કહો તો નાના ખેલાડીથી મોટા ખેલાડીના સંબંધે.'

ફ્રેડે પોતાની બ્લૂ આંખથી ઈશ સામે જોયે રાખ્યું.

'હું મારા જિલ્લા વતી રમ્યો છું, પણ આગળ જવા મને કદી માર્ગદર્શન ન મળ્યું.' ઈશ આગળ બોલ્યો. 'મેં મારો અભ્યાસ બગાડયો. મારાં માતાપિતા સાથે ઝઘડયો. રમત માટે મારી કારકિર્દીનો ત્યાગ કર્યો. આ જ મારા માટે સર્વસ્વ છે. તમારી પાસે આવતી દરેક વ્યક્તિ આવી નહીં હોય.'

ફ્રેડે સ્મિત કર્યું. 'ભાઈ, તમે ભારતીયો આવેશ બાબતે શ્રેષ્ઠ લોકો છો. વિશ્વાસ રાખ, મેં પણ આ રમત માટે ઘણું ગુમાવ્યું છે.'

'એનો અર્થ છે કે તમે કબૂલ થાવ છો ?'

'ચાર બૉલ, વધારે નહીં. મેચ પછી. નજીક જ રહેજો.' ફ્રેડે કહ્યું અને તે પોતાની સીટ પર પાછો ચાલ્યો ગયો. 'અને આશા રાખો કે ઑસ્ટ્રેલિયા જીતે જેથી મારું વચન રાખવા મારો મૂડ સારો રહે.'

ઈશનું સ્મિત થીજી ગયું. 'તે તો હું ન કરી શકું. હું ભારતની વિરુદ્ધ તો ન વિચારી શકું.'

'હું તો મશ્કરી કરું છું, દોસ્ત. તમે લોકો લાગણી બતાવવામાં ભારે જબરા છો. પણ અમે તો ...ખેર.' ફ્રેડે આંખ મારતાં કહ્યું.

ઑસ્ટ્રેલિયાની ભાષા મારી સમજ બહાર હતી, છતાં અમે હસ્યા.

'અમારા મિત્રને બોલાવ. અમારે તેની સખત જરૂર છે.' મેં કડકાઈથી ગાર્ડને કહ્યું.

બે મિનિટ પછી ઓમી અમારી સાથે જોડાયો. તે એટલો તરસ્યો થયો હતો કે તેણે અલીનું પીણું ઝૂંટવી જ લીધું.

'તમે સાલાઓ અહીં શું કરો છો ? મારે બે કલાક વાટ જોવી પડી ?'

'મિત્રો બનાવતા હતા.' ઑસ્ટ્રેલિયાએ ચોગ્ગો માર્યો એટલે મેં ફ્રેડ સામે સ્મિત કરતાં કહ્યું.

ઑસ્ટ્રેલિયા મેચ જીત્યું, પણ ઈશ પાસે દુઃખી થવાનો સમય ન હતો. તેણે અલીને પેડ બાંધવાનાં હતાં.

અમે મેચની બધી જ વિધિઓ પૂરી થયા પછી અડધા કલાક પછી મેદાન પર આવ્યા.

'તે ફાસ્ટ બૉલર છે.' ઈશે અલીને કહ્યું. 'તારે હેલ્મેટની જરૂર છે ?'

અલીએ માથું હલાવ્યું.

'પહેરી લે.' ઈશે અલીના માથામાં હેલ્મેટ પહેરાવતાં કહ્યું.

'તૈયાર, દોસ્તો ?' ફ્રેડે બૉલરના છેડેથી બૂમ મારી.

અલીએ મસ્તક હલાવ્યું. ઈશે વિકેટકીપરની જગ્યા લીધી. ફ્રેડે ઝનૂનભરી નજરથી દસ પગલાંની રનિંગ લીધી. બૉલ અલી પાસેથી પસાર થઈ ગયો. ઈશ તેને પકડવા પાછળ ખસ્યો.

'હોશિયાર છે !' ફ્રેડે બીજી રનિંગ-અપ લેતાં મને કહ્યું.

'અરે, અલી શું થયું ?' ઈશે કહ્યું.

'હું જોઈ શકતો નથી. બૉલ સફેદ છે અને આ ધોળિયો ડરામણો ચહેરો કરે છે.'

'ચહેરાને ન જો.' ઈશે કહ્યું. તેણે હેલ્મેટ ઠીક કર્યું. ઓમી બાઉન્ડરી પર આવેલ કાળો પડદો બરાબર કરવા દોડયો.

ફ્રેડે બીજો બૉલ પણ પૂર્ણ રીતે ફેંક્યો. અલીએ આ વખતે ફટકાર્યો. બૅટે ૪૫ ડિગ્રી બૉલને વાળ્યો. બૉલ નીચે જ રહ્યો, પણ ચોક્કા સુધી પહોંચ્યો ત્યાં સુધી જમીનને ન અડક્યો. સીક્સ.

'બ્લડી હેલ, આ ક્યાંથી આવ્યો ?' ફ્રેડે કહ્યું.

'હજી બે બૉલ છે.' મેં કહ્યું. ફ્રેડના મગજમાં શું ચાલતું હતું તે હું સમજી શકતો હતો. એક નાનકડા છોકરા વડે કચડાવાનો, તૂટવાનો, હારવાનો ભય શરૂ થઈ ગયો હતો.

ફ્રેડના ત્રીજા બૉલમાં ફોર ગઈ અને છેલ્લામાં સીક્સ. હવે તેનો ચહેરો ડરામણા કરતાં હતાશ

વધારે લાગતો હતો. તેણે ભલે ગમે તેટલો સમય દોસ્ત કહ્યું હતું. તેનો અવાજ શાંતમાંથી ચિંતાતુર બનતો જતો હતો. તે એવો લાગતો હતો જેની ક્રિકેટ વિશેની બધી માન્યતાઓ હચમચી ગઈ હતી.

'આણે કર્યું કેમ ?' પોતાના વાંકડિયા વાળમાં આંગળીઓ હલાવતો ફ્રેડ ગણગણ્યો.

અમે અલી સામે જોયું. તે જમીન પર બેસી ગયો હતો અને માથું પકડી લીધું હતું.

'તું બરાબર છે ને ?' ઈશે તેને પૂછયું. દબાણની અલી પર અસર થઈ હતી.

'શું થયું ?' ફ્રેડે પૂછ્યું.

'વધારે પડતા એકાગ્ર થવાથી તેની ઘણી શક્તિ હણાઈ જાય છે. થોડા મોટા ફટકા પછી તેને પાછા તાજા થવું પડે છે. મેં તેને ત્યાં એક આખી ઈનિંગ રમતાં શીખવ્યું છે, પણ આજે...'

'તાણ, દોસ્ત. આટલી બધી મુસાફરી કરી અને પાછા તમે તેની સામે આવો ડરામણો ધોળિયો ઊભો કરી દીધો.' ફ્રેડે કહ્યું.

'તેણે તેનો તો સામનો કરવો જ રહ્યો.' ઈશે કહ્યું. તે અલીનાં પેડ ઉતારવા નીચે નમ્યો.

'હા, તેને શક્તિની તાલીમની સખત જરૂર છે, પણ આગળ ચોક્કસ વધશે.' ફ્રેડ બોલ્યો.

'તમે એમ માનો છો ?'

'આ ફ્રેડનો ચુકાદો છે.'

'અરે મિત્રો, તમે જરા ઊભા રહો. મારે એક કૉલ કરવો છે.' ફ્રેડે કહ્યું અને તેના સેલફોન પર એક નંબર ડાયલ કરવા થોડો પાછળ ખસ્યો. હું ફ્રેડને સાંભળી ન શક્યો, પણ તે પાછળ ફર્યો તે પહેલાં તેણે દસ મિનિટ વાતો કરી.

'આભાર, ફ્રેડ.' ઈશે કહ્યું. હું ઈશના ચહેરા પર ગૌરવની લાગણી જોઈ શક્યો.

'સરસ, પણ તમે મિત્રો તેને થોડા દિવસ ઑસ્ટ્રેલિયા શા માટે નથી લઈ આવતા ? ત્યાં રહો અને મારી એકૅડેમીમાં તાલીમ લો.' ફ્રેડે એવી રીતે આમંત્રણ આપ્યું જાણે કે ઑસ્ટ્રેલિયા જવું નવરંગપુરામાં ઑટોમાં બેસીને જવા જેટલું સરળ હોય.

'ખરેખર ?' ઈશે કહ્યું.

હા ચોક્કસ. મને વિચાર આવ્યો. અમે ગોવા જવા માટે સેકન્ડ ક્લાસની ટિકિટ લેવા દુકાન બંધ રાખી હતી. અમે આજે જ રાતે પૈસા બચાવવા જવાના હતા. અને છતાં ઈશ ઑસ્ટ્રેલિયા જવા માગતો હતો.

'અમે ન જઈ શકીએ, ફ્રેડ.' મેં કહ્યું.

'કેમ ?' ફ્રેડે પૂછ્યું.

'અમને ન પોષાય. હું કંઈ ક્રિકેટના બિઝનેસનો માલિક નથી.'

'શું ?'

'હું તો નાનકડી ક્રિકેટની દુકાન ચલાવું છું. અમે તો તમારા વિભાગમાં આવવા ખોટું બોલ્યા હતા.'

વાતાવરણમાં તાણનો અનુભવ થવા લાગ્યો.

'હોલી મેરી.' ફ્રેડ હસ્યો. 'તમે દોસ્તો ! જબરું ગપ્પું ચલાવ્યું ! હું પણ તમારા ક્રિકેટના ખેલાડીઓ જેમ કંઈ પૈસાદાર નથી. એટલે હું સમજી શકું છું, પણ તમે પકડાયા હોત તો મુશ્કેલીમાં મુકાઈ જાત.'

'મારે ખાતરી કરવી હતી કે અલીની કસોટી શ્રેષ્ઠ દ્વારા જ થાય.' ઈશે કહ્યું.

'તો પછી તેને ઑસ્ટ્રેલિયા મોકલો. હું કાલે ભારત છોડું છું. તમારો બિઝનેસ કેટલો મોટો છે ?'

'ખૂબ જ નાનો.' ઈશે કહ્યું. 'અને ટિકિટો પણ ખર્ચાળ છે.'

'ખેર, મારી એક ગર્લ-ફ્રેન્ડ ક્વાન્ટાસમાં કામ કરે છે. જોઉં, હું શું કરી શકું છું.' અમે ચાલવા

લાગ્યા ત્યારે ફ્રેડે કહ્યું. 'માત્ર ઈશ અને અલી બરાબર ?'

'બરાબર.' મેં જવાબ આપ્યો.

'ના, અમે ભાગીદાર છીએ, ફ્રેડ. કાં તો અમે બધા સાથે આવશું અથવા કોઈ નહીં આવે. અમારે ચાર ટિકિટની જરૂર પડશે.' ઈશ બોલ્યો.

'થોભો.' ફ્રેડ બોલ્યો. તે બીજો ફોન કરવા ફરી ખસ્યો.

'ભલે.' ફ્રેડ પાછળ ફરતાં બોલ્યો. 'હું ચાર ટિકિટનો મેળ કરી શકું છું.'

'વાઉ !' ઈશે ઉદ્ગાર કાઢયા. 'અલી, જો, આ તારા કારણે છે બધું.'

અલીએ સ્મિત કર્યું.

'પણ જુલાઈ સારો રહેશે.' ફ્રેડ બોલ્યો. 'ત્યારે ઑસ્ટ્રેલિયામાં શિયાળો હોય છે અને ટિકિટો પણ સસ્તી હોય છે.'

'જુલાઈ ચાલશે.' મેં કહ્યું. 'અમે ઉનાળુ વૅકેશનમાં ન આવી શકીએ. તે અમારી વધારે કમાવાની ઋતુ છે.'

મેં કલ્પના કરી કે ટિકિટ ઉપરાંત પાસપોર્ટ, વિઝા અને ત્યાં રહેવાનો ખર્ચ થશે. મારે તે બચાવવા થોડા સમયની જરૂર હતી. મારે તે કહેવાની જરૂર ન હતી, પણ તમે દરરોજ કંઈ પરદેશ નથી જતા.



બાર

'અહીં થોડો કચરો છે, પણ તમારી દુકાન માટે સારો સ્ટોર થશે.' મામાએ એક ભંગાર ગોડાઉન ખોલતાં કહ્યું.

વર્ષો પછી પહેલી વાર સૂર્યનાં કિરણોએ રૂમમાં પ્રવેશ કર્યો. બે ઉંદર લથડિયાં ખાતા દોડયા. અમે ગૂણીઓ, ઈંટોના ઢગલા અને છોડી દીધેલ વસ્તુઓ વચ્ચે થઈ આગળ ચાલ્યા.

'આને ગોઠવતાં અઠવાડિયાંઓ લાગશે. ઓમી, આપણને છત પર છ લાઈટો જોશે.' મેં કહ્યું.

'આ પંદર બાય પંદર છે. સારી સાઈઝ છે.' મામાએ કહ્યું.

'મામા, આનું કેટલું ભાડું તમારે જોઈએ છે ?' મેં પૂછ્યું.

મેં હોલસેલ બિઝનેસમાં જવાનો નિર્ણય કર્યો હતો. મને ખાતરી હતી કે વર્તમાન ક્રિકેટની સિરીઝ જબરી માગ ઊભી કરશે. જ્યાં સુધી મને ઉધાર માલ મળતો રહેશે, ત્યાં સુધી હું પૈસા બનાવી શકીશ.

'ગાંડો ન થા. બાપ પોતાના દીકરા પાસેથી ભાડું ન લે.' મામા બોલ્યા.

મને આવી ઉદારતાનો અણગમો હતો. મેં ગોડાઉનનું ભાડું દુકાન કરતાં અર્ધું ધાર્યું હતું. તેને રિટેઈલ કરવા માટે આગળનું બારણું ન હતું.

'અને દીકરાની વાત કરું તો, હું આજે મારા દીકરાનો પરિચય તમને કરાવવા માગું છું.' મામાએ કહ્યું અને બૂમ મારી, 'ધીરજ, ધીરજ !' મામાનો ચૌદ વર્ષનો દીકરો ધીરજ મંદિરના કમ્પાઉન્ડમાં દોડતો આવ્યો. તેનાં 'સ્પાઈડરમૅન' ટી-શર્ટ અને જીન્સ તેના હાથમાં રહેલ કંકુ અને ભગવાં પેસ્ટ સાથે વિરોધાભાસ સર્જતાં હતાં.

'બાબા, તમે અહીં છો. મને તિલક કરવા દો.' ધીરજે કહ્યું.

ધીરજે મામાના કપાળ પર તિલક કર્યું. 'તારા આ ભાઈઓને મળ.' મામાએ કહ્યું, 'ગોવિંદ, ઈશાન અને ઓમી.'

'હાય !' મેં કહ્યું.

'ક્રિકેટ શૉપના માલિકો. મને ક્રિકેટ ખૂબ ગમે છે.' છોકરાએ કહ્યું. તેના અવાજમાં તરુણાવસ્થાનો અણસાર જોવા મળતો હતો.

'ઘણો નાનો છે, છતાં તે મને પ્રચારમાં તેની સ્કૂલ પૂરી કર્યા પછી મદદ કરે છે.' મામાએ પોતાના અવાજમાં અભિમાન મેળવીને કહ્યું. 'અયોધ્યાની બે મુસાફરી કરી આવ્યો છે. બેટા, તારા ભાઈઓનાં કપાળ પર પણ તિલક કર.'

ધીરજે અમારાં કપાળ પર પણ તિલક કર્યું. 'મારે પૂજા પૂરી કરવાની હતી. ઈશ ભૈયા, આજે તમારે મને ક્રિકેટની ખૂબીઓ શીખવવી પડશે.'

'હા, હા, હો !' મામાએ કહ્યું.

અમે ગોડાઉનમાંથી બહાર આવ્યા. મામાએ દરવાજો બંધ કર્યો.

'તમારું કેમ ચાલે છે, મામા ? તમારે મારી જરૂર છે ?' ઓમીએ કહ્યું.

'ચૂંટણી હવે કેવળ છ માસ જ દૂર છે. થોડા જ વખતમાં રેલીઓ શરૂ થશે. હું કેટલું સરસ કામ કરી શકું છું તે મારે પારેખજીને બતાવવાનું છે.'

મેં સો રૂપિયાની દસ નોટ કાઢી અને તે મામાના હાથમાં મૂકી.

'ગોડાઉનનું ભાડું, મામા.' મેં કહ્યું.

'ના, ના, નથી જોઈતું.' તેમણે કહ્યું.

'ના ન કહો, મામા. હું આમ પણ તમારો કૃતજ્ઞ છું. બિઝનેસ વધી રહ્યો છે. અમે તમારી લોન પણ વહેલી ભરી દઈશું.' મેં જવાબ આપ્યો.

* * *

'હલ્લો, પંડિતજી, મારો અવાજ સંભળાય છે ?' મેં કહ્યું. મેં ગોડાઉન શરૂ કર્યું પછીના એક મહિના બાદ મને પંડિતજીનો કૉલ મળ્યો. મંદિરના ઘંટનાદને કારણે માંડ સંભળાતું હતું. મારે આ ઘોંઘાટિયા લાઇન પર તેમનો અવાજ સાંભળવા મારા કાનને સરવા કરવા પડતા હતા.

'બસ, હવે ઘણું થયું, ગોવિંદ. હું મારી દીકરીઓનાં લગ્ન કરી નાખવા માગું છું અને પછી કાશ્મીર જવા માગું છું.'

'હું જાણું છું, પંડિતજી.' મેં કહ્યું. તેમણે મને આ વાત ડઝન વાર કહી હતી.

'હા, પણ ગયા અઠવાડિયે એક સરસ કુટુંબ મારા ઘેર આવ્યું હતું. તેમના બે દીકરા છે. બંને લંડનમાં સ્થિર થયા છે. તેઓ મારી બંને દીકરીઓને સ્વીકારવા તૈયાર છે અને બહુ જ જલદી પતાવવા માગે છે.'

'એક જ વિધિમાં ?'

'હા, મારી બચતની કલ્પના તો કર. પણ એક વિધિ હોવા છતાં તેઓ તેને ભપકાથી કરવા માગે છે. મેં ગોડાઉન તો વેચી નાખ્યું છે, પણ મારે માલ ખરીદનારની જરૂર છે.'

'સ્ટોક કેટલાનો છે ?'

'વેચાણ-કિંમત બે લાખ રૂપિયા. તારા જેવા વિક્રેતા માટે વીસ ટકા માર્જિન અને મારા માટે બીજા દસ ટકા. સાચી કિંમત એક લાખ ચાલીસ હજાર આસપાસ.'

'હું તેને એક લાખમાં લેવા તૈયાર છું.' મેં વિચાર કર્યા વિના જ કહ્યું. ઈશ અને ઓમી મને નવાઈથી જોઈ રહ્યા. હું કઈ ગાંડી યોજના કરતો હતો ?

'એક લાખ ચાલીસ હજાર તો કિંમત છે. અને હવે તું તેને ખરીદી મને ખોટમાં નાખવા માગે છે ?'

'હું બધું જ ખરીદી લઈશ.'

'મને આવતા મહિને પૈસા આપી દેજે. તું તેને એક લાખ દસમાં ખરીદી લે.' પંડિતજીએ કહ્યું.

'મેં એક લાખ કહ્યા છે. વધારે જરા પણ નહીં.' મેં દૃઢ અવાજે કહ્યું.

'તું સ્ટોક ક્યારે લઈ જઈશ ? ગોડાઉનનો માલિક તે જલદી માગે છે.' પંડિતજીએ કહ્યું.

'આજે જ.' મેં કહ્યું.

મેં જ્યારે ઈશ અને ઓમીને આ બાબતે કહ્યું, તેમના માથા પર ચિંતાના સળ પડયા. મેં તો આ વેપારમાં સોનાની ખાણનાં દર્શન કર્યાં હતાં. ભારતે હમણાંની સિરીઝમાં ઉત્તમ દેખાવ કર્યો હતો. થોડાં જ અઠવાડિયાંઓમાં ઉનાળુ વૅકેશન શરૂ થતું હતું. જો હું આ બધું વેચી નાખું તો હું બમણા પૈસા બનાવી શકું.

'પણ તું જાણે છે ને કે તું શું કરવા માગે છે.' ઈશે શંકા કરતાં કહ્યું.

મેં તેની સામે જોયું. મારા જોખમે તેમને એક વાર હતાશ કર્યા હતા. છતાં, જોખમ લીધા વિના તો તમે બિઝનેસ ન કરી શકો.

'હા, હું જાણું છું. તને મારા પર વિશ્વાસ છે ?'

'અલબત્ત.' તેણે કહ્યું, 'પણ તેની દીકરી ચાલી ગઈ છે.'

'શું ?' મેં મૂંઝવણથી પૂછ્યું.

'તારી પાસે તેની વસ્તુ હતી.' તેણે મને યાદ અપાવ્યું.

'ઓહ.' હું આડું જોઈ ગયો. તને ખબર નથી કે કોની પાસે કઈ વસ્તુ છે, બેટા, તું જાણતો નથી, મેં વિચાર્યું.

* * *

પછીના ત્રણ માસમાં બિઝનેસ તો ખૂબ વધી ગયો. દરેક ભારતીય બાળક મે અને જૂનમાં ક્રિકેટ રમ્યું. નિષ્ણાતોએ ભારત-ઑસ્ટ્રેલિયાની સિરીઝને ઐતિહાસિક ગણાવી હતી. મૂળ મેચો પરીક્ષાના સમય દરમ્યાન રમાઈ હતી, તેથી ક્રિકેટનું દબાવેલું ઝનૂન વૅકેશનમાં બહાર નીકળવા લાગ્યું.

'શું હરભજનસિંહ આમ બૉલ પકડે છે ?' સાત વર્ષનો એક નાનો છોકરો પોતાની નાની મુઠ્ઠીમાં ક્રિકેટના બૉલને ગોઠવવા પ્રયત્ન કરતો હતો.

'લક્ષ્મણ અને મારી બૅટિંગની રીત સરખી જ છે.' બીજા છોકરાએ પાર્કમાં કહ્યું.

મંદિરમાં આવતા ગ્રાહકોની સંખ્યા ત્રણ ગણી થઈ ગઈ. અમારો હોલસેલનો બિઝનેસ તેના કરતાં પણ વધારે સારો ચાલવા લાગ્યો. રિટેઈલરો પૂછતાં થાકતા જ ન હતા.

'શું ? પંડિતજી કાશ્મીર જાય છે ? ભલે, પણ સિટી મોલ સ્પૉર્ટ્સ શૉપમાં બૉલનાં બે બૉક્સ.' એકે કહ્યું.

'મેં પંડિતજીનો બિઝનેસ લઈ લીધો છે. અમને કૉલ કરજો. અમે બે કલાકમાં ડિલિવરી આપી દઈશું.' મેં સેટેલાઈટમાં આવેલ ઉધાર લેવા માગતા એક જણને કહ્યું.

હું પૈસાનો ખ્યાલ રાખતો. ઓમી ડિલિવરી કરતો અને ઈશ દુકાનની સંભાળ રાખતો. જ્યારે શાળાઓ ખૂલી ત્યારે તે માસિક સપ્લાય બિઝનેસનું ધ્યાન પણ રાખતો. અમે હવે ચાર શાળાઓને માલ પૂરો પાડતા. છેક પંદરમી ઑગસ્ટના રાષ્ટ્રીય રજાના દિવસે દુકાનમાં અમે શાંતિથી બેસી શક્યા.

'આપણે પતંગ રાખવા જોઈતા હતા. આકાશ સામે તો જો. બહુ સરળ પૈસા છે.' મેં પૈસા ગણતાં ગણતાં કહ્યું.

'જલદી ગણી લે.' ઓમીએ કહ્યું. 'મામાએ આપણને ચાર વાગ્યે બોલાવ્યા છે.'

મામાએ સ્વાતંત્ર્ય દિવસે એક રેલીનું આયોજન કર્યું હતું. એ જ દિવસે જ્યારે અલીના પિતાએ તેના પક્ષના એક ઉમેદવારના પ્રવચનનું આયોજન કર્યું હતું. વધારામાં, બંને રેલીઓ એક જ સ્થળે યોજાવાની હતી – નાના પાર્કની સામે.

'આપણે ત્યાં ચાર વાગ્યે પહોંચી જઈશું. પણ કલ્પના કરો કે છેલ્લા બે માસનો આપણો નફો શું છે ?' મેં બંનેની સામે ઊભા રહેતાં કહ્યું.

બંનેએ ખભા હલાવ્યા.

'સિત્તેર હજાર.' મેં કહ્યું.

'સિત્તેર શું ?' ઈશે પૂછયું.

'હા સાચું સમજ્યો. તેમાંથી ચાલીસ હજાર આપણી લોનો ભરપાઈ કરવામાં બાકીના ત્રીસ હજાર આપણા.' મેં કહ્યું અને નોટોનાં બંડલ તેમની સામે મૂક્યાં.

‘આ પૈસાનો ભાગ કેમ કરવો તે કોણ નક્કી કરે છે ?’ ઈશે પૂછ્યું.

‘હું કરું છું. કેમ, કંઈ સમસ્યા છે ?’ મેં કહ્યું અને મને ખ્યાલ આવ્યો કે હું વધારે પડતા આત્મવિશ્વાસથી બોલ્યો હતો.

‘કંઈ નહીં. પણ કેટલી લોન હજી બાકી રહી ગઈ છે ?’

‘માત્ર વીસ હજાર જ વધારે, જો તું વ્યાજ ગણે તો. આપણે વર્ષના અંતે બધી જ આપી દઈશું.’ મેં કહ્યું અને સેઈફને તાળું માર્યું. મેં તેની ચાવી મારા શર્ટના ખિસ્સામાં મૂકી. હું ગોડાઉનમાં સ્ટોક ઈન્વેન્ટરી માટે ઊભો થયો.

‘એ ગોવિંદ.’ ઈશે કહ્યું અને મારો હાથ ખેંચ્યો.

‘કેમ, શું છે ?’

‘ઑસ્ટ્રેલિયા.’ તેણે કહ્યું.

‘અલ્યા, પણ આપણે તેની ચર્ચા કરી લીધી છે. હા ફ્રેડને મળવું સરસ ઘટના હતી. અલી માટે પણ સારી. તને ખ્યાલ છે કે દરેકના કેવળ વિઝાનો ખર્ચ જ ત્રણ હજાર છે.’

‘ફ્રેડ આપણને ટિકિટ તો આપે છે.’ ઈશે કહ્યું

‘પણ આપણને ખર્ચ ખૂબ થશે. મારા મતે દરેક માટે દસ હજાર અને બધાના ચાલીસ હજાર.’ મેં કહ્યું. મારે ત્યાં જવું હતું, પણ આવી સામાન્ય બાબત માટે હું આટલું બધું ખર્ચી ન શકું.

‘મારા આ દસ રહ્યા.’ ઈશે કહ્યું અને બંડલને મારી તરફ ફરી ફેંક્યું. ‘ઑસ્ટ્રેલિયા માટેના ફંડમાં મારો ફાળો.’

મેં ઈશ અને ઓમી સામે જોયું. આ બંને તો ચક્રમ છે. સુપર ચક્રમ.

‘આ પૈસા તારા ઘેર લઈ જા અને તારા પિતા સામે આમ ફેંક. તારે એમ કરવાની જરૂર છે.’

‘ડૅડ મને ઠપકો આપવા માટે બીજું કોઈ કારણ શોધી કાઢશે.’ ઈશે કહ્યું.

‘મારા પણ આ રહ્યા.’ ઓમીએ પણ બંડલ ફેંક્યું.

‘ઓમી, વિચાર કર.’ મેં કહ્યું.

‘હું કંઈ પૈસા માટે કામ નથી કરતો. મારે તો તમારા બંને સાથે રહેવું છે અને મારે પૂજારી નથી થવું. એટલું મારા માટે પૂરતું છે.’

‘સારું, તો પછી આપણે તેને બિઝનેસ માટે રાખીએ અને...’ મને તેમણે તરત અટકાવ્યો.

‘ના, એ પૈસા કેવળ ઑસ્ટ્રેલિયા માટે જ છે.’

‘અરે, જ્યારે બિઝનેસ વધી રહ્યો છે, ખેર ભલે !’ મેં કહ્યું અને મારું બંડલ પણ ફેંક્યું.

‘હવે બરાબર.’ ઈશે કહ્યું. ‘આપણા ત્રીસ હજાર પૂરા થઈ ગયા. હવે જો તું આ વખતે લોન ન ભરે...’

‘ના, ઈશ, લોન તો ભરવી જ પડશે.’

‘આપણે પછી ભરી દઈશું, પણ પછી ?’ ઈશે કહ્યું.

‘ઈશ, તું કેમ સમજતો નથી ? બીજા ખર્ચ વધી જશે તો ?’

‘આપણે બનશે તેટલું ઓછામાં ઓછું વાપરશું. આપણે ત્યાંના રોકાણ દરમ્યાન બને તેટલાં વધારે થેપલાં અને ખાખરા સાથે લઈ જઈશું. ફ્રેડ આપણા રહેવાની વ્યવસ્થા કરશે. આના વિશે વિચાર, દોસ્ત, ઑસ્ટ્રેલિયન ટીમ.’ ઈશે કહ્યું.

હું બેસી ગયો અને નિસાસો નાખ્યો. નાણાકીય બાબતોના અજ્ઞાની મારા ભાગીદારો મને કુલ્ફીની રાહ જોતાં બાળકો જેવા લાગ્યા.

ભલે. હવે શોધ કે સાલો ટ્રાવેલ એજન્ટ કોણ છે ? મારે તેની સાથે સોદાગરી કરવી પડશે.’ મેં કહ્યું.

‘હા, ત્યાં જઈએ.’ ઈશે કહ્યું અને તેણે એજન્ડાના ડાયલ નંબર લગાવ્યા.

'એક જ અઠવાડિયું. હું વધારે બિઝનેસ બંધ ન રાખી શકું. અને ત્યાંનો એક એક વધારે દિવસ ખર્ચાળ થતો જશે.' મેં ફોન લેતાં કહ્યું.

ઓમીએ ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો.

'પછી. ચાલો, આપણે નાના પાર્કમાં જઈએ.'

* * *

'બે વાર. તેમણે બે વાર અયોધ્યાની સાઈટ ખોદી નાખી.' મામાએ બે આંગળી ઊંચી કરી.

તેમનો અવાજ તેમના શબ્દોના કારણ કરતાં ખરાબ લાઉડ સ્પીકરોના કારણે વધારે જુસ્સાદાર રહ્યો. હું અને ઈશ પહેલી હારના એક છેડે બેઠા હતા. ઓમી સ્ટેજ પર ઊભો હતો. તેણે પોતાના પક્ષનો બિલ્લા લગાવ્યો હોવાથી તે પોતાને મહત્ત્વની વ્યક્તિ માનતો હતો, જોકે તે માત્ર સંદેશ પહોંચાડનાર છોકરો જ હતો. તેની જવાબદારી મંચ પર બેઠેલ બધાને મિનરલ પાણી આપવાની હતી.

મામાએ પ્રચારમાં પૂરી તૈયારી કરી હતી. બસો લોકો ત્યાં હાજર હતા. નજીકના સંમેલન માટે થોડી સંખ્યા ન કહેવાય. ઉમેદવાર હસમુખજી, રાજ્યના રાજકારણના જૂના જોગી અને પારેખજીના સાથી, સ્ટેજ પર વચ્ચે બેઠા હતા. હસમુખજીના પ્રવચન પહેલાંની પાંચ મિનિટની માઈક-પ્રસિદ્ધિ મામા માણતા હતા.

'છેક ૧૯૭૮માં એ.એસ.આઈ. સરકારની પોતાની સંસ્થાએ મંદિર હોવાનો પુરાવો શોધી કાઢયો હતો, પણ બિનસાંપ્રદાયિક સરકારે તેને છુપાવી દીધો. પછી ૧૯૯૨માં આપણા વ્હાલા કારસેવકોએ ઘૂસીને માળખું તોડી નાખ્યું અને તેમને કંઈક મળ્યું.'

ઈશે મામાના શબ્દોને અનુકૂળ ટચાકા બોલાવવા શરૂ કર્યા.

'તેમને હરિ-વિષ્ણુનાં લખાણ મળ્યાં જેમણે નિ:શંક સાબિત કર્યું કે ભૂતકાળમાં અહીં એક મંદિર હતું. બિનસાંપ્રદાયિક પક્ષે આ સમાચારને પણ છુપાવી રાખ્યા હતા. તેમણે કારસેવકોને ભાંગફોડિયા કહ્યા, પણ પુરાવાઓનું શું ? ભારતનો હિન્દુ ન્યાય તો માગી શકે કે નહીં ? આપણે ક્યાં જવું ? અમેરિકા ?'

મામાએ જેવું સ્ટેજ છોડયું કે બધાએ તાળીઓ પાડી. મામા એક ભાવિ ઉમેદવાર હતા, મને વિચાર આવ્યો.

હસમુખજી માઈક પાસે આવ્યા. તેમણે બધાને આંખ બંધ કરી ગાયત્રી મંત્ર ત્રણ વાર બોલવાની વિનંતી કરી. આ હંમેશ કામ કરે છે. આમાં ટોળું સંલગ્ન થાય છે. હસમુખજી એક શબ્દ પણ બોલે તે પહેલાં તે ટોળાને તે પસંદ પડી ગયા.

ઓમી સ્ટેજ પરથી ઊતરી મારી પાસે આવ્યો. 'ગોવિંદ, મામા તને અલીના પપ્પાની રેલીની જાસૂસી કરવાનું કહે છે. અને ઈશ, તું સ્ટેજ પાછળ આવીશ ? નાસ્તો વહેંચવાનો છે.'

'પણ શા માટે ?' મેં ગભરાઈને કહ્યું.

'તેં મામાને મદદ કરવાનું વચન આપેલું, યાદ છે ?' ઓમીએ કહ્યું. તેનો સિલ્કનો બિલ્લો હવામાં ફરફરતો હતો.

હું પાર્કના બીજા છેડે ગયો. બીજી રેલીમાં. અહીં સુશોભન ભગવું ઓછું અને સફેદ વધારે હતું.

'ગુજરાત બુદ્ધિશાળીઓનું સ્થાન છે.' અલીના પિતા બોલતા હતા, 'જે જાણે છે કે ધર્મ અને રાજકારણ અલગ છે.'

મેં છેલ્લી હારમાં જગ્યા લીધી અને ટોળા પર નજર કરવા માંડી. મામાના સો ટકા હિન્દુઓ કરતાં અહીં મિશ્રિત હિંદુ ઘણા હતા. જોકે બિનસાંપ્રદાયિક પક્ષ મુસ્લિમ તરફી હતો એમ મામા કહેતા હતા, તો શા માટે ઘણા હિન્દુઓ અહીં બેઠા હતા ?

'જે દેવતાઓને આપણે ભજીએ છીએ, તેઓ તેમના સમયમાં રાજકારણથી દૂર હતા. આપણે જો આપણા દેવતાઓને સાચી રીતે ભજવા માગતા હોઈએ, તો આપણે રાજકારણને ધર્મથી અલગ રાખવો જોઈએ. ધર્મ અંગત બાબત છે, રાજકારણ જાહેર બાબત.' અલીના પિતાએ કહ્યું.

'તમે પક્ષના સભ્ય છો ?' કોઈકે મને પૂછ્યું. મેં માથું હલાવ્યું. મને લાગ્યું કે તે હિન્દુ હતો.

'તમે ?' મેં પૂછ્યું.

'હા, પેઢીઓથી.' તેણે જવાબ આપ્યો.

અલીના પિતાએ મુખ્ય ઉમેદવાર ગુલામ ઝિયાનને સ્ટેજ પર આમંત્રણ આપ્યું.

સાતમા દાયકામાં જીવતા આ ઉમેદવારે જ્યારે બોલવાનું શરૂ કર્યું, ત્યારે માઈક્રોફોન બંધ થઈ ગયો અને સ્ટેજ પરના પંખા અટકી ગયા. ટોળામાં ગણગણાટ શરૂ થઈ ગયો. શું વીજ પુરવઠો ખોરવાયો હતો ! ના, આ સભામાં તો અંગત જનરેટર હતું.

'આ તો ભાંગફોડ છે. હિન્દુ પક્ષે આ કર્યું છે.' ટોળામાંના એકે કહ્યું. વાતાવરણમાં ઉકળાટ થવા લાગ્યો. લોકો હિન્દુ રેલી પર ધસી જવાની વાતો કરવા લાગ્યા.

'આપણે એ લોકોને પાઠ ભણાવી દઈએ.' એક મજબૂત માણસે ટોળાને દોર્યું અને પોતાની ખુરશી ઊંચી કરી. મને થયું કે હું દોડીને મામાને ચેતવું.

'ભાઈઓ અને બહેનો, તે ફરી આવી ગઈ છે. મહેરબાની કરી બેસી જાવ. લાઈટ પાછી આવી ગઈ છે.' અલીના બાપ સ્ટેજ પર આવ્યા અને હાથ જોડી બોલ્યા. પ્રશંસકો બબડતા બેસી ગયા.

મને ચુંબન કરતા ચિમ્પાઝીની વાત યાદ આવી ગઈ. પણ અત્યારે તો અહીં ચુંબન ન હતાં. અહીં તો જ્યારે લાઈટ જાય ત્યારે ફેંકવા માટે ખુરશીઓ હતી.

મેં બહાર પગ મૂક્યો. મેં ટ્રાવેલ એજન્ટને ફોન કર્યો, 'અમે ઑસ્ટ્રેલિયા જવા માટે ચાર પાસપોર્ટ અને વિઝા માટે અરજી કરવા માગીએ છીએ. મને તમારી આકરી કિંમત ન કહેતા.'

હું ગુલામ ઝિયાનીના પ્રવચનમાં પાછો ફર્યો. અલીના પિતાએ મને જોઈ લીધો હતો અને મારી પાસે આવ્યા. 'ઈનાયત, ગોવિંદભાઈ. અહીં કેમ આવ્યા છો ? આવો, આવો.'

'તમે સારું બોલ્યા. તમે ઈશની અલીને ઑસ્ટ્રેલિયા લઈ જવાની યોજના વિશે તો જાણો છો ને ?' મેં પૂછ્યું.

'તેણે મને વાત કરી છે. ઈન્શાલ્લાહ, તમે જશો જ. અલી મને ઈશાનભાઈનું નામ દિવસમાં દસ વાર કહે છે. ક્યારેક તો મને લાગે છે કે મારા કરતાં તો ઈશાનભાઈ તેના બાપ છે. ગોવા, ઑસ્ટ્રેલિયા, હું તો કદી તેને ના નથી કહેતો. પણ તે કેમ નથી ?'

'ખેર, તે અને ઓમી...'

'સામેની રેલીમાં, કેમ ? ચિંતા ન કરો. હું સમજી શકું છું તમારી પસંદગી.'

'હું તો બિઝનેસમૅન છું. મને રાજકારણમાં જરા પણ રસ નથી.' મેં કહ્યું. 'મને લાગે છે કે હું પણ જાઉં.'

તે મારી સાથે જ ચાલવા લાગ્યા. 'હું પણ આવું છું અને ઈશાનભાઈને હેલ્લો કહું.'

મને કહેવાનું મન થયું કે મામાની રેલીમાં આવવાનો તેમનો વિચાર ખતરનાક હતો. રાજકારણ સમય પસાર કરવાનું માધ્યમ હશે, પણ મામા માટે તે જીવન-મરણનો સવાલ હતો. અમે મામાની રેલીમાં જતા હતા તે દરમ્યાન હું ચૂપ રહ્યો. હસમુખભાઈ હજી પણ અનેક હાવભાવ સાથે બોલતા હતા. 'તમે તમારાં હૃદય પર હાથ મૂકો. તમને હિન્દુઓને અન્યાય થવાની લાગણી નથી થતી ? અને જો આપણી પાસે હજારો વર્ષથી શ્રેષ્ઠ સંસ્કૃતિ અને વહીવટ હતાં, તો આજે કેમ નહીં ?'

મામાએ અમને સ્ટેજ પરથી જોયા અને આંગળી ચીંધી. થોડા લોકોએ મારા તથા અલીના

પિતા સામે જોયું.

'એય, આ કોણ છે ?' પક્ષના સભ્યે પૂછ્યું.

ટોળાએ અમારી સામે બરાડા પાડયા. અલીના પિતાની દાઢી આ વાતાવરણમાં અત્યંત વિચિત્ર લાગતી હતી.

'ચાલ્યો જા, દેશદ્રોહી.' ટોળામાંથી એકે કહ્યું.

'આપણે તેને પાઠ શીખવવો જોઈએ.' બીજાએ કહ્યું.

હસમુખજીએ બોલવાનું અટકાવી દીધું. સદ્નસીબે તે શાંત રહ્યા.

અલીના પિતાએ મામા અને હસમુખજી સામે હાથ ઊંચા કર્યા અને હલાવ્યા.

'અલીના બાબા, ચાલ્યા જાવ.' મેં તેમની સામે જોયા વિના જ ધીમેથી કહ્યું.

ઓમી દોડતો મારી પાસે આવ્યો અને મારો હાથ પકડી લીધો. 'સાલા, તું કરે છે શું ? મેં તને જાસૂસી કરવા મોકલ્યો હતો અને તું તો બીજા જાસૂસને પકડી લાવ્યો.'

અલીના પિતાએ ઓમીને સાંભળ્યો અને મારી સામે જોયું. મેં મારું માથું હલાવ્યું. તેણે મને સમજપૂર્વકનું સ્મિત આપ્યું અને પાછા ફર્યા.

'મને જરા પણ પડી નથી.' મેં બૂમ મારી. મને શંકા છે કે તેણે સાંભળ્યું હોય.



તેર

'પહેલાં ગોવા, હવે ઑસ્ટ્રેલિયા. તમારો બિઝનેસ શાનો છે ?' વિધા બોલી. તેની આંખો એક રૂપિયાના સિક્કા જેવડી થઈ ગઈ હતી.

'જ્યારે ઈશે ફરી કાગળ લખ્યો, ત્યારે ફ્રેડે પોતાનું વચન પાળ્યું. અમને ટિકિટો મેઈલમાં મળી ગઈ.' મેં કહ્યું. અમારો વર્ગ પૂરો થઈ ગયો હતો અને હું તેને મારી અનિવાર્ય ગેરહાજરી વિશે કહેવા માગતો હતો.

'તો કોણ બે જણ જવાના છે ?' તેણે પૂછ્યું.

'બે નહીં, ચાર. અલી અને અમે ત્રણે જઈએ છીએ.' મેં જવાબ આપ્યો.

'સદ્ભાગી છો તમે તો.' તે હસી.

'એટલે હું દસ દિવસ બહાર હોઈશ, પણ તારાં પુસ્તકો નહીં હોય. વિધા, મારા બધા વિધાર્થીઓ બરાબર કામ કરે છે. તું પણ મને લજાવતી નહીં.'

'તમે પણ મને ઉતારી ન પાડતા.' તે બોલી.

'કઈ રીતે ?'

'જવા દો. તમે ઑસ્ટ્રેલિયામાં ક્યાં જાઓ છો ?'

'સીડની. ફ્રેડ ત્યાંનો છે. અલી તેની ઍકેડેમીમાં એક અઠવાડિયું પ્રૅક્ટિસ કરશે. જ્યારે તારો ભાઈ કોઈ એક બાબતમાં નક્કી કરે છે, ત્યારે તે તેને કરીને જ જંપે છે.'

'મારાથી વિરુદ્ધ. હું તો એકાગ્ર થઈ જ નથી શકતી. મને ખાતરી છે કે હું મારી મેડિકલ પરીક્ષાને પણ ટાળીશ. કૉલેજમાં પણ હું આ નરક જેવા ઘરમાં જ પડી રહીશ. અને પછી હું ગુજરાતના કોઈ એક બીજા પછાત વિસ્તારમાં બીજા એક નરક જેવા ઘરમાં પરણી જઈશ.'

'ગુજરાત પછાત નથી.' મેં સણસણતો જવાબ આપ્યો.

'સંભવ છે, હું વધારે પડતી પ્રગતિશીલ છું.'

અમે એકબીજા સામે આંખો ટકરાવી. ઉદ્ધતાઈની પરીક્ષામાં વિધા પહેલે સ્થાને આવે. મેં ગાઈડબુક ખોલી.

'આ ભણવું આટલું કંટાળાજનક શા માટે છે ? જીવનમાં કશુંક બનવા તમારે આવું બધું રસહીન શા માટે કરવું પડતું હોય છે ?'

'વિધા, તાત્ત્વિક પ્રશ્નો, ના. ગાણિતિક પ્રશ્નો, હા.' મેં કહ્યું અને જવા ઊભો થયો.

'તમે મારા માટે ઑસ્ટ્રેલિયામાંથી કશુંક લાવશો ?'

'તે તારા ભાઈને કહે. તે તારા માટે તું કહીશ તે લાવશે.' મેં પુસ્તકોને ગોઠવતાં કહ્યું. જરૂર કરતાં વધારે પૈસા ખર્ચવા હું તૈયાર ન હતો.

'અને અમારું બજેટ પણ કસોકસ છે.' મેં સ્પષ્ટતા કરી.

તે સમજી હોય તેમ માથું હલાવ્યું.

'તો તમે મારી ગેરહાજરી અનુભવશો ?'

મેં નીચે જ જોયા કર્યું.

'તમે લોકોની ગેરહાજરી કેટલી અનુભવો તેનું પણ તમારું બજેટ હશે, નહીં ?' તેણે પૂછ્યું

'તારા દાખલા કર, વિદ્યા. એકાગ્ર થા.' મેં કહ્યું અને ચાલતો થયો.

* * *

'તમે લોકો થાકી ગયા છો કે પ્રૅક્ટિસ શરૂ કરવા માગો છો ?' ઍરપૉર્ટ પર અમારું સ્વાગત કરતાં ફ્રેડના આ પહેલા શબ્દો હતા.

'મારી પથારી ક્યાં છે ?' હું બોલવા જતો હતો.

અમે અમદાવાદથી મુંબઈ જવા રાતની ટ્રેન લીધી હતી. ત્યાં ચૌદ કલાકનું સીંગાપુરથી સીડની જવાનું પ્લેન પકડવા છ વધારે કલાક થોભ્યા. સતત થકાવે તેવા વાતાવરણમાં ત્રીસ કલાકની મુસાફરી અને હું તો ઊંઘી જ જવા માગતો હતો.

'ઓહ, તો અમે પ્રૅક્ટિસના સમયે આવી પહોંચ્યા છીએ !' ઈશે બહાર સીડનીની શેરીઓ તરફ જોતાં કહ્યું. સવારે સાત વાગ્યે જોગિંગ કરનારા રસ્તા પર દોડતા હતા. ચિત્રોમાં જોઈ હતી તેવી કૉફી-શૉપ સ્વાદિષ્ટ કૉફીની જાહેરાત કરતી હતી.

મેં મારી બૅગમાંના ખાખરાને પંપાળ્યા. અમે આ શહેરમાં કોઈ કેક લઈ શકીએ તેમ ન હતા.

'હું સવારે ઍકેડેમીના મેદાનમાં જાઉં છું.' કાર ચાલુ કરતાં ફ્રેડે કહ્યું. 'મેં હૉસ્ટેલમાં તમારી વ્યવસ્થા કરી છે. મારી સલાહ છે કે થોડી વાર આરામ કરો. ફિલીપ તમને સાંજની પ્રૅક્ટિસ માટે લેવા આવશે.'

* * *

'મિત્રો, આ અલી છે. તે બૅટ્સમૅન છે.' ફ્રેડે પ્રૅક્ટિસ માટે આવેલ બીજા ખેલાડીઓને કહ્યું ફિલીપ ઉપરાંત એક હટ્ટોકટ્ટો પીટર નામનો હતો અને એક ચશ્માંધારી સ્પીનર સ્ટીવ હતો. હું બીજાં નામ તરત ભૂલી ગયો.

ફ્રેડે બૂમ મારી : 'દરેક જણ પાંચ રાઉન્ડ લેશે. બાઉન્ડરી લાઈનની પાસે. શોર્ટ કટ નહીં.'

ઑસ્ટ્રેલિયન પ્રૅક્ટિસમાં પહેલા બે કલાક તો મરવા જેવા જ થઈ જવાય. ઍકેડેમી મેદાનના પાંચ રાઉન્ડ એ નાના પાર્કના તો વીસ અને બૅન્કના કમ્પાઉન્ડના પચાસ રાઉન્ડ થાય. દોડ પછી અમારે બેહિસાબ સીટ-અપ, પુશ-અપ વગેરે કરવાનાં થતાં. ત્રણ તાલીમ આપનારા પાંચ વિદ્યાર્થીઓ પર અંગત ધ્યાન આપતા. પહેલી વાર જ્યારે હું થાક્યો ત્યારે એક દોડતો મારી પાસે આવ્યો. બીજી વારે તેણે મને કહ્યું, 'નાટક બંધ કર, મિત્ર.'

ભયાનક સહનશક્તિની તાલીમ પછી અમે પીચ પર આવ્યા. મેં તેમને કહ્યું કે હું ખેલાડી નથી, છતાં મારે ફિલ્ડિંગ તો ભરવી જ પડી.

'બૉલ નાખ.' ફ્રેડે અલી સામે બૉલ ફેંક્યો.

'તે બૉલિંગ નથી કરતો.' ઈશે કહ્યું.

'મને ખબર છે. તેને બર્લ કરવા દે.' ફ્રેડે તાળી પાડતાં કહ્યું.

ફિલીપે મારી પાસે બાઉન્ડરીમાં તેનું સ્થાન લીધું.

'આ બર્લ શું છે ?' મેં તેને પૂછ્યું.

'ઓસીની બોલી, મિત્ર.' ફિલીપ હસ્યો. 'તેનો અર્થ છે તેને પ્રયત્ન કરવા દે.'

ઈશે વિકેટકીપર થવાની તૈયારી બતાવી, પણ ફ્રેડે તેને બદલે સ્લીપમાં જ ઊભા રહેવા કહ્યું. અલીની બૉલિંગ આ ઉત્તમ ખેલાડીઓ સામે કશી વિસાતમાં ન હતી. રોજરે અનેક વાર બૉલને

બાઉન્ડરી તરફ મોકલી આપ્યો. એક વાર તો બૉલ મારી અને ફિલીપ પાસે આવ્યો. તેને પકડવામાં અમને ખૂબ મુશ્કેલી પડી.

'રેટલ યોર ડેગ્ઝ.' બીજા ફિલ્ડરે બૂમ મારી. કોઈને તેનું ભાષાંતર ન કરવું પડયું કે 'જલદી કર.'

મેં બૉલ પાછો ફેંક્યો. હું આ ઑસ્ટ્રેલિયન મેદાનની વચ્ચે શું કરતો હતો !

જેમ જેમ દિવસ આગળ વધતો ગયો, તેમ તેમ ઑસ્ટ્રેલિયાની ભાષા સમજવાની મારી શક્તિ પણ વધતી ગઈ. 'onya' એ 'સરસ' હતું, એટલે કે સારું રમ્યા. સરળ બૉલને 'piece of piss અને 'packed awallop'નો અર્થ સારો બૉલ થતો હતો. મચ્છરોને mozzies કહેતા અને ઠંડાં પીણાંને coldies. મેં જ્યારે પેશાબ કરવાની રજા માગી, ફિલીપ વળી બોલ્યો, 'you got to siphon the python, is it ?'

અંધારું થવાની શરૂઆત થઈ હતી.

'ચાલો, બંધ કરો.' અલી બૅટિંગ કરતો હતો, છતાં ફ્રેડે જાહેરાત કરી.

* * *

લૉકર રૂમમાં ઈશનો ઉદાસ ચહેરો જોઈ ફ્રેડના કપાળમાં સળ પડયા.

'હું બરાબર છું.' ઈશે કહ્યું. ઓમી અને અલી ક્લબની બહાર ફરતા હતા.

'Fair dinkum ?'

ઈશે સ્ટૂલ પરથી ઉપર જોયું.

'તે કહે છે કે તું સાચું બોલે છે ને ?' મેં મારી ભાષા બાબતની નવી કુશળતાનો તેને પરિચય આપ્યો.

'કાલે પ્રૅક્ટિસ ક્યારે છે, ફ્રેડ, તું ઇંગ્લિશમાં બોલે તો સારું.' ઈશે કહ્યું.

'તું "વિંગર" છો ?' ફ્રેડે કહ્યું.

'"વિંગર"નો અર્થ....' હું કહેવા જતો હતો ત્યાં ઈશ મને અટકાવી બોલ્યો, 'મને "વીજ"નો અર્થ ખબર છે. પણ તમે કોઈ તેને સમજાવશો કે હજારો માઈલથી એક બૅટ્સમૅનને બોલાવીને તેને બૅટિંગ કરવા ન આપવી તેનો અર્થ શું છે ?'

ફ્રેડે સ્મિત કર્યું, 'ઓહ, તું તારી આ નાનકડી શોધને બૅટિંગ કરાવવા માગતો હતો. શા માટે ? જેથી તે સિક્સ મારી શકે. તું તારા આ છોકરાને પહેલા દિવસથી જ પ્રદર્શનનું પાત્ર બનાવવા માગે છે ?'

'મારો કહેવાનો અર્થ એ નથી.'

'દોસ્ત, હું તેનામાં ખૂબ શક્તિ જોઉં છું. દરેક એ.આઈ.એસ. સ્કૉલરશિપ ધરાવતા બાળકનું મહત્ત્વ હોય છે. હું જો તેમનું અભિમાન ન તોડી શકું, તો તે આખું જીવન એમ જ નાટકીય રીતે રમ્યા કરશે. દોસ્ત સ્પૉટ્ર્સમેન, અભિનેતાઓ નથી. અલબત્ત, તમારો દેશ તેમને એ રીતે જ પૂજે છે.'

'પણ ફ્રેડ ?'

'તમારા ભારતીયો પાસે સરસ શક્તિ છે, પણ તાલીમ બાબતે દોસ્ત, મારા પર વિશ્વાસ રાખ.'

'પણ અમે અહીં એક જ અઠવાડિયું છીએ.' ઈશે લાચારીથી કહ્યું.

'હું તે અઠવાડિયું પૂરું ફળદ્રુપ બનાવીશ. પણ આજનો પાઠ મહત્ત્વનો હતો. જો તે નમ્ર નહીં થાય, તે લાંબું નહીં ટકે.' ફ્રેડે કહ્યું. પછી તેણે પોતાની ઘડિયાળ સામે જોયું. 'મારી પત્નીને થોડો સમય આપવાનું વચન આપ્યું છે. હવે હું ઊઠીશ.'

* * *

'ચિયર્સ.' બધાએ બૂમ મારી. અમે અમારા બિયરની કાળી-ભૂરી બૉટલો પકડી રાખી. તેને તેઓ 'ફોરેક્સ સ્ટબીઝ' કહેતા હતા.

'હાય.' વેઈટ્રેસ થવા માટે ગરમ લાગે તેવી હેઝેલ ફ્રેડને ભેટી.

'ઉહ....' તે ગઈ પછી ફ્રેડના વિદ્યાર્થીઓએ તેને હેરાન કરતાં કહ્યું.

'ના, દોસ્તો. મારી પત્ની મને કોઈ બીજી પર નજર માંડતાં પણ સહન નહીં કરી શકે.' ફ્રેડે કહ્યું. 'પણ તમે બધા કુંવારા છો. તમારી પાસે તો ભારતમાં સુંદર છોકરીઓ હશે જ.'

બધાએ અમારી સામે જોયું.

'અમારી પાસે ગર્લ-ફ્રૅન્ડ નથી.' ઓમીએ જવાબ આપ્યો.

'શા માટે ? ભારતીય છોકરીઓ પણ ગરમ તો હોય જ છે.' માઈકલ તેની આંખો ઘુમાવતાં બોલ્યો.

'તેઓ કામમાં વ્યસ્ત હોય છે.' મેં કહ્યું.

'વ્યસ્ત ? કોઈ પણ માણસ "કોઈ" માટે નવરો ન હોય તે માની ન શકાય.' રોજર બોલ્યો.

બધા હસી પડયા.

'પેલી મધમાખીઓને જોઈ લ્યો.' ચાર છોકરીઓ અંદર આવી ત્યારે માઈકલ બોલ્યો.

'પેલી ભૂખરી કંઈ ખરાબ નથી.' માઈકલ બોલ્યો. NRC 5.'

'NCR 10.' રોજર બોલ્યો.

'એ પેલી બ્લૂ ?' ફિલીપે પૂછ્યું.

તે તો NCR 0 છે.' તે જ લઈ આવ, દોસ્ત.' રોજરે કહ્યું. બધા હસ્યા.

આ NCR શું છે તે કહેશો ? વાતાવરણમાં ગણિતની મને ગંધ આવતી હતી.

'NCR એટલે Number of Cans Required' તે છોકરી સાથે સેક્સ માણવા માટે તમારે જેટલો બિયર પીવાની જરૂર પડે તે.' ફ્રેડે કહ્યું.

'માઈકલે એક બેડોળ લાગતી છોકરી સાથે ડેટ કરી. તે કબૂલ કરે છે. NCR 40.' રોજરે કહ્યું. બધા ખડખડાટ હસી પડયા.

'એ ભૂખ્યા છોકરાઓ, ચાલો.' ખાવાની પ્લેટો આપતાં હેઝલે માદક અવાજે કહ્યું.

ઑસ્ટ્રેલિયનો મુખ્યત્વે માંસ જ ખાતા. અમે તો પીઝાને જ પકડી રાખ્યો હતો, કારણ કે તે એક જ અમારા માટે પરિચિત પસંદગી હતી.

'તારે વધારે પ્રોટિનની જરૂર છે.' માઈકલે ખાતાં ખાતાં પોતાનાં ઊપસેલ બાવડાં બતાવતાં કહ્યું.

ઓમીએ કહ્યું, 'હું દરરોજ બે લીટર દૂધ પીઉં છું.'

ઈશ ફ્રેડની બાજુમાં બેઠો હતો. હું તેમની વાતચીત સાંભળી શકતો ન હતો. જોકે, હું વારંવાર ઈશનું માથું હલતું જોઈ શકતો હતો. હું તેમની 'રૂટિન વાતો છોડી ઈશ પાસે ગયો.'

'જો તમે બૉલર હો અને તમારા હાથમાં બૉલ હોય તો તમે રમતનું નિયંત્રણ કરી શકો છો. તમારે બૅટ્સમૅનને એ ખાતરી કરાવવાની હોય છે કે કોણ હુકમનું પત્તું છે ?' ફ્રેડ કહેતો હતો. 'અલી માટે પણ એવું જ છે. તેણે માત્ર ફટકા મારતાં શીખવાનું નથી. તેણે બીજી ટીમને એ પણ બતાવવાનું છે કે મુખ્ય વ્યક્તિ કોણ છે.'

'સાચું.' ઈશ બોલ્યો.

'મારા ખેલાડીઓ થોડી વારમાં શોધી કાઢશે કે અલી સામે નવી રીતે બૉલિંગ કેમ કરવી. દૃઢનિશ્ચયી મન પ્રતિભાને પણ પડકારી શકે છે. ચેમ્પિયન પાસે બન્ને હોય છે.'

ઈશે ફરી માથું હલાવ્યું.

'હાય, ગોવિંદ.' ફ્રેડે મને જોતાં કહ્યું. 'તારે પણ કોઈ પાસે જવા સૂચનાની જરૂર નથી ? અમે તો કેવળ કંટાળાજનક કોચિંગની વાતો જ કરી રહ્યા છીએ.'

ફ્રેડે તેને સમાન રીતે કોચ ગણ્યો હતો તે સાંભળી ઈશની છાતી ગજગજ ફૂલી ગઈ.

મને કશુંક યાદ આવ્યું. 'તેં કાલે કોઈ સ્કૉલરશિપની વાત કરી હતી. તે શું છે ? હકીકતે, ઑસ્ટ્રેલિયામાં આ રમતગમતનું તંત્ર કેમ ચાલે છે ?'

'તું એમ જાણવા માગે છે કે ઑસ્ટ્રેલિયા હંમેશ જીતે કેમ છે ?'

'તે હંમેશાં નથી જીતતું.' ઈશે કહ્યું.

'હંમેશાં તો નહીં, પાડ પ્રભુનો! પણ અમને વિરોધીઓ પર દાદાગીરી કરવાની મજા આવે છે. લડવું પણ ગમે છે. જ્યારે પડકાર આવે છે ને, ત્યારે વ્યક્તિમાં રહેલી શ્રેષ્ઠતા બહાર આવે છે.'

'હા, ભલે હંમેશાં જીતતું ન હોય, પણ ઑસ્ટ્રેલિયા ઘણી વાર જીતે છે. દરેક ઓલિમ્પિકમાં ઑસ્ટ્રેલિયાને ઢગલાબંધ ચન્દ્રકો મળે છે. ક્રિકેટમાં પણ આ દાદાગીરી ચાલુ છે. એનું કારણ શું, ફ્રેડ ?' મેં પૂછ્યું.

'તેનાં ઘણાં કારણો છે, દોસ્ત. પણ પહેલેથી આવું ન હતું,' ફ્રેડે પોતાનું ચળકતું પીણું પીતાં કહ્યું. 'હકીકતે, ૧૯૭૬ની મોન્ટ્રીએલની ઑલિમ્પિક રમતોમાં ઑસ્ટ્રેલિયાને એક પણ ચન્દ્રક મળ્યો ન હતો.'

'પણ તે લોકોએ ત્યારે દેખાવ સારો કર્યો હતો.' ઈશે કહ્યું.

'હા, ૨૦૦૦માં સીડનીમાં ઑસ્ટ્રેલિયા ૫૬ મેડલ જીત્યું. માત્ર યુ.એસ., રશિયા અને ચીન પછી. આ બધા દેશો પાસે અમારા કરતાં દસ ગણી વસતિ છે.' તે થોભ્યો. 'ઑસ્ટ્રેલિયાએ મોન્ટ્રીએલની નિષ્ફળતાને રાષ્ટ્રીય શરમ તરીકે લીધી. તેથી ઑસ્ટ્રેલિયન સરકારે ધ ઑસ્ટ્રેલિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ સ્પૉર્ટ્સ, અથવા તો એ.એસ.આઈ. સ્થાપી અને વિશ્વનો શ્રેષ્ઠતમ સ્કૉરલશીપ કાર્યક્રમ શરૂ કર્યો.

ફ્રેડે પાણીનો ગ્લાસ પૂરો કર્યો અને ચાલુ રાખ્યું.

'આજે એ.એસ.આઈ. પાસે સેંકડોનો સ્ટાફ છે – કોચ, ડૉક્ટરો અને ફિઝિયો. તેમને બે મિલિયન ડૉલરનું ફંડ મળે છે અને તેમની પાસે હવે શ્રેષ્ઠ સગવડો છે. આ બધાના મૂળમાં તેઓ દર વર્ષે સાતસો સ્કૉલરશિપ આપે છે.' ફ્રેડે ખાવાની પ્લેટ મારા તરફ ધકેલી.

મેં રીબન જેવું કશુંક ખાતાં ખાતાં સાંભળવાનું ચાલુ રાખ્યું. મેં મનમાં ગણતરી કરી કે વીસ મિલિયન લોકો માટે સાતસો સ્કૉલરશિપ ભારતની દૃષ્ટિએ કઈ રીતે ગણી શકાય. ભારત માટે એ માપદંડ રાખીએ તો વર્ષની રમતગમતની પાંત્રીસ હજાર સ્કૉલરશિપ કરવી પડે.

'સ્કૉલરશિપ કઈ રીતે આપે છે ? પૈસા ?' ઈશને જાણવાની જિજ્ઞાસા હતી.

'ના, કેવળ પૈસા જ નહીં. તેથી વધારે. નિષ્ણાત કોચિંગ, રહેવાની વ્યવસ્થા, ટૂર્નામૅન્ટનો પ્રવાસ, સ્પૉર્ટ્સ સાયન્સ મેડિસીન – તું ધારે તે. અને ઉત્તમ વાત તો એ કે તેમને એ લોકોનો સહવાસ મળે છે, જ્યાં બધા એક જ બાબતે પ્રતિબદ્ધ હોય છે – પોતાના સ્પૉર્ટ્સમાં. આનું વર્ણન કરવા હું સમર્થ નથી.' ફ્રેડ બોલ્યો. તેની આંખો ઝગમગી ઊઠી.

'હું તે સમજી શકું છું.' ઈશે કહ્યું. ભલે ઈશની આંખો બ્લૂ ન હતી, પણ તેય ઝગમગી ઊઠી.

અમે ખાવાનું પૂરું કર્યું એટલે વેઈટરોએ અમારી પ્લેટો લઈ લીધી. 'આ સ્કૉલરશિપમાંથી કોઈ પ્રખ્યાત ખેલાડી થયો છે ?'

'ઢગલાબંધ. માઈકલ બાવન, આદમ ગિલક્રીસ્ટ, જસ્ટીન લેંગર, ડેમિયન માર્ટીન, ગ્લેન મેકગ્રેથ, રિકી પૉન્ટિંગ, એન્ડ્રુ સાઈમન્ડ, શેન વોર્ન.'

'તું શું વાત કરે છે ? આ બધા તો ક્રિકેટના માંધાતાઓ છે.' ઈશે કહ્યું.

'માંધાતા – સરસ શબ્દ છે.' ફ્રેડ હસ્યો. 'આશા રાખું કે હું પણ ત્યાં પહોંચું.'

'તને પણ સ્કૉલરશિપ મળી છે ?' મેં પૂછ્યું.

ફ્રેડે મસ્તક નકારમાં હલાવ્યું.

'તું તો અત્યારથી જ માંધાતા છે.' ઈશે કહ્યું.

'ના, મારી તો હજી શરૂઆત છે. અને મને કહેવા દો, મિત્રો, આ માંધાતાની વાત થોડી વધારે પડતી છે. તમારી પાસે થોડી કુશળતા હોય અને તેને યોગ્ય રીતે કેળવી શકાય, તો સારું પરિણામ જ આવે છે. તે અર્થમાં, ઑસ્ટ્રેલિયા માંધાતાઓ સર્જી શકે છે.'

'અને અમે નથી સર્જી શકતા.' ઈશે કહ્યું.

'જોકે તમે સર્જી શકો છો, પણ અત્યારે તો તમે તાલીમ કરતાં પ્રતિભા પર વધારે વિશ્વાસ રાખો છો. તમારી વસતિ ઘણી છે અને તેમાંથી બહુ જ ઓછા જન્મથી પ્રતિભાશાળી છે. તેંડુલકર જેવા અથવા તો અલી જેવા.'

'હા, પણ...' ઈશે પોતાની ડાબી મુઠ્ઠીને જમણી હથેળીમાં મારતાં કહ્યું, 'કલ્પના કરો કે અમારે ત્યાં આવી તાલીમ હોય તો શું થાય ?'

'ક્રિકેટ ખલાસ થઈ જાય. પણ અત્યારે તો અમે પોતાને માંધાતા કહી શકીએ છીએ ખરા.' ફ્રેડે છેલ્લા શબ્દ પર ભાર મૂકી કહ્યું.

અલીએ બીજા દિવસે બૅટિંગ કરી. દરેક બૉલરને તેના બૉલમાં સિક્સ જવાથી આઘાતનો અનુભવ થયો. અલબત્ત, અલીએ પોતાનું આ પ્રદર્શન ઓછું કર્યું અને સ્થિર રમત રમ્યો. તેણે થોડી જ ઈનિંગમાં પચાસ રનનો આંકડો પાર કરી લીધો. શુક્રવારે સવારે અલીએ બૉલને ડિફેન્સિવ શૉટ માર્યો. બૉલ ખાસ ઉપર ન ગયો. અલીએ ક્રીઝ પર રહેવાનું જ નક્કી કર્યું હતું.

'દોડ, આ સિંગલ છે.' ઈશે બાઉન્ડરી પરથી ઊભા રહી કહ્યું.

'દોડ અલી.' ઈશે ફરી કહ્યું. અલીને સૂચનાથી નવાઈ લાગી, પણ દોડયો.

'જલદી.' ઈશે રાડ પાડી. 'સૂતે સૂતે નહીં.'

અલી ઝડપી દોડયો. ફિલ્ડરે બૉલ બૉલર પાસે ફેંક્યો.

'કૂદકો માર.' ઈશે કહ્યું. અલીએ ડાઈવ મારી. તે ક્રીઝ સુધી તો પહોંચી ગયો, પણ એવી રીતે પડયો કે તેના ડાબા ઘૂંટણ પર આખા શરીરનો ભાર આવી ગયો. બધા તેની તરફ દોડયા. તે પોતાના દાંત દબાવતો અને આંસુ રોકવાનો પ્રયત્ન કરતો પડયો હતો.

'ઊભો થા. નાટક કરવાનો સમય નથી.' ઈશે કહ્યું.

'હળવે, દોસ્ત.' ફ્રેડે ઈશને કહ્યું અને ફિઝિયોને બોલાવવા ઈશારો કર્યો. મિનિટોમાં એક પારામેડિક આવી પહોંચ્યો અને અલીના સૂઝેલ ઘૂંટણ પર બરફ મૂકી દીધો.

'સદ્નસીબ છો કે ફ્રેક્ચર કે ડિસલોકેશન નથી. લાગે છે કે એકાદ સ્નાયુ ચિરાઈ ગયો છે, દોસ્ત.' ફિઝિયોએ કહ્યું. તેણે પેઈન કિલર લગાડયું અને પાટો બાંધ્યો. અલીએ ઊભા થવાનો પ્રયાસ કર્યો અને વાંકો વળી ફિઝિયોનો ટેકો લીધો. 'રમતને બે દિવસ આરામ આપો. તું બરાબર થઈ જઈશ.'

'ચિંતા ન કરો. તે થોડા જ કલાકોમાં રમતો થઈ જશે.' ઈશે ઢીલા અવાજે કહ્યું. તેની આંખોમાં અપરાધભાવ ડોકાતો હતો.

'બધા.' ફ્રેડે તાળી પાડતાં કહ્યું, 'ચાલો, બેસી જાવ.'

અમે પીચ પર ફ્રેડની આસપાસ ગોઠવાઈ ગોળાકારમાં બેસી ગયા.

'તમે મોટા છોકરાઓ છો અને મજબૂત ખેલાડીઓ છો. તમે તમારી બધી શક્તિ વાપરવા માગો છો, પણ હું તેનાથી વધારે વાપરવાનો નથી, પણ ભારપૂર્વક કહું છું – તમારા શરીરની મર્યાદાનું પણ સન્માન કરો.'

‘હું કરું છું.’ ઈશે જાણે ફરજિયાત બોલતો હોય તેમ કહ્યું. ‘પણ ત્યારે સિંગલ હતી. અને અમે ભારતીયો તેને જ ગુમાવી બેસીએ છીએ. અમે ડાઈવ મારવા નથી ઈચ્છતા. અમે જોખમ લેવા નથી માગતા.’

‘આ રમત કંઈ પુરુષાતન બતાવવા માટે નથી. તમે એ પળે એટલા તલ્લીન થઈ જાવ છો કે તમે બધું ભૂલી જાવ છો.’

‘શું ભૂલી જઈએ છીએ ?’ મેં પૂછ્યું.

‘એ ભૂલી જાવ છો કે તમે એક નાજુક શરીર ધરાવો છો. તેને બગાડો તો તમે ગયા સમજો. તમારે તેને પૂરું સાચવવાનું છે. અને ઈશ, તારે તારા આ વિદ્યાર્થીને તો બરાબર સાચવવાનો છે.’

ઈશે પોતાનું માથું નીચું કરી દીધું.

‘મેં હજી મારી કારકિર્દી શરૂ જ કરી હતી, મારી દુ:ખતી પીઠે મને લગભગ ખલાસ કરી નાખ્યો.’ ફ્રેડે કહ્યું. ‘બાકીની જિંદગી હું કદાચ કોઈ સ્ટોરમાં કપડાં વેચતો હોત. મને એના સિવાય બીજું કોઈ કામ મળત નહીં.’

તેણે આગળ કહ્યું, ‘મેં પણ આવી જ ભૂલો કરી છે. હું પણ રમતો ત્યારે રમત માટે મારી જાતને ખલાસ કરી નાખતો હતો. હા, પ્રતિબદ્ધતા મહત્ત્વની છે, પણ મેચ દરમ્યાન મસ્તિષ્ક પણ ચોખ્ખું હોવું જોઈએ.’

ઈશે પાછળથી લૉકર રૂમમાં ફ્રેડની માફી માગી : ‘હું કદી પણ અલીને નુકસાન થવા નહીં દઉં.’

‘આ છોકરો ઉત્તમ છે. મારા મનમાં તેનું એક આશ્ચર્ય છે. તમે રવિવારે સાંજે જાઓ છો, બરાબર ?’

‘હા, બે દિવસ પછી.’ ઈશે કહ્યું. ‘માની નથી શકતો કે અઠવાડિયું આટલું જલદીથી પસાર થઈ ગયું.’

‘રવિવારનો સવારનો નાસ્તો મારા તરફથી છે. હું તમને એક મહત્ત્વની વ્યક્તિ સાથે મેળવવા માગું છું.’

* * *

બૉન્ડી બીચ એટલો સુંદર છે કે તેને પોતાની એક કૉફી ટેબલ ચોપડીની જરૂર છે. એનું આકાશ, ઑસ્ટ્રેલિયાનું આકાશ ભારતના આકાશથી અલગ જ રંગ ધરાવે છે. તે રંગની દુકાનોમાં જેવો બ્લૂ રંગ હોય છે તેવું જ દેખાય છે, અને એટલું ચોખ્ખું છે કે આપણી આંખોમાં ભોંકાય છે. અહીં જરા પણ પ્રદૂષણ નથી. દરિયો માઈલો સુધી દેખાય છે. કિનારા પર પેસિફિક મહાસાગર પાઉડર જેવી રેતીને મળે છે અને અદ્ભુત મોજાં સર્જે છે. તે સર્ફ કરવા જેવાં છે અને છતાં તમે તેના પર આરામ કરી શકો એટલાં નરમ છે.

પણ ઉનાળાના તે દિવસે બીચની શ્રેષ્ઠ બાબત તેના લોકો હતા – જે પુરુષો ન હતા. એટલે કે સ્ત્રીઓ જ હતી. ભરાવદાર અને ટૉપલેસ. તમે જો તમારા જીવનમાં કોઈ દિવસ ટૉપલેસ સ્ત્રી જોઈ ન હોય તો આ સ્થળ તમારા પર ભયંકર અસર કરશે.

‘અહીં સોએક સ્ત્રીઓ હશે.’ ઈશ ધીમેથી બોલ્યો. ‘અને દરેક ખલાસ કરી નાખે તેવી.’

આ સાચું હતું. એવું લાગતું હતું કે વિશ્વની બધી જ સ્ત્રીઓએ એકબીજીને ઈ મેઈલ કર્યા હતા અને અહીં બૉન્ડીમાં મળવાનું નક્કી કર્યું હતું.

‘તારે છત્રીની જરૂર છે ? અમે એક સરસ સ્થળે બેઠા એટલે મેં કહ્યું. છ ટૉપલેસ સ્ત્રીઓ અહીં ફ્રીસ્બી રમતી હતી.

‘આહા, તમે અહીં તો તેનાં સ્તન...જોઈ શકો છો, ઓહ.’ ઓમીએ સિસકારા મારતાં કહ્યું.

‘અહીં તો સોએક સ્ત્રીઓ છે. એટલે આપણા માટે બસો સ્તનો જોવા માટે છે.’ મેં કહ્યું અને

દરેક ઠેકાણે ગણિત ઘુસાડવા માટે ટીકાપાત્ર બન્યો.

એ એવી જગ્યાએ ઊછર્યો હતો જ્યાં બાંય વિનાનાં બ્લાઉઝ પણ સનસનાટી પેદા કરે, તો ટૉપ-ઑફ તો, એમ.બી.એ. શબ્દ વાપરે છે તે 'પેરાડીમ શિફ્ટ' જ હતું.

'હું તેમની સાથે રમું નહીં. હું તો ફ્રીસ્બી સામે જોઉં પણ નહીં.' ઈશ બોલ્યો.

'જો પેલી બ્લૉન્ડ, કેવી ભરાવદાર છે.' મેં કહ્યું. ઓહ, જ્યારે ડિઝનીલૅન્ડમાં હો ત્યારે ત્યાં રમો.

'મને લાગે છે કે સ્વર્ગ આવું જ હશે. મારી આંખો તો ન મીંચાઈ શકવાને કારણે થાકી ગઈ છે.' ઓમીએ કહ્યું.

નવાઈ લાગે, પણ ઉઘાડી છાતીઓ થોડી જ મિનિટોમાં સામાન્ય બની ગઈ. મને લાગે છે કે આપણે વસ્તુઓથી ઝડપથી ટેવાઈ જઈએ છીએ. હું તો એકીસાથે સો સ્ત્રીઓ જોવા કરતાં રોજ એક ટૉપલેસ સ્ત્રી સો દિવસ સુધી જોવાનું પસંદ કરું. હું રેતી પર બેસી ગયો. ઈશ અને ઓમી દરિયામાં તરવા અને ભીની ટૉપલેસ સ્ત્રીઓ વધારે સારી લાગે છે કે નહીં તે જોવા ગયા. હા, અમે દર્દી છોકરા હતા.

મેં મારી પાસેની છત્રીમાં એક બીજી સુંદર સ્ત્રી જોઈ. તેણે પોતાની બીકીની પર શર્ટ પહેર્યા હતો અને તેની પીઠ મારી પાછળ હતી. તેના લાંબા વાળ પીઠ પાછળ લહેરાતા હતા. તેણે પોતાના વાળમાં કશુંક લગાવ્યું હતું. કદાચ તેલ કે કોઈ લોશન – જેનાથી છોકરી પોતાના હોવાનો અહેસાસ કરે છે.

કશુંક પાછળથી મને વાગતું હતું. મને લાગ્યું કે મારી છાતી પર કોઈક મારતું હતું. આ સ્ત્રી બરાબર વિદ્યા જેમ જ તેના વાળ ઘસતી હતી. મેં ઈશ અને ઓમીને દૂર પાણીમાં તરતા જોયા. તેઓ એકબીજાને ધક્કા મારતા હતા અને હસતા હતા.

મારા મનમાં આમતેમ વિચારો દોડતા હતા. જેમ કે વાળમાં તેલવાળી આંગળીઓ. અહીં વિદ્યા હોત તો મજા ન આવત ! આ એ જ બાબત નથી, જેને તે ખૂબ ઝંખે છે ! ખાસ કરીને સ્વતંત્રતા ! તેનામાં બૉન્ડીનો સ્પિરિટ નથી ! તે અહીં જો બીકીનીમાં ફરતી હોત તો હું તો તેને મારી જ નાખત. એક મિનિટ, હું મારી નાખત કે તેનો ભાઈ ઈશ ! મારે પરવા કરવાની શી જરૂર છે ! પણ મેં એમ કહ્યું કે હું મારી નાખત ! અને અહીં મારી સામે અનેક ટૉપલેસ સ્ત્રીઓ મારી એકાગ્રતાને તોડે છે, છતાં હું તેનો જ વિચાર શા માટે કરું છું ! અને દરરોજ રાતે સૂવા જતાં પહેલાં હું તેનો જ વિચાર શા માટે કરું છું ! અને મારું મન નકામા પ્રશ્નો પૂછતાં અટકતું શા માટે નથી !

તમારી આસપાસ અનેક ખુલ્લાં સ્તનો હોય છતાં જો તમને હજારો માઈલ દૂર આવેલ એક છોકરીનો અભાવ ખટકતો હોય, તો તમારામાં કશુંક ખૂટે છે. હું મારી સાથે રાખતો હતો તે નોટબુક ખોલી. હું આવતા ત્રણ માસનું બજેટ બનાવવા માગતો હતો. મેં તેમાં એક લાંબો વાળ જોયો. તે મારો, ઈશ કે ઓમીનો તો ન હતો. અને મને ખ્યાલ છે તેવી એક જ વ્યક્તિના વાળ લાંબા હતા. તેને ભૂલવા મેં જે નોટબુક ખોલી હતી. તેથી તો મને તેનો અભાવ વધારે સાલવા લાગ્યો.

ઓમી દોડતો મારી પાસે આવ્યો. તેના ડિલ પરથી પાણી ટપકતું હતું અને મારા પગ પર પડતું હતું. મેં નોટબુક બંધ કરી.

'પાણી તો અદ્ભુત છે ! ચાલ ને અંદર !' હાંફતાં હાંફતાં તેણે કહ્યું.

'ના, મારે કામ છે. મારે કૉલ કરવો છે.' મેં કહ્યું.

'કૉલ ! કોને ?'

'સપ્લાયરોને.' મેં તેની સાથે આંખ મેળવ્યા વિના કહ્યું.

'અહીંથી ! તે મોંઘો નહીં પડે ?'

'ટૂંકો જ કૉલ. થોડા સિક્કાની જરૂર પડશે.' મેં કહ્યું અને થોડા સિક્કા લીધા.

'તું તો બૉન્ડી પર કામ કરે છે ! જે હોય તે, હું તો ફરી નહાવા જાઉં છું.' ઓમી દોડયો અને ફરી દરિયામાં કૂદી પડયો.

મેં મારી વસ્તુઓ લીધી અને બીચના શૉપિંગ વિસ્તાર તરફ આગળ વધ્યો. મેં એક પબ્લિક ફોન શોધ્યો.

મેં નંબર ડાયલ કર્યો.



ચૌદ

ફોન બે વાર વાગ્યો. મેં તેને ડિસ્કનેક્ટ કરી નાખ્યો. મેં બૂથ છોડવાનો વિચાર કર્યો. મેં ફરી સિક્કાઓ નાખ્યા અને ડાયલ કર્યો.

'હલ્લો, ઈશાન ભૈયા.' વિદ્યાએ ફોન હાથમાં લેતાં જ કહ્યું.

ફોન બે ડૉલર જેટલા સિક્કા ખાઈ ગયો હતો.

મેં ફરી ફોન કાપી નાખ્યો. સાલો, હું શું કરતો હતો ?

મેં ફરી સિક્કા નાખી ફોન લગાવ્યો. તેણે તરત જ ઉપાડી લીધો.

'ભૈયા, તમે મને સાંભળી શકો છો ?'

મેં અકલ્પ્ય કામ કર્યું. મેં કેવળ શ્વાસ લીધો. હું કોઈ વિકૃતને મળ્યો હોઈશ, પણ મને કંઈ કહેવાનું સૂઝયું નહીં.

'ગોવિંદ.' તેણે સાવચેતીભર્યા અવાજે કહ્યું.

તેણે મારા શ્વાસની કલ્પના કરી લીધી ! આ છોકરીને શું કહેવું !

'હાય.' મેં કહ્યું. હવે હું મારી જાતને વધારે રોકી શક્યો નહીં.

'ગોવિંદ, વાહ ! મેં ઈન્ટરનેશનલ નંબર જોયો. તો, કહો, શું છે ?'

ફોન પર જે બધાં વાક્યો હું સાંભળું છું, તેમાં મને 'કહો' જરા પણ નથી ગમતું. કારણ કે મેં ફોન કર્યો તેથી મારે જ કહેવાનું ?

'હું...'

'ઑસ્ટ્રેલિયા કેમ છે ? મજા આવે છે ? કહો ને મને.'

આમ જો તે ફરી બોલી તો હું તેને મારી જ નાખત. પણ મને લાગ્યું કે મારે તેને કશુંક તો કહેવું જ જોઈએ. મેં વિચાર કર્યો.

'હા, તે સરસ છે. તને આ સ્થળ ગમવાનું.'

'કયું સ્થળ ? મને વધારે કહો. તમે અત્યારે ક્યાં છો ?'

'બૉન્ડી બીચ. તે ખૂબ જ સૌંદર્યભરપૂર સ્થળ છે.' મેં કહ્યું. અલબત્ત, મેં તેનું તદ્દન નકામું વર્ણન કર્યું હતું. પણ તમે જેને પહેલી વાર ફોન કર્યો હોય એવી છોકરી સાથે વાત કરવા તમારે પ્રયાસ કરવો પડે છે.

મારી મૂંઝવણમાં વધારો કરવા ફોન આ સિક્કાઓ પળભરમાં ખાઈ ગયો. ફોન દરેક ત્રીસ સેકન્ડે એક ડૉલર ખાતો હતો તેથી મારે તેમાં સતત સિક્કા નાખવા પડતા હતા.

'ઓહ, મેં તો કદી પણ સાચો દરિયાકિનારો જોયો પણ નથી. તે કેવો છે ? શું પાણી ક્યાંયે પૂરું જ નથી થતું ? તમે તેને અનંત જોયા જ કરો છો ?'

'હા, અને આકાશ પણ અંતહીન છે.' ઓહ, સાલા તેનાં વાક્યોમાં જ બોલવા કરતાં તું પણ કંઈ કહે.

'ઈશ અને ઓમી ક્યાં છે ?'

'તેઓ નહાય છે. હું જ બૂથમાં છું.'

તેણે એક એવો પ્રશ્ન પૂછયો જેનો જવાબ હું આપવા માગતો ન હતો.

'તો પછી તમે મને કેમ ફોન કર્યો ?'

'બસ, કંઈ નહીં. તારી તૈયારી કેમ ચાલે છે ? તને તો ખ્યાલ છે કે અવયવો ખૂબ જ મહત્ત્વના છે.'

'તમે મને અવયવો માટે જ ફોન કર્યો છે ?'

'હં.... અને....'

'તમને મારો અભાવ સાલે છે ?'

'વિદ્યા.'

'શું ?'

'મને નકામા પ્રશ્નો ન પૂછ.'

'હું તમને મીસ કરુ છું. ખૂબ જ સાચું કહું તો.' તેણે કહ્યું. તેનો અવાજ ભારે થઈ ગયો.

'ઓહ, સરસ. એટલે કે...' મેં મૂર્ખે કહ્યું. કેવળ એકાક્ષરી !

'હા, અને એક ટ્યૂટર તરીકે નહીં. એક મિત્ર તરીકે, એક ખૂબ જ સરસ મિત્ર તરીકે.'

ભારતીય છોકરીઓ માટે 'ખૂબ જ સરસ મિત્ર' એ ભયંકર બાબત છે. અહીંથી તમારી પ્રગતિ ઝડપી બને છે. અથવા, જરાક પણ તમે ભૂલ કરો તો તમે ભારતીય છોકરીઓએ શોધેલ ભયાનક નીચી અવસ્થામાં આવી જાઓ છો – રાખીભાઈ ! રાખીભાઈનો અર્થ થાય છે કે તમે મારી સાથે વાત કરી શકો છો, પણ એના સિવાય તમારે કોઈ જ બીજા વિચાર કરવા નહીં, હે બોરિંગ ! મારામાંના નાનકડા અવાજે ચીસ પાડી, તેને કહે કે તું પણ તેને મીસ કરે છે, મૂર્ખ, અથવા તને પણ આખી જિંદગી રાખડીઓ જ મળ્યા કરશે.

'હું પણ. તું જો અહીં હોત તો સીડનીમાં વધારે આનંદ આવત.'

'અહો, આ તમે મને કહેલ વાતોમાં શ્રેષ્ઠ છે.'

હું શાંત રહ્યો. જ્યારે તમે કંઈક સારું કહો છો, પછી તરત બોલવાની ઉતાવળ ન કરવી અને વાતને બગાડી ન નાખવી.

'હું તારા માટે અહીંથી કંઈ લઈ આવું ?' મેં કહ્યું.

'પણ તમારું બજેટ તો કસોકસ છે ! ખરું ?'

'હા, પણ થોડુંક કંઈ નુકસાન નહીં કરે.' મેં જવાબ આપ્યો.

'મને એક વિચાર આવે છે. તમે અત્યારે છો તે દરિયાકિનારાની થોડી રેતી મારા માટે લઈ આવો. એ રીતે મારી પાસે પણ થોડું સીડની રહેશે.'

રેતી ? આ તો વિચિત્ર માગણી હતી. જોકે તે છેવટે સસ્તી અને મફત તો હતી.

'ખરેખર ?' મેં પૂછયું.

'હા, મારા માટે એક બાકસ ભરીને રેતી લઈ આવો. અને તેમાં જો જગ્યા બચે તો તેમાં થોડી લાગણી પણ મૂકશો.' તેણે કહ્યું.

ફોનના ડિસ્પ્લેમાં ઝબકારો થયો. ફોને મને વળી થોડા સિક્કા ખવડાવવાની ધમકી આપી, નહીં તો મારી આ રોમાન્ટિક વાતનું ખૂન થઈ જશે. મારી પાસે હવે પૈસા ન હતા.

'સાંભળ, મારે હવે જવું પડશે. હવે મારી પાસે પૈસા નથી.' મેં કહ્યું.

'ભલે, પણ ફરી જલદી આવજો. કોઈક તમને મીસ કરે છે.'

'ત્રણ જ દિવસમાં પાછા. હું પણ તને મીસ કરું છું.' મેં કહ્યું અને મારું ગળું સાફ કર્યું. હાશ ! હવે મારે જે કહેવું હતું તે બરાબર કહી શક્યો.

'અને હું પણ તમને કશુંક કહેવા માગું છું.' તેણે કહ્યું.

'શું ?'

બીપ. બીપ. બીપ, ટેલ્સ્ટરા નામની મૂર્ખ ઑસ્ટ્રેલિયન કંપનીએ મારી પ્રથમ રોમાન્ટિક પળો બગાડી નાખી.

હું પાછો ચાલવા લાગ્યો. હું એ છોકરીનો વિચાર કરવા લાગ્યો જેને રેતી જોઈતી હતી. મને થયું એક મારા આ નાના કૉલમાં – જે મારા એક ભોજન જેટલો ખર્ચ હતો – જો કૉલ કંપનીઓ આટલું કમાતી હોય તો કુલ કેટલું કમાતી હશે !

હું એક બ્લૂ ઑરેન્જ કાફે નામના ફૅશનેબલ રેસ્ટોરાં પાસેથી પસાર થયો. ઑસ્ટ્રેલિયનો દરેક શબ્દને નવો અર્થ આપે છે. અહીં લોકો બિયરનો ગ્લાસ હાથમાં લઈ કલાકો સુધી બેસી રહે છે. સુંદરતમ વેઈટ્રેસો આ લોકોને બર્ગર કે ટોસ્ટેડ સૅન્ડવિચ આપવા આસપાસ ઘૂમતી રહે છે.

મેં બારમાંથી એક બાકસ લીધું અને તેની દીવાસળીઓને કચરાપેટીમાં ખાલી કરી નાખી. હું મારા પગના અંગૂઠાને દરિયાનું સુંવાળું પાણી સ્પર્શ કરે ત્યાં સુધી કિનારાની અંદર ગયો. મેં આસપાસ જોયું અને પછી નીચે નમ્યો. મેં બાકસમાં થોડી રેતી ભરી અને પછી તેને મારા ખિસ્સામાં મૂકી દીધું.

'એય, તું શું કરે છે ?' ઓમી જાણે જગતની સૌથી બેડોળ જલપરી હોય તેમ મોજામાંથી બહાર નીકળ્યો અને બોલ્યો.

'કશું જ નહીં. પણ તું આ બાજુ શું કરે છે ? મોજાં તો પેલી બાજુ વધારે આનંદ આપે તેવાં છે.' મેં જવાબ આપ્યો.

'હું તો કોક લેવા તારી પાસેથી થોડા સિક્કા લેવા આવ્યો છું. મને તરસ લાગી છે.'

'સિક્કા તો ખલાસ થઈ ગયા. આજ માટે થોડા સિક્કા બચાવ્યા છે, પણ તે તો આપણા ભોજન માટે રાખ્યા છે.'

'પૂરા થઈ ગયા ?' ઓમીએ પૂછ્યું.

'હા.' મેં ચિડાઈને જવાબ આપ્યો. મારાથી ઓછી બુદ્ધિવાળા લોકો મને કોઈ પ્રશ્ન કરે તે મને નથી ગમતું.

'કોને તેં ફોન કર્યો ?' ઓમીએ કહ્યું.

'સપ્લાયરને.'

'કયાને ?'

'મૂકને એ વાત, ઓમી. ચાલો, આપણે જમવા જઈએ. તને પહેલાં પીણાની જરૂર છે ?'

'વિધા ?'

હું તો સમસમી ગયો અને મૂંગો થઈ જોઈ રહ્યો. આ તે કેવો કાલ્પનિક અંદાજ ! અને તેને ચિંતા કરવાની શી જરૂર છે ?

'શું ?' મેં નવાઈ પામીને કહ્યું.

'મારી પાસે ખોટું ન બોલ.'

'અલ્યા, પણ હું વિધાને શા માટે કૉલ કરું ?'

'મને મૂર્ખ ન માનતો.'

'તું છે જ.' મેં કહ્યું.

અમે રેસ્ટોરાં તરફ ચાલ્યા. હું તેનાથી ત્રણ પગલાં આગળ હતો.

'તમે લોકો પરસ્પર જે રીતે જુઓ છો તે મેં બરાબર જોયું છે.' મારી સાથે થવાનો પ્રયત્ન કરતાં તેણે કહ્યું.

'પડ ખાડામાં !' મેં કહ્યું અને હું ઝડપથી ચાલવા લાગ્યો. અમે બીચ નજીક આવેલ કૅમ્પબેલ પરેડ, નાના બાર અને કાફેની નજીક આવ્યા.

'મારું તેના પર ધ્યાન પણ ગયું છે કે જ્યારથી તેં તેને ભણાવવાનું શરૂ કર્યું છે, ત્યારથી તું તેના વિશે કદી નથી બોલ્યો.'

હું હોગ્ઝ બ્રેધ કાફેમાં ગયો. આ દેશમાં પાંચ દિવસ રહ્યા પછી હવે મને આ નામ વિચિત્ર લાગતું ન હતું.

અમે એકબીજાની સામે બેઠા. મેં વાત ટાળવા અને મારો ચહેરો છુપાવવા મેનુ ઉપાડયું.

'તું ઈચ્છે તો તારા ચહેરાને ઢાંકી શકે છે, પણ મને ખબર છે.'

મેં મેનુ નીચે મૂકી દીધું.

'અરે, પણ કશું જ નથી. ઓ.કે. માની લે કે કશુંક છે, પણ કશું ચિંતા કરવા જેવું નથી.' મેં જવાબ આપ્યો.

હું ફરી મેનુ પાછળ છુપાયો.

'ભારતીય પુરુષોમાં એક વણલખ્યો નિયમ છે અને તેં તેને ભાંગ્યો છે.'

'કયો નિયમ ?' મેં કહ્યું અને મેનુને ટેબલ પર પછાડયું.

'તમે પોતાના મિત્રની બહેન પર નજર નથી કરી શકતા. નહીં જ. તે નીતિની વિરુદ્ધ છે.'

'નીતિ, તે વળી શું છે ! ઓમી ? અને મેં તેના પર નજર નથી કરી. તેણે મારા પર નજર કરી છે.' મેં કહ્યું.

'પણ તેં તેને નજર કરવાની છૂટ આપી છે. તે જ.'

'ખેર, તેને નજર કરી તો ન કહી શકાય. અને તે ખાસ મહત્ત્વની પણ ન હતી. તેને કારણે સારું લાગતું હતું.' મેં જવાબ આપ્યો.

તેની સાથે આંખ બચાવવા હું ટૂથ પીક સાથે રમતો હતો.

'બેવકૂફ છે અલ્યા, પણ કેટલાં આગળ વધ્યાં છો તમે ?'

'શું ? ઓમી, જા અને ઈશને જમવા બોલાવ. આપણે અહીં છીએ તેની તેને ખબર નહીં હોય.'

'હા, તેને ખરેખર ખ્યાલ નથી.' ઓમીએ કહ્યું અને ગયો.

અમારી પાસેના પુલ પર એક ટીમ બૅન્ડ જોરથી વગાડતા હતા. ઈશ આવ્યો તે પહેલાં મારી પાસે પાંચ મિનિટ હતી. તે દરમ્યાન મને અનેક વિચારો આવ્યા. શું મૂર્ખ ઓમી તેને કશુંક કહી તો નહીં દે ને ? ના, ઓમી એટલો તો મૂર્ખ ન હતો.

ઓમી અને ઈશ હસતા હસતા આવ્યા. ઓ.કે. બધું બરાબર હતું.

'હોગ્ઝ બ્રેધ ? રેસ્ટોરાંનું આવું ખરાબ નામ કદી કલ્પના કરી શકાય ?' ઈશ હસ્યો અને બોલ્યો.

'હું તો કરી શકું.' ઓમી બોલ્યો.

'આવું ન કરતો. ભલે, પણ ટૉઈલેટ ક્યાં છે ? મારે ત્યાં જવું પડશે.' ઈશે કહ્યું.

'ત્યાં.' મેં વચ્ચેથી કહ્યું અને ખૂણા તરફ આંગળી ચીંધી. આખા જીવનનો મને ઓસી વિષેનો ખ્યાલ આવી ગયો હતો.

'તું તેની સાથે ગાઢ સંબંધ ધરાવે છે ?' ઓમીએ આગળ પૂછ્યું.

'તેં આને તો કશું નથી કહ્યું ને ?' મેં પૂછ્યું.

'તું શું એમ માને છે કે હું બેવકૂફ છું ?'

'હા.'

'મેં નથી કહ્યું. હવે મને કહે કે તમે બન્ને સંબંધમાં કેટલાં આગળ વધ્યાં છો ?' ઓમીએ

પૂછ્યું.

'કેટલાં એટલે ?'

'હા, ત્યાં એક "માત્ર જોવું"નો સંબંધ છે. તે સૌથી સામાન્ય સંબંધ છે. પછી "અમે કેવળ વાતો કરીએ છીએ"નો સંબંધ છે. પછી "હાથ પકડવાનો" સંબંધ છે. અને પછી...'

'આમાંથી કશું જ નહીં. અમારી વચ્ચે તો અલગ જ છે.'

'હત્ ! એનો અર્થ કે તેનાથી પણ આગળ સંબંધ છે. ત્યારે જ તમે માનો કે તમારો સંબંધ દુનિયામાં બીજા બધાથી અલગ છે. કશું મૂર્ખાઈભર્યું ન કરતો.'

'મૂર્ખાઈભર્યું ?'

ઓમી ધીમેથી બોલવા આગળ નમ્યો.

'તું જાણે છે, મૂર્ખ. ઈશ તને મારી નાખશે અથવા તેના પિતા. અથવા તો તેની સાથે સંબંધ ધરાવનાર કોઈ પણ. પેલો કારમાંનો છોકરો યાદ છે ને ? મારા પર વિશ્વાસ રાખીને કહે કે તને એવા છોકરા થવાની ઈચ્છા નથી. અથવા તો તે કાર.'

'પણ એવું કશું જ નથી. કેવળ સારાં મિત્રો.' મેં કહ્યું અને ટૉઈલેટ તરફ જોયું.

'કેવળ સારાં મિત્રો તો બોલતો જ નહીં. તેના જેવો ગેરસમજભર્યો શબ્દ કોઈ નથી. તું તો તેનો શિક્ષક છે, સાલા. અને તે કેવડી છે વળી ? સત્તર ?'

'થોડા જ મહિનાઓમાં અઢારમું બેસે છે.'

'આહ, અદ્ભુત.' ઓમી બોલ્યો.

ઈશ ટૉઈલેટમાંથી બહાર આવ્યો. તેણે પુલ પર રમતા એક ઓસી સાથે રમૂજ કરી.

હું ઓમી તરફ ફર્યો.

'મારે તેની સાથે વાત નથી કરવી. અને ચિંતા ન કર, હું કશું મૂર્ખાઈભર્યું કરવાનો નથી. તે ગણિતથી ગુસ્સે છે. મને એ જ સમજ નથી પડતી કે મેં તેને ભણાવવાની હા જ શા માટે પાડી?'

'તો પછી તેને ભણાવવાનું બંધ કર, કેમ ?' ઓમીએ કહ્યું.

'આપણે ભોજન લઈશું ? મને ખરેખર ભૂખ લાગી છે.' મેં કહ્યું અને ફરી મેનુ જોયું.

'હું તો માત્ર કહું છું...'

'ઈશ.' મેં બારમાં મોટેથી બૂમ મારી. 'તને શું જોઈએ છીએ ? લસણવાળી બ્રેડ એ મેનુમાં સૌથી સસ્તી ચીજ છે.'

'જે હોય તે, મને તારા પર વિશ્વાસ છે.' તેણે સામે મોટા અવાજમાં જવાબ આપ્યો. તેણે પુલમાંના ઓસી લોકો સાથે રમવાનું ચાલુ રાખ્યું.

તેના છેલ્લા શબ્દ મારા મગજમાં બૉન્ડી બીચ પરના સર્ફબોર્ડ જેમ ઘૂમરાવા લાગ્યા.

* * *

'આ ઘર ખૂબ મોટાં છે.' અમે ડબલ બે નામના વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે મેં કહ્યું.

અમારા છેલ્લા દિવસે ફ્રેડ અમને પોતાને ત્યાં નાસ્તા માટે લેવા આવ્યો હતો. ઈશ, અલી અને ઓમી તેની સાબ કન્વર્ટિબલમાં પાછળ બેઠા હતા, જ્યારે હું આગળ બેઠો હતો. અમે સીડનીની ઠંડકવાળી સવારમાં મુસાફરી કરતા હતા ત્યારે અમારા વાળ ઠંડી હવામાં ફરફરતા હતા.

'પણ મોટા ભાગના લોકોનાં ઘર તો નાનાં હોય છે.' ફ્રેડે કહ્યું. 'ઑસ્ટ્રેલિયામાં અમે કેટલા પૈસા કમાઈએ છીએ કે કઈ કાર ચલાવીએ છીએ તેની માથાકૂટ નથી કરતા. અરે, લોકો તમને એ પણ નથી પૂછતા કે તમે શું કામ કરો છો. તમને ખબર છે કે લોકો વધારે શાના વિશે પૂછે છે ?'

'શાના વિશે ?' ઈશે પૂછ્યું.

'તમે શું રમો છો, તે જ વધારે પૂછે છે.' ફ્રેડે જવાબ આપ્યો.

'મને તો ઑસ્ટ્રેલિયા ખૂબ ગમે છે. હું તો ઈચ્છું કે ભારતમાં પણ આમ જ રમતગમત વિશે વિચાર કરાય.' ઈશે આગળ નમતાં કહ્યું.

'અહીં તો સ્પોર્ટ્સ એ રાષ્ટ્રીય ક્રેઝ છે.' ફ્રેડે કહ્યું. 'તો પછી તમારા દેશમાં કઈ ઘેલછા છે ?'

'ત્યાં તો પુષ્કળ લોકો છે, તેથી પુષ્કળ ક્રેઝ છે. એ તો સમસ્યા છે.' ઈશે કહ્યું.

'પણ ધર્મ અને રાજકારણ વધારે મહત્ત્વનાં ગણાય છે. અને તેમને જો ભેગાં કરો તો તો ખૂબ જ.' મેં કહ્યું.

'હું તેનાથી ખૂબ દૂર રહું છું. ઓસીનું રાજકારણ તો આમ પણ હાસ્યાસ્પદ છે.' ફ્રેડે મશીન બંધ કરતાં કહ્યું.

અમે પરામત્ત પાર્ક નામના વિસ્તારમાં ગાડી પાર્ક કરી. ફ્રેડ અમને ઓલ્ડ કોલોનિયલ હાઉસમાં લેચન્સ રેસ્ટોરાંમાં લઈ આવ્યો હતો. અમે રેસ્ટોરાંમાં ગયા અને બે જણને અમારી રાહ જોતા જોયા.

'ગુડ મોર્નિંગ, મિસ્ટર ગ્રીનર અને મિસ્ટર કટલર.' ફ્રેડે અમારો પરિચય આ બે પ્રૌઢોને આપ્યો.

'અને આ જ હોશિયાર છોકરો છે ?' મિસ્ટર ગ્રીનરે તેનો ખભો થાબડતાં કહ્યું.

'હા, એટલો હોશિયાર જેટલો ભગવાને તેને બનાવ્યો છે.' ફ્રેડે જવાબ આપ્યો. અમે બધા ટેબલની આસપાસ ગોઠવાયા.

'આ જ સદ્‌ગૃહસ્થો છે જેમણે મને તમારી ટિકિટો મેળવવામાં મદદ કરી છે. મારી ગર્લ- ફ્રૅન્ડે નહીં.' ફ્રેડે આંખ મીંચામણાં કરતાં કહ્યું.

'શું ?' ઈશે કહ્યું. હવે અમે ફ્રેડનો અમને આમંત્રણ આપવાનો હેતુ સમજ્યા. તે કેવળ એક અઠવાડિયું રમવાનો જ નહોતો.

'તમને મારો ગોવાનો ફોન કૉલ યાદ છે ? તે આ લોકોનો હતો.' ફ્રેડે કહ્યું.

'મિસ્ટર ગ્રીનર ઑસ્ટ્રેલિયન સ્પોર્ટ્સ ઍકેડેમીના ચૅરમૅન છે અને મિસ્ટર કટલર એ.આઈ.એસ. સ્કૉલરશિપ કાર્યવાહીના વડા છે.' ફ્રેડ બ્રેડ પર માખણ લગાવતાં બોલ્યો : 'મેં તેમને અલી વિશે વાત કરી. તે કેટલો સારો છે અને યોગ્ય તાલીમ મળે તો તેનામાં ખૂબ આગળ જવાની શક્તિ છે તે પણ કહ્યું.'

મેં ઈશનો ચહેરો કોઈક અપેક્ષાએ કડક થતો જોયો. શું તેઓ અલીને સ્પૉન્સર કરવાના હતા !

'તમે કહો છો તેમ શું તે ફ્રેડ અને તમારી સાથે રમતા તેના છોકરાઓ જેટલો જ સારો છે ?' મિસ્ટર ગ્રીનરે પૂછયું, 'તો પછી અમે જે મદદ કરી શકીએ તે કરીશું.'

'આભાર, આભાર.' ઈશે કહ્યું. ફ્રેડે તેને ચૂપ કરી દીધો. વધારે પડતા ઉશ્કેરાઈ જવું તે ઈશ માટે હંમેશની સમસ્યા હતી. તેની બહેનની પણ. કદાચ તે વારસાગત હશે.

'જુઓ.' મિસ્ટર ગ્રીનરે ગળું સાફ કરતાં કહ્યું, 'એ.આઈ.એસ. વિવિધ ઍકેડેમીઓનાં સૂચનોમાંથી પસંદગી કરે છે. હું અલીને પસંદ કરાવી શકું છું. પણ અલી કોઈ ઑસ્ટ્રેલિયન રાજ્યમાં નથી રહેતો.'

'તો ?' ઈશે કહ્યું.

'એ.આઈ.એસ.ના નિયમો મુજબ સ્કૉલરશિપ લેનાર ઑસ્ટ્રેલિયાનો રહેવાસી જ હોવો જોઈએ. અથવા તો તે બનવાની પ્રક્રિયામાં હોવો જોઈએ.'

'આપણે તેમાં અપવાદ ન કરી શકીએ ?' મે કહ્યું. ઓમી વાત કરવા કરતાં ખાવામાં ખૂબ જ વ્યસ્ત હતો. ઓમી અને અલી આખા પ્રવાસમાં ભાગ્યે જ બોલ્યા હતા. ઓસીના ઉચ્ચાર તેમને હેરાન કરતા હતા.

'ખેર, અમે આ એક રીતે જ કરી શકીએ.' મિસ્ટર કટલરે કહ્યું અને એક ફાઈલ બહાર

કાઢી. તેણે તેને ખોલી અને ટેબલ પર કેટલાંક ફોર્મ મૂક્યાં.

'કટલરને સ્થળાંતર ખાતા સાથે આના માટે ભારે ખેંચતાણ કરવી પડી.' મિસ્ટર ગ્રીનર મૈત્રીભર્યું હસતાં બોલ્યા.

'આ ઑસ્ટ્રેલિયન નાગરિકત્વ માટેનું ફોર્મ છે. અને તમે જાણો છો તેમ, વિશ્વના અનેક લોકો તે ઇચ્છે છે. પણ અહીં તો તેની પ્રતિભાને કારણે અમે જ અલીને ઑસ્ટ્રેલિયન નાગરિકત્વ આપવા માગીએ છીએ.'

અલી અને ઓમીએ ફોર્મ જોયાં અને ખાતા અટકી ગયા.

'તે ઑસ્ટ્રેલિયન બનશે ?' ઓમીએ પૂછ્યું.

'તે ચેમ્પિયન બનશે.' ફ્રેડે કહ્યું.

'તેનાં માતાપિતાને પણ રહેવાના અધિકારો મળશે. અને ઈશ, તું પણ....' તારા મિત્રો પણ અહીં અરજી કરી શકે છે.' અમે તમને બધી રીતે મદદ કરીશું. તકો સારી છે.' કટલરે કહ્યું.

'અને તને તો ઑસ્ટ્રેલિયા ગમે જ છે.' ફ્રેડે ઈશને આંખ મારતાં કહ્યું.

'આ બાળકના ભાવિ વિશે વિચારો. હું જે સાંભળું છું તે પ્રમાણે તેનાં સાધનો પણ મર્યાદિત છે.' કટલરે કહ્યું.

તેઓ ગરીબ એમ કહેતા હતા. મેં માથું હલાવ્યું. અલીની જિંદગી બદલાઈ જશે. 'તેઓનો મુદ્દો સાચો છે.' મેં ઈશને કહ્યું જે હજી આઘાતમાંથી બહાર આવ્યો ન હતો.

'પણ આપણે અલીને જ શા માટે પહેલાં ન પૂછીએ ? તે તેનું જીવન અને તેનો નિર્ણય છે.' ગ્રીનરે કહ્યું.

'હા, જરા પણ દબાણ નથી.' બન્ને હાથ પહોળા કરતાં ફ્રેડે કહ્યું.

વેઈટર અમારી પ્લેટો સાફ કરતો હતો ત્યારે અમે આ ઑફર અલીને ખૂબ જ સરળ શબ્દોમાં સમજાવી.

'તો અલી, તું શું ઇચ્છે છે ?' ઈશે કહ્યું.

'જો હું ટીમમાં પસંદગી પામું તો હું કોના વતી રમીશ ?' અલીએ પૂછ્યું.

'ઑસ્ટ્રેલિયા.' કટલરે કહ્યું.

'પણ હું તો ભારતીય છું.' અલી બોલ્યો.

'પણ તું ઑસ્ટ્રેલિયન પણ બનીશ ને ! અમે તો બહુવિધ સમાજ છીએ.' કટલરે કહ્યું.

'ના.' અલીએ કહ્યું.

'શું ?'

'હું તો ભારતનો છું. હું તો ભારત માટે જ રમવા માગું છું. બીજા કોઈ માટે નહીં.'

'બેટા, અમે પણ તને તારો દેશ આપશે તેટલું જ માન આપશું. અને વધારામાં સારું કોચિંગ.' ગ્રીનરે કહ્યું.

'મારી પાસે સારા કોચ છે.' અલીએ કહ્યું અને ઈશ સામે જોયું. ઈશ ખુશ થઈ ગયો. આ તેના માટે ગૌરવપ્રદ પળ હતી.

'તારા માટે તારા દેશની ટીમમાં પ્રવેશ મેળવવો કઠિન પડશે. તારા કોચ પણ જાણે છે.' કટલરે કહ્યું.

અલી થોડી વાર થોભી બોલ્યો :

'હું ખેલાડી ન બની શકું તો મને કશો વાંધો નથી, પણ હું ભારતીય ન રહું તેનો મને વાંધો છે.' અલી બોલ્યો. કદાચ તે શું બોલતો હતો તે વિશે તે ગંભીર ન હતો, પણ આ તેનું ખૂબ સંવેદનશીલ વિધાન હતું.

'પણ...' કટલર બોલ્યા. તે આગળ નમ્યા અને અલીના ખભા પર હાથ મૂક્યો.

અલી ઈશ પાસે બેઠો હતો. તે તેની સોડમાં લપાયો.

આ અધિકારીઓએ બીજો અડધો કલાક મહેનત કરી. તેમણે અમને કહ્યું કે અમે અલીનાં માતાપિતા સાથે વાત કરીએ, પણ સમજી ગયા કે આમાં કશું વળવાનું ન હતું. મેં જ છેવટે નમ્રતાથી વાત કરી :

‘અમને દિલગીરી છે. અમે સમજી શકીએ છીએ કે આ મોટું, ખૂબ મોટું માન છે.’ મેં કહ્યું. ‘સૉરી ફ્રેડ, તેં જે અમારા માટે કર્યું છે તે કલ્પનાતીત છે.’

‘કંઈ ચિંતા કરવાની જરૂર નથી, દોસ્ત. તમારો છોકરો સારો છે અને તે પણ જાણે છે. જો તમે એક બિલિયન લોકોને ગૌરવ અપાવી શકો, તો પછી અમારે ચિંતા કરવાની જરા પણ જરૂર નથી.’ ફ્રેડે કહ્યું અને હસ્યો. તે દેખાડતો ન હતો, પણ તે તાણમાં હતો. સ્પોર્ટ્‌સમેન સ્પિરિટ હું માનું છું.

અમે અધિકારીઓને કાર સુધી મૂકવા ગયા.

‘કંઈ વાંધો નહીં, દોસ્તો. કદાચ આવતા વખતે. કદાચ આવતી જિંદગીમાં. તમે ઑસ્ટ્રેલિયન તરીકે પણ જન્મો. કોને ખબર છે ?’ ગ્રીનરે કહ્યું. તેણે પોતાની હોન્ડા કારમાં ડ્રાઈવિંગ સીટ લીધી.

‘હું નથી ઈચ્છતો.’ અલી બોલ્યો. તેનો ચહેરો ઈશની પીઠમાંથી થોડો બહાર આવ્યો.

‘શું ?’

‘હું આવતા જન્મમાં પણ ઑસ્ટ્રેલિયન નથી થવા માગતો. મારે હજાર વાર પણ જન્મ લેવો પડે તોપણ હું તો ભારતીય જ થવા માગું છું.’ અલીએ કહ્યું.

એક પ્લેન અમારી ઉપરથી ઊડયું. મેં આકાશમાં જોયું. મને આનંદ થયો કે આજે રાતે હું પાછો ફરવાનો હતો.



પંદર

વિધા. વિધા. વિધા – તેનું નામ મારા મનમાં એલાર્મ જેમ વાગતું હતું. હું ટમેટાં વેચનારાં અને લખોટી રમતાં બાળકો વચ્ચે થઈ દોડયો અને તેના ઘેર પહોંચ્યો.

મારી પાસે પુષ્કળ કામ હતું. રાહ જોતા સપ્લાયરો, સ્ટોક લખવાના બાકી હતા અને ધ્યાન અપાયેલા ઑર્ડરો હતા. છતાં વિધાના વિચારો આ બધા પર રાજ કરતા હતા. મારો એક હિસ્સો, તાર્કિક હિસ્સો, મને કહેતો હતો કે આ યોગ્ય ન હતું. બિઝનેસમૅનોએ સ્ત્રીઓ જેવા વ્યર્થ વિષય પર સમય બગાડવો ન જોઈએ. પણ મારો બીજો અતાર્કિક હિસ્સો તેને માણતો હતો. અને હું અત્યારે એ જ હિસ્સાના નિયંત્રણમાં હતો. વિધા ક્યાં છે ? મેં નીચેથી ઘંટડી વગાડી અને ઉપર તેની બારી સામે જોયું.

'ગોવિંદ.' વિધાના પિતાએ બારણું ખોલ્યું. હું તો ઠરી જ ગયો. શા માટે તમે ચાહતા હો તે છોકરીના ઘરની પુરુષ વ્યક્તિ તમારી ચેતનામાં ડર ઊભો કરે છે !

'અંકલ, વિધા... ટ્યુશન....' મેં કહ્યું.

'તે ઉપર છે, અગાસીમાં.' તેણે મને અંદર લેતાં કહ્યું. તેણે કૉફી ટેબલ પરથી છાપું ઉપાડયું. વૃદ્ધ લોકોને છાપું શા માટે ઘણું ગમતું હશે ! તેમને સમાચાર તો વાંચવા ગમતા હશે, પણ તેઓ તેના માટે શું કરી શકે છે ! હું અંદરની સીડી પરથી અગાસીમાં જવા માટે ઉપર ગયો.

હું દાદરો ચડતો હતો ત્યાં તે ફરી બોલ્યા, 'તે કેમ છે ? તે મેડિકલ એન્ટ્રન્સ પાસ કરી શકશે ખરી ?'

'તે હોશિયાર છોકરી છે.' મેં જવાબ આપ્યો.

'તેના નકામા ભાઈ જેવી તો નથી જ.' તેમણે કહ્યું અને પછી છાપામાં મોં છુપાવી દીધું ને મને જવા કહ્યું.

હું અગાસી પર ગયો. વિધા ત્યાં ઍરહોસ્ટેસ જેમ સ્મિત કરતી ઊભી હતી. 'મારા અલ ફ્રેસ્કો ટયુશન સ્થળે સ્વાગત.'

તે ગઈ અને એક પ્લાસ્ટિક ખુરશી પર બેઠી. તેની પાસે એક ટેબલ અને વધારાની ખુરશી હતી.

'મને તો ઘણી શંકા હતી.' પોતાની નોટબુક આમતેમ ઊથલાવતાં તેણે કહ્યું.

ટેબલ નીચેથી ધુમાડો આવતો હતો.

'એય, આ શું છે ?' મેં પૂછ્યું.

'મચ્છરની કોઈલ.' તેણે કહ્યું.

હું ટેબલની નીચે વળ્યો અને લીલી ધુમાડાવાળી ગોળ કોઈલ જોઈ. મને તેના ખુલ્લા પગ પણ દેખાયા. તેના અંગૂઠાઓના નખના છેડા પર તેના ટ્રેડમાર્ક જેવા મોતી જેવા સફેદ નેઈલ પૉલિશ હતા. 'કોઈલ કામ નથી કરતી.' સીધા થતાં મેં કહ્યું, 'હું તો તારા માથા પર મોઝીઓની એક પાર્ટી જોઉં છું.'

'મોઝી ?' તેણે પૂછ્યું.

'ઑસ્ટ્રેલિયામાં મચ્છરોને મોઝી કહે છે.'

'ઓહ, તમે તો ફોરેન રિટર્ન છો. કેવું હતું ઑસ્ટ્રેલિયા ?'

'જબરું.' મેં કહ્યું. મેં નોર્મલ રહેવાનો પ્રયાસ કર્યો. તે કૉલ પછી હું રહી શકતો ન હતો. મેં મારાં પત્તાં ખોલી નાખ્યાં હતાં. હવે હું ગમે તેટલાં તેને મારી છાતીમાં છુપાવું, તે જોઈ શકતી હતી.

મારું ધ્યાન તેના ડ્રેસ પર ગયું. આજે તેણે નવાં જાંબુડી અને સફેદ રંગનાં બાંધણી સલવાર-કમીઝ પહેર્યાં હતાં. તેના હારમાં પણ જાંબુડી રંગનું ઝૂલણું અને તે જ રંગનું એરિંગ હતું. તેની તાજગી પરથી તે હમણાં જ નાહી હોય તેવું લાગતું હતું. તેના વાળમાંથી આછી ડિટોલ સાબુની સુગંધ આવતી હતી. દરેક છોકરીમાં સ્નાન પછી અદ્ભુત સુગંધ આવતી હોય છે. મને લાગે છે કે તેમણે તેને શીશીમાં ભરી વેચવી જોઈએ.

'તમે મારી ભેટ લાવ્યા ?' તેણે વાત ચાલુ કરવા અથવા તો હું તેને ટગરટગર જોતો હતો તેને કારણે થયેલ મૌનને તોડવા પૂછ્યું.

'હા.' મેં જવાબ આપ્યો.

હું મારા જીન્સના ખિસ્સામાંથી બાકસની પેટી બહાર કાઢવા ઊભો થયો.

'બ્લૂ ઑરેન્જ કાફે, બરાબર ?' તેણે કહ્યું. તેણે પેટી હાથમાં લીધી અને તેની પાતળી આંગળીઓથી ખોલવા માંડી.

'આહ, ઑસ્ટ્રેલિયન બીચ મારા હાથમાં.' તેણે કહ્યું. મેં જાણે તેને રાણીનો ચોરાયેલ હાર આપ્યો હોય તેમ તે તેને ગૌરવથી પકડી ઊભી હતી.

'હું તો મને મૂર્ખ લાગું છું. મને લાગે છે કે મારે કશુંક વધારે સારું લઈ આવવાની જરૂર હતી.' મેં કહ્યું.

'ના, આ સુંદર છે. જુઓ, તેમાં એક નાનકડો શંખ પણ છે.' તેણે મને વાંકા વળવાનો ઈશારો કર્યો. અમે બન્નેએ પેટીમાંનાં તત્ત્વને જોવાનો પ્રયત્ન કર્યો ત્યારે અમારાં માથાં હળવેકથી ભટકાયાં.

અમે નજીક આવ્યાં ત્યારે તેનો અંગૂઠો મને સ્પર્શ્યો

'ઓહ...' તેણે કહ્યું અને પોતાના પગ ખસેડી લીધા.

'શું થયું ?' મેં પૂછયું.

'કશું નહીં, મચ્છરની કોઈલ.' તેણે કહ્યું. 'મને તેનો ગરમ ભાગ અડકી ગયો.'

હું સીધો બેઠો. તેના વાળમાંના પાણીનાં ટીપા મારા પર પડતાં હતાં. તેના માથા પર ઊડતા અડધા મચ્છરોએ મારા પર પણ ઊડવાનું શરૂ કર્યું.

'હું આટલો કંજૂસ શા માટે છું ?' મેં કહ્યું.

'ના, બરાબર છે. કૉલ જ મોંઘો પડયો હશે.'

'હા, પાંચ ડૉલર અને સાઠ સેન્ટ.' મેં કહ્યું અને બીજી જ પળે એક હિસાબનીસની જેમ બોલવા બદલ પસ્તાવો થયો.

'એટલે જ. ભલે, પણ જીવનની શ્રેષ્ઠ ભેટો મફત હોય છે.' તેણે કહ્યું અને રબ્બર બૅન્ડથી બાંધવા વાળ પાછળ ઉલાળીને પાછા ખેંચ્યા.

મેં માથું હલાવ્યું. ઓ.કે., હવે બસ. મારા આંતરિક શ્રીમાન તાર્કિકે મને કહ્યું, હવે ભણવાનો સમય હતો.

મેં પુસ્તકો ખોલ્યાં. તેણે એક અણગમતો પ્રશ્ન કર્યો : 'તમે કૉલ શા માટે કર્યો હતો?'

'મેં કહ્યું તો ખરું તને.' હું બબડયો.

'તમે મને ખરેખર મીસ કરતા હતા ?' તેણે કહ્યું અને તેની હથેળી મારા હાથ પર મૂકી દીધી.

મેં ટેવવશ હાથ પાછો ખેંચી લીધો. તેણે નવાઈથી જોયું.

‘હું દિલગીર છું, વિધા. મારે એમ કરવું જોઈતું ન હતું. મારે મારા બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે અને આ મારો વિષય પણ નથી, પણ....’ હું બોલ્યો અને નીચું જોઈ ગયો. હું જ્યારે તેની સામે જોતો હતો ત્યારે વાત કરી શકતો ન હતો.

‘ભલે, તેના માટે તમારે દિલગીર થવાની જરા પણ જરૂર નથી.’ તે બોલી.

‘ના, જરા પણ બરાબર નથી. મારી પાસે લાગણીઓ માટે સમય નથી...’ મેં દૃઢ અવાજે કહ્યું. ‘આ સ્થળ પણ તે માટે નથી. મારા ઉત્તમ મિત્રની બહેન ! સાલું...ઓહ, સૉરી.’

તે ખડખડાટ હસી પડી.

‘વિધા, ગંભીર થા. આ યોગ્ય નથી. હું તારો શિક્ષક છું, તારો ભાઈ મારા પર એક મિત્ર તરીકે વિશ્વાસ રાખે છે, મારા પર જવાબદારીઓ છે, લોન, બિઝનેસ, મા... અને તું તો હજી અઢારની પણ નથી.’

‘બે માસ બાકી છે.’ તેણે બે આંગળીઓ બતાવતાં કહ્યું. ‘બે મહિના જવા દો અને હું અઢારની થઈ જઈશ. મારા માટે બીજી ભેટ લઈ આવવાનો સમય. ભલે, હવે ચાલુ કરો.’

‘ભલે, જે હોય તે. પણ મૂળ મુદ્દો એ છે કે મારા માટે અતાર્કિક લાગણીઓમાં ન ફસાવાનાં ઘણાં કારણો છે. અને હું ઈચ્છું છું.’

તે ઊભી થઈ અને મારી પાસે આવી. તે મારી પ્લાસ્ટિકની ખુરશીના પાતળા હાથા પર બેઠી.

તેણે પોતાની આંગળી મારા મોં પર મૂકી. તેણે બે હાથની હથેળીથી મારો ચહેરો દબાવ્યો.

‘તમે હંમેશ શેવ કરતા નથી લાગતા, હેં ?’ તેણે કહ્યું અને એક નાની થૂ... હવામાં ફેંકી.

‘આ શું ?’ મેં કહ્યું અને તેની સામે જોયું.

‘મને લાગે છે કે મચ્છરે મને ચુંબન કર્યું.’ તેણે કહ્યું અને ફરી થૂંકી. ‘તે હજી મોંમાં લાગે છે.’

તેણે પોતાનું મોં ખોલ્યું અને મારી નજીક લાવી. તેના હોઠ મારા કરતાં આઠ મિલિ મીટર દૂર હતા.

એક જ પળમાં આ ખાલી જગ્યા પુરાઈ ગઈ. મને ખ્યાલ નથી કે હું તેના તરફ ગયો કે તે મારા તરફ આવી. અતિ ઓછા અંતરને કારણે નક્કી ન થઈ શક્યું કે કોણે પહેલ કરી. મેં મારા હોઠ પર કશુંક ગરમ હોવાની અનુભૂતિ કરી અને અહેસાસ કર્યો કે અમે ખૂબ નજીક આવી ગયાં હતાં, અથવા તો ખૂબ દૂર નીકળી ગયાં હતાં.

અમે ફરી ચુંબન કર્યું. બન્નેનાં માથાં પરના મચ્છરો પણ જોડાયા.

મને કહેતાં ખૂબ આનંદ થાય છે કે મેં આ પહેલા ચુંબન દરમ્યાન તારાઓ જોયા અને મીઠું સંગીત સાંભળ્યું. પણ આ દરમ્યાન જે મહત્ત્વના અવાજો સંભળાતા હતા તે હતા (૧) નીચે રસોડામાંથી વિધાના માતાના પ્રેસર કૂકરનો અવાજ, (૨) આવનાર ચૂંટણી માટે ઑટો દ્વારા વિવિધ પક્ષોના પ્રચારના અવાજ, અને (૩) મચ્છરોનો સતત ગણગણાટ. પણ તમે જ્યારે ચુંબન કરવાની પ્રક્રિયામાં હો, ત્યારે અવાજ કે પ્રકાશ મંદ પડી જાય છે. મેં એક વાર તપાસી લીધું કે આસપાસની બીજી અગાસીઓ ખાલી હતી. પછી જ મેં મારી આંખો બંધ કરી નાખી.

‘વિધા, આપણે આ શું કરીએ છીએ ?’ મેં તેને કહ્યું. જોકે મેં તેને છોડી નહીં. હું પણ મારી જાતને અટકાવી શકતો ન હતો. પ્રોબેબલિટી, બીજગણિત, ટ્રિગોનૉમેટ્રી અને કેલ્ક્યુલસ – આ બધી બાબતોને મારી વાસનાએ પાછળ ધકેલી દીધી.

‘સરસ, સરસ.’ તેણે મને પ્રેરણા આપ્યે રાખી અને સાથે ચુંબન પણ કર્યે રાખ્યું.

છેવટે અમે એકબીજાંથી છૂટાં પડયાં, કારણ કે વાસનાગ્રસ્ત લોકોને પણ પ્રાણવાયુની તો જરૂર પડે જ છે. તેણે મારી સામે ખૂબ પ્રસન્નતાથી જોયું.

મેં મારી પેન અને પુસ્તકો લીધાં. આજે રાતે ગણિત નહીં.

‘શા માટે તમે મારી આંખ સાથે આંખ નથી મેળવતા ?’ તેણે ટીકા કરતાં કહ્યું. તેના

અવાજમાં તોફાન હતું.

હું શાંત રહ્યો.

'તમે તો મારાથી મોટા છો અને ગણિતમાં તો મારાથી સો ગણા હોશિયાર છો. પણ કેટલીક બાબતોમાં હું તમારાથી વધારે પુખ્ત છું.'

'એમ ?' પાઠય પુસ્તકો ભેગાં કરતાં મેં તેને, અલબત્ત ઢીલા અવાજે પડકાર ફેંક્યો.

તેણે મારી હડપચી ઊંચી કરી.

'હું અઢારની થઈ રહી છું. હવે હું ઈચ્છું તે કરી શકું.' તેણે કહ્યું. ઑટોમાંનાં પ્રચારનાં લાઉડ સ્પીકર પાછળ વાગતાં હતાં. 'હું ચૂંટણીમાં મત પણ આપી શકીશ.' તેણે બોલવાનું ચાલુ રાખ્યું. 'મારું બૅન્ક એકાઉન્ટ પણ હશે. હું લગ્ન પણ કરી શકું. હું...'

'અભ્યાસ કર. તું સારી કૉલેજમાં પણ પ્રવેશ મેળવી શકે.' મેં તેને અટકાવતાં કહ્યું.

તે હસી પડી. અમે ઊભાં થયાં અને અગાસી પર આવેલ પાણીની ટાંકી પાસે ગયાં. અમે ટાંકી પાસે પીઠ ટેકવીને ઊભાં અને સૂર્યાસ્ત જોવા લાગ્યાં. અમે ગણિત સિવાય અનેક વાતો કરી. મેં તેને ઍકેડેમી, ફ્રેડ સાથેનું ભોજન, બ્લૂ ઑસ્ટ્રેલિયન આકાશ અને બૉન્ડી બીચનાં ફીણવાળા પાણી વિશે વાતો કરી.

તે ઉત્સાહથી સાંભળતી હતી. તેણે પણ ઈચ્છા વ્યક્ત કરી કે દરિયાકિનારે તેનું પણ એક ઘર હોય અને તે તેને પીળા અને ગુલાબી રંગથી રંગે. એ નવાઈની બાબત છે કે કેટલીક છોકરીઓ કલ્પનાત્મક દૃશ્યો સરસ રીતે ઊભાં કરી શકે છે.

'તમે કૉફી લેશો ?' તેણે પૂછ્યું.

'તારે નીચે જવું પડશે.' મેં તેને કહ્યું. મેં સહજ રીતે તેનો હાથ પકડી લીધો. મારા અંદરનો અવાજ હજી વિરોધ કરતો હતો, પણ હવે એ અવાજનું વૉલ્યુમ ન હતું.

'ના, મારી પાસે પાણીની ટાંકી નીચે એક ખાનગી સ્ટોર જેવું છે. આવો.' તેણે કહ્યું અને મારો હાથ ખેંચ્યો.

પાંચ ફીટની ગોળાકાર પાણીની ટાંકી સિમેન્ટના થાંભલા પર આવેલ હતી. ટાંકી અને જમીન વચ્ચે ચાર ફીટની ખાલી જગ્યા હતી. અમે તે ટાંકી નીચે જમીન પર બેસી શકીએ.

'હું નાનકડી હતી ત્યારથી આ મારી પ્રિય જગ્યા છે.' તેણે કહ્યું.

હું ઘૂંટણ વાળીને તેની પાછળ અંદર ગયો. તેણે એક પિકનિક બાસ્કેટ કાઢયું. તેમાં થરમોસ ફલાસ્ક, લાલ પ્લાસ્ટિકના કપ અને મેરી બિસ્કિટ હતાં.

'વિધાના છત પર આવેલ કાફેમાં તમારું સ્વાગત છે.' તેણે કહ્યું અને એક કપ આપ્યો.

મેં તેની સામે જોયું. ગણિતનો અભ્યાસ કરવા માટે તે ઘણી જ સુંદર છે. ગણિત તો મારા જેવા પરાજિતો માટે છે.

મેં એક ચૂસકી લીધી. મારા હોઠ હજી પણ તેના હોઠનું સંવેદન અનુભવતા હતા. મેં કોણીનો સહારો લીધો, પણ જમીન કઠણ હતી.

'આવતે વખતે હું ઓશીકું રાખીશ.' તે બોલી.

'વાંધો નહિ.' મેં કહ્યું.

અમે કૉફી પૂરી કરી અને બહાર આવ્યાં. અમે અગાસીનો બલ્બ સ્વીચ ઓન કર્યો. મેં કૉફી અને ચુંબન ભૂલવા પુસ્તકોનાં પાનાં ઊથલાવ્યાં. મારા જીવનમાં પહેલી વાર મને ગણિતનાં ચિહ્નો તદ્દન ફિક્કાં લાગ્યાં. એક સ્તરે તો ગણિત નકામું જ છે.

'આભાર.' મેં કહ્યું.

'શેનો ?' તેણે પૂછયું.

'કૉફી અને ... તું તો જાણે છે.'

તે ફરી નમી અને મારા ગાલ પર ચુંબન કર્યું. ‘ભેટ માટે આભાર. આ ભેટ સાચી અને ગાઢ મિત્રાચારીની છે.’

સાચી અને ગાઢ મૈત્રી. એક બીજો અતિશયોક્તિવાળો શબ્દ. તેનો અર્થ હતો પ્રગતિ.

હું નીચે આવ્યો, દીવાનખંડમાંથી પસાર થઈ બહાર નીકળ્યો.

‘કેવો જવાબદાર છોકરો છે. ઈશ તેની પાસેથી કશું જ નથી શીખતો.’ મેં બારણું બંધ કર્યું ત્યારે વિધાના પિતા વિધાની માને કહેતા હતા.

* * *

હું જો સમાંતરે એસ.એમ.એસ.ની વાતચીત ન કરતો હોત, તો મારું એકાઉન્ટ ઝડપથી કરી શક્યો હોત. મારો ફોન પાંચમી વાર રણઝણ્યો.

‘સાલા, તું કોની સાથે એસ.એમ.એસ. કરી રહ્યો છે ?’ ઓમીએ કાઉન્ટર પરથી પૂછયું.

સાંજના છ વાગ્યા હતા. દુકાન બંધ કરવાનો સમય. ઈશ બહાર ગયો હતો અને ઓમીને સાંજની આરતી માટે ઝડપથી જવાનું હતું. મારી આસપાસ બે ડઝન ઈનવોઈસ, નોટબુક, પેન અને કેલ્ક્યુલેટર પથરાયેલાં પડયાં હતાં.

‘કશું નથી. હું એક સપ્લાયર સાથે સોદો કરી રહ્યો છું.’ મેં કહ્યું. મેં ફોનને સાયલંટ મોડમાં મૂકી દીધો.

‘તેને કૉલ કર.’ ઓમીએ કહ્યું.

‘તેને હું ઉતાવળિયો લાગીશ. ભલે તે જ પહેલાં કરે.’ મેં કહ્યું.

‘પહેલાં એકાઉન્ટ કર, ગોવિંદ. કેટલા પૈસા ન ચૂકવાયેલા ઑર્ડરો પડયા છે. કામકાજ બરાબર નથી.’ બરણીમાંથી એક કેંડી બહાર કાઢી પોતાના મોંમાં મૂકતાં ઓમી બોલ્યો.

મારો ફોન ફરી ફ્લેશ થયો.

તે મારી બેબી છે.
હું મારી રીતે ઉજવીશ.
તને કેક મળશે કે બીજું કાંઈ જોઈએ ?

કોઈ ફોન ઉપાડે અને જુએ તો મેં મારા ફોનમાં વિધાનો ફોન નંબર ‘સપ્લાયર વિધાનાથ’ નામે સેવ કર્યો હતો. તેના મૅસેજ આવે તે વાંચ્યા પછી હું તરત તે ડિલીટ કરી નાખતો.

‘મને આશા છે કે તું ઈશની બહેનથી આઘો રહીશ.’ ઓમીએ કહ્યું. હું મારા મૅસેજ જોવા જતો હતો, ત્યાં મારા હાથ થીજી ગયા. મેં વિચાર્યું : આ તો સંયોગ છે. ઓમી નથી જાણતો કે હું કોને સંદેશા મોકલું છું.

મેં એસ.એમ.એસ.નો જવાબ આપ્યો.

ઓ.કે. તું જીતી. એક નાની કેક લઈશ.
હવે મને કામ કરવા દે. તું પણ ભણ.

મેં ફોન મારી બાજુમાં મૂક્યો. સ્મિતભર્યા ચહેરાઓ મારા જીવનમાં આવ્યા હતા.

‘ઓમી, હું તેને શીખવું જ છું. માત્ર થોડા મહિના. તેની એન્ટ્રન્સ પરીક્ષા માટે.’ મેં કહ્યું. મેં મારી જાતને કાગળિયાઓમાં ડુબાડી દીધી.

'તે...?' ઓમીએ શરૂઆત કરી.

'મને એકાઉન્ટ કરવા દઈશ કે આપણે મારા વિદ્યાર્થી વિશે ગપ્પાં મારશું ?' મેં ઓમી સામે ડોળા કાઢતાં કહ્યું.

મામા દોડતા દુકાનમાં આવ્યા. 'ટી.વી. ચાલુ કર. જલદી.'

'બે પ્લેન ન્યુયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં આવેલ ટ્વિન ટાવર્સમાં ભટકાયાં છે.' બી.બી.સી.ના ન્યૂઝ ચેનલનો રીડર કહેતો હતો. જીવંત પ્રસારણ વિજ્ઞાનની ફિલ્મો કરતાં પણ માની ન શકાય તેવું કલ્પનાતીત હતું. સો માળના બે ટાવરમાં વચ્ચેથી ઊંડા ઘા કરવામાં આવ્યા હતા, જાણે કે કોઈએ બ્રેડના ટુકડા કર્યા હોય.

'બે પ્લેન સાથે એનો અર્થ એ કે આ ત્રાસવાદીઓનો આયોજિત હુમલો હતો.' એક મિલિટરી ઈન્ટેલિજન્સ નિષ્ણાત બોલતા હતા 'હવે દુનિયા પહેલાં જેવી તો નહીં જ રહે.' ઈઝરાયેલના વડાપ્રધાને કહ્યું.

અમે અમારી દુકાનનાં શટર અર્ધાં બંધ કર્યાં. મંદિરમાં આવતાં દરેક જણ ટી.વી. સેટની આસપાસ ટોળે વળતું હતું જેમાં ટાવરોને વારંવાર પડતાં દેખાડતા હતા. ધુમાડો, કાળુંમેશ વાતાવરણ અને સિમેન્ટની ધૂળ ન્યુયોર્કની શેરીઓમાં ઊડતી હતી. રિપોર્ટ કહેતા હતા કે હજારો મૃત્યુ પામ્યાં હશે.

'આ શું છે ?' દુકાને પાછો આવ્યો ત્યારે ઈશે કહ્યું.

'મુસ્લિમ ત્રાસવાદીઓ, હું ખાતરીથી કહું છું.' મામા બોલ્યા. તેમનો ફોન રણક્યો. તેમણે નંબર જોયો અને ટટ્ટાર થઈ ગયા.

'પારેખજી.' મામા બોલ્યા. તેમનો અવાજ નમ્ર થઈ ગયો.

'હું જોઉં છું' મામાએ કહ્યું. 'તેઓ તો હવે ભયાનક બની રહ્યા છે. હા, હા, સર, આપણે ચૂંટણીઓ માટે સજ્જ છીએ. પારેખજી, હા.' મામા પોતાની છાતી પરનો પરસેવો લૂછતા બોલ્યા. 'બેલરામપુરનો તો પ્રશ્ન નથી. હા, આપણા આસપાસના વિસ્તારોમાં જરા મહેનતની જરૂર પડશે, પણ તમે તો હસમુખજીને જાણો છો. તે પોતાનો વધારે સમય નથી આપતા.'

બિટ્ટુમમા અમારાથી થોડે દૂર ગયા. પારેખજીએ તેમને આવતા અઠવાડિયે ચૂંટણી હતી તેની થોડી સૂચનાઓ આપી.

તે મોડી રાતે શંકાસ્પદોનાં પ્રથમ ચિત્રો જાહેર કરવામાં આવ્યાં. ચાર મુસ્લિમ છોકરાઓ ચાર મહિના પહેલાં ફ્લાઇંગ સ્કૂલમાં ભરતી થયા હતા. તેમણે ઑફિસ કટર ચપ્પુઓનો ઉપયોગ કરી પ્લેનનું અપહરણ કર્યું હતું અને વિશ્વમાં માણસે આજ સુધી ન કરેલ ભયાનક નુકસાન પહોંચાડયું હતું. લાકડી જેવા પાતળા લાગતા ઓસામા બીન લાદેન નામના એક વૃદ્ધ માણસે ટેપ રિલીઝ કરી અને દાવો કર્યો કે તે તેનો જ વિચાર હતો.

'આ શું છે વળી ?' ઓમીએ મામાનો કૉલ પૂરો થયો ત્યારે પૂછ્યું.

'હસમુખજી બધું ચાલવા દે છે. તે પોતાના મત વિસ્તારમાં ફરતા નથી.'

'તો પારેખજી રાજી નથી ?' ઓમી બોલ્યો.

'તેને મારી સામે વાંધો નથી. તે બહુ ચિંતા નથી કરતા. આ પેટા ચૂંટણી તો ગુજરાતમાં કેવળ બે સીટો માટે જ છે. મૂળ ચૂંટણી તો આવતા વર્ષે છે.'

'મામા, તો પછી આવતા વર્ષે.' ઓમીએ કહ્યું અને મામાની પીઠ થાબડી. 'આપણા કુટુંબમાં પણ એક ધારાસભ્ય હશે.'

દિવસની અંતિમ આરતી માટેનો મંદિરનો ઘંટ વાગ્યો. ઓમી અને મામા જવા ઊભા થયા.

'મારે પારેખજીને બતાવવું પડશે કે હું લાયક છું. આ સીટ જીતશું તો મદદ કરશે.'

'તમારે વધારે જરૂર છે ?' ઓમીએ પૂછ્યું. 'તેં તો ઘણું કર્યું છે.' મામાએ કહ્યું અને તેને ચુંબન કર્યું. 'પણ આવતે અઠવાડિયે આપણે વધારે મહેનત કરવી પડશે. પારેખજી કહે છે કે આ

હુમલા આપણી તરફેણમાં બનશે. આપણે બધાને પૂજામાં આ વાત કરીએ.' તેઓ દુકાનથી નીકળ્યા અને મંદિરમાં ગયા.

'તારો ફોન ફ્લેશ કરે છે. તે સાયલંટ મોડમાં છે ?' ઈશે પૂછ્યું. તેણે જમીન પર પડેલ બધાં જ ઈનવોઈસ ભેગાં કર્યાં. અમે દુકાન બંધ કરવાની તૈયારી કરતા હતા.

'ઓહ, ભૂલથી થઈ ગયો હશે.' મેં કહ્યું અને તેને ઉપાડયો. 'સપ્લાયર સંદેશ મોકલે છે.'

મેં સપ્લાયર વિધાનાથનો સંદેશો ખોલ્યો :

જ્યારે હું અભ્યાસ કરું છું, મને ચુંબનોના વિચાર આવે છે.
તું અને માત્ર તું, બાકી બધું ભુલાઈ જાય છે.

મેં ફોન ખિસ્સામાં મૂકી દીધો.

'શું છે ? તે કશુંક વેચવા માગે છે કે શું ?' ઈશે પૂછ્યું.

'હા, મારી જબરી ખુશામત કરે છે.' કેશ બૉક્સ બંધ કરતાં મેં કહ્યું.

* * *

'હું જાણતો જ હતો કે આ વૃદ્ધ માણસ નહીં જ માને.' મામા બોલ્યા.

તેમનો મૂડ, ગુસ્સા અને આંસુ વચ્ચે ઝૂલતો હતો. તેમના જેવા મોટા અને અક્કડ માણસે રડવું તો મુશ્કેલ હતું. છતાં, જોકે, મહિનાઓ કામ કર્યા પછી ચૂંટણી હારવી એ જીરવવું વધારે મુશ્કેલ હતું. અમે મતગણતરીના બૂથ બહાર ઊભા હતા. ચૂંટણી અધિકારીઓ હજી છેલ્લા મતો ગણતા હતા, જોકે બિનસાંપ્રદાયિક પક્ષે તો બહાર ઢોલ વગાડવાનું શરૂ કરી દીધું હતું.

'બેલરામપુરના મતો તો જુઓ.' મામાએ મતદાન પેટીઓ સામે આંગળી ચીંધતાં કહ્યું, 'હિન્દુ પક્ષની ચોખ્ખી બહુમતી. આ મારો વિસ્તાર છે. પાસેના બીજા બે વિસ્તારો મને આપવામાં આવ્યા હતા, ત્યાં પણ આપણે બહુમતીથી જીતી ગયા છીએ.'

તેના જૂથના વીસ જેટલા ટેકેદારો માથું નીચું કરીને ઊભા હતા.

'અને જુઓ કે બીજા વિસ્તારોમાં શું થયું. પેલા મુસ્લિમ પ્રોફેસરને આખો દિવસ કંઈ કામ નથી. તે તો બુઢ્ઢી બાઈઓને પણ મળ્યો હતો. પણ હસમુખજી ? ઉફ્ પોતે ઊંચી જ્ઞાતિના છે તેનું ભારે અભિમાન. એક પણ શેરીમાં જવા તૈયાર નહીં અને વહેમમાં રહ્યા કે કારમાં બેસી હાથ હલાવશે તો ચૂંટણી જીતી જશે. જુઓ તો ખરા, મતદાન શરૂ થયું અને બે જ કલાકમાં નાસી ગયા.'

મામાએ પોતાનો ચહેરો હાથથી લૂછયો અને બોલવાનું ચાલુ રાખ્યું, 'હું પણ બ્રાહ્મણ કુટુંબમાંથી જ નથી આવતો ? હું પણ ગંદી-ગોબરી મુસ્લિમોની પોળોમાં નથી ગયો ? ત્યાં પણ હિન્દુ મતદારો ન હતા ? પણ તે શા માટે ન ગયા ?'

બિનસાંપ્રદાયિક પક્ષના કાર્યકરો મામાની ટીમની મશ્કરી કરતા હતા. મામાના સભ્યોએ ઢોલ વગાડનારનું અપમાન કર્યું તેથી વાતાવરણમાં ગરમી આવી ગઈ.

'વાતાવરણ બગડશે.' મેં ઓમીને કાનમાં કહ્યું. 'આપણે અહીંથી ચાલ્યા જઈએ.'

'હું ન જઈ શકું.' ઓમી બોલ્યો.

એક સફેદ મર્સિડીઝ ગાડી મતગણતરી મથક પાસે આવીને ઊભી. જીપ ભરીને બૉડી ગાર્ડ તેની સાથે આવ્યા. મર્સિડીઝનો દરવાજો ખૂલ્યો કે ગાર્ડોએ તેને ઘેરી લીધી. પારેખજી તેમાંથી બહાર નીકળ્યા.

મામા પારેખજી સામે દોડયા. તે જમીન પર સૂઈ ગયા અને પારેખજીનાં ચરણસ્પર્શ કર્યાં

'હું જ આપનો ગુનેગાર છું. મને સજા કરો.' મામાએ ભારે અવાજે કહ્યું.

પારેખજીએ તેમના બન્ને હાથ મામાના માથા પર મૂક્યા. 'ઊભો થા, બિટ્ટુ.'

'ના, ના, હું તો અહીં જ મરી જવા માગું છું. મેં આપના જેવી મહાન વ્યક્તિને નીચા પાડયા છે.' મામાએ બકબક કરવાનું ચાલુ રાખ્યું.

પારેખજીએ જુવાનિયાઓ સામે કડક નજરે જોયું. દરેક જણ ખસી ગયા. પારેખજીએ મામાનો ખભો પકડી ઊભા કર્યા. 'ચાલ, આપણે વિશાલામાં જમવા માટે જઈએ. આપણે ચર્ચા કરવાની જરૂર છે.'

મામા અને પારેખજી કાર તરફ ચાલવા લાગ્યા. તેમનું મસ્તક હજી પણ નીચું જ હતું.

'ચાલ, બેટા.' પારેખજીએ ઓમીને કહ્યું. ઈશ અને મેં એકબીજા સામે જોયું. કદાચ મારા અને ઈશ માટે ચાલ્યા જવાનો સમય હતો.

'ઈશ અને ગોવિંદ પણ સાથે આવે ? તેઓ ગાંધીનગર આવ્યા હતા.' ઓમીએ કહ્યું. હું માનું છું કે તે અમે પણ વિશાલાને માણીએ તેમ ઈચ્છતો હતો. સામાન્ય રીતે તે અમારા માટે અશક્ય હતું.

પારેખજીએ અમારી સામે જોયું અને અમને માપવાનો પ્રયત્ન કર્યો. મને ખ્યાલ ન હતો કે તે કરી શકશે ?

'જીપમાં ચડી જાવ.' તેણે કહ્યું.

વિશાલા વિલેજ રેસ્ટોરાં અને વાસણોનું મ્યુઝિયમ અમદાવાદની બહાર સરખેજ ગામમાં આવેલું છે. ક્રાફ્ટ મ્યુઝિયમ અને ગામડાના ચોક સાથે ત્યાં એક સ્થાનિક રેસ્ટોરાં છે જે ખરેખરું ગુજરાતી ભોજન પીરસે છે.

અમે એક અર્ધ ખાનગી રૂમ લીધો અને માટીના પટ પર બેઠા. પારેખજીનો સિક્યૉરિટી સ્ટાફ બહાર બાળકો માટેના પૂતળીઓના ખેલ નજીક બેઠો. તેમની બંદૂકો વેઈટરો માટે આવનાર મહેમાનનું મહત્ત્વ દર્શાવતી હતી અને તેને કારણે અમને સારી સેવા મળશે તેની ખાતરી હતી. મિનિટોમાં અમારી સામે બે ડઝન થાળીઓ હાજર થઈ ગઈ.

'ખા, અને રાજકારણ બાબતે લાગણીશીલ ન થા. લાગણીશીલ ભાષણો બરાબર છે, પણ પોતાના મનમાં તો હંમેશ સ્પષ્ટ જ વિચાર કરવો.' પારેખજી મામાને ભાષણ આપતા હતા.

અમે તો ઢોકળાં, ખાંડવી, ઘૂઘરા, ગોટા, દાળવડાં અને બીજી ગુજરાતી વાનગીઓ પર અકરાંતિયાની જેમ તૂટી પડયા. મુખ્ય ખાણું આવે તે પહેલાં જ મારું તો પેટ ભરાઈ ગયું.

'હવે સાંભળ.' પારેખજીએ છાસનો ગ્લાસ પૂરો કરતાં કહ્યું, 'દેખાય છે તેટલી પરિસ્થિતિ સરળ નથી. હસમુખજીની હાર પાછળ પણ એક કથા છે. અમને આશંકા હતી જ.'

'શું ?' મામાએ કહ્યું. હું, ઓમી અને ઈશ તો ખાવામાં જામી પડયા હતા.,

'હસમુખજીના પક્ષમાં સિનિયૉરિટીને કારણ તેમને ટિકિટ મળી, પણ તે પુરાણી વ્યવસ્થાના ભાગ છે. આપણા મુખ્ય પ્રધાન જૂના છે, તે જ વ્યવસ્થાના. દિલ્હીનું આપણું હાઈકમાન્ડ તેનાથી ખુશ નથી.'

'તેઓ નથી ?' મામાએ બાઘા થઈ પૂછયું.

'નથી. આપણે ભલે હિન્દુ પક્ષ છીએ, પણ તેનો અર્થ એ નથી કે આપણે આખો દિવસ ધાર્મિક ઉપદેશ જ આપીએ અને કશું કામ ન કરીએ. ગુજરાત તો વેપારનું સ્થળ છે. તે કંઈ આળસુઓનું સ્થળ નથી. વહીવટે જે રીતે ભૂકંપમાં કામ કર્યું તેનાથી હાઈકમાન્ડ ખુશ ન હતું. લોકોને તેમાં ખૂબ જ નુકસાન ગયું, મને ખબર છે કે તમને છોકરાઓને પણ ગયું છે.' તેણે અમારા તરફ ફરી કહ્યું.

અમે માથું હલાવ્યું. ધરતીકંપનો ઉલ્લેખ હજી પણ અમને પીડા આપતો હતો.

'આ સીટો માટેની પેટા ચૂંટણી એ આપણા માટે આશીર્વાદરૂપ છે. જૂની વ્યવસ્થાએ પોતાનો ઉમેદવાર મૂક્યો. આપણે જાણતા હતા કે તે નબળો છે. અલબત્ત, બિટ્ટુ જેવા મહેનતુ લોકોએ પોતાનાથી થાય તેટલો પ્રયત્ન કર્યો, પણ નકામો ઉમેદવાર નકામો જ હોય છે. તેથી આપણે બન્ને બેઠકો ગુમાવી. આવતા બાર માસમાં આવનારી મુખ્ય ચૂંટણી માટે સમગ્ર વ્યવસ્થાને બદલાવવામાં આવે છે. અને હવે હાઈકમાન્ડને પણ પરિવર્તનની તક છે.'

'કયું પરિવર્તન ?' મામાએ પૂછ્યું.

'તેઓ મુખ્ય પ્રધાનને બદલાવે છે.'

'શું ? બે બેઠકો હારવાને કારણે ?' મામા બોલ્યા. 'કુલ બેઠકો તો...'

'એક સો અને એંસીથી પણ વધારે.' પારેખજીએ બાજરાનો રોટલો બટકાવતાં જવાબ આપ્યો. 'પણ, મેં કહ્યું તેમ, તેથી જ પરિવર્તનનું કારણ મળ્યું છે. અને ગુજરાત જ આપણા પક્ષ માટે મુખ્ય છે. આપણે તે ગુમાવવું ન પોષાય.'

'તો પછી નવા મુખ્ય પ્રધાન કોણ છે ?' મામાએ પૂછ્યું.

'તેઓ થોડા દિવસોમાં જ નામ જાહેર કરશે. તે મારો જૂનો મિત્ર છે. તે મજબૂત, દૃઢ અને પ્રમાણિક છે. તેના આવવાથી આવતી ચૂંટણી લડવા બાબતે હું વિશ્વાસ ધરાવું છું.'

'અમારાથી થાય તેટલું અમે તો કરીશું, પારેખજી. મેં તો આપને જ મારું જીવન અર્પણ કર્યું છે.' વેઈટરોએ દાળ અને કઢી ત્રીજી વાર પીરસી ત્યારે મામાએ કહ્યું.

'મને તારા પર માન છે, બિટ્ટુ.' પારેખજીએ મારી સામે જોતાં કહ્યું.

'પારેખજી, આવતી ચૂંટણીમાં મને ટિકિટ મળે ખરી ? તમે તો મારી પ્રતિબદ્ધતા જુઓ છો.' મામા બોલ્યા.

પારેખજીના ચહેરા પર કડકાઈ આવી.

'હું વધારે બોલી ગયો હોઉં તો માફી માગું છું.' મામાએ કહ્યું.

પારેખજીએ સ્મિત કર્યું. 'ના, પક્ષમાં અમને તારા જેવા મહત્ત્વાકાંક્ષી લોકોની તો ખાસ જરૂર છે. પણ બિટ્ટુ, ટિકિટો ઓછી છે. અને આપણી પાસે હજારો કાર્યકરો છે. તું તો સારો અને પ્રતિબદ્ધ છો. હું પણ તને મદદ કરવા ઈચ્છું છું, પણ...'

'પણ શું પારેખજી, મને માર્ગદર્શન આપો.'

'ઉપરના સ્તરે આવવા તારે કેવળ કામ કરવાની જ જરૂર નથી, પણ કામ કરે છે તે દેખાવું જોઈએ. સમજ્યો ?'

મામાએ ધીમેથી મસ્તક હલાવ્યું.

'હું તારી ટીકા નથી કરતો. હું તો તને આગળની હરોળમાં પહોંચવાની સલાહ આપું છું, કારણ કે તારી પાસે શક્તિ છે. કેવળ અનુસરણ ન કર. પહેલ પણ કર. તેનાથી જ નેતૃત્વ આવે છે. કેમ, બરાબર ?'

'હું યુવાન લોકોને અયોધ્યા લઈ જઈશ અને દર માસે આયોજન કરીશ. અમે તેમને આપણા વારસાનું ભાન કરાવીશું અને આપણો ટેકો વધારશું.'

'સરસ. એમ કરવાનું ચાલુ રાખ. જ્યારે તું વધારે કામ કરીશ, ત્યારે હું તને હાઈકમાન્ડ પાસે લઈ જઈશ. અને હું તો તને વધારે ટેકો આપીશ. વચન, બસ ?'

પારેખજીએ હાથ મેળવવા પોતાનો હાથ આગળ ધર્યો. મામાએ તો પોતાનો હાથ સીધો પારેખજીનાં ચરણોમાં મૂકી દીધો. રાજકારણમાં સિનિયરો સાથે સંપર્ક કરવા જે મહત્ત્વનો ભાગ મનાય છે તે.

'અહીં ડેઝર્ટ નથી કે શું ?' મુખ્ય ભોજન પત્યા પછી કશું આવતું ન હોવાથી પારેખજીએ પૂછ્યું.

'સાહેબ માટે આમરસ કોણ લાવશે ?' મામાએ વેઈટરને બૂમ મારતાં કહ્યું.



સોળ

'તમારી પાસે જે નાનામાં નાની ચૉકલેટ કેક છે તે ક્યાં છે ?' હું અમદાવાદની શ્રેષ્ઠ કેક શૉપ. 'નવરંગપુરાઝ ટેન'માં હતો.

વિદ્યા ૧૯મી નવેમ્બર, ૨૦૦૧ના રોજ અઢાર વર્ષની થઈ. તે હવે કાયદેસર પોતાના નિર્ણયો લઈ શકે. અને ગેરકાયદેસર તો તેણે જન્મથી લેવાના શરૂ કરી દીધા હતા.

'બૅગ નહીં જોઈએ, પ્લીઝ.' મેં મારું કેક બૉક્સ મારાં પુસ્તકોની બૅગમાં મૂક્યું હતું તેથી કહ્યું. જ્યાં સુધી હું વિદ્યાના ઘેર ન પહોંચ્યો, ત્યાં સુધી મેં તે બૅગ મારા ખોળામાં જ રાખી હતી.

વિદ્યાના ઘરમાં આ બૅગ છુપાવીને પ્રવેશ કરવો કઠિન હતો. ઈશ ઘરમાં હોવાથી તો વળી વધારે તકલીફભર્યું હતું. દિવસ-રાતની એક મેચમાં ભારત કોલકાતાના ઈડન ગાર્ડનમાં ઇંગ્લૅંડ સામે રમતું હતું. ઈશે સેન્ડવીચ, દૂધ, ચીપ્સ, બિસ્કિટ વગેરે – જેનાથી આઠ કલાક પોતાની જાતને ટકાવી શકે તે બધું – આસપાસ લાદીને સોફા પર જમાવ્યું હતું. ઈશના ડૅડ ભારતનાં છાપાં પર પોતાનું પીએચ.ડી. કરતા ડાઈનિંગ ટેબલ પર બેઠા હતા. ઈશ ઘેર હોય ત્યારે હમેશ મુજબ તેમના ચહેરા પર કડવાશના ભાવ હતા.

મેં બૅગ મારી બગલ તથા શરીરની વચ્ચે ઊભી રાખીને છુપાવી.

'ભારતની બૅટિંગ-ગાંગુલી અને તેંડુલકર. દસ ઓવર પછી સિત્તેરે એક પણ વિકેટ નથી પડી.' ઈશે કહ્યું અને બૂમ મારી, 'સૉસ, મૉમ !'

અંકલે ડાઈનિંગ ટેબલ પરથી કેચઅપ બૉટલ ઉપાડી અને કૉફી ટેબલ પર તેના પુત્ર સામે જેટલા જોરથી પછાડાય તેટલી પછાડી.

'આભાર, ડૅડ.' ઈશે કહ્યું. 'જરા હટશો ? હું ટી.વી. જોઈ શકતો નથી.'

ઈશના પિતાએ તેની તરફ ભયાનક રીતે નજર કરી અને ખસ્યા.

'બેસ, નથી બેસવું ?' ઈશે મને કહ્યું.

'ટ્યુશન.' મેં વિદ્યાના ખંડ તરફ આંગળી ચીંધતાં કહ્યું.

'ઓહ, તું તેના માટે આવ્યો છે ? તે પોતાના જન્મદિવસે ભણશે ? જબરી સમર્પિત છે, મૂર્ખ.'

'કેટલાક લોકો પોતાની જિંદગી બાબતે ગંભીર હોય છે.' ઈશના પિતાએ છાપું વાંચતાં ટીકા કરી.

ઈશે રિમોટ કન્ટ્રોલનું વૉલ્યુમ બટન દબાવ્યું અને શક્ય તેટલો અવાજ મોટો કર્યો.

'તેની માએ તેને રાક્ષસ બનાવી દીધો છે.' ઈશના પિતા બોલ્યા અને પોતાના બેડરૂમ તરફ ચાલ્યા ગયા. તેંડુલકરે ચોગ્ગો માર્યો અને આ રાક્ષસે તાલીઓ પાડી.

'ચિંતા ન કર. ડૅડ ઠીક છે.' ઈશે મારા ચહેરા પર ગભરાટનાં ચિહ્નો જોતાં કહ્યું. 'એય, તેને શુભેચ્છા વગેરે આપજે. તેને ગમશે. હું તો સવારમાં ભૂલી જ ગયો હતો.'

ઈશે સૅન્ડવિચ લીધી અને તેના પર પુષ્કળ ચીપ્સ અને સૉસ નાખ્યાં. પછી મોટું બટકું ભર્યું. મારો મિત્ર લીન થઈ ગયો હતો.

હું સીડીનાં પગથિયાં ચડયો. મારું હૃદય જોરથી ધડકતું હતું.

'હેપી બર્થ ડે, મિસ અઢાર.' મેં અગાસીનો દરવાજો બંધ કરતાં તેને શુભેચ્છા આપી.

તેણે ચમકતો લાલ કુર્તો અને સફેદ પેન્ટ પહેર્યું હતું. કપડાંના રંગની પસંદગી જરા વધારે પડતી હતી, પણ મારા મતે જન્મદિવસે ચાલે.

'તમને ખબર છે કે અઢાર જ એક એવી સંખ્યા છે જે તેના આંકડાઓ કરતાં બમણી છે ?' તેણે કહ્યું.

મેં કેક બહાર કાઢી અને તેને પ્લાસ્ટિક ટેબલ પર મૂકી.

'આહ, ટેનમાંથી કેક ! હવે કોઈક પોતાનો ક્લાસ બદલાવી રહ્યું છે.' તેણે મસ્તી કરી.

'તને ચૉકલેટ ગમે છે. તેમની પાસે ઉત્તમ હોય છે.' મેં બૉક્સ ઉઘાડયું. તે પોતાની ખુરશી પરથી ઊઠી અને મારી પાસે તે જોવા આવી.

'આપણે તે કર્યું પછી તમે સાવ બદલાઈ ગયા છો.'

'શું ?' મેં તેની મોટી આંખોમાં જોતાં પૂછ્યું.

'આ વસ્તુ.' તેણે જવાબ આપ્યો અને મને ચુંબન કરવા આગળ આવી. અમે હવે છેલ્લા મહિનાથી લગભગ દરરોજ ક્લાસમાં એકબીજાંને ચુંબન કરતાં હતાં. એટલે આ કોઈ મહત્ત્વની બાબત ન હતી. ક્યારેક તો અમે દરેક દાખલો પૂરો થાય ત્યારે ચુંબન કરતાં. બીજા કોઈ સમયે, અમે દર પંદર મિનિટે ચુંબન કરવાનો બ્રેક લેતાં. એક વાર તે મોક ટેસ્ટ આપતી હતી તેથી અમે ચુંબન ન કરી શક્યાં. પણ પછીના દિવસે અમે તેનું વળતર વાળી દીધું અને પહેલી દસ મિનિટ ચુંબનમાં જ અને બાકીની તેની ભૂલો ચકાસવામાં ગાળી. અમને જ્યારે પણ ઈચ્છા થતી, ત્યારે ચુંબન કરી લેતાં. જયારે અમને અપરાધભાવ થતો, ત્યારે અમે ભણતાં. ગમે તેમ કરીને અમે એક કલાકમાં ગણિત અને રોમાન્સ વચ્ચે સારી સમતુલા સાધી લેતાં.

અમે અગાસીના છેડે ગયાં. સૂર્યનું છેલ્લું કિરણ અદૃશ્ય થયું અને આકાશ હવે ગાઢ ગુલાબી રંગમાં ફેરવાવા લાગ્યું. સાંજનો પવન ઠંડો થતો જતો હતો. દૂરથી અમને ઓમીના મંદિરનો ઘુમ્મટ દેખાતો હતો.

તેણે મારા હાથમાં પોતાના હાથ પરોવ્યા અને મારી સામે જોયું. 'તમે મને કહો', પોતાના ચહેરા પરનો વાળ હટાવતાં તે બોલી, 'મારે ડૉક્ટર બનવું જોઈએ ?'

મેં માથું હલાવ્યું.

'તો પછી મારે તેમાંથી બહાર કેમ નીકળવું ?'

'કોઈ પણ કૉલેજમાં અરજી કર અને ચાલી જા.' મેં જવાબ આપ્યો.

'પણ કેમ ?' મારો હાથ દબાવતાં તેણે કહ્યું. 'અરે, અરજી કરવાની ફી પણ મને ક્યાંથી મળી શકવાની ? હું મારી જાતને મુંબઈમાં કેમ ટકાવી શકીશ ?'

'તારાં માતા-પિતા છેવટે સમજશે. તે તારા અભ્યાસનો ખર્ચ આપશે. ત્યાં સુધી...'

પોળમાંથી મોટું બુમરાણ સંભળાયું. અમે ચમકી ગયાં. ભારતે છક્કો માર્યો હતો.

'ત્યાં સુધી શું ?' ઘોંઘાટ શમી ગયા પછી તે બોલી.

'ત્યાં સુધી હું તને મદદ કરીશ.' મેં કહ્યું. અમે એકબીજાની આંખમાં જોયું. તેણે સ્મિત કર્યું. અમે અગાસીની પાળીની આસપાસ ફર્યાં.

'તો મારા ટયુટર નથી માનતા કે મારે ગણિતના દાખલા કરવા જોઈએ ?'

'જીવનના દાખલા ઉકેલવા વધારે જરૂરી છે.' મેં જવાબ આપ્યો.

'અને તે શું છે ?'

'તમે કોણ છો, લોકો તમારી પાસેથી જે ઈચ્છે છે તેના બદલામાં તમે શું ઈચ્છો છો. અને તમને જે જોઈએ છે તે લોકોની નજરમાં વધારે પડતાં આવ્યા વિના તમે કેમ મેળવી શકો. જીવન એક ભારે સમસ્યા છે. તેમાં અનેક વિકલ્પો અને વૈવિધ્ય છે.'

'એ શક્ય છે કે મારે ભાગી જવું અને મારાં માતા-પિતાને હેરાન પણ ન કરવાં ?'

'તું હેરાનગતિ ઓછી કરી શકે, પણ તેને શૂન્ય તો ન જ કરી શકે.' અમે ખૂણામાં આવ્યાં ત્યારે મેં કહ્યું.

'હું તમને કશુંક વિચિત્ર કહી શકું ?'

'શું ?'

'તમે જ્યારે કેવળ ગણિતની વાતો કરો છો, એવી બાબતોની જે મારા માથા પરથી જાય છે.' તે પોતાનો હાથ માથા પર લઈ જતી બોલી.

'હા ?'

'તે મને ઉત્તેજિત કરે છે.'

'વિધા, તારી આ હિંમત.' મેં આઘાત પામતાં કહ્યું.

'તમે શરમાવ છો, નહીં ?' તે હસીને બોલી.

'તો આપણે આ કેક કાપીએ છીએ કે શું કરવું છે ?' મેં વાત બદલાવવા કહ્યું.

'અલબત્ત, તમે મારી સાથે વિધા કાફેમાં આવો.' તેણે કહ્યું.

અમે પાણીની ટાંકીમાં સરક્યાં અને જમીન પર બેઠાં. તે પોતાની સાથે છ ગુલાબી ઓશીકાં અને એક શેતરંજી લાવી હતી. 'હું તે મારી રૂમમાંથી લાવી છું જેથી આપણી અહીં પાર્ટી થઈ શકે.' તે બોલી અને થોડાં મારી સામે ધર્યાં. ઓશીકાં નીચે એક સ્ટીરિયો હતો.

'સંગીત ?' તેણે પૂછ્યું. તેનો ચહેરો જ એક ગીત જેવો હતો.

મેં હા પાડી.

'હું મારો પ્રિય એવો બૉયઝોન મૂકું છું.'

કેક સાથે અઢાર મીણબત્તી લાવેલ તે મેં મારા ખિસ્સામાંથી બહાર કાઢી.

'આપણે તે બધી જ સળગાવીએ.' તે બોલી.

અંધારું થયું હોવાથી હું લાઈટ કરવા માગતો હતો.

'ભલે આ જ રહી.' મેં અઢારમી મીણબત્તી કરી ત્યારે મારો હાથ ખેંચતાં તેણે કહ્યું.

'કોઈ આવશે તો...'

'મારાં માબાપના બન્નેના ઘૂંટણ દુ:ખે છે. તેઓ કદી પણ અગાસી પર ચડતાં નથી. અને ઈશ, તેની તો મેચ ચાલે છે.'

અમે પોળમાંથી બે વાર બૂમબરાડા સાંભળ્યા. ભારતીય ઈનિંગ ઓવરોમાં ફટકા જ મારતી હતી.

હું બેઠો એટલે તેણે મારો હાથ છોડયો. મીણબત્તીનો પ્રકાશ તેના ચહેરા પર ઝલમલતો હતો તેથી તેનો ચહેરો ખૂબ જ સુંદર લાગતો હતો. 'નો મેટર વોટ' ગીત વાગવાનું શરૂ થયું. અન્ય રોમૅન્ટિક ગીતોની જેમ આના શબ્દો પણ જાણે અમારા માટે જ લખાયા હોય તેમ લાગતું હતું.

નો મેટર વોટ ધે ટેલ અસ,
નો મેટર વોટ ધે ડુ,
નો મેટર વોટ ધે ટીચ અસ,
વોટ વી બીલીવ ઈઝ ટ્રૂ.

મીણબત્તીનો પ્રકાશ પણ જાણે આ ગીતના લયમાં જ ઝૂમતો હતો. તેણે કેકને બૉક્સમાં આવેલ પ્લાસ્ટિક ચપ્પુથી કાપી. મેં ફરી તેને શુભેચ્છા આપી અને કેકનો ટુકડો તેના મોંમાં મૂક્યો. તેણે પોતાના મોંમાં તેને પકડી રાખ્યો અને મારા તરફ વાંકી વળી. તેણે મને ઓશીકામાં ધકેલ્યો અને મારા કેકના ભાગ માટે પોતાનું મોં મારી નજીક લઈ આવી.

તેણે જાણે મને આજ સુધી કોઈ વખત ચુંબન ન કર્યું હોય તેમ કર્યું. એવું ન હતું કે તે આજે કંઇ વિશિષ્ટ રીતે કરતી હતી, પણ આજે તેની સાથે ખૂબ જ ભાવ સમાયો હતો. તેના હાથ મારા ખભા પાસે આવ્યા અને મારા શર્ટમાં ગયા.

સંગીત ચાલુ હતું.

હું જે માનું છું તેનો નકાર ન કરી શકું,
હું જે નથી તે ન હોઈ શકું
હું જાણું છું કે આ પ્રેમ અનંત છે
એટલું જ મારા માટે પૂરતું છે.

મને ખબર પડતી ન હતી કે આ મીણબત્તીનો કે જન્મદિવસનો કે ઓશીકાંનો મૂડ હતો. પણ તે પળે જ મેં મારા જીવનની બીજી ભૂલ કરી.

મેં તેના કુરતાનાં ઉપરનાં બટન ખોલ્યાં અને મારી આંગળીઓ તેમાં સરકાવી દીધી. મારામાંના અવાજે મને અટકાવવા પ્રયત્ન કર્યો. મેં મારો હાથ બહાર કાઢી લીધો. પણ તેણે પોતાના બાકીના ટૉપનાં બટનને ખોલ્યાં તે દરમ્યાન મને ચુંબન કરવાનું ચાલુ રાખ્યું. તેણે મારી આંગળીઓ તેની તરફ ખેંચી.

'વિધા.' તે દરમ્યાન મારો હાથ એ સ્થળે હતો જ્યાંથી કોઈ પણ વ્યક્તિ માટે તેને ખસેડવો મુશ્કેલ હોય છે. એટલે હું પણ ભાવ, લાગણી, પ્રવાહ, વાસના, ઈચ્છા, પ્રકૃતિ – અથવા લોકો તેને જે કહેતા હોય, જે માનવબુદ્ધિની વરાળ કરી નાખે છે – તેની સાથે વહી ગયો.

તેણે પોતાનો કુરતો ઉતારી નાખ્યો. 'તમારો હાથ ખસેડી લ્યો. તે ભાગી નહીં જાય.'

'હં.' મેં જવાબ આપ્યો.

'તો પછી આને હું કેમ ઉતારી શકીશ ?' તેણે પોતાની બ્રાને બતાવતાં કહ્યું. મેં મારો હાથ તેના પેટ તરફ વાળ્યો. તેણે પોતાની બ્રા ઉતારી નાખી અને મારા માથે આવી ગઈ.

'આ ઉતારી નાખો.' મારા શર્ટને ખેંચતાં તેણે કહ્યું. આ પળે તો જો તે મને અગાસી પરથી કૂદવાનું કહે તો તે કરવા હું તૈયાર હતો. હું તેની સૂચનાઓને વફાદારીથી માનતો હતો.

સંગીત ન અટક્યું. જેમ જેમ એક પછી એક નાનકડી મીણબત્તી હોલવાતી ગઈ, તેમ તેમ અમે પણ આગળ ને આગળ વધતાં ગયાં. અમારાં શરીર પર પરસેવો ચમકતો હતો. એક વાર વચ્ચે બોલવા સિવાય બધો જ સમય વિધા કશું જ ન બોલી.

'તમે નીચેથી મારા પર આવી જશો ?' તેણે કર્યું હતું તેમ મને કરવા કહ્યું.

હું નીચે ગયો અને પાછો માથે આવ્યો. અમે એક બન્યાં ત્યારે એકબીજાંની આંખો સામે જોયું. ઈંગ્લૅંડ વિકેટો ગુમાવતું હતું તેથી પોળમાંથી બૂમો સંભળાતી હતી.

અમે પૂરું કર્યું ત્યારે કેવળ ચાર મીણબત્તી સળગતી હતી. અમે એક શેતરંજી બનાવવા છ ઓશીકાંઓને એકઠાં કર્યાં હતાં અને તેના પર પડયાં હતાં. અમે પૂરું કર્યા પછી અમને ખ્યાલ આવ્યો કે કેટલી ઠંડી હતી. અમે બન્ને મારા જાકીટમાં ઢબુરાઈ ગયાં અને અમારા પગ ઓશીકાંઓમાં ખોસી દીધા.

'ઓહ, હવે હું પુખ્ત થઈ ગઈ છું અને હવે હું કુંવારી નથી. કેવું સરસ, ભગવાન, તમારો આભાર !' તેણે કહ્યું અને ખડખડાટ હસી પડી. તે મારી પાસે ભરાઈને સૂતી હતી. વાસના ઉતરી

જતાં હકીકતનું ભાન થયું. શ્રીમાન ગોવિંદ પટેલ, તેં આ શું કર્યું !

‘જુઓ, મને હજી પણ ફોલ્લા છે.’ તેણે કહ્યું અને પોતાનો હાથ ઊંચો કર્યો. તેની સુંદર, લીસી ચામડીમાં ફોલ્લા દેખાતા હતા.

સાલા, સાલા, નાલાયક, ગોવિંદ, તું કરે છે શું અહીં ? તેના ફોલ્લાઓને અડકે છે ? મારામાંનો અવાજ હવે મોટો બનતો હતો.

‘મને ખૂબ જ આનંદ છે કે આ બન્યું. તમે પણ ખુશ નથી ?’ તેણે પૂછ્યું.

હું શાંત રહ્યો.

‘કંઈક તો બોલો.’

‘મારે હવે જવું જોઈએ.’

‘તમને અહીં નથી ગમતું ?’

‘અહીં ? તું જાણે છે કે આપણે તારાં માતાપિતા અને ભાઈની બરાબર ઉપર છીએ.’

‘બેવકૂફી બંધ કરો.’ તેણે કહ્યું.

‘હું દિલગીર છું. હું ખૂબ મૂંઝાઉં છું.’

‘મૂંઝાવાની જરા પણ જરૂર નથી.’ તે બોલી અને મને ભેટી પડી. તેણે મારા શરીરને ધ્રૂજતું અનુભવ્યું. ‘તમે બરાબર છો ને ?’

મને ખ્યાલ નથી, પણ મારી આંખમાં આંસુ આવી ગયાં. સંભવ છે, મને ખૂબ ડર લાગતો હતો. સંભવ છે કે મને આવી રીતે કોઈ ભેટ્યું ન હતું ને હું બરાબર છું કે નહીં તે પૂછ્યું ન હતું. સંભવ છે મને હતું કે મારા માટે આવું કદી અનુભવવું શક્ય નહીં હોય. સંભવ છે, કદાચ મેં મારા શ્રેષ્ઠ મિત્રને ઠગ્યો હતો. હું સામાન્ય રીતે કદી રડતો નહીં, પણ અત્યારે એકીસાથે અનેક કારણો હોવાથી મારા માટે ન રડવું અશક્ય હતું.

‘એય, છોકરી તો હું છું. તે કામ મને કરવા દો.’ તે બોલી. મેં તેની ભીની આંખમાં જોયું.

હું બેઠો થયો અને કપડાં પહેરી લીધાં. બહાર અગાસીમાં ચન્દ્રનો પ્રકાશ પથરાયો અને અમે બહાર નીકળ્યાં. મેં મારું ઘડિયાળ જોયું. મેં મારા વર્ગમાં ત્રીસ મિનિટ વધારે લઈ લીધી હતી.

‘હું તમને પ્રેમ કરું છું.’ મેં અગાસીનો દરવાજો ખોલ્યો ત્યારે પાછળથી તેણે કહ્યું.

‘હેપી બર્થ ડે.’ મેં કહ્યું અને ચાલ્યો ગયો.

‘એય, તેં શ્રેષ્ઠ રમત ગુમાવી. આજે આપણે જીતી જશું. રોકાઈ જા.’ હું નીચે આવ્યો કે ઈશે કહ્યું.

‘ના, હું ખૂબ થાકી ગયો છું. હું તે ઘેર જોઈશ.’ હું મુખ્ય દરવાજા પાસે પહોંચ્યો ત્યારે મેં કહ્યું.

‘જમતો જા, બેટા.’ ઈશની માએ ટેબલ ગોઠવતાં કહ્યું, ‘મેં વિધાના જન્મદિવસના માનમાં ખાસ રસોઈ કરી છે.’

‘ના, આન્ટી, મારી મમ્મીએ પણ ઘેર સારું જ રાંધ્યું છે.' મેં તો તેની દીકરીનો જન્મદિવસ ઊજવી જ લીધો હતો.

‘કેવો સારો છોકરો છે.’ હું ઘર છોડતો હતો ત્યારે તે સ્નેહથી બોલ્યાં.

❐

સત્તર

'તેને જોરથી પકડ. તે હલે છે.' ઓમી બોલ્યો. તે છત સુધી પહોંચવા સ્ટૂલ પર ઊભો હતો. અમે સીલિંગ ફેન પર ત્રિરંગી રિબન લટકાવવા માગતા હતા. મેં સ્ટૂલનો પાયો પકડયો હતો. ઈશ મારી પાસે ગુંદર અને સેલટેપ લઈ ઊભો હતો.

'હું પડી જઈશ, હો.' પોતાનો પગ હલાવતાં ઓમી બોલ્યો.

'એ મારી ભૂલ નથી. સ્ટૂલના પાયા જ નબળા છે.' મેં કહ્યું.

મને પ્રજાસત્તાક દિવસ ઊજવવામાં જરા પણ રસ ન હતો. અમે અમારું એક વર્ષ પહેલાં આવેલ ધરતીકંપ પછીનું પુનર્જીવન ઊજવવા માગતા ન હતા. આજે પણ તેના વિચારો અમને ધ્રુજાવી નાખતા હતા, પણ મને શાંતિ હતી કે મેં અમારી બધી જ લોનો પૂરેપૂરી આપી દીધી હતી. એક વર્ષમાં અમારો બિઝનેસ ત્રણ ગણો વધી ગયો હતો અને તે બધું આ દુકાનમાંથી જ બન્યું હતું.

'જાન્યુઆરી ૨૬ની તૈયારીઓ ? બરાબર છે. કરવી જ જોઈએ.' મામાના પ્રવેશે અમને બધાને ખલેલ પહોંચાડી. ઓમી સ્ટૂલ પરથી લપસી પડયો અને જમીન પર પડછાયો. રિબન તેના માથા પર આવી પડી.

'તેં જ મૂકી દીધો.' બધા હસ્યા ત્યારે ઓમીએ મારા પર આક્ષેપ કરતાં કહ્યું.

મામાએ ટેબલ પર એક બૅગમાં સમોસાં અને થોડાં પીળાં ચોપાનિયાં મૂક્યાં. અમે એક એક સમોસું લઈ લીધું.

'એ ભયાનક દિવસ પછી એક વર્ષ.' મામાએ નિસાસો નાખતાં કહ્યું. 'તમારા સખત કામથી તમે જે પોતાના પગ પર ઊભા થઈ ગયા છો તેનું મને તો અભિમાન છે. બીજું કશુંક પણ બદલાઈ ગયું છે. ગોવિંદ, તને યાદ છે ? એ પાછો મૂકી ન દેતો, ભલા ?'

મેં માથું હલાવ્યું. હા, મારા ભગવાન પરના વિશ્વાસે મને મદદ કરી હતી. અને તે હું ચાલુ રાખવા માગતો હતો.

'તમે જ્યારે ભગવાનમાં માનો છો, ત્યારે ચમત્કારી ઘટનાઓ બને છે એટલે જ હું આ લાવ્યો છું.' મામા બોલ્યા અને પછી પીળાં ચોપાનિયાં અમારા દરેક તરફ ધકેલ્યાં.

મેં તેની હેડ લાઈન વાંચી :

ચૈત્રની યાત્રા
રામના બધા જ ભક્તોને અયોધ્યા આવવાનું આમંત્રણ.

મેં આગળ વાંચ્યું. હિન્દુ પક્ષ લોકોનાં ટોળાં ને ટોળાં મોજાં જેમ અયોધ્યાના મંદિરે મોકલવા માગતો હતો. તે બિનસાંપ્રદાયિક પક્ષને આ મુદ્દાની યાદ અપાવ્યા કરશે. ચોપાનિયામાં મામાના

સંપર્ક વિશે, બીજા કાર્યકરો વિશે, જવાની વિવિધ તારીખો અને યાત્રામાં કેમ જોડાવું તેની વિગતો હતી. 'અમારી સમયમર્યાદા છે.' કશાનો ઉલ્લેખ કર્યા વિના જ ચોપાનિયામાં લખ્યું હતું.

'બરાબર છે ને ?' મામાએ મને પૂછ્યું.

'હા, પારેખજી કહે છે ને કે પહેલ કરો. હવે તમારા તરફ ધ્યાન ખેંચાશે.' મેં જવાબ આપ્યો.

'તમે છોકરાઓ પણ આવો.' મામાએ કહ્યું. 'હકીકતે ફેબ્રુઆરીની યાત્રા કેવળ યુવાનો માટે જ છે. હું નથી જતો. આ વખતે મારો દીકરો જાય છે. તમને સારી કંપની મળશે.'

હું શાંત રહ્યો.

'જવું સરળ છે. અમદાવાદથી સીધી ટ્રેન છે, સાબરમતી એકસપ્રેસ.' મામા બોલ્યા અને મારા તરફ આતુર નજરે જોયું. મારે ન જવું હોય તોપણ હું રસ ધરાવું છું એમ મારે બતાવવાનું હતું.

'કેટલો સમય ?' મેં પૂછ્યું.

'એક માર્ગે બત્રીસ કલાક.'

'માત્ર ત્રણ દિવસ પ્રવાસના. અત્યારે તો કેમ જવાય, મામા.' ઢીલું મોં કરીને મેં કહ્યું. 'નવા વર્ષે ખૂબ કામ છે.'

'જીવનમાં બિઝનેસ કરતાં કશુંક વધારે પણ છે.' મામાએ કહ્યું. તે જવા ઊભા થયા.

મેં કેશ બૉક્સ ખોલ્યું અને તેમાંથી નોટોનાં બે બંડલ કાઢયાં. 'આવતા ત્રણ મહિનાનું ભાડું.'

'તારી પાસે પૈસા કોણે માગ્યા છે ?' મામાએ પૈસા પોતાના કુરતાના ગજવામાં મૂકતાં કહ્યું. 'તમારા નાના ભાઈ સાથે આ વખતે આવો. તે તમારો ભક્ત છે.'

'મામા, ખરાબ ન લગાડશો. અમે જ્યારે બિઝનેસ ઓછો હશે ત્યારે આવશું. માર્ચ આસપાસ, પરીક્ષાઓ હશે ત્યારે.' મેં કહ્યું.

'ત્યારે બહાનાં ન કાઢતા. માર્ચ નક્કી, બરાબર ?' મામાએ કહ્યું.

અમે ડોકાં હલાવ્યાં. મેં હાથમાં સાવરણી લીધી અને સમોસાંની એઠ સાફ કરવા લાગ્યો.

'સારું, હવે હું જાઉં. મારે ફેબ્રુઆરીની યાત્રાની ટિકિટો કઢાવવાની છે,' મામા બોલ્યા અને ઊભા થયા.

'મામા, કહો તો તમારા વતી જઈને કઢાવી આવું.' ઓમી બોલ્યો.

'તું જઈશ ? તો તો તારો આભાર, બેટા. મારે આજે ગાંધીનગર જવું છે અને સમય પણ નથી.' મામા બોલ્યા. તેમણે બીજા ગજવામાંથી એક કવર કાઢયું.

'આમાં બધાંનાં નામ અને પૈસા છે. ધીરજ અને આઠ બીજા છે. સ્લીપર ક્લાસ. ૨૦ ફેબ્રુઆરીએ જવાનું અને એક અઠવાડિયા પછી વળવાનું.' મામાએ કહ્યું.

ઓમીએ કવર પોતાના ખિસ્સામાં મૂક્યું.

* * *

'છ, સાત, આઠ, ના, આપણે... એટલે તે સમય ગણી ન શકાય.' વિધા મારી પાસે સૂતી સૂતી ગણગણતી હતી.

ઓમી તેના પિત્રાઈને સ્ટેશને મૂકવા ગયો હતો. ઈશ દુકાન સંભાળતો હતો, હું ગણિતના દાખલાનું પુનરાવર્તન કરાવવાના બહાને તેની બહેન સાથે નગ્ન સૂતો હતો.

'તું શેની ગણતરી કરે છે ?' મેં ધીમેથી પૂછયું.

'આપણે કેટલી વાર પ્રેમ કર્યો.' તેણે જવાબ આપ્યો. 'વાહ, આપણો સ્કોર આઠ થઈ ગયો છે.'

'તું શું તેની નોંધ રાખે છે ?' મેં પૂછયું.

'હું તો અનેક બાબતોની નોંધ રાખું છું.'

'જેમ કે ?'

'જેમ કે આજે ૧૫ ફેબ્રુઆરી છે. મારા પિરિયડને પાંચ દિવસ, તેથી આજે સલામત દિવસ છે.'

'આમ પણ સલામત જ છે. હું તો કૉન્ડોમ વાપરું છું.' મેં વધારે આરામ માટે ઓશીકું ફેરવ્યું.

'ઓહ, તો તમે પણ ગણિતને બદલે ફિઝિક્સ પર વધારે વિશ્વાસ કરો છો ?' તેણે કહ્યું અને ખડખડાટ હસી પડી. તેણે પોતાની કોણી પર હાથ મૂકી દીધો અને પોતાનો અંગૂઠો મારા પગમાં ખોસ્યો.

'તમે હજી પણ કૉન્ડોમ ખરીદતાં શરમાવ છો ?'

'હું તો સેટેલાઈટ પર આવેલ એક અજાણ્યા કેમિસ્ટ પાસેથી ખરીદું છું. અને હમણાં તો મારી પાસે પૂરતા છે.'

'એમ ? ખરેખર ?' તે મારા પર ચડી. 'તો પછી થોડા વધારે વાપરવામાં વાંધો નથી.'

એની સાથે અમારો સ્કોર નવ પર પહોંચ્યો.

'ગુડ નાઈટ, આન્ટી.' મેં વિધાની માતાને કહ્યું. જ્યારે આન્ટી મને કશુંક ખાવાનું કહેતાં અને હું શા માટે આટલી સખત મહેનત કરતો હતો તે પૂછતાં, ત્યારે હું આ બાબતને હંમેશ ધિક્કારતો.

હું વિચાર કરતો કરતો ઘેર આવ્યો. બે મહિનામાં નવ વાર. અમે અઠવાડિયામાં સરેરાશ એક વાર પ્રેમ કરતાં. નવ વારનો અર્થ હતો કે હું હવે શંકાથી પર થઈ ગયો હતો. હવે હું કહી શકું એમ ન હતો કે મેં અકસ્માતે તેનાથી પ્રેમ કર્યો હતો, કોઈ આવેશની પળે. તમે કોઈ પણ બાબત નવ વાર અકસ્માતથી નથી કરતા. જોકે કોઈ વાર બીજો અકસ્માત થઈ શકે. અને મને તેનો બરાબર પાંચ દિવસ પછી ખ્યાલ આવ્યો.

* * *

'તમારે કશુંક જાણવાની જરૂર છે.' તેણે કહ્યું.

અમે અમદાવાદ ટૅક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ ઍસોસિયેશન (અટીરા)ના કૅમ્પસ લોનમાં આવ્યાં હતાં. તેણે મને એસ.એમ.એસ. કર્યો હતો કે અમારે એક અતિ અગત્યના કામે ફરવાની જરૂર હતી. એનો શું અર્થ થતો હતો તેની મને ખબર ન હતી. અમે ઘેર એમ કહી નીકળ્યાં હતાં કે અમારે ગણિતની એક સારી ગાઈડ લેવી હતી. તે પછી કોઈએ અમને કશું પૂછ્યું ન હતું. વસ્ત્રાપુરમાં આવેલ અટીરાની લોન સાંજે ફરવા આવનારાઓથી ઊભરાય છે. કેટલાંક દંપતીઓ હાથમાં હાથ નાખી ફરતાં હતાં. મારી ઈચ્છા હતી, પણ મેં ન કર્યું. અમે જમીન પર નજર રાખી ધીમેથી ચાલતાં હતાં. સાડી અને સ્લીપર પહેરેલ અને વજન ઘટાડવાની પ્રતિજ્ઞા સાથે ચાલતી જાડી આન્ટીઓ અમારી આગળ ચાલતી હતી.

'શું છે ?' મેં કહ્યું અને ખારીશીંગનું એક પેકેટ લીધું.

'કશુંક મોડું થાય છે.' તે બોલી.

મેં વિચાર્યું કે તે કોની વાત કરે છે, તેથી ખ્યાલ ન આવ્યો.

'શું ?'

'મારો પિરિયડ.' તે બોલી.

જ્યારે શબ્દ ઉચ્ચારાય ત્યારે માણસો ઝડપથી પ્રતિભાવ નથી આપી શકતા. મોટા ભાગે તે સમજતા જ નથી.

'એમ ? કઈ રીતે ?' મેં શબ્દો શોધવાનો પ્રયાસ કરતાં પૂછ્યું.

'કેમ એટલે શું ?' તમે કહેવા શું માગો છો ? તે કાલે આવી ગયો હોત, ૨૫મીએ પણ નથી આવ્યો.'

‘તને ખાતરી છે ?’

‘માફ કરો, મને જ થાય અને મને જ ખબર ન પડે ?’ તેણે કહ્યું અને મારી સામે જોવા ઊભી રહી.

‘ના, પણ મારો કહેવાનો અર્થ એ હતો કે તે ૨૫મીએ જ નક્કી હતો ?’

‘હું ગણિતમાં એટલી કાચી નથી.’

‘હા, પણ...’ મેં જ સમસ્યા ઊભી કરી હતી. આ ચર્ચામાં કશું પણ વધારે ઉમેરી શકવાની મારી શક્તિ ન હતી. મેં તેને ખારીશીંગ આપી. તેણે ના પાડી.

‘પણ શું ?’ તેણે પૂછ્યું.

‘પણ આપણે તો સલામતીનો ખ્યાલ રાખતાં હતાં અને છોકરીઓમાં તે કેમ કામ કરે છે? તું હંમેશ નિયમિત જ થાય છે ?’ મેં પૂછ્યું. ‘મારા મતે જગતમાં કશું જ સમયસર નથી થતું હોતું.’

‘મારું તો થાય છે. સામાન્ય રીતે હું તેની પરવા નથી કરતી, પણ હવે તો હું તમારી સાથે છું. થોડુંક મોડું પણ મને ગભરાવી નાખે છે અને ચિંતાથી વધારે મોડું થાય છે.’

‘તું ડૉક્ટરને બતાવવા માગે છે ?’ હું કોઈ પણ ઉપાય બતાવવા આતુર હતો.

‘અને તો ? હું શું કહું કે ગર્ભવતી છું ?’

બીજો આ શબ્દ જે માણસો ટાળે છે. ના, તે એમ તો કહેવા માગતી ન હતી.

‘તું ગર્ભવતી તો ન હોઈ શકે.’ મેં કહ્યું.

મેં જાણે અટીરાના ત્રણ ચક્કર માર્યા હોય તેમ મારા કપાળ પર પરસેવો ફૂટી નીકળ્યો. મેં મારા હાથ ઘસ્યા અને ઊંડો શ્વાસ લીધો.

‘કેમ ન હોઈ શકું ?’ તેણે પ્રત્યાઘાત આપતાં કહ્યું. તેનો ચહેરો પણ તંગ હતો. ‘અને તમે ટેકો આપશો ? ખોટા લાગણીશીલ નહીં થાવ ?’

‘આપણે બેસીએ.’ એક બાંકડા તરફ આંગળી ચીંધી મેં કહ્યું. મેં ખારીશીંગનો કાગળ કચરાપેટીમાં ફેંક્યો. તે મારી પાસે જ બેઠી. મેં ગડમથલ કરી કે મારે તેના ખભા પર હાથ મુકવો કે નહીં. હું નજીક રહ્યો તેથી તો આમ બન્યું હતું. તે શાંત હતી. તેની આંખમાંથી બે આંસુ ટપક્યાં. હે ભગવાન, મારે કશુંક તો ઉપજાવવું પડશે. મારામાં અનેક વિકલ્પો પ્રકાશની ઝડપે પસાર થવા લાગ્યા. (૧) તેના પર હસવું – ખરાબ ખ્યાલ. (૨) ચાલ્યા જવું અને તેને તેના ભરોસે રહેવા દેવી – ના. (૩) ગર્ભપાત જેવી પાયાની સલાહ આપવી – ના. (૪) તેને બાથમાં લેવી – કદાચ તેને પકડીને કહેવું કે તે હંમેશ માટે મારી થઈને રહેશે. આમ જ કર, બોઘા.

હું બાંકડા પર તેની નજીક સરક્યો અને તેને બાથમાં લીધી. તેણે મારી છાતીમાં પોતાનો ચહેરો છુપાવ્યો અને રડવા લાગી. તેના હાથથી મારા શર્ટને જોરથી પકડી રાખ્યો.

‘ચિંતા ન કર. હું તારી સાથે જ છું.’ હું બોલ્યો

‘પણ શા માટે ? શા માટે આ અન્યાય ? મારે જ આ પરિસ્થિતિનો સામનો કાં કરવો પડે ?’ તે રડતી બોલી. ‘તું પણ એ જ વખતે ગર્ભવતો કેમ ન બને ?’

કારણ કે હું જીવશાસ્ત્રીય રીતે પુરુષ છું. હું કહેવા માગતો હતો. હું જાણતો હતો કે તેને પણ તેનો ખ્યાલ હતો.

‘સાંભળ વિદ્યા, આપણે રિધમ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. આપણે સલામતીનો ઉપયોગ કર્યો હતો. હું જાણું છું કે તે સો ટકા સલામત તો નથી જ. પણ તેની શક્યતાઓ એટલી ઓછી છે કે...’

વિદ્યા તો પોતાનું માથું હલાવતી રહી અને રડતી રહી. ચોક્કસ વિચારનારાઓ માટે ગણિત ખૂબ જ ભયાનક વિષય છે. આવેશની ક્ષણોમાં કોઈ પ્રોબેબલિટીમાં ન માને.

એક કુટુંબ ત્યાંથી પસાર થયું. માણસે તેના ખભા પર એક જાડું બાળક તેડયું હતું. મને તે મારા જીવનમાં આવનાર શક્ય બોજનું પ્રતીક લાગ્યું. મારા મનમાં વિચારોની હારમાળા શરૂ થઈ.

હું બાવીસ વર્ષનો છું. મારા મનમાં મારા બિઝનેસનાં મોટાં સપનાં છે. મારે મારી માને મદદરૂપ થવાનું છે. તેનો વિચાર કર. મારે મારા મિત્રોની કારકિર્દીનો પણ વિચાર કરવાનો છે. અને વિધા ? કેવળ અઢાર. તેણે હજી તો ખૂબ ભણવાનું છે. તેણે પી.આર. મેન કે તેને જે ઈચ્છા છે તે બનવાનું છે. તે એક જેલથી બીજી જેલમાં જઈ ન શકે. ઓ.કે. ખરાબમાં ખરાબ વાત મારે કહેવી પડશે – ગર્ભપાતની.

તે મારી પાસેથી ખસી ગઈ. રડવાથી તેની આંખો ભીની અને ચહેરો ગુલાબી થઈ ગયો હતો. જોકે તેમાં પણ તે તો વધારે સુંદર લાગતી હતી. માણસો હંમેશ સૌંદર્ય જ જોવામાં શા માટે અટકી પડે છે ? થોડી મિનિટો પછી અમે ઊભાં થયાં અને ચાલવા લાગ્યાં.

'આપણે એકાદ-બે દિવસ રાહ જોઈએ. પછી આપણે શું કરવું તે નક્કી કરીએ.' અમે ઑટો સ્ટૅન્ડ પર પહોંચ્યાં એટલે મેં કહ્યું.

'કદાચ આ ખોટી ચેતવણી પણ હોય. હું કદાચ વધારે પડતો પ્રત્યાઘાત આપું છું. મારે પણ તમને કહેતાં પહેલાં બેત્રણ દિવસ રાહ જોવાની જરૂર હતી.' તે બોલી. તેણે ઑટોમાં મારો હાથ પકડી લીધો. તેના ચહેરા પર શાંતિ અને ચિંતા હિલોળા મારતી હતી.

અમે ઑટોમાં પાંચ મિનિટ શાંત રહ્યાં. પછી મારે કહેવું જ પડયું. 'વિધા, માની લે કે આ ખોટી ચેતવણી ન પણ હોય. તો પછી આપણે શું કરશું ? કે તેના વિશે પછી વાત કરવી છે ?'

'તમે જ મને કહો કે આપણે શું કરવાનું છે.'

જ્યારે સ્ત્રીઓ તમને પસંદગી બાબતે કહે, ત્યારે તેમના મનમાં પસંદગી થઈ જ ગઈ હોય છે. અને તમારે જો ડહાપણ ટકાવી રાખવું હોય તો તમારે પણ એ જ પસંદગી માન્ય રાખવી.

મેં તેની આંખોમાં જવાબ શોધવાનો પ્રયત્ન કર્યો. તે મારામાંથી શોધતી હતી. મને તો મળતો ન હતો.

'મને ખબર નથી. આ તો મારા માટે બહુ મોટા સમાચાર છે. મને સમજ નથી પડતી કે આપણે શું કરવું ? ગર્ભવતી હોવાનો સ્વીકાર, ગર્ભપાત, મને તો ખબર પણ નથી કે આ બધું કેમ કામ કરે છે.'

'તમે હું ગર્ભપાત કરાવું તે ઈચ્છો છો ?'

'ના, ના.' મેં કહ્યું. મને ખબર નથી બીજો શું વિકલ્પ છે ? લગ્ન ?'

'મને માફ કરો. હું માત્ર અઢાર વર્ષની જ છું. હું હજી નિશાળમાંથી જ બહાર નીકળી છું.' તે બોલી.

'તો પછી શું ?'

'મને ખબર નથી. હું તો વિચાર કરવા જ નથી માગતી. મહેરબાની કરી તે બાબતે વાત ન કરશો.' તેણે કહ્યું.

અમે બાકીની ઑટોની મુસાફરીમાં શાંત રહ્યાં.

'આ ગણિતની ગાઈડ ઘેર બતાવવા લઈ જા.' મેં કહ્યું અને તે જ્યારે ઘરમાં જતી હતી ત્યારે પુસ્તક તેના હાથમાં મૂક્યું.

વિધા અને મેં તે રાતે 'તું ઊંઘે છે' ના અને 'ના, હજી'ના દસ સંદેશાઓ મોકલ્યા.

'શું બાબત છે ?' મેં વહેલી સવારે કેશ બૉક્સ પર માથું ઢાળી દીધું એટલે ઈશે પૂછ્યું.

'કશું નહીં. રાતે ઊંઘ નથી આવી.' મેં જવાબ આપ્યો.

'પણ શા માટે ? પંડિતજીની દીકરી ?' ઈશે હસીને કહ્યું. મેં તેને અવગણ્યો. દરેક કલાકે મને વિધાને 'કંઈ બન્યું'ના સંદેશા મોકલવાની ઈચ્છા થયા કરતી હતી, પણ કશું થશે તો તો તે જ મને સંદેશો મોકલશે. મેં કેલેન્ડર ખોલ્યું અને અમારા આગળની બધા જ પ્રેમ કરવાની તારીખો તપાસી. મહિનાઓ પહેલાં પહેલી વાર સિવાય મેં દરેક સમયે પ્રોટેક્શનનો ઉપયોગ કર્યો હતો. કોઈ બીજા

કારણે તે મોડો થયો હશે ? હું તો કંઈ જાણતો ન હતો અને કોઈને પૂછી પણ ન શકાય. ઈશ અને ઓમી તો કદાચ આ શબ્દ જાણતા પણ ન હતા. અને હું તો વિદ્યા સિવાય બીજી કોઈ સ્ત્રીને ઓળખતો પણ ન હતો. અને હું માને પૂછી પણ ન શકું. મેં મારો ફોન ફરી હાથમાં લીધો. 'કેમ ચાલે છે ?' એવો તટસ્થ સંદેશ મોકલ્યો. 'હજી તો કશું નહીં' – તેનો સંદેશ આવ્યો.

બીજી રાતે મેં થોડી ઊંઘ કરી. વહેલી સવારે તેને એસ.એમ.એસ. કરવા હું પથારીમાંથી ઊઠયો. મારા ફોનમાં તેનો સંદેશ આવી જ ગયો હતો : 'થોડી પીડા. બીજું કશું નથી.'

મેં ફોન ફેંકી દીધો. હું ગોડાઉનમાંથી માલ કાઢવા વહેલો દુકાને પહોંચવા માગતો હતો. આમ પણ મને મોડા પડવું ગમતું નથી.



અઢાર

‘ટ્રેનો કદી પણ સમયસર હોય છે ?’ અમે કામ કરતા હતા ત્યાં મામાના મોટા અવાજે અમને ખલેલ પહોંચાડી. ઈશે ગોડાઉનમાંથી વિકેટોની એક મોટી પેટી બહાર ખેંચી કાઢી.

‘મામા, તમે આટલા વહેલા ?’ ઓમીએ પૂછ્યું.

મામાએ વિકેટની પેટી પર બે ગુલાબી પાનાંનાં બૉક્સ મૂક્યાં. તેમના કપાળ પર સવારની પૂજાનાં બે તિલક હતાં.

‘હું મારા દીકરા અને બીજા કારસેવકો માટે આ ગરમ કચોરીઓ લાવ્યો હતો. તેમની ટ્રેન સવારે પાંચ વાગ્યે પહોંચવાની ધારણા હતી, પણ તે પાંચ કલાક મોડી છે. હવે શું કરવું ? વિચાર્યું કે તમારી સાથે ખાઉં.’ મામાએ કહ્યું અને કચોરી કાઢી.

‘એટલે કે વધેલો નાસ્તો અમારા માટે ?’ ઓમીએ હસતાં કહ્યું.

‘પણ તે તો હંમેશ તાજી જ હોય છે. તે બધા આવશે ત્યારે ફરી તે લઈ લઈશ. તે ગરમ છે ત્યાં જ ખાઈ લ્યો. ઈશ, ગોવિંદ, આવો.’ મામા બોલ્યા.

‘હું એ જાણતો ન હતો કે તમે લોકો આટલા વહેલા આવો છો.’ મામાએ કહ્યું. દુકાનનું ઘડિયાળ આઠ બતાવતું હતું.

‘ગોડાઉનમાં થોડું કામ હતું.’ મેં જવાબ આપ્યો અને કચોરીનો એક ટુકડો ખાધો. તે ખૂબ સ્વાદિષ્ટ હતી.

અમે ચાનો ઑર્ડર આપ્યો અને દુકાન બહાર સ્ટૂલ પર બેઠા.

મામા ઓમી સાથે તેનાં સગાંઓ વિશે વાત કરતા હતા. ઈશ અને હું આજના ડિલિવરી પ્લાન વિશે વાતો કરતા હતા. દુકાન નવ પહેલાં ખૂલતી ન હતી. અમે શાંતિથી ખાઈ શકતા હતા.

‘ચાનો ત્રીજો રાઉન્ડ ? ભલે. સરસ.’ મામાએ કહ્યું અને ચાવાળા છોકરાને ફરી બોલાવ્યો. મેં બે કચોરી ખાધી અને મારું તો પેટ ભરાઈ ગયું.

મામા નવ ને ત્રીસે જવા તૈયાર થયા. મેં તેમને બૉક્સ વીંટાળીને પાછાં આપ્યાં.

‘તમે જ રાખો. હું રસ્તામાં નવાં લઈ લઈશ.’ મામાએ કહ્યું.

‘ના મામા, અમારે વધારે થશે.’

મામાના ફોનથી મારું વાક્ય અધૂરું રહી ગયું.

મામાએ ફોન હાથમાં લીધો. તેનો ચહેરો ગંભીર બની ગયો. તેમનું મોં ખૂલી ગયું અને આંખો ચકળવકળ થવા લાગી.

‘મને કોચ નંબરનો તો ખ્યાલ નથી. પણ તમે મને શા માટે પૂછો છો ?’ મામાએ પૂછ્યું.

‘મામા, શું છે ?’ ઓમીએ પૂછ્યું.

મામાએ ફોન પર હાથ મૂક્યો અને ઓમી તરફ ફર્યા.

‘અયોધ્યાના પક્ષના જુનિયર અધિકારીનો ફોન છે. તેણે આપણા કારસેવકોની ટુકડીને

કાલની ટ્રેનમાં બેસાડયા હતા. હવે તે કોચ નંબર માગે છે અને તે તેનું કારણ મને નથી કહેતા.' મામા બોલ્યા.

'થોભો.' ઓમી દુકાનની અંદર ગયો. તે એક નોટબુક સાથે બહાર આવ્યો.

'આ રહ્યાં. બુકિંગ કરાવતી વખતે મેં પી.એન.આર. નંબર અને બીજી બાબતો નોંધી હતી.' ઓમીએ કહ્યું.

મામાએ નોટબુક લીધી અને ફોનમાં ફરી વાત કરી.

ભલે. સાંભળો, તેઓ ૫૬ હતા. હા અહીં ૫૬ બોલે છે. સો ટકા. સાંભળો, પણ તમે મારી સાથે વાત કરો છો તો પ્રાર્થના શા માટે કરો છો ? એ, હલ્લો...'

સામેની વ્યક્તિએ ફોન મૂકી દીધો. મામાએ તેને ફરી ફોન કરવા પ્રયત્ન કર્યો, પણ કોઈએ ન ઉપાડયો.

'શું ચાલે છે આ ?' મેં પૂછ્યું.

'મને પણ ખ્યાલ નથી આવતો... હું સ્ટેશને જાઉં.' મામા બોલ્યા.

'હું તમારી સાથે આવું છું.' ઓમી બોલ્યો.

'ના, કંઈ વાંધો નથી. મારે તો આમ પણ જવાનું હતું. હું જ શોધી કાઢીશ.' મામા બોલ્યા અને ગયા.

બે કલાક પછી આખા દેશને ખબર પડી ગઈ હતી.

'ચેનલો બદલાવવાનું બંધ કર.' મેં ઓમી સામે ચીસ પાડતાં કહ્યું. 'તે બધા એક જ બાબત બતાવે છે.' અમે એન.ડી.ટી.વી. પર અટક્યા. સમાચાર વાચકે દસમી વાર એ જ સમાચાર કહ્યા.

'જ્યારે તોફાનીઓએ બુધવારે સવારે ગુજરાતના ગોધરા સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસની એક બૉગીને આગ લગાડી, તેને કારણે લગભગ પચાસ લોકો મૃત્યુ પામ્યા છે અને ડઝનેકને ઈજા થઈ છે.' ચેનલે ગોધરા સ્ટેશને ફોન ડાયલ કર્યો.

'તમે કહી શકો છો કે ત્યાં શું ચાલે છે, સર ?' સમાચાર વાચકે પૂછ્યું.

'અમે હજી રિપોર્ટ મેળવી રહ્યા છીએ. પણ સવારે લગભગ સાડા આઠ વાગ્યે સાબરમતી એક્સપ્રેસ ગોધરા સ્ટેશને આવી.' અધિકારીએ કહ્યું, તેનો અવાજ ધીમો હતો.

'હલ્લો, તમે મને સાંભળી શકો છો ?' સમાચાર વાચકે ફરી ફરી પૂછ્યું.

'હા, હવે સાંભળી શકું છું.' અધિકારી બોલ્યા અને પોતાની વાત આગળ ચલાવી.

તે પળે ચેનલવાળા જે જાણતા હતા, તેને આધારે માહિતી મળી કે એક ટોળાએ સાબરમતી એક્સપ્રેસની બૉગી પર પથ્થરો ફેંક્યા. બૉગીમાં અયોધ્યાથી વળતા કારસેવકોનો સમાવેશ થતો હતો. મુસાફરોએ આ પથ્થરોથી પોતાને બચાવવા ટ્રેનની લોખંડની બારીઓ બંધ કરી. તોફાનીઓએ બૉગી પર પેટ્રોલ ફેંક્યું અને તેને આગ લગાવી દીધી.

'આ ટોળું કોનું હતું ? તમને એ પૂર્વઆયોજિત લાગે છે ?' સમાચારવાચકે પૂછ્યું.

રેલવે અધિકારીએ વિવાદ ટાળવા જવાબ ન આપ્યો.

'પોલીસ આવી ગઈ છે અને તેની તપાસ કરી રહી છે. અત્યારે તો તેઓ જ આ બાબતે કહી શકે તેમ છે.'

હું, ઈશ અને ઓમી સતત ટી.વી. જોતા હતા. અમે આજના દિવસની બધી જ ડિલિવરી રદ કરી હતી.

'મામા પણ ફોન નથી ઉપાડતા. મેં દસ વખત પ્રયત્ન કર્યો.' ઓમી બોલ્યો અને ફોનને ફેંક્યો.

ટી.વી. ચેનલો ગોધરા સ્ટેશને પહોંચી ગઈ હતી. અમે બાળેલી બૉગી જોઈ. બાકીની ટ્રેન અમદાવાદ જવા ઊપડી ગઈ હતી. રેલવે અધિકારી કરતાં તો ચાનો ફેરિયો વધારે માહિતી આપતો

હતો.

'આ ટોળું મુસ્લિમોનું હતું. તેમનો કારસેવકો સાથે વાદવિવાદ થયો હતો અને બધાંને – સ્ત્રી-પુરુષોને – સળગાવી નાખ્યાં.' ચાના ફેરિયાએ કહ્યું.

'અમારી પાસે ગોધરાની હોસ્પિટલમાંથી આવેલી માહિતી પ્રમાણે ૫૮ લોકો મૃત્યુ પામ્યાં છે અને લગભગ વીસ ઈજાગ્રસ્ત થયાં છે.' સમાચારવાચકે કહ્યું. 'અને અમને હમણાં જ પાકે પાયે માહિતી મળી છે કે બળી જનાર બૉગીનો નંબર ૫૬ હતો.'

'શું તેણે ૫૬ કહ્યું ?' ઓમીએ મારી તરફ ફરી કહ્યું.

હું શાંત રહ્યો. હું ખરાબ સમાચાર ચોક્કસ હોવાની માહિતી આપવા માગતો ન હતો.

'તેણે ૫૬ જ કહ્યું ? મારો ભાઈ એ જ બોગીમાં હતો.' ઓમીએ કહ્યું અને બહાર દોડયો.

અમે પણ દુકાન બહાર આવ્યા. દરેક દુકાનદારના ચહેરા પર તાણ હતી.

'તેમણે નાનાં બાળકોને પણ બાળી નાખ્યાં. જુઓ તો ખરા, કઈ જાતની આ કોમ છે ?' એ ફૂલવાળાએ તેના પડોશી મીઠાઈવાળાને કહ્યું.

'અને તે પણ વહેલી સવારે રેલવે સ્ટેશને. તેમની હિંમત તો જુઓ.' બીજા દુકાનદારે કહ્યું.

'તેમણે અમેરિકામાં પણ સવારે જ ઘા કર્યો હતો. હવે આ સાલાઓ ગુજરાતમાં આવી ગયા છે અને દિલ્હી તેમની પૂજા કરશે.' ફૂલવાળાએ કહ્યું. મંદિરમાં ભાગ્યે જ કોઈ ગાળ સંભળાતી, પણ આજે સ્થિતિ જુદી હતી. મારા જીવનના બધા જ દિવસોમાં આજનો દિવસ અલગ હતો.

ઓમી મંદિરમાંથી પોતાનાં માતા, પિતા અને મામાની પત્ની સાથે બહાર આવ્યો. બધા દુકાનદારો, હું અને ઈશ તેમને ઘેરી વળ્યા.

'મારા ધીરજને લઈ આવો. હું કહું છું કે મારા ધીરજને હાજર કરો.' મામાની પત્નીએ વિલાપ કરતાં કહ્યું. તેમના અવાજના મંદિરમાં પડઘા પડતા હતા.

'હું સ્ટેશને જઈને જાણી આવું.' ઓમીએ કહ્યું. તેણે મામાને ફરી ફોન લગાવ્યો, પણ ન લાગ્યો.

'નથી જવું. શહેરમાં સલામતી નથી.' ફૂલવાળાએ કહ્યું. ઓમીનાં માએ ઓમીના હાથ જોરથી પકડી લીધા.

'કદાચ હમણાં જ કર્ફ્યુ લાગી જશે. ચાલો, આપણે દુકાન બંધ કરીને ચાલ્યા જઈએ.' બીજા ફૂલવાળાએ કહ્યું.

દુકાનદારો વીખરાઈ ગયા. ધીરજની માનાં આંસુ અટકતાં ન હતાં.

'ચિંતા ન કરો. મામા હમણાં આવશે. આ સમાચાર તો ભાંગ્યાતૂટયા છે. આપણે જાણતા નથી કે હકીકતે શું બન્યું છે.' મેં કહ્યું.

'બેટા, ઘેર ચાલ.' ઓમીના પિતાએ ઓમીને કહ્યું.

'હું આ લોકોને દુકાન બંધ કરવામાં મદદ કરું છું.' ઓમીએ કહ્યું.

અમે દુકાન બંધ કરવા ગયા. તે સવારે અમારી પાસે એક પણ ગ્રાહક ન હતો. અમે તેની આશા પણ રાખતા ન હતા.

'તમારી પાસે ગ્લોવ્ઝ છે, ઈશ ભૈયા ? મારા ફાટી ગયા છે.' અલીના અવાજે અમને ચમકાવી દીધા. અમે તો દુકાન એક વાગ્યે બંધ કરી દીધી હતી.

'અલ્યા, તું વળી અહીં શું કરે છે ?' ઈશે કહ્યું.

અલી તો હબકી ગયો. તેણે પીળો ટી-શર્ટ અને જૂનો જીન્સ પહેર્યાં હતાં. સદ્ભાગ્યે તેણે પોતાની મુસ્લિમ ટોપી પહેરી ન હતી.

'હું પ્રૅક્ટિસ માટે તૈયાર થાઉં છું. આજે સાડા ચાર વાગ્યે આપણી પ્રૅક્ટિસ છે ને ?'

'તેં સમાચાર નથી જોયા ?' મેં કહ્યું.

'અમારી પાસે ટી.વી. નથી.' તેણે કહ્યું.

'અને તારા અબ્બાએ ?'

'તે તો અમ્મીને તેનાં માતાપિતા પાસે સુરત લઈ ગયા છે. તે છ વાગ્યે આવશે.'

'અને તું ન ગયો ?' ઈશે પૂછ્યું.

'હું કેમ જાઉં ? અમારી તો પ્રૅક્ટિસ હતી. મારે પ્રૅક્ટિસ ન કરવા બદલ સો પુશ-અપ નથી કરવા.' અલી બોલ્યો અને હસ્યો. 'એ, તમે આ દુકાન બંધ કેમ કરો છો ? મારા ગ્લોવ્ઝ...'

'ના, તું અમારી સાથે જ ચાલ. ઘેર એકલો ન જતો.' ઈશે શટર બંધ કરતાં કહ્યું.

'આપણી સાથે ?' ઓમીએ કડક અવાજે પૂછ્યું.

'તું જા, ઓમી, તારાં માતા, પિતા અને મામીને તારી જરૂર છે.' ઈશે કહ્યું.

'અને તમે ?' ઓમીએ પૂછ્યું.

'હું અલીને મારે ઘેર લઈ જાઉં છું. તેનાં માબાપ આવશે ત્યારે તેને ઘેર મૂકી આવીશ.'

ઓમીએ હું કંઈક કહું એમ મારા સામે જોયું. મેં મારા ખભા હલાવ્યા.

'તું મારા ઘેર આવવા માગે છે ?' ઈશે મને કહ્યું. અમે મંદિરના ચોકની બહાર નીકળ્યા.

મારે વિદ્યાને મળવું હતું, પણ આ સારો સમય ન હતો અને વિદ્યાનો મૂડ પણ બરાબર નહીં હોય. મને થયું કે મારે તેને ફરી એસ.એમ.એસ. કરવો જોઈએ કે નહીં.

'ના, મારી માને પણ ચિંતા થતી હશે.' મેં કહ્યું. તે તો કદાચ રસોડામાં જ હશે. સાંજનાં ઢોકળાંનો લોટ તૈયાર કરતી હશે.

હું ઘેર પહોંચ્યો. જમતાં જમતાં મેં તેને ગોધરા સ્ટેશને જે બન્યું હતું તેની વાત કરી. મારી માએ મને પ્રતિજ્ઞા લેવડાવી કે હું કદી મુસ્લિમ છોકરીના પ્રેમમાં નહીં પડું. બે રાત ઊંઘ વિનાની ગઈ હોવાથી હું થાકી ગયો હતો અને ટી.વી.ના સમાચારે બપોરની ઊંઘ પણ હરી લીધી હતી. ઓમીના ફોન કૉલે મને જગાડયો.

'ઓમી, શું છે ? મામાનો સંપર્ક થયો ?' મેં પૂછ્યું અને મારી આંખો ચોળી. ફોનનું ઘડિયાળ કહેતું હતું કે સાંજના પાંચ વાગ્યા હતા.

'મેં મારો ભાઈ ગુમાવ્યો, ગોવિંદ. તે તો ત્યાં જ મરી ગયો.' ઓમી બોલ્યો. તેનો અવાજ ઢીલો હતો. તેણે રડવાનું શરૂ કર્યું. હું પથારીમાંથી ઊભો થયો.

'મામાએ કૉલ કર્યો. તે તો ભાંગી જ પડયા છે.' ઓમીએ કહ્યું.

'તે ઘેર આવી ગયા છે ?' મેં પૂછ્યું.

'ના, તે તો પક્ષની ઑફિસે ગયા છે. બધા જ કાર્યકરો તેને ટેકો આપવા તેની સાથે ગયા છે. તેમણે મને તેમની પત્નીને કે કોઈને પણ કહેવાની મનાઈ કરી છે. જાણે કે તેમને ખબર જ ન હોય.'

'આ તો ભયંકર થયું, ઓમી.' મેં કહ્યું. મને એ વિચારે ધ્રુજારી આવી ગઈ કે અમે પણ એ યાત્રામાં જવાના હતા.

'હું ઘેર કહી શકું તેમ નથી અને મૂંગા પણ નથી રહેવાતું. મારે બહાર જવું પડશે.' ઓમી બોલ્યો.

'તો પછી ઘેર આવ.' મેં કહ્યું.

'ઈશ ક્યાં છે ?'

'મને ખબર નથી. તું લાઈન પર રહીશ ?' મેં કહ્યું. મેં ઓમીની લાઈન હોલ્ડ કરી અને ઈશને કૉલ કર્યો. દસ રિંગ પછી તેણે ફોન ઉપાડયો.

'ઈશ, તું છો ક્યાં ? શા માટે તું ફોન ઉપાડવામાં મોડું કરે છે ?'

'હું તો બૅન્કમાં છું. હું અલી સાથે પ્રૅક્ટિસ કરવા આવ્યો છું.'

'આ શું પ્રૅક્ટિસ કરવાનો સમય છે ?'

'કેમ ? મને આખો દિવસ રહેવાનો કંટાળો આવતો હતો. અને અલી મારી સાથે હતો તેથી મારા ડૅડ મારી સામે કરડી નજરે જોતા હતા. તેથી મને થયું ચાલો, થોડા દડા ફેંકી આવીએ.'

'ઈશ, ખૂબ જ ભયાનક સમાચાર છે. ધીરજ...' હું બોલ્યો, પણ અધવચ્ચે અટકી ગયો.

'ઓહ, ના ?' તેણે કહ્યું. 'ખરેખર ?'

'હા, ઓમીએ મને કહ્યું. મામાએ ઘરમાં ન કહેવાનું કહ્યું છે. ઓમી ઘર બહાર જવા માગે છે.'

'તો પછી અહીં આવો.' ઈશ બોલ્યો.

'ભલે.' મેં કહ્યું, મેં તેનો ફોન બંધ કર્યો અને ઓમીની લાઈન ચાલુ કરી.

'બૅન્કમાં આવ. અંધારું થાય તે પહેલાં આવી જા.' મેં ઓમીને કહ્યું.

'મા, મારા માટે રાંધતી નહીં. અમે બૅન્કમાં કંઈક ખાઈ લઈશું.' મેં કહ્યું અને ઘર બહાર નીકળ્યો.

* * *

'શહેરમાં તકલીફ શરૂ થઈ છે. મેં સાંભળ્યું કે ટોળાંએ જમાલપુરમાં બે બસ બાળી નાખી છે.' ઓમી બોલ્યો.

અમે અમારું ભોજન લેવા ટ્યુશન વિસ્તારના પાછલા ભાગમાં આવ્યા. ઓમીએ બટેટા અને કઢી બનાવ્યાં હતાં.

'અફવા છે કે સાચું ?' મેં પૂછ્યું.

'સાચું. હું બહાર નીકળ્યો ત્યારે સ્થાનિક ટી.વી. પર બતાવતા હતા.' ઓમીએ કહ્યું. 'ઘરમાં તો વિચિત્ર વાતાવરણ છે. મામી ધીરજની સલામતી માટે પ્રાર્થના કરે છે.'

ઓમીનું શરીર ધ્રૂજતું હતું. તેની આંખમાં આંસુ આવી ગયાં. તે મને ભેટી પડયો. મેં તેનો હાથ પકડી લીધો.

અલી અમારા બધા સામે જોતો હતો. મેં તેની સામે સ્મિત કર્યું. અમે પુસ્તકો રાખતા હતા તે રૂમમાં હું ગયો અને ત્રણ ફેન્ટમની ચોપડીઓ લઈ આવ્યો. મેં તેને તે આપી. અલી તો રાજી થઈ ગયો અને ખાતાં ખાતાં વાંચવા લાગ્યો.

અમે અલીથી દૂર બેઠા જેથી તે સાંભળી ન શકે.

'જમાલપુરમાં જેણે બસ બાળી, તે ટોળું હિન્દુઓનું હતું કે મુસલમાનોનું ?' મેં પૂછ્યું.

'મને ખબર નથી. હું તો ખૂબ ડરી ગયો છું.' ઓમીએ કહ્યું.

આઠ વાગ્યા સુધીમાં અમે જમવાનું પતાવ્યું અને રસોડું સાફ કરી નાખ્યું. અમે પાછા ફરવાનું વિચારતા હતા ત્યાં જ ઈશનો ફોન વાગ્યો. ઈશ થોડો ખચકાયો અને અર્ધી મિનિટ પછી તેણે ફોન ઉપાડયો.

અમે ઈશ સામે જોવા લાગ્યા. હું કેવળ તે જે વાત કરતો હતો તે સાંભળી શકતો હતો.

'ભલે, ભલે, જુઓ, હું બૅન્કમાં છું. અમે અહીં સહીસલામત છીએ. અમે ખાતરી આપીએ છીએ કે અમે રસ્તા પર નહીં ચાલીએ. હા, તે અમારે સાથે જ છે. ચિંતા ન કરતા.'

મેં ઈશ સામે મૂંઝવણથી જોયું.

'આપણી પોળમાંના એક બિલ્ડિંગને આગ લાગી છે.' ઈશે કહ્યું.

ઓહ, કોની ?' મેં પૂછ્યું.

'ખૂણામાંના મુસ્લિમ ઘરને.' ઈશે જવાબ આપ્યો.

'તેને આગ લાગી ? જાતે ?' મેં પૂછ્યું.

'ડૅડ એમ માને છે, પણ તે હિન્દુ ટોળું હોઈ શકે છે. ડૅડે કહ્યું કે આપણે જ્યાં છીએ ત્યાં જ

રહેવું.'

'આપણી માતાઓ ચિંતા કરશે. ગોવિંદની પણ.' ઓમી બોલ્યો.

'તેમને ફોન કરો.' ઈશ બોલ્યો. 'હું અલીને તેના ઘેર અત્યારે ન લઈ જઈ શકું. તેનાં માતાપિતા પાસે તો ફોન પણ નથી.'

મેં મારી માને ફોન કર્યો અને કહ્યું કે હું બૅન્કમાં સલામત છું. અમે આગળ પણ બૅન્કમાં ઘણી વાર સૂતા હતા. અમારી ઘણી દારૂની પાર્ટીઓ પહેલે માળે આવેલ બૅન્ક મૅનેજરની ઑફિસમાંની શેતરંજી પર બેભાન થઈ જવાથી પૂરી થઈ હતી.

જમ્યા પછી અમે કેશિયરના વેઈટિંગ વિભાગમાં સોફા પર બેઠા અને પત્તાં રમવા લાગ્યા. અલી તો સૂઈ ગયો. ઈશ મૅનેજરની ઑફિસમાંથી ચાદર લઈ આવ્યો તેને અલગ સોફા પર સુવાડી ઢબૂરી દીધો.

ઓમીએ ત્રણ પત્તાં ફેંક્યાં. 'ત્રણ એસીસ.' તે મોં ગંભીર રાખી બોલ્યો. તે નાટક સારું કરી શકતો હતો.

મેં પણ પત્તાં જોયાં. મને થયું કે તે મૂકવાં કે નહીં. બહારના મોટા અવાજે મારા વિચારોમાં ભંગ પાડયો.

'શું છે ?' મેં કહ્યું. મેં સમય જોયો. રાતના દસ વાગ્યા હતા.

'આ તો હિન્દુ મંત્રો છે.' ઓમી બોલ્યો.

રામ અને શિવના નામનું ઉચ્ચારણ ઢોલ સાથે થતું હતું. બૅન્કની છત પર પહોંચવા અમે બે માળનાં પગથિયાં ચડયા. શિયાળાની રાતે ગાઢ ઑરેન્જ રંગમાં દેખાતું હતું એક-બે-ત્રણ – મેં પોળમાં ત્રણ આગના ગોળા જોયા. સૌથી નજીક આગ પચીસ ફીટ દૂર આવેલ મકાનમાંથી દેખાતી હતી. લોકોનું એક ટોળું ત્યાં ઊભું હતું. તેઓ બળતાં મકાન પર પથ્થરો ફેંકતા હતા. હું બરાબર જોઈ શકતો ન હતો, પણ પોળમાં લોકો જે બૂમબરાડા પાડતા હતા તે બરાબર સંભળાતા હતા. આ બરાડામાં મંત્રોચ્ચાર પણ સંભળાતો હતો. આપણે તોફાનો વિશે ઘણી વાર સાંભળ્યું હોય કે ટી.વી. પર જોયાં હોય, પણ તેને આપણી જ આંખ સામે જોવાં એ આઘાત જ પમાડે. મારો પડોશ જાણે ભયાનક ફિલ્મના સેટ જેવો લાગતો હતો. એક બળતો માણસ પોળમાંથી દોડયો. હિન્દુ ટોળું તેની પાછળ પડયું. તે અમારાથી વીસેક ફૂટ દૂર એક પથ્થર સાથે અથડાવાથી ગબડયો અને પડી ગયો. બે મિનિટ પછી ટોળું ખસી ગયું, પણ માણસ તો નિશ્ચેષ્ટ પડી રહ્યો. મેં મારી જિંદગીમાં કોઈ માણસનું મૃત્યુ પહેલી વાર જોયું. મારા હાથ, ચહેરો, ગરદન, પગ – બધું ઠંડું પડી ગયું. ધરતીકંપના દિવસે જેમ મારું હૃદય અનિયમિત ધડકતું હતું, તેમ જ આજે ધડકવા લાગ્યું. તે કુદરતે વિનાશ હતો, આ માણસે સર્જેલો. મને ખબર નથી કે કયો વધારે ભયાનક હતો.

'અંદર આવી જા.' ઈશે મારી બાંય ખેંચતાં કહ્યું.

અમે નીચે ગયા. મારું શરીર ધ્રૂજતું હતું.

'ભલે, ભલે, ચાલો, આપણે સૂઈ જઈએ. થોડી વારમાં પોલીસ આવી જશે. સવાર સુધી તો બધું બરાબર થઈ જશે.' ઈશે કહ્યું અને મારા શરીર પર હાથ ફેરવવા લાગ્યો.

'આપણે સાથે સૂઈ જઈશું મેં કહ્યું. હા, મને કબૂલ કરવામાં વાંધો નથી કે હું ગયો હતો.

ઈશે માથું હલાવ્યું. તેણે અલીને સોફા પરથી ઉપાડયો. અમે પહેલે માળ આવેલ બ્રાન્ચ મૅનેજરના રૂમમાં ગયા અને બારણું બંધ કર્યું. મેં સૂવા જતાં પહેલાં મારો ફોન તપાસ્યો. વિદ્યાએ એક મિસ્ડ કૉલ કર્યો હું તેનો જવાબ આપવાની સ્થિતિમાં ન હતો. ઈશ મારી પાસે જ સૂતો. મેં ફોન મારા ખિસ્સામાં મૂક્યો.

મેં ત્રણ ચાદર લીધી અને ઈશ અને અલી વચ્ચે સૂતો. ઓમી અને ઈશ અમારી આસપાસ સૂતા. અમે સાડા દસે લાઈટ બંધ કરી નાખી.

અગિયાર વાગ્યે ફરી જાગી ગયો. અમે મોટો અવાજ સાંભળ્યો. કોઈક બૅન્કનો મુખ્ય દરવાજો ખખડાવતું હતું.

‘કોણ છે ?’ મેં પૂછ્યું. ઈશ ઊભો થયો અને ખમીસ પહેર્યું.

‘આપણે જોઈએ.’ ઈશે કહ્યું અને ઓમીનો પગ હલાવ્યો. ‘ઓમી ચાલ.’

અમે નીચે ગયા. મેં મુખ્ય લૉબીની લાઈટ કરી. ઈશે કાણામાંથી જોયું.

‘આ તો ટોળું છે.’ ઈશે કહ્યું. તેની આંખો હજી પણ કાણામાંથી જોતી હતી. ‘મામા તેને દોરે છે.’

અમે એકબીજા સામે જોયું. ઈશે બારણાનું નોબ ફેરવ્યું અને ઉઘાડયું.



ઓગણીસ

'મારા બેટાઓ...' મામાએ ચીસ પાડી.

અમે બૅન્કનો મુખ્ય દરવાજો થોડો વધારે ખોલ્યો. મામાએ પોતાના હાથ ફેલાવ્યા. તેણે એક હાથમાં મશાલ પકડી હતી અને બીજા હાથમાં ત્રિશૂળ. મેં કલ્પના કરી કે તે ઓમીને જોશે એટલે રડવા લાગશે, પણ તેવું ન બન્યું તે અમને બાથમાં લેવા માટે નજીક આવ્યા. તેમણે અમને ત્રણેને પોતાની બાથમાં 'મારા પુત્રો, પેલા દુષ્ટોએ મારા પુત્રને મારી નાખ્યો.' મામાએ કહ્યું. તે અમને છોડતા ન હતા.

મેં તેમની ઠંડી આંખમાં જોયું. તે એવા પિતા જેવા લાગતા ન હતા જેમણે પોતાનો પુત્ર ખોયો હતો આલ્કોહોલ અને મરીજુઆનાની વાસ તેમના મોંમાંથી આવતી હતી. મામા દુ:ખી કરતાં સ્તબ્ધ વધારે લાગ્યા.

'મારો ભાઈ, મામા.' ઓમીએ કહ્યું અને પોતાનાં આંસુ રોકવાનો પ્રયાસ કર્યો.

'રડ નહીં. આજે કોઈ નહીં રડે.' મામાએ ચીસ પાડી અને અમને મુક્ત કર્યા. તે ટોળાંને સંબોધવા ફર્યા. 'આપણે હિન્દુઓ આજ સુધી કેવળ રડયા જ છીએ જ્યારે પેલા દુષ્ટો સદીઓથી આવતા રહ્યા અને આપણને મારતા રહ્યા. હિન્દુ દેશમાં, હિન્દુ રાજ્યમાં આવે છે અને આપણાં બાળકોને ભરબપોરે મારી નાખે છે. આપણે કશું નથી કરી શકતા. આપણે કેવળ રડીએ છીએ. આવો, અમારા પર બળાત્કાર કરો અને અમને બાળી નાખો ! તેઓ માને છે કે તેઓ આખા વિશ્વને ત્રાસ આપી શકે છે અને આપણી પાસે કશું કરવાની હિંમત નથી.'

'તેમને મારી નાખો.' ટોળાંએ કહ્યું. ટોળામાંનાં ધ્રૂજતાં શરીરો તેમની ઉત્તેજના બતાવતાં હતાં. તે લોહીને કારણે કે આલ્કોહોલને કારણે તે હું નક્કી કરી શકતો ન હતો.

'પણ દુષ્ટોએ એક મોટી ભૂલ કરી. તેમણે આજે ગુજરાત પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો દુષ્ટો એમ માનતા હશે કે આ તો શાકાહારી લોકો તેઓ શું કરવાના ! આવો, આપણે તેમને બતાવી દઈએ કે આપણે શું કરી શકીએ છીએ.'

મામાએ પાણી પીવા થોડો વિશ્રામ કર્યો. અમે બૅન્ક તરફ પાછા ખસવા લાગ્યા.

'હું માનું છું કે તેઓ આપણે તેમાં જોડાઈશું એવી અપેક્ષા તો નહીં જ રાખે.' મેં ઈશના કાનમાં કહ્યું.

'હું પણ નહીં જોડાઉં. ચાલ, આપણે ઓમીને અંદર લઈ જઈએ.' ઈશે કહ્યું. અમે ઓમીને અમારી પાછળ છુપાઈ જવા કહ્યું. એક નાજુક પળે ઈશે બૅન્કનો દરવાજો બંધ કર્યો તેને લોક કર્યો.

તમે શું ગણગણો છો ?' મામા બોલ્યા અને તેમણે અચાનક પોતાની સમતુલા ગુમાવી દીધી. તેમના હાથમાંની મશાલ જમીન પર પડી ગઈ. ટોળું દૂર ખસી ગયું. તેમણે મશાલ ફરી હાથમાં લીધી.

'મારો બીજો પુત્ર ક્યાં છે ? દરવાજો ઉઘાડો.' મામાએ ઓમીને ન જોતાં કહ્યું.

'મામા, તમે શું ઈચ્છો છો ? આપણે કાલે વાત કરીએ તો ?' મેં કહ્યું.

'ના, કાલે નહીં. આજે જ મારે એક વસ્તુની જરૂર છે.'

'મામા, તમે તો જાણો છો કે ઓમી ઘેર જવા માગે છે.' મેં કહ્યું. મામાએ મને ન ગણકાર્યો.

'મને ઓમીની જરૂર નથી. મને તમારી કોઈની જરૂર નથી. મારી પાસે દુષ્ટોને મારવા ઘણા લોકો છે.'

ઈશ મારી પાસે આવ્યો. તેણે મારો હાથ જોરથી પકડી લીધો.

'તો પછી મામા, જાવ.' તે બોલ્યો.

'મને તે છોકરો જોઈએ છે. મને તે મુસ્લિમ છોકરો જોઈએ છે.' મામાએ કહ્યું.

'શું ?' ઈશે કહ્યું.

'આંખ સાટે આંખ. હું તેને અહીં જ કાપી નાખવા માગું છું. પછી જ હું મારા દીકરાનું રડીશ. તે દુષ્ટ છોકરો મારી પાસે લાવો.' મામાએ કહ્યું અને ઈશની છાતી પર ટકોરા માર્યા. ઈશ સીધો ઊભો રહેવા મથામણ કરવા લાગ્યો.

મશાલો બૅન્કના પ્રવેશદ્વાર પાસેના સૂકા ઘાસ પર ઝળહળી ઊઠી. મજબૂત તાળાએ દરવાજો બંધ રાખ્યો અને ટોળાંને બહાર.

'મામા, તમે પીધેલા છો. અહીં કોઈ નથી.' ઓમીએ જવાબ આપ્યો.

'તું પહેલાં દીકરાને ગુમાવ. પછી હું તને પીધેલા હોવાનું કારણ કહીશ.' મામાએ કહ્યું. 'અને મને ખબર છે કે તે અહીં જ છે, કારણ કે તે ઘેર નથી.'

'મામા, તમારો વાંધો તો તેના પિતા સામે છે ને ?' મેં કહ્યું.

'મેં તેના પિતાની બરાબર સંભાળ લઈ લીધી છે.' મામા બોલ્યા. 'અને તેની સાવકી માની પણ. મેં તેમને તેમને આનાથી મારી નાખ્યાં છે.' મામાએ અમને બતાવવા ત્રિશૂળ ઊંચું તેનાં પાંખિયાં પર લોહી હતું.

મેં ઈશ અને ઓમી તરફ જોયું, અમે એક પળમાં જ નિર્ણય લીધો. અમે બૅન્કમાં દોડયા. મેં મુખ્ય દરવાજો બંધ કર્યો અને તેને આડશ દઈ દીધી.

* * *

મેં ઊંડા શ્વાસ લેવા માડયા.

'હળવો થા, હળવો થા, આપણે કશુંક વિચારવું પડશે.' ઈશે કહ્યું.

'હું તેમની સાથે જોડાઈશ અને તેમને લઈ જઈશ..' ઓમી બોલ્યો.

'ના, તે નહીં ચાલે.' ઈશે કહ્યું.

'તેમણે તેનાં માતાપિતાને મારી નાખ્યાં.' મેં કહ્યું અને ઊંડા શ્વાસ લેવાના ચાલુ રાખ્યા.

ટોળું દરવાજાને પછાડતું હતું. તેમને અમે નાસી ગયા તે ન ગમ્યું. મને વિચાર આવતો હતો કે ક્યાં સુધી તાળું ટકશે.

હું સોફા પર બેસી ગયો. ભયાનક ઘોંઘાટ છતાં મારે વિચારવાનું જ હતું.

'આપણી પાસે કયા વિકલ્પો છે ?' મેં પૂછયું.

'આપણે તેમની સાથે ચર્ચા કરી શકીએ.' મેં જ જવાબ આપ્યો.

બીજા કોઈ ન બોલ્યા.

'તેમની આંખોમાં પાગલપણ દેખાય છે. તેઓ વાત કરવા તૈયાર નહીં થાય.' ઓમી બોલ્યો.

'આપણે પ્રયાસ કરીએ અને ભાગી છૂટીએ, અથવા તો તેમની સામે લડીએ.' ઈશે કહ્યું.

'જેમના મગજ પર ખૂન કરવાની ધૂન સવાર થઈ છે તેવા ચાલીસ લોકો સામે તું લડવા માગે છે ?' મેં કહ્યું.

'તો પછી શું કરવું ?' ઈશે કહ્યું.

મેં ઈશ સામે જોયું. મેં જીવનમાં પહેલી વાર તેને ભયભીત જોયો. મેં તેની સામે એ આશાથી જોયે રાખ્યું કે તે કદાચ વધારે વિકલ્પો બતાવશે. અશક્ય લાગે તેવા પણ.

'અલીને છોડી દેવાનો તો વિચાર પણ ન કરશો.' ઈશે મારી છાતીમાં આંગળી ભરાવતાં કહ્યું.

'તો પછી આપણે તેને શું આપશું ?' મેં કહ્યું.

'પૈસા ?' ઈશનું શરીર ધ્રૂજતું હતું. 'તું જ કહે છે કે લોકોને જો પૈસા આપવામાં આવે તો તેઓ માની જાય છે.'

'આપણી પાસે એટલા પૈસા નથી.' મેં જવાબ આપ્યો.

'આપણે પ્રયત્ન કરીને પણ તેમને આપી દઈશું.' ઈશ બોલ્યો.

'મામા માટે પૈસા અગત્યની બાબત નથી.' ઓમી બોલ્યો.

'તે વાત સાચી છે.' ઈશે કહ્યું. 'પણ આપણે જો બીજાઓને ખરીદી લઈએ તો મામા એકલા કશું નહીં કરી શકે. આપણે ટોળાંને વિખેરવાની જરૂર છે.'

હું રૂમમાં આંટા મારતો હતો. અમારી પાસે પૈસા ન હતા. હા, તોફાનીઓ આ વિસ્તારના ગરીબો હશે જેમને કશું ગુમાવવાનું નથી. પણ કોણ અને કઈ રીતે તેમની સાથે વાત કરશે ?

'તું પૈસા બાબતે સારી રીતે વાત કરી શકે છે.' ઈશે મને કહ્યું.

'તે કદાચ ઊંધી અસર પણ કરે. મારે મામાને અને બીજાઓને અલગ કેમ કરવા ?' મેં કહ્યું.

'હું તે કરીશ.' ઓમીએ કહ્યું.

અમે ફરી મુખ્ય દરવાજો ખોલ્યો. ટોળાંએ બહારના દરવાજાને ત્રિશૂળથી તોડવાનું બંધ કર્યું.

'બેટાઓ આવો, દરવાજો ખોલો. તમે બધા જઈ શકો છો. અમે બાકીનું નાખશું.' મામાએ કહ્યું.

'મામા, હું તમારી સાથે વાત કરવા માગું છું. કેવળ તમારી સાથે.' ઓમીએ સહાનુભૂતિભર્યા અવાજે કહ્યું.

'ભલે, પણ દરવાજો તો ખોલ, બેટા.' મામાએ કહ્યું.

હું આગળ ગયો અને દરવાજો ખોલ્યો. મેં ટોળાંને શાંત થવા હાથ ઊંચો કર્યો. મારે હિંમતવાન દેખાવાનો પ્રયત્ન કરવાનો હતો.

'પાછળ ખસો. મામા તેના બીજા પુત્ર સાથે વાતો કરવા માગે છે.' મેં કહ્યું.

ઓમી મામાને ખૂણામાં લઈ ગયો અને ભેટ્યો. મામાએ તેને આશ્વાસન આપ્યું. મેં ટોળામાંથી કોઈ પ્રભાવ પાડી શકે તેવી વ્યક્તિને શોધવાનો પ્રયત્ન કર્યો. એક પાઘડીવાળા માણસ સાથે છ બીજા લોકો હતા. તેણે સોનાની ચેન પહેરી હતી.

'હું તમારી સાથે વાત કરી શકું ?' મેં કહ્યું.

તે માણસ મારી પાસે આવ્યો. તેણે હાથમાં મશાલ પકડી હતી. મારા ગાલ તેની ગરમી અનુભવતા હતા.

'સર, હું આપને એક ઑફર કરવા માગું છું.'

'કઈ ?'

'આમાંથી આપના કેટલા માણસો છે ?'

'દસ.' થોડા ખચકાટ પછી તેણે જવાબ આપ્યો.

'હું જો આપને દસ હજારનું વચન આપું, તો આપ પાછા ચાલ્યા જશો ?'

'શા માટે ?' તેણે પૂછ્યું.

'મહેરબાની કરીને એ ન પૂછો. આને એક ઑફર જ માનો. મારી પાસે બીજા બધા માટે

વધારે પૈસા ન હોવાથી આપને શાંત રહેવાની વિનંતી પણ કરું છું.'

'શા માટે તમે એ છોકરાને બચાવવા ઈચ્છો છો ?' તેણે પૂછ્યું.

'પંદર હજાર. છેલ્લી વાર. મારી દુકાન મંદિરમાં જ છે. હું ન આપું તો આપ તેને નુકસાન પહોંચાડી શકો છો.'

સોનાની ચેનવાળો માણસ પોતાના જૂથ પાસે તેઓ પાછળ ખસ્યા અને તેણે તેમની સાથે વાત કરી. તે મારા તરફ ફર્યો અને મસ્તક હલાવ્યું. મારો પચીસ ટકા પ્રશ્ન હલ થઈ ગયો હતો.

મામા ઓમીને છોડી મારી પાસે આવ્યા.

'અહીં શું ચાલે છે ?' મામા બોલ્યા. તે પોતાની નશાની હાલતમાં ચાલીસમાંથી ત્રીસ માણસ થઈ ગયા હતા તે ન જોઈ શક્યા.

'મામા, ફરી વિચારો. પક્ષમાં તમારું ભાવિ છે. પારેખજી આને કબૂલ નહીં કરે.' મેં કહ્યું.

મામા ખડખડાટ હસ્યા. તેમણે પોતાનો મોબાઈલ ફોન કાઢયો અને એક નંબર ડાયલ કર્યો

'પારેખજીને નહીં ગમે ?' મામા બોલ્યા અને સામેથી ફોન શરૂ થવાની રાહ જોવા લાગ્યા.

'હા, પારેખજી, હું તો બરાબર છું. મારી ચિંતા ન કરશો. હું નિરાંતે મારું દુઃખ રડીશ. અત્યારે તો યુદ્ધનો સમય ચાલે છે. ઓહ, અને કોઈક વિચારે છે કે આપ મારાથી ખુશ નથી... વાત કરો. હા, વાત...'

મામાએ મારી સામે ફોન ધર્યો. ટોળું અમારી પાછળ ઊભું હતું.

'હલ્લો ? કોણ છે ?' પારેખજીનો સામેના છેડાથી અવાજ આવ્યો.

'ગોવિંદ, પારેખજી. ઓમીનો એક મિત્ર. અમે આપ સાથે વિશાલામાં આવ્યા હતા....' મેં કહ્યું.

'ઓહ, હા, બેટા. હિન્દુઓ માટે તપસ્યાનો સમય ચાલે છે. તો તું પણ અમને ટેકો આપે છે ને ?'

'આ તો ખોટું છે, સર.' મેં કહ્યું. મને ખ્યાલ ન આવ્યો કે મેં તેમને સર શા માટે કહ્યા? 'આ ખોટું છે.'

'શું ટ્રેન બાળવી તે ?'

'ના, તે નહીં, પારેખજી. તેઓ અહીં છોકરાને મારી નાખવા માગે છે.'

'તો હું શું કરી શકું ?' તેણે કહ્યું.

'તેમને અટકાવો.'

'અમારું કામ તો લોકોને સાંભળવાનું છે અને તેઓ જે કહે તે કરવાનું છે. તેની સામી રીતે નહીં.'

'લોકોને આ નથી જોઈતું.' મેં કહ્યું.

'તેમને જોઈએ છે. મારા પર વિશ્વાર રાખ. આજે કૂકરને દબાણ કાઢવા સીટીની જરૂર છે.'

'પણ બાળકો ? સ્ત્રીઓ ?' મેં કહ્યું.

'એમાં વાંધો નહીં. હૃદયમાં જે ઘા પડયા છે તેને છિપાવવા કંઈ પણ કરી શકાય. દુઃખમાં લોકો કોઈ પણ રીતે સારું કરવા ઈચ્છે છે. આજે આનાથી વધારે સારો રસ્તો મને નથી સૂઝતો.'

'પણ આ તો ભયાનક માર્ગ છે.' મેં જવાબ આપ્યો.

'આ એકાદ-બે દિવસ ચાલશે. પણ જો તેને અટકાવવામાં આવશે તો તો તે આંતરિક યુદ્ધમાં જ ફેરવાઈ જશે.'

'આપના પક્ષ પર આનો આરોપ આવશે.' મેં તેના સ્વાર્થને ઉશ્કેરતાં કહ્યું.

'કોણ કરશે ? થોડા દંભીઓને ? ગુજરાતના લોકો નહીં કરે. અમે તો લોકોને સારો અનુભવ આપવાના છીએ. તેઓ જ અમને ફરી ફરી ચૂંટશે. તું રાહ જો.'

‘સર, આ છોકરો. તે ક્યારેક નૅશનલ ટીમમાં આવી શકે તેમ છે.’

મામાએ મારી પાસેથી ફોન ઝૂંટવી લીધો.

‘પારેખજી, ચિંતા ન કરતા. હું આ બધાની સંભાળ લઈશ. આવતી કાલે આપ મારા માટે અભિમાન લેશો.’ મામાએ કહ્યું અને ફોન બંધ કરી દીધો.

મેં ટોળામાંથી બીજા કોઈ નાના નેતાને શોધવા પ્રયત્ન કર્યો. હું તેની પાસે ગયો અને તેને બાજુમાં લઈ ગયો.

‘પંદર હજાર. તમે આ લોકોને અહીંથી લઈ જાવ.’ મેં તેને કહ્યું.

આ વખતે મારી લાલચે કામ ન કર્યું.

‘મામા, આ મને ખરીદવાની કોશિશ કરે છે.’ નાના નેતાએ પોતાના અવાજને ચીસમાં ફેરવી કહ્યું.

‘ના, ના, તમે મને ખોટો સાંભળ્યો. તમે પાગલ છો કે શું ?’ હું બોલ્યો અને બૅન્ક તરફ પાછળ ખસવા લાગ્યો.

‘ઓમી, શું ચાલે છે આ ? છોકરાને અહીં લઈ આવ.’ મામાએ ચીસ પાડી.

ઓમીએ મામા સામે માથું હલાવ્યું. તે મુખ્ય દરવાજા પાસે ગયો. ટોળું તો ગેટ પાસે જ રહ્યું. અમને માત્ર વચ્ચેનો થોડો ભાગ જ તેમનાથી અલગ રાખતો હતો અને ગેટને તો લોક હતું જ નહીં.

ઓમીએ મુખ્ય દરવાજા પર ટકોરા માર્યા. ઈશે કોણ છે તે જોયા પછી જ તે ઉઘાડયું. બંને જણા અંદર અદૃશ્ય થઈ ગયા.

હું એકલો જ બહાર ટોળા સામે ઊભો હતો. તેઓ તો હું આપીશ એવી શંકા કરતા હતા. હું અંદર ભાગી જવા માગતો હતો, પણ કોઈકે તો ટોળાને બહાર રાખવાનું જ હતું.

‘તેઓ તેને બહાર લઈ આવે છે ?’ મામાએ પૂછ્યું.

‘મને એવું લાગે તો છે.’ મેં જવાબ આપ્યો.

મામાએ મને બીજી વાર પૂછ્યું એટલે મેં તપાસ કરવાની તૈયારી બતાવી. હું પણ દરવાજા પાસે ગયો અને ટકોરા માર્યા. ઈશે તેને ખૂબ જ ઓછું ઉઘાડયું અને હું પણ અંદર ઘૂસી ગયો.

મેં મો...ટો નિસાસો નાખ્યો. ઈશે બારણાને આગળિયો નાખી દીધો અને તેને સોફા આડા દઈ દીધા.

‘તેઓ રાહ જુએ છે. આપણામાંથી જો કોઈ થોડી વારમાં બહાર નહીં જઈએ તો તેઓ હુમલો જ કરવાના.’ મેં કહ્યું.

‘અલી જાગી ગયો છે.’ ઓમીએ કહ્યું.

‘તે ક્યાં છે ?’ મેં પૂછ્યું.

‘મેં તેને મૅનેજરની રૂમમાં પૂરી દીધો છે. કેટલા લોકો છે ?’ ઈશે પૂછ્યું.

‘ત્રીસ.’ મેં જવાબ આપ્યો.

‘તો આપણે તેમની સાથે લડશું.’ ઈશે કહ્યું.



વીસ

'ઈશ, હું તારી સાથે વાત કરવા માગું છું.' મેં કહ્યું.

'આપણી પાસે સમય નથી.' ઈશે જવાબ આપ્યો.

'ઓમી !' મામાની ચીસ મુખ્ય દરવાજામાંથી થઈને આવી.

'આવું છું, મામા. અમને પાંચ મિનિટ આપો.' ઓમીએ સામી ચીસ પાડી કહ્યું.

'તેને ઝડપથી લઈ આવ.'

મેં બારણાને આડો જે સોફો હતો તેની પર ઈશને બેસાડયો.

'ઈશ, આ અંધાધૂંધીમાં હું કંઈક સમજાય તેવું કહું ?' મેં કહ્યું.

'શું ? પણ આપણી પાસે જરા પણ સમય નથી.' ઈશે જવાબ આપ્યો.

'મને ખબર છે. મને એ પણ ખબર છે કે જો આપણે ત્રીસ લોકો સામે લડશું તો શું પરિણામ આવશે. આપણે જ મરી જશું. તેઓ અલીને પકડી લેશે અને તેને પણ મારી નાખશે.' મેં કહ્યું.

'તો પછી તું કહેવા શું માગે છે ?' ઈશે પૂછ્યું.

'એકની જિંદગી બચાવવા ત્રણની જિંદગીનો ભોગ આપવો ? આમાં તને કંઈ ગણતરી દેખાય છે ?'

'ભાડમાં જાય તારું ગણિત. આ કંઈ બિઝનેસ નથી.'

'તો પછી આ શેના માટે છે ? શા માટે આપણે બધા મરીએ ? માત્ર કારણ કે તને આ છોકરો ગમે છે ?'

'ના.' તેણે જવાબ આપ્યો અને મારી પાછળ ફરી ગયો.

'તો પછી શું ?'

'કારણ કે તે એક નૅશનલ ખેલાડી છે.' તેણે કહ્યું.

'ઓહ, અને આપણે શું નૅશનલ કચરો છીએ ? સંભવ છે, આ બાળક એક દિવસ સિક્સ પર સિક્સ મારશે અને આપણા ભારતીયો ટી.વી. જોવામાં તેમનો દિવસ બગાડશે અને ઉત્તેજના અનુભવશે. પણ તેથી શું ? મારી માનું શું ? ઓમીનાં માતાપિતાનું શું ? અને...' મેં કહ્યું અને હું શાંત થઈ ગયો. હું વિદ્યા કહેવા જતો હતો.

'હું નમવાનો નથી. તારે ભાગી જવું છે. દરવાજો ખોલી નાખ અને ભાગી જા. ઓમી, તારે પણ ભાગવું હોય તો આરામથી ભાગી શકે છે.' ઈશ બોલ્યો.

'હું જવા નથી માગતો, પણ આપણે તેમની સાથે લડશું કેવી રીતે, ઈશ ?' ઓમીએ કહ્યું.

ઈશે અમને પાછળ પાછળ આવવા કહ્યું. તે અમને રસોડામાં લઈ ગયો. તેણે અમને બંનેને એક એક કેરોસીનનું કેન ઉપાડવા કહ્યું. તેણે પણ અમે જેનો બિયર ઠંડો કરવામાં ઉપયોગ કરતા હતા તેવી ત્રણ બાલટી ઉપાડી. અમે છત પર તેની પાછળ જવા લાગ્યા.

'આ તો ભારી છે.' મેં કહ્યું.

'દરેકમાં વીસ લીટર છે. ભારી તો હોવાનું જ.' ઈશે કહ્યું. અમે છત પર પહોંચ્યા.

આકાશમાં પાસેનાં મકાનોમાંથી થતા આગના લબકારા દેખાતા હતા. ફેબ્રુઆરીમાં રાતે જે ઠંડીનો અનુભવ થવો જોઈએ તેવો નહોતો થતો.

'અમે આવીએ છીએ.' મામાના જૂથે કટાયેલ ગેટને ધક્કો મારી ખોલવાનો પ્રયાસ કર્યો ત્યારે મામા બોલ્યા. તેઓ પોર્ચ પાસે આવ્યા અને મુખ્ય પ્રવેશદ્વારને ઠોકવા લાગ્યા.

'મામા, બૂમો મારવાનું બંધ કરો.' ઈશે કહ્યું.

મામાએ છત પર જોયું.

'તમે ક્યાં છુપાયા છો, સાલાઓ ?' મામા બોલ્યા. ટોળાએ અમારી તરફ મશાલ ફેંકી. અમે તો બે માળ ઉપર ઊભા હતા. એક મશાલ તો એક તોફાની પર પડી અને તેણે પીડાથી રાડ પાડી. ટોળું આવેશ અનુભવી શકે છે, પણ સાથે મૂર્ખ હોય છે. તેમણે આ પછી મશાલો ફેંકવી બંધ કરી.

ઈશે મામાને વાતોમાં રાખ્યા.

'મામા, હું તો જન્મથી જ નિર્ભય છું. જુઓ.' કહી તે છત પર ચડવા લાગ્યો.

ટોળું બેધ્યાન થઈ ગયું. જો તેઓ ન થયા હોત તો તેમણે મુખ્ય દરવાજા પર હુમલો જ કર્યો હોત. ત્રણ સાંકળ અને એક સોફા છતાં તેમણે તેને દસ જ મિનિટમાં જમીનદોસ્ત કરી નાખ્યો હોત. પછી તેમણે પહેલા માળે આવેલ પ્રવેશદ્વારનું બારણું તોડવાનું રહેત અને છેલ્લે છત પરનું તકલાદી બારણું. પંદર મિનિટમાં અમે મશાલની આગથી બળીને ભડથું જાત. ઈશની યોજના સારી રહી.

'કહો, જય શ્રી રામ.' ઈશે બૂમ મારી. તેણે બરાબર કામ કર્યું. ટોળાંએ બોલવું જ પડે. મોટા ભાગનું ટોળું એ જાણતું ન હતું કે અમે તેમને ટેકો આપતા હતા કે નહીં. અત્યાર સુધી તો નહીં જ.

તે દરમ્યાન મેં, ઈશે અને ઓમીએ કેરોસીનના ડબલામાંથી બાલટીમાં કેરોસીન રેડયું. બાલટીનાં મોં સાંકડાં હતાં તેથી કેરોસીન ઝડપથી બહાર વહી નહીં જાય. અમારે મોટા ફટકાની જરૂર હતી.

ઈશે છત પર શિવની મુદ્રા કરી. ટોળાના કેટલાક પીધેલા લોકોએ તો નમન પણ કર્યું. કદાચ શિવ આજે રાતે આ તોફાનીઓને આશીર્વાદ આપવા આવ્યા હતા.

'એક, બે અને ત્રણ, જવા દો.' મેં કહ્યું અને ઈશે અને ઓમીએ બાલટીઓ ઊંધી કરી દીધી. અમે બૅન્કના મકાનને સાચવવા તેલને થોડું દૂર ફેંક્યું.

તોફાનીઓના હાથમાંની મશાલોએ ભડકાનું કામ કર્યું. બૅન્કના પોર્ચમાં આગની નદી ભડકી ઊઠી. ટોળામાં ભય ફેલાઈ ગયો. અમે તેમના પર હુમલો કર્યો હતો તે સમજતાં તેમને થોડો વખત લાગ્યો. ઈશ છત પરથી નીચે અમે છતની ભીંત નીચે છુપાઈ ગયા. મેં નીચે શું બને તે જોવા મારું માથું થોડું ઊંચું કર્યું. થોડા તોફાનીઓ તેમનાં કપડાં સળગ્યાં બૅન્કના દરવાજા બહાર ભાગ્યા. મને લાગે છે કે પોતે બળવા કરતાં લોકોને બળતા જોવામાં વધારે મજા પડે.

'કેટલા ભાગી ગયા ?' ઈશે પૂછયું.

'થોડાક. નીચે ભય ફેલાઈ ગયો છે.' બાકી બચેલા લોકોએ ત્રિશૂળને મુખ્ય દરવાજા પર ભોંકવા માંડયાં. મેં લોકોને ગણવા મારું શરીર જરા ઊંચું કર્યું. મેં અંદાજ કર્યો કે વીસથી ઓછા અને દસથી વધારે હતા.

'આપણે નીચે જવું જોઈએ.' ઈશે કહ્યું.

'તું ગાંડો થઈ ગયો છે ?' મેં કહ્યું.

'ના, આપણે થોડા વધારે લોકોને દૂર કરવા જોઈએ.' તેણે જવાબ આપ્યો.

'ઈશ, આપણે લોકોને ઈજા પહોંચાડીએ છીએ. કેટલાક મરી પણ જાય. આપણે તેમના પર પુષ્કળ કેરોસીન ફેંક્યું છે.'

‘મને તેની પરવા નથી.’ ઈશે કહ્યું. ‘હજી પણ આપણે થોડાને ઈજા પહોંચાડવાની છે.’

અમે નીચે પહેલા માળે આવ્યા. ઈશે પોતાના ખિસ્સામાં રહેલ ચાવીથી બ્રાન્ચ મૅનેજરની ઑફિસના દરવાજા ખોલ્યા. અલી અંદર તેની રાહ જોતો હતો. તે તેને જોઈ વળગી પડયો.

‘હું તો ડરી ગયો છું.’ અલીએ કહ્યું અને તે રડવા લાગ્યો.

‘ચિંતા ન કર. બધું બરાબર થઈ જશે.’ ઈશે કહ્યું.

‘હું ઘેર અબ્બા પાસે જવા માગું છું.’

મેં અલીના વાળમાં મારી આંગળીઓ ફેરવી. તેના માટે ઘર હવે વિકલ્પ ન હતો.

‘અલી, મને સાંભળીશ તો તું બરાબર થઈ જઈશ.’ તું મને સાંભળીશ ?’ ઈશે પૂછયું.

અલીએ મસ્તક હલાવ્યું.

‘કેટલાક દુષ્ટ લોકો તને પકડવા માગે છે. હું તને વૉલ્ટમાં પૂરી રાખવા માગું છું. તેઓ ત્યાં કદી નહીં આવી શકે.’ ઈશે કહ્યું. તેણે છ બાય છનો અંધારિયો રૂમ બતાવ્યો.

‘ત્યાં ? ત્યાં તો બહુ અંધારું છે.’ અલીએ કહ્યું.

‘લે, આ મારો ફોન. તેની લાઈટ ચાલુ રાખજે. હું હમણાં જ પાછો આવીશ.’ ઈશ બોલ્યો અને તેને પોતાનો સેલફોન આપ્યો.

ઈશે અલીને સેઈફમાં મૂક્યો. તેણે તેને થોડાં ઓશીકાં આપ્યાં. અલીએ ફોનની લાઈટ સ્વીચ ઓન કરી. ઈશે બારણું બંધ કર્યું અને લોક માર્યું. તેણે ચાવી પોતાના મોજામાં રાખી.

‘તું બરાબર છો ને ?’ ઈશે બૂમ મારી પૂછ્યું.

‘અંધારું છે.’ અલી બોલ્યો.

‘થોડી વાર.’ ઈશે જવાબ આપ્યો.

ઓ.કે. આપણે એક વધારે ડિશ રસોડામાં રાંધવી પડશે. આવ, ઝડપથી.’ ઈશે કહ્યું.

અમે અલીને વૉલ્ટમાં છોડી દોડતા રસોડામાં ગયા. મુખ્ય દ્વાર પર ત્રિશૂળ ભોંકવાનો અવાજ હજી આવતો હતો. મેં અંદાજ કર્યો કે બારણું તૂટે તે પહેલાં અમારી પાસે પાંચ મિનિટ હતી.

ઈશે એલ.પી.જી. સિલિન્ડર છૂટું કર્યું. ‘આને મુખ્ય દરવાજા પાસે લઈ જાઓ.’ તેણે કહ્યું.

ઓમી અને હું સિલિન્ડર લઈ ગયા. અમે તેના સોફા નીચે બારણાને આડું રાખ્યું.

‘ઓમી, આપણે ફટાકડા વગેરે ક્યાં રાખીએ છીએ ?’ ઈશે પૂછ્યું.

‘છાજલી પર.’

ઈશ દિવાળીના બાકી રહેલ ફટાકડા લઈ પાછો આવ્યો. અમે જ્યારે ભારત જીતતું ત્યારે મોટા ભાગે ફોડતા. ઈશે સિલિન્ડર પર બૉમ્બનું બૉક્સ ખાલી કર્યું.

તેણે બે બૉમ્બ લીધા અને તેને લાંબો સમય રાખવા તેના ફ્યૂઝ ખોલી નાખ્યા. ટોળું બારણાં પછાડતું હતું. એક સાંકળ ઢીલી પડી.

‘હું ખોલું છું. તમે તેને સળગાવજો અને આપણે દોડવાનું છે. બરાબર ?’ ઈશે ઓમીને કહ્યું.

ઓમીએ હા પાડી. ઈશ સોફા પર ચડયો અને સાંકળને પકડવાનો પ્રયત્ન કર્યો. તે ટોળાના ભોંકવાના કારણે ધ્રૂજતો હતો.

ઓમીએ દીવાસળી સળગાવી અને તેને ફ્યૂઝ પાસે લઈ ગયો. જેવો ફ્યૂઝ સળગવા લાગ્યો, ઈશે સાંકળ ખોલી નાખી. સોફો બારણાને થોડી વાર તો અટકાવી રાખશે. તે દરમ્યાન અમારે અમારી જિંદગી બચાવવાની હતી.

‘દોડો.’ ઈશે કહ્યું અને તેણે સોફા પરથી કૂદકો માર્યો.

અમે સીડી તરફ દોડયા. હું ઉપરથી ચાર પગથિયાં દૂર હતો ત્યારે દરવાજો તૂટયો.

'સાલાઓ, અમે તમને નહીં છોડીએ. પોતાના લોકોને જ મારો છો ?' જેને મેં લાંચ આપવાનો પ્રયત્ન કર્યો હતો તે નાના નેતાએ કહ્યું. તે અને બીજા ત્રણ માણસો અંદર પ્રવેશ્યા.

'એ, થોભી જાવ.' તેણે મારા તરફ જોઈ બૂમ મારી. મેં તો પગથિયાં ચડવાનું ચાલુ રાખ્યું, મેં પાછળ જોયું. આઠ લોકો બૅન્કમાં પ્રવેશ્યા હતા.

હું એક પગથિયું દૂર હતો ત્યાં મારા કાન ધણધણી ઊઠયા. મુખ્ય દ્વાર ઊડયું તેથી ભોંયતળિયાના કબાટો ધડાકાથી ધ્રૂજી ઊઠયા. મને લાગ્યું કે સિલિન્ડરને કારણે નાના નેતાને જ વધારે ઘા વાગ્યા. બીજા આઠ લોકો પણ સારી હાલતમાં તો નહીં જ હોય.

હું જાણતો ન હતો કે અમે શું કરતા હતા. તેમના પર જ હુમલો કરી તેમને જ વેર લેતા અટકાવતા હતા. મેં કદી પણ શરીરનાં અંગોને હવામાં ઊડતાં જોયાં ન હતાં. મને ખ્યાલ નથી કે કોઈ પણ તોફાની બચ્યા કે નહીં. મેં ઉપરની ટ્યૂબલાઈટ કરવા ભોંયતળિયાની ટ્યૂબલાઈટની બેવડી સ્વીચ કરી. ધુમાડો અને જૂની ફાઈલના ટુકડાઓથી રૂમ ભરાઈ ગયો હતો. ઈશ અને ઓમી મારી પાછળ આવ્યા.

'બધા ગયા ?' ઈશે પૂછયું.

ધુમાડાને દૂર થતાં ત્રીસ સેકંડ લાગી. થોડા માણસો આસપાસ પડયા હતા. હું નક્કી કરી શકતો ન હતો કે તેઓ જીવતા હતા કે મરી ગયા હતા. પહેલાંના દ્વારની જગ્યા હવે ખાલી હતી. મામા બીજા પાંચ લોકો સાથે અંદર પ્રવેશ્યા. કદાચ તે સદ્નસીબ હતા કે પછી તેની પાસે દીર્ઘદૃષ્ટિ હતી કે તેણે બારણું ઉઘાડવા બીજા લોકોને પહેલા મોકલ્યા. પાંચ લોકો ઈજાગ્રસ્તો પાસે દોડયા. મામાએ ઉપર જોયું. તેમની આંખો અમારી સાથે ટકરાઈ.



એકવીસ

'સાલા, દ્રોહીઓ, દુષ્ટો.' મામાએ ચીસ પાડી. મેં તેના ડાબા હાથ સામે જોયું. તેમાંથી લોહી ટપકતું હતું અને કેરોસીનના કારણે તેના કુરતાની ડાબી બાંયનો એક ભાગ બળી ગયો હતો.

'પકડી લો તેમને.' મામાએ બૂમ મારી. તે અને પાંચ લોકો દોડયા. ઈશ, ઓમી અને હું બારણું બંધ કરવા બ્રાંચ મૅનેજરની ઑફિસ તરફ દોડયા.

'પકડ આ.' ઈશે કહ્યું. અમે મૅનેજરના રૂમમાં ક્રિકેટનાં સાધનો રાખતા હતા તેને ખંખોળતાં તેના હાથ ધ્રૂજતા હતા. ઈશે એક બૅટ હાથમાં લીધું. મામા અને તેના માણસો બ્રાંચ મૅનેજરની ઑફિસના દરવાજા પાસે પહોંચી આવ્યા હતા.

'ખોલ, નહીં તો અમે તેને તોડી નાખશું' મામાએ કહ્યું. જોકે તેઓ બારણાને ખટખટાવતા ન હતા. તેમણે અમને ધમકી આપવાનું ચાલુ રાખ્યું, પણ કશું કરતા ન હતા. કદાચ તેઓ ડરતા હતા કે અમે આ વખતે વળી શેનો ધડાકો કરશું.

મારા હૃદયના ધબકારા પણ તેમની ચીસો જેટલા જ મોટા હતા.

'મારી પાસે ફોન નથી. મને તારો આપ. હું પોલીસને બોલાવું.' ઈશે મને કહ્યું.

'અમે જવાના નથી જ.' મામાનો અવાજ દરવાજામાંથી પડઘો પાડતો હતો.

મેં ઈશને મારો ફોન આપ્યો. તેણે પોલીસને નંબર ડાયલ કર્યો.

'હત્ કોઈ નથી ઉપાડતું.' ઈશે કહ્યું અને ફરી લગાવ્યો. ફરી કોઈએ જવાબ ન આપ્યો.

તેણે ફોન બંધ કર્યો અને નિરાશામાં તેને હચમચાવ્યો.

બીપ. બીપ. બીપ. એક સંદેશ આવતાં મારો ફોન રણક્યો.

'આ તો એસ.એમ.એસ. છે.' ઈશે કહ્યું અને તેને ખોલ્યો.

એય, આજે રાતે સલામત રહેજે.

અને હા, આજે મને પિરિયડ આવી ગયો છે. હુરેરેરે.

હવે તો શાંતિને ? તરત મળું છું, મારા ગરમાગરમ શિક્ષક. સ્નેહ – હું.

આ સંદેશ સપ્લાયર વિધાનાથનો હતો. તેણે મારા સામે વિચિત્ર નજરે જોયું. મેં મારા ખભા હલાવ્યા અને ફોન લેવા હાથ લંબાવ્યો. ઈશે મારાથી ફોન દૂર લઈ લીધો. તેણે મારી સામે આઘાતથી જોયું. તેણે ફરી સંદેશ જોયો અને વિસ્તારથી વાંચવા લાગ્યો. તેણે નંબર જોયો અને ડાયલ કર્યો.

મને થયું કે મને હવે હાર્ટઍટેક જ થવાનો.

'એય, શાંત, શાંત, મને ખબર ન હતી કે હું મારો પિરિયડ પણ ઉજવીશ.' મારો નંબર જોતાં જ વિધા સામેથી બડબડવા લાગી. ભલે ફોન ઈશના હાથમાં હતો, પણ તેનો આનંદી અવાજ હું બરાબર સાંભળી શકતો હતો.

'વિધા ?' ઈશે કહ્યું. તેની આંખોમાં ગુસ્સો દેખાવા લાગ્યો.

'ઈશ ભૈયા ?' તેણે કહ્યું.

ઈશે મારી સામે જોયું. તેણે લાઈન કાપી નાખી અને ફોનને પોતાના ખિસ્સામાં મૂકી દીધો

એક પળ તો અમે ભૂલી ગયા કે અમારા ઘરમાં ખૂનીઓ ઊભા હતા. તે મારી સામે આગળ વધ્યો. હું પાછળ ખસવા લાગ્યો અને છેવટે દીવાલ પાસે પહોંચી ગયો.

'ઈશ, હું તને સમજાવી શકું છું....' મેં કહ્યું. જોકે સમજાવી શકું તેમ ન હતો.

તેણે બૅટને જમીન પર ફેંકી દીધું. તેણે પોતાનો હાથ ઉપાડયો અને પછી ધડાક ! ધડાક! થપ્પડો મારવા માંડી. તેણે મારા ચહેરા પર બે લગાવી દીધી. પછી તેણે મુઠ્ઠી વાળી અને મારા પેટમાં જોરથી મુક્કો લગાવી દીધો.

હું જમીન પર ગબડી પડયો. મને તીવ્ર પીડા થવા લાગી. પણ મને લાગ્યું કે મેં કશું જ કહેવાનો – અરે, ચીસો પાડવાનો પણ – હક ગુમાવી દીધો હતો. મેં મારા દાંત ભિડાવ્યા અને આંખો બંધ કરી દીધી. હું આને જ લાયક હતો. મારે મારા જીવનની બીજી ભૂલની કિંમત તો ચૂકવવાની હતી.

'સાલા, તું શું કરે છે ?' ઓમીએ કહ્યું. અલબત્ત, તે પરિસ્થિતિ સમજી ગયો હતો.

'કશું જ નહીં. સાલા સ્વાર્થી નાલાયક. આ તો સાપ છે સાપ. તે તો ઈચ્છશે તો આપણને પણ વેચી આવશે. સાલો બિઝનેસમૅન.' ઈશે કહ્યું અને મારા પડખામાં લાત મારી.

'અરે ઈશ, તું મરવા માગે છે ?' ઓમીએ કહ્યું.

'સાલો, મામો. આવ અંદર તારામાં તાકાત હોય તો.' ઈશે બૂમ મારી અને દરવાજા તરફ આગળ વધ્યો.

ઓમીએ મને હાથ આપ્યો. હું ઊભો થયો અને તેનો ટેકો લીધો. મને શંકા હતી કે મારાં આંતરડાં ફાટી પડયાં હતાં.

'મેં તને કહ્યું હતું... પ્રોટોકોલ....' ઓમી બોલ્યો.

'મેં કશું ખોટું નથી કર્યું.' મેં જવાબ આપ્યો. મને ખબર નથી કે આમ કેમ કર્યું. મેં ભાગ્યે જ કાનૂની રીતે વિધાર્થી કહી શકાય તેવી અને મારા ઉત્તમ મિત્રની બહેન સાથે તદ્દન સલામતીનો ખ્યાલ રાખ્યા વિના સેક્સ કર્યો હતો. કોઈ ઈચ્છે તો આને પહેલાં દસ ભયાનક અનૈતિક કૃત્યોમાં ગણાવી શકાય.

મામાની ધીરજ પાંચ મિનિટ પછી ઘટી ગઈ. તેણે તેમના ખુશામતખોરોને બારણું તોડી નાખવા કહ્યું. તેમણે પોતાનાં ત્રિશૂળોને બારણામાં જોરથી ભોંક્યાં, પણ તેઓ તેનાથી દૂર જ રહ્યા.

'હું આમ પણ તેમને અંદર આવવા દઈશ.' ઓમી બોલ્યો અને તેણે સાંકળ ખોલી.

'મામા, તમે મને મારી નાખવા માગો છો ? તો, મામા, જાવ, મને મારી નાખો. શા માટે રાહ જુઓ છો ?' ઓમી બોલ્યો અને બારણું ખોલ્યું.

'અહીંથી હટી જા, ઓમી. બસ, મને કહે કે પેલો છોકરો ક્યાં છે ?' મામાએ કહ્યું.

'તમને અહીં કોઈ છોકરો નહીં મળે.' ઈશે ગર્જના કરતાં કહ્યું.

મામાના પાંચ માણસોએ ત્રિશૂળ ઊંચાં કર્યાં. અમે અમારાં ક્રિકેટનાં શસ્ત્રો ઊંચાં કર્યાં. એક માણસે હુમલો કર્યો. ઈશે તેને પોતાના બૅટથી રોક્યો. ઈશે તે માણસના પગ, હાથ, કમર અને પેટ પર બૅટ માર્યાં. તે જમીન પર પડી ગયો.

મેં એક બીજા જાડા માણસને માર્યો, પણ ત્યારે જ મારા હાથ ધ્રુજતા હતા. મારી વિકેટ તેના ત્રિશૂળમાં ફસાઈ ગઈ. અમે તેને દૂર રાખવા મથતા હતા અને અમારાં શસ્ત્રો હવામાં ઊછળતાં હતાં. તેણે મને મારા જમણા પગમાં લાત મારી. મેં સમતુલા ગુમાવી. તે આગળ આવ્યો અને મને ખૂણામાં ધકેલ્યો.

ત્રીજા માણસે ઈશને તેની ગરદનમાં ત્રિશૂળની અણીથી માર્યું. ઈશ આગળ પડી ગયો.

માણસે તેને પકડી લીધો અને તેને પણ દીવાલ પાસે લઈ ગયો.

ઓમીએ ચોથા માણસનાં આંગળાં બૅટથી કચડી નાખ્યાં હતાં. માણસ ચીસ પાડીને જમીન પર પડી ગયો. ઓમીએ તેને પેટમાં લાત મારી, પણ પાંચમા માણસે ઓમીને પાછળથી જોરથી માર્યું. તેણે ઓમીને પાછળથી પકડયો.

'સાલા, આખલા, હવે તું નહીં છૂટી શકે.' તેણે કહ્યું.

'ડચ, ડચ, મૂર્ખ નાલાયકો. આગ સાથે ખેલવા નીકળ્યા છો, હેં ?' મામા મૅનેજરના ટેબલ પર બેસતાં બોલ્યા. અમે ત્રણે દીવાલમાં ભરાઈને ઊભા હતા. ત્રણે માણસોએ અમારાં શરીરોને તેમનાં ત્રિશૂળથી દબાવી રાખ્યાં હતાં.

મામા બૅન્ક મૅનેજરના ટેબલ પાસે બેઠા અને અમારી સામે જોવા લાગ્યા.

'મને લોહી જોઈએ છીએ. મને છોકરો આપી દો, નહીં તો તમારું લોહી લઈશ.' મામા બોલ્યા. તેણે તેમના પાછળના ખિસ્સામાંથી શીશી કાઢી અને વ્હીસ્કીની મોટી ચૂસકી લીધી.

'છોકરો અહીં નથી.' ઈશે કહ્યું. 'તમે જોઈ શકો છો.'

'મને ખબર છે કે તારો ભરોસો કરી જ ન શકાય.' મામા બોલ્યા. તેણે ખાલી શીશી ઈશ તરફ ફેંકી. તે તેને છાતીમાં વાગી.

બે ઈજાગ્રસ્ત માણસો જમીન પર પડયા હતા. મામાએ તેમને લાત મારી.

'જાવ, શોધો.' તેણે કહ્યું.

માણસો લથડિયાં ખાતા ઊભા થયા અને રૂમમાં ફરવા લાગ્યા.

'અહીં તો કોઈ નથી.' બૅન્કના ઘણા રૂમો ફરી આવ્યા પછી તેમણે બૂમ મારી. તેમના અવાજમાં પીડા હતી. મને વહેમ પડતો હતો કે તેઓ વાજ આવી ગયા હતા.

મામા ઈશની નજીક ગયા. તેણે તેના વાળ સખત રીતે ખેંચ્યા.

'નાલાયક, કહે મને, ક્યાં છે ?' મામાએ કહ્યું.

'તે અહીં નથી.' ઈશે જવાબ આપ્યો.

'હું...' મામા બોલવા જતા હતા ત્યાં ફોનની ઘંટડી વાગી.

આ ફોન મારો કે ઓમીનો તો ન હતો. ઘંટડી મામા કે તેમના માણસો પાસેથી પણ નહોતી આવી.

મામાએ અવાજ શોધવાનો પ્રયત્ન કર્યો. અવાજ મૅનેજરના ટેબલ પાસેથી આવતો હતો. મામા મૅનેજરના ટેબલ પાછળ ગયા. ત્યાં વૉલ્ટ હતું. અવાજ આ વૉલ્ટમાંથી આવતો હતો.

'ખોલ આને.' પૈડા આકારના તાળા સામે આંગળી ચીંધતા મામા બોલ્યા.

અમે શાંત રહ્યા. ઈશનો ફોન ફરી વાગ્યો. મને લાગ્યું કે વિદ્યાએ તેને સમજાવવા ફોન કર્યો હશે.

'હું કહું છું કે ખોલ.' મામા બોલ્યા.

'આ તો બૅન્કનો વૉલ્ટ છે. અમારી પાસે તેની ચાવી નથી.' મેં કહ્યું. હું ઈશને બચાવવા મારાથી થાય તેટલું કરવા માગતો હતો. હું મારી જાતને તેની સામે સારો બતાવવા કશું પણ કરવા માગતો હતો.

'અરે, હા, હોશિયાર છોકરો બોલ્યો. ચાવી નથી.' મામાએ કહ્યું.

મારું માથું ઈશ તરફ ફર્યું. ઈશે મારાથી મોં ફેરવી લીધું.

મામાએ મારી હડપચી પકડી લીધી અને મારો ચહેરો તેમના તરફ ફેરવ્યો.

'એટલે અમે મૂર્ખ છીએ, કેમ ? તમારી પાસે ચાવી નથી, પણ તો આ સાલો ફોન અંદર ગયો કેમ ? આને શોધો.'

મામાના ખુશામતખોરોએ ભયાનક હિંસક શોધ શરૂ કરી. મને શોધતા માણસે મારા શર્ટનું

ખિસ્સું ફાડી નાખ્યું. તેણે મને એક થપ્પડ મારી અને મને ઊંધા થવા કહ્યું. તેણે મને ઉપરથી નીચે સુધી તપાસ્યો. તેના નખ મને વાગતા હતા. મેં તેને દસેક વાર કહ્યું કે મારી પાસે ચાવી ન હતી, પણ તે સાંભળતો જ ન હતો. તેણે મારા પેન્ટનાં ખિસ્સાં પણ તપાસ્યાં. મારા અંગને પણ એકબે વાર પકડી લીધું. મેં ઉંહકારો કરવા પ્રયત્ન કર્યો. તો તેણે મને મુઠ્ઠીથી ઠોંસો મારી લીધો.

બીજા માણસોએ પણ ઈશ તથા ઓમીને પણ એ રીતે જ તપાસ્યા. ઈશને તપાસતા માણસે પણ તેના શર્ટને ફાડી નાખ્યો. તેણે પોતાના ત્રિશૂળને તેની છાતીમાં ભોંક્યું.

'આ નાલાયક પાસે તો કશું નથી.' મારા માણસે કહ્યું અને પોતાની પકડ છોડી દીધી. તેણે મને ફરી દીવાલમાં દબાવ્યો.

'આની પાસે પણ કંઈ જ નથી.' ઓમીના માણસે પણ કહ્યું.

'આ માણસને સીધો કરવાની જરૂર છે.' ઈશના માણસે કહ્યું. તેણે ઈશનું પેન્ટ ઉતારવાનો પ્રયત્ન કર્યો. ઈશે તેના પડખામાં જબરી લાત મારી. મેં ઈશની છાતીમાં લોહીનાં ધાબાં જોયાં.

'હું મદદ કરું ?' બ્રાન્ચ મૅનેજરની ખુરશી પાસેથી મામાનો અવાજ આવ્યો.

'ચિંતા ન કરો. હું જ તેને સીધો કરીશ.' માણસે જવાબ આપ્યો. ઈશે તેના હાથમાં બચકું ભર્યું.

મામા ઈશ પાસે આવ્યા. તેણે ત્રિશૂળનું ખુલ્લું પાંખિયું તેની છાતીના ઘામાં ખોસ્યું. ઈશે પીડામાં ચીસ પાડી અને પડી ગયો. તેને તપાસતા માણસે તેને થોડી થપ્પડ મારી લીધી. ઈશે દાંત કકડાવ્યા અને લાતો મારવાનું ચાલુ રાખ્યું. મામા ઈશના ખિસ્સા સુધી પહોંચ્યા. તેણે કશાકનો સ્પર્શ થયો. ઈશે પ્રૅક્ટિસ માટે પેન્ટ નીચે પ્રૅક્ટિસ શોર્ટ પહેર્યાં હતાં. મામાએ તેનો હાથ બહાર કાઢયો અને ફરી તેના શોર્ટમાં હાથ નાખ્યા. તેણે બંગડી આકારની ચાવીની રિંગ કાઢી. તેમાં બે છ ઈંચ લાંબી ચાવીઓ હતી.

ઈશ તેના મોંમાંથી ભારે શ્વાસ લેતો જમીન પર પડયો હતો. તેનું શરીર કામ કરવાની ના પાડતું હતું છતાં તેની આંખોમાં તો તીવ્ર વિરોધનો જ ભાવ હતો.

મામાએ ચાવીને હાથમાં ફેરવી.

'આગળ કદી બૅન્ક લૂંટી નથી.' મામા બોલ્યા. 'અને આજે તો કેવું ઈનામ ! બાપ અને બેટો. હું આખો વંશ જ ઉખેડી નાખીશ.'

મામાએ વૉલ્ટની ચાવી શોધવા એકાદ મિનિટ લીધી.

'મામા, નહીં. તે બાળક છે. મારા ખાતર.' ઓમીએ કહ્યું.

મામા અટક્યા અને અમારી સામું જોયું.

'મારો ધીરજ પણ બાળક જ હતો.' મામાએ કહ્યું અને વૉલ્ટ પાસે ગયા.

ઈશ જમીન પર બેઠો હતો. તેનું ધ્યાન રાખતો માણસ ઈશની ગરદન પર ત્રિશૂળ રાખી તેને ગૂંગળાવતો હતો.

'એને ન અડકતા. તે રાષ્ટ્રીય ખજાનો છે.' ઈશ ઘૂરક્યો. માણસે તેને વધારે ગૂંગળાવ્યો.

'હું તમને માગશો તે આપીશ.' મેં કહ્યું.

'બિઝનેસમૅન, જા, તારી માને વેચી આવ.' મામાએ મને કહ્યું. તેણે વૉલ્ટનું પૈડું ફેરવવાનો પ્રયત્ન કર્યો.

'આ રહ્યો નાલાયક.' મામા બોલ્યા.

મામાએ અલીને વૉલ્ટમાંથી બહાર કાઢયો. સફેદ કુરતો અને પાયજામામાં તેનું દૂબળું શરીર ભયાનક ધ્રૂજતું હતું. તેનો ચહેરો બોલતો હતો કે તે અંદર રડતો હતો. મામાએ અલીને ગરદનથી પકડયો અને હવામાં ઊંચો કર્યો.

'ઈશ ભૈયા.' અલીએ કહ્યું. તેના પગ લટકતા હતા.

'જેટલો વધારે નિર્દોષ તું દેખાય છે, તેટલો ભયંકર સેતાન તું દસ વર્ષમાં બની જવાનો છે.'

મામા બોલ્યા. તેણે અલીને નીચે ઉતાર્યો. તેણે અલીની ગરદન પરની પકડ ઢીલી કરી.

'મામા, બસ કરો.' મામાએ ત્રિશૂળ ઊંચું કર્યું ત્યારે ઓમી બોલ્યો.

'તું નહીં સમજ.' મામા બોલ્યા અને પોતાના હાથ પ્રાર્થના કરવા જોડયા.

'દોડ, અલી, દોડ.' ઈશે ચીસ પાડી.

અલીએ રૂમમાંથી બહાર જવા દોટ મૂકી. મામાએ પોતાની આંખો ઉઘાડી. તે અલી પાછળ દોડયા અને અલીના ઘૂંટણમાં ત્રિશૂળ માર્યું.

અલી પીડાને કારણે ચીસ પાડી ઊઠયો અને પડી ગયો.

મામા અલી પાસે જમીન પર નમ્યા.

'દુષ્ટ, ભાગવાનો પ્રયત્ન જ ન કરતો. હું તને એક જ ઘામાં મારી શકું છું. જો તું હોશિયાર બનવાનો પ્રયાસ કરીશ તો હું તારી બધી આંગળી એક પછી એક કાપી નાખીશ. સમજ્યો ?' મામાએ ગર્જના કરતાં કહ્યું. તેની આંખો લાલ હતી. તેનો સફેદ ભાગ દેખાતો જ ન હતો.

મામાએ ફરી આંખો બંધ કરી અને કોઈ શ્લોકો બબડયા. તેમણે પોતાના જોડેલા હાથ કપાળ અને હૃદય પર અડકાવ્યા અને ત્રણ વાર નમ્યા. પછી તેમણે આંખ ઉઘાડી અને ત્રિશૂળ ઉપાડયું. અલી ઊભો થઈ ગયો અને લંગડાતો ચાલવા લાગ્યો.

મામાએ મારવા માટે ત્રિશૂળ ઊંચું કર્યું.

'મામા, ના.' ઓમીએ ભયાનક અવાજ ચીસ પાડી. ઓમીએ તેને અટકાવતા માણસને ધક્કો માર્યો. તે મામા અને અલી વચ્ચે દોડયો. મામા શ્લોક બોલ્યા અને ઘા કર્યો.

'મામા, નહીં.' ઓમીએ કહ્યું.

મામાએ કદાચ અટકવાનો પ્રયત્ન પણ કર્યો હોત તો પણ તે ન કરી શક્યા હોત. ઘા ખૂબ જ ગતિમાં હતો. ત્રિશૂળ ઓમીના પેટમાં અવાજ સાથે પ્રવેશ્યું.

'ઓહ... ઓહ.' ઓમીએ જે બન્યું તે સમજવાનો પ્રયત્ન કર્યો અને પછી પીડાનો અનુભવ કર્યો. થોડી જ સેકન્ડોમાં જમીન લોહીનાં ખાબોચિયાંથી ભરાઈ ગઈ. મામા અને તેના માણસોએ શું બન્યું તે સમજવાના પ્રયત્નરૂપે એકબીજા સામે જોયું.

'મામા, ન કરો.' ઓમી બોલ્યો. તે હજી અજાણ હતો કે ત્રિશૂળનાં પાંખિયાં તેના શરીરમાં પાંચ ઈંચ ઘૂસી ગયાં હતાં.

'ઓમી, મારા બેટા.' મામાએ કહ્યું.

મામાએ ત્રિશૂળ ફેંકી દીધું. ઓમી પીડાથી તડપતો હતો.

મેં આટલું લોહી કદી જોયું ન હતું. હું ઊલટી કરવા માગતો હતો. મારું મન જડ બની ગયું હતું. જે માણસે ઈશને પકડી રાખ્યો હતો, તેણે હવે અલીને પકડયો અને મામા પાસે આવ્યો. મામાએ ઓમીને પોતાના ખોળામાં લઈ લીધો હતો.

'જો સાલા જાનવર, આ તેં શું કર્યું ?' ઈશે ચીસ પાડી. ઈશે પાછળથી આ દૃશ્ય જોયું હતું. તેણે ત્રિશૂળને તેની અંદર જોયું ન હતું. માત્ર મેં જ જોયું હતું. અને વર્ષો સુધી આ દૃશ્ય મારા મનમાં ભયાનક રીતે રહેવાનું હતું.

'સાલા કુત્તાઓ, એમ્બુલન્સને બોલાવો.' ઈશે રાડ પાડી. ઈશના પકડનારે તેને વધારે જોરથી પકડયો.

અલીએ તેનો મુક્ત હાથ ઓમીની છાતી પર મૂક્યો. તે તેને ઉપરનીચે લયબદ્ધ રીતે ફેરવતો હતો.

ઓમીએ અલીનો હાથ પકડયો અને મારી સામે જોયું. તેની આંખો ઝાંખી પડતી જતી હતી. તેના ગાલ પરથી આંસુ વહેતાં હતાં. મારામાં મને પકડયો હતો. તેના સામે લડવાની તાકાત ન હતી. મારામાં કશું જ કરવાની તાકાત, શક્તિ ન હતી.

'નાલાયકો, અમને છોડી દો.' હું બાળક જેમ રડતો હતો.

'તું બરાબર થઈ જઈશ, બેટા. મારો આવો ઈરાદો ન હતો.' મામાએ ઓમીના વાળમાં હાથ ફેરવતાં કહ્યું.

'તે સારો છોકરો છે, મામા. તેણે તમારા દીકરાને નથી માર્યો. બધા જ મુસલમાનો કંઈ ખરાબ નથી હોતા.' ઓમી બોલ્યો. તે શ્વાસ માટે મથામણ કરતો હોવાથી તેનો અવાજ તૂટતો હતો.

'તારા મિત્રને પ્રેમ કરજે.' ઓમીએ મારી સામે જોતાં કહ્યું. જો આ છેલ્લી લાઈન ન હોત તો તે મસ્તીભરી કહી શકાત.

તેની આંખો બંધ થઈ ગઈ.

* * *

'ઓમી, મારા દીકરા.' મામાએ તેને હલાવી જીવતો કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'શું થયું ?' ઈશે પૂછ્યું. તેણે આ નાટક કેવળ પાછળથી જ જોયું હતું.

મામાએ ઓમીની છાતી પર હાથ મૂક્યો. ઈશે તેને પકડેલ માણસને લાતો મારવાનું અને ધક્કો મારવાનું શરૂ કર્યું. માણસે ઈશને તેની કોણીથી માર્યું. ઈશે ત્રિશૂળનો હાથો જોરથી પકડયો અને તે છટકી શકે ત્યાં સુધી તેને ધક્કો માર્યે રાખ્યો. તેણે માણસને તેની કમરમાં લાત મારી. ઈશે તેને ત્યાં જ ત્રણ વાર લાત મારી તેથી તે પડી ગયો. તેણે તેનું માથું પછાડયે રાખ્યું. છેવટે તે માણસ બેભાન બની ગયો. ઈશ ઓમી પાસે દોડયો.

મામાએ ઓમીનું શરીર જમીન પર મૂક્યું અને ઊભા થયા. ઈશ પાસે ગયો અને ઓમીના ચહેરાને સ્પર્શ કર્યો. મિત્રનું તો ઠીક, પણ તેણે તો કદી પણ કોઈ પણ મૃત શરીરને સ્પર્શ કર્યો ન હતો. મેં પહેલી વાર ઈશને રડતો જોયો. તેણે તેને રોકવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ રોકી ન શક્યો.

'જો, તેં મારી પાસે શું કરાવ્યું, નાલાયક.' મામાએ કહ્યું. 'મારા બીજા દીકરાનું ખૂન કરાવ્યું, પણ હું નબળો નથી. હું હજી પણ રડયો નથી, જો.'

ઈશે મામા તરફ ધ્યાન ન આપ્યું. હું જે રીતે થોડી મિનિટો પહેલાં લાગણીવિહીન થઈ ગયો હતો, તે જ રીતે તે પણ તે સ્થિતિમાંથી પસાર થતો હતો. તે ઓમીના શરીરને ફરી ફરી અડકતો હતો.

'હિન્દુઓ નબળા નથી. હું નબળો છું ?' મામાએ તેના માણસો તરફ ફરતાં કહ્યું. ઘટનાઓ તેમની યોજના મુજબ બની ન હતી તેથી માણસો મૂંઝાતા હતા. જે માણસે અલીનો હાથ પકડયો હતો તે મામા સામે જોતો હતો. તે માર્ગદર્શનની રાહ જોતો હતો.

'તેને પકડી રાખ, આ નાલાયક બિઝનેસમૅન પાસે ઊભો રાખ.' મામાએ કહ્યું.

માણસ અલીને મારી પાસે લઈ આવ્યો અને તેને ત્રિશૂળથી પકડી રાખ્યો.

ઈશને પકડનાર હવે પાછો સ્વસ્થ થવા લાગ્યો હતો. તે ઊભો થયો અને પાછળથી ઈશ તરફ દોડયો. તેણે ત્રિશૂળનું પાંખિયું ઈશના માથામાં માર્યું.

'ઓહ.' ઈશે ચીસ પાડી અને પડી ગયો. તે અડધો બેભાન જેવો થઈ ગયો. માણસે ઈશને ફરી દીવાલ તરફ ઘસડયો.

ઈશે મારા તથા અલી સામે જોયું.

'હવે તક જ નથી.' મામા બોલ્યા. તે અલી સામે આવ્યા. મામાએ અલીને પકડનારને તેને છોડવા કહ્યું. મેં પંદર ફીટ દૂર ઈશ સામે જોયું. તેનો પકડનારો જરા વધારે સાવચેત હતો. ઈશે મારી સામે જોયું. તેની આંખો મને કશુંક કહેવા માગતી હતી.

શું ? મેં વિચાર્યું. તે શું કહેવા માગે છે ?

મેં મારી આંખો ઈશ તરફ ઝીણી કરી. તેણે પોતાની આંખની કીકી વચ્ચેથી ડાબી બાજુ ઝડપથી વાળી. તે મને દોડવા અને મામાની વચ્ચે આવી જવા કહેતો હતો. એ જ રીતે જે રીતે

ઓમીએ નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

મેં મને પકડનારને જોયો. તે મારી સામે ઊભો હતો, પણ તેની આંખો મામા અને અલી તરફ હતી. તમારી આંખોને જીવંત ખૂન થતું જોતી અટકાવવી કઠિન છે. હું છટકી શકું તેમ હતો. પણ મરી જવાનો શું અર્થ હતો ?

'સાલા ભૂંડ, તૈયાર થા.' મામાએ કહ્યું. તેણે ત્રિશૂળ ઉપાડયું અને પાંચ પગલાં પાછા હટયા.

સંભવ છે, હું મારી જાતને હટાવીને અલીને મારા તરફ ખેંચી શકું. મામા જે રીતે મારવા માગતા હતા, તેમાં ત્રિશૂળ દીવાલ સાથે ભટકાશે. ઈશ તેને પકડનારને પણ ધક્કો મારી શકશે, પાછળથી આવશે અને અમારું રક્ષણ કરી શકશે. શું આમ ઈશ કહેવા માગતો હતો ? મારી પાસે આંખની હલચલ સિવાય બીજું કશું વિચારવાનું માધ્યમ ન હતું. મારી પાસે સમય પણ ઓછો હતો. હું પૃથ્થકરણ કરી ન શકું, મારે તરત કામ કરવાનું હતું અને વિચાર પાછળથી કરી શકતો હતો. વિધા સાથે સૂતો હતો તેનાથી બરાબર ઊંધું. ત્યારે હું પહેલાં વિચારી શક્યો હોત અને કાર્ય પછી કરી શક્યો હોત.

મામા અલી તરફ દોડયા. હું જાણતો હતો કે મારે મારા પકડનારથી છૂટા થવાનું હતું. અલીને પકડવાનો અને મારી તરફ ખેંચવાનો હતો. હું હટવા તૈયાર થયો. અલબત્ત, મેં મામા સામે જોયું. તેનાં વિશાળ શરીર અને તીક્ષ્ણ શસ્ત્રે મારામાં ભય ઉત્પન્ન કર્યો. મેં જે કામ કરવાનું હતું તે કરવા બદલે વિચારવામાં કિંમતી સમય બગાડયો. ઈશ અને મેં બીજી વાર નજર મેળવી અને તેણે મારા ભયમાં મારો સ્વાર્થ પણ જોયો. ત્રિશૂળ મારા પેટમાં ઘૂસી જશે તો ? આ 'જો'એ મારામાં ખચકાટ જન્માવ્યો, પણ હું તરત તેનામાંથી બહાર નીકળી આવ્યો અને મારી ડાબી તરફ કૂદકો માર્યો. મેં અલીને પકડયો અને મારા તરફ ખેંચ્યો. મામાએ ઘા કર્યો, પણ અલીનું શરીર ચૂકી ગયું. ત્રિશૂળનું એક પાંખિયું અલીના હાથ પાસેથી પસાર થઈ ગયું. જો હું સેકન્ડ વહેલો કૂદ્યો હોત તો અલી પૂરેપૂરો બચી જાત. અને ત્યારે હું સમજી ન શક્યો કે, એ એક સેકન્ડનું મોડું થવું ુથવું મારા જીવનની ત્રીજી ભૂલ હતી.

અલબત્ત, ત્યારે તો મને ખ્યાલ ન આવ્યો કે મેં ભૂલ કરી હતી.

ઈશે પણ મેં ધાર્યું હતું તેમ જ કર્યું. તેણે પોતાને મુક્ત કરવા તેને પકડેલ માણસને માથું ભટકાવ્યું. તેનાથી ઈશને ઈજા થઈ હોત, પણ હું માનું છું કે ત્યારે ઈશ પીડાથી પર હતો. ઈશે માણસનું ત્રિશૂળ લીધું અને તેના હૃદયમાં ખોસી દીધું. માણસ તરત ચીસ પાડી અને પછી શાંત થઈ ગયો.

ઈશ અમારા તરફ દોડયો.

'તે બરાબર છે, બરાબર.' મેં ઈશ તરફ ફરતાં કહ્યું. મેં અલીને તે જાણે મારા પેટમાં હોય તેવી રીતે પકડયો હતો.

* * *

હવે બે માણસો અને મામા બચ્યા હતા. અમે કોઈને મારવા માગતા ન હતા.

'આપણે ચાલ્યા જવું જોઈએ.' ઈશે કહ્યું. તેણે મામા સામે ત્રિશૂળ ધરી રાખ્યું હતું. મામા પાસે પણ ત્રિશૂળ હતું. તેમની આંખો મળી. મામાના માણસો આ અનિવાર્ય લડાઈ જોતા હતા. હું અલી સાથે રૂમની બીજી તરફ દોડયો. માણસો અમારી પાછળ દોડયા.

'થોભી જાવ, નાલાયકો.' અમે રૂમના છેડે પહોંચ્યા ત્યારે માણસોએ રાડ પાડી. એક માણસ ગયો અને દરવાજાને સાંકળ મારી.

અલીએ જમીન પરથી બૅટ ઉપાડયું. મેં પણ ઉપાડયું. હું જોકે માનતો ન હતો કે હું લડી શકું.

અલીએ બૅટ ઉપર કર્યું તો તેના કાંડામાં પીડા થઈ. તેથી તેણે પણ રાડ પાડી.

‘હં... લડવા માગે છે ?’ બંને માણસોએ કહ્યું.

મામા અને ઈશ હજી પણ સામસામા ઊભા હતા. દરેકનો ચહેરો કડક હતો. મામાએ તેનું ત્રિશૂળ હાથમાં ઘુમાવ્યું.

એક માણસ મામા પાસે જવા પાછો ફર્યો.

‘હું તેની ચિંતા કરીશ. તમે છોકરાને પતાવો.’ તેણે મામાને કહ્યું.

‘જરૂર.’ મામાએ કહ્યું. તે હટવા લાગ્યા. જતે જતે તેમણે ઈશના અંગૂઠા પર ત્રિશૂળનો ઘા કર્યો. ઈશને તેની કલ્પના ન હતી. તેણે સમતુલા ગુમાવી અને મૅનેજરના ટેબલ પાસે પડી ગયો.

‘સાલા, તું તો સાવ નબળો છે. તું પણ જાણે છે.’ મામાએ કહ્યું.

‘હું તને મારી શકું છું. તું હિન્દુ ઘરમાં જન્મ્યો તેથી ભગવાનનો આભાર માની લે.’ મામાએ કહ્યું. તે ઈશ પર થૂંક્યા. મામા અલી પાસે આવ્યા.

‘અચ્છા, તું રમવા માગે છે ? તું બૅટથી મારી સાથે રમવા માગે છે ?’ અલીએ પોતાનો બૅટ પકડી રાખ્યો તેથી મામાએ કહ્યું અને હસવા લાગ્યા.

‘હટી જાવ.’ મામાએ પોતાના માણસોને કહ્યું. ‘આ છોકરો રમવા માગે છે. હા, રાંડના છોકરા, મારા સાથે રમ.’ મામાએ કહ્યું અને અલી સામે નાચવા લાગ્યા. અલબત્ત, અલીના બૅટથી દૂર રહેતા હતા.

અલી પાસે બે બૉલ પડયા હતા. તેણે તે જોયા. મામાએ તેમાંનો એક લીધો.

‘હું બૉલ ફેંકું એમ તું ઈચ્છશે ? હે ? બૅટ-બૉલ રમશું ?’ મામાએ હસીને કહ્યું. ‘મરી જા તે પહેલાં એક બૉલ, બસ !’

મામાએ પોતાના હાથમાં બૉલ ઉછાળ્યો.

‘હા, એક બૉલ નાખો મને.’ અલીએ કહ્યું.

‘એમ ? ખરેખર ?’ મામા બોલ્યા અને હસ્યા.

બૉલ અલીના પગ પાસે પડયો હતો. અલીએ તેને પગથી ધક્કો મારી ઈશ તરફ ધકેલ્યો. ઈશ મૅનેજરના ટેબલ પર ટેકો દઈ બેઠો હતો. તેના અંગૂઠામાંથી લોહી નીકળતું હતું અને તે ઊભો થઈ શકતો ન હતો.

‘મારી પાસે ન આવતા.’ અલીએ મામાને કહ્યું.

‘અરે, હું તો બૅટ-બૉલથી બહુ ગભરાઉં છું.’ મામાએ કહ્યું અને ડરીને ધ્રૂજવાનો અભિનય કર્યો. તે એક હાથથી બૉલ ઉછાળતા હતા અને બીજા હાથમાં ત્રિશૂળ પકડી રાખ્યું હતું.

ઈશે ધીમેથી બૉલ હાથમાં લીધો. અલીની આંખો ઈશ સામે મળી. અલીએ ધીમેથી મસ્તક હલાવ્યું.

ઈશે બૉલને પોતાના હાથમાં ઊંચો કર્યો. તેના માણસે તે જોયું, પણ પ્રતિભાવ ન આપ્યો. ઈશે અલી તરફ જોરથી બૉલ ફેંક્યો.

ધડામ ! અલીએ બૅટથી બૉલને ફટકાર્યો. એક જ ફટકો મારવાનો હતો અને તેણે તે ન ગુમાવ્યો. બૉલ મામાના કપાળ પર ભયાનક રીતે અથડાયો. મામાએ કપાળને પકડવા બૉલને મૂકી દીધો. બૉલ જમીન પર પડી ગયો અને અલીએ લાત મારી ઈશ તરફ મોકલ્યો. ઈશે ફરી ફેંક્યો. અલીએ ફરી તેને બૅટથી ફટકાર્યો અને મામાના માથામાં વચ્ચોવચ્ચ માર્યો.

અલીના ફટકા તો બૉલને મેદાનની બહાર મોકલી દેવા સક્ષમ હતા. અને પાંચ ફીટે તો તે મામાને ઇંટની માફક ઘાતક રીતે વાગ્યા. મામા પડી ગયા. તેનું ત્રિશૂળ જમીન પર પડી ગયું. ઈશે તેને ઊભો થવા લાકડી તરીકે ઉપયોગમાં લીધું. તેને પકડનાર મામા તરફ દોડયો. ઈશ પાછળથી આવ્યો અને તેના ગળામાં તે ખોસી દીધું. બીજા માણસે લોહી નીકળતું જોયું. તેણે ઈશની આંખમાં જોયું. તેણે સાંકળ ઉઘાડી અને એક જ સેકન્ડમાં બહાર ભાગી ગયો.

અલી જમીન પર બેસી ગયો. તેણે પોતાનું જમણું કાંડું ડાબા હાથથી પકડી લીધું.

'યા, ખુદા.' અલી બોલ્યો. પીડા કરતાં પોતે જે કરી શક્યો હતો તેની નવાઈથી !

મામા જમીન પર પડયા હતા. તેનું કપાળ ફાટી ગયું, હતું. આંતરિક લોહી નીકળવાથી તેનું કપાળ કાળું પડી ગયું હતું અને સૂજી ગયું હતું. તે હલી શકતા ન હતા. કોઈ તેમની પાસે તે જીવે છે કે નહીં તે જોવા ન ગયું. પાંચ મિનિટ પછી તેમની આંખો મીંચાઈ ગઈ. મેં નાડી તપાસી. 'અટકી ગઈ છે. મને લાગે છે કે તે મરી ગયો છે.' મેં કહ્યું. હું હવે મૃત શરીરોમાં નિષ્ણાત બનતો જતો હતો.

ઈશના હાથ અલીને વીંટળાઈ વળ્યા.

મને આ ખૂબ જ દુખે છે, ઈશ ભૈયા. મને ઘેર લઈ જાવ.' અલીએ કહ્યું. તેનું શરીર હજી પણ ભયથી ધ્રૂજતું હતું.

'ચાલ, તે કાંડાને હલાવ. અલી, તને આ કાંડાની જરૂર છે. તેને જીવંત રાખજે.' ઈશે કહ્યું. તે બહાર જવા દરવાજા તરફ ગયો. તે ત્રિશૂળને ચાલવાના માધ્યમ તરીકે વાપરતો હતો.

'આપણે તેને બચાવી લીધો. ઈશ, આપણે બચાવી લીધો.' મેં ઈશના ખભા પાછળથી હલાવતાં કહ્યું.

ઈશ અટકી ગયો. તે મારા તરફ ફર્યો. તેણે મારી સામે કડવી રીતે ન જોયું, પણ તેનાથી કંઈ ખરાબ. તેણે મારી સામે ઉપેક્ષાના ભાવથી જોયું. ચોક્કસ, મેં તેને ઘણી રીતે ઉતારી પાડયો હતો. પણ તે હું કોણ હતો તે જાણતો જ ન હોય તેમ કેમ વર્તતો હતો? જાણે કે તેનો મારી સાથે કશો જ સંબંધ જ ન હોય. ઈશ ફર્યો અને ચાલવા લાગ્યો.

'એ, ઈશ, મારા માટે થોભ. હું તને બારણું ઉઘાડવામાં મદદ કરું.' મેં કહ્યું. હું બારણા પાસે પહોંચ્યો.

તેણે હાથથી દૂર રહેવાનું કહ્યું.

'કમ ઓન, ઈશ. તે જીવતો છે. આપણે તે કરી શક્યા.' મેં કહ્યું.

ઈશ કશું ન બોલ્યો. તે જાણે કે હું પણ એક મરેલ શરીર હોઉં તેમ બહાર ચાલ્યો ગયો.



અંતે...

હાર્ટ રેટ મૉનિટર ખૂબ ફાસ્ટ ચાલતું હતું. ગોવિંદની નાડી મિનિટના ૧૩૦ની ગતિથી ચાલતી હતી.

નર્સ દોડતી અંદર આવી.

'તમે શું કર્યું ?' તેણે પૂછ્યું

'હું બરાબર છું. વાતો જ કરું છું.' ગોવિંદે જવાબ આપ્યો. તે પથારીમાં થોડો બેઠો થયો.

'તેને થકવશો નહીં.' નર્સે મારી સામે આંગળી ચીંધતાં કહ્યું. મેં માથું હલાવ્યું અને તે ચાલી ગઈ.

'તે દિવસ ઉપરાંત, બરાબર ત્રણ મહિના, બે માસ અને અઠવાડિયા સુધી ઈશ મારી સાથે કદી નથી બોલ્યો. દરેક વખતે જ્યારે હું તેની સાથે બોલવાનો પ્રયાસ કરું, તે મારી ઉપેક્ષા કરે છે.' ગોવિંદે પોતાની વાત કરતાં કહ્યું

તેનો અવાજ તૂટતો હતો, તેથી મેં તેને પાણીનો ગ્લાસ આપ્યો.

'પણ આ ત્રણ વર્ષ દરમ્યાન શું બન્યું – દુકાનનું, વિધાનું, અલીનું ?' મેં પૂછ્યું

તેણે પોતાની નજર નીચી કરી અને પોતાની છાતી પર લગાવેલ હાર્ટ રેટ મૉનિટરના વાયર સાથે રમવાનું શરૂ કર્યું. તેણે પોતાની જાતને સ્વસ્થ રાખવા વારંવાર ખોંખારા ખાધા.

મેં વધારે ખણખોદ ન કરી. તેને જો કહેવું હશે તો તે કહેશે. મેં સમય જોયો. સવારના પાંચ વાગ્યા હતા. હું રૂમની બહાર નીકળ્યો. વહેલી સવારનો સૂર્ય પ્રકાશ હૉસ્પિટલના કોરીડરમાં પથરાતો હતો. મેં કોઈને ચા ક્યાંથી મળે તે પૂછ્યું. તેણે મને કૅન્ટીન બતાવી.

હું બે કપ ચા સાથે પાછો આવ્યો. ગોવિંદને પેટ સાફ કર્યા પછી ચા પીવાની મનાઈ હતી તેથી તેણે ના પાડી. તેણે મારી સાથે આંખ પણ ન મેળવી.

'મારે સીંગાપુર ઍરલાઈન્સના ફોન નંબરની જરૂર છે. મારે મારી પાછા જવાની ટ્રીપ ખાતરી કરવાની છે.' તેનો મૂડ બદલાવવા મેં કહ્યું

'ઓમીનાં માતાપિતા.' ગોવિંદે કહ્યું. તેનો અવાજ અને નજર બંને નીચાં હતાં, 'મને સમજ નથી પડતી કે તેઓ તો કેટલાં ખલાસ થઈ ગયાં હતાં. થોડા દિવસો તો મંદિરમાં જે કોઈ નજીકના લોકો આવતા, તેઓ ઓમી, ધીરજ અને મામા માટે જ પ્રાર્થના કરતા. સ્મશાનમાં અમદાવાદમાંથી પાંચ હજાર લોકો આવ્યા હતા અને ઓમીના પિતા ખૂબ રડયા હતા. ઓમીનાં મા એક અઠવાડિયા સુધી ખાઈ ન શક્યાં તેથી માંદાં પડી ગયાં. તેમને એક માસ હૉસ્પિટલમાં દાખલ કરવાં પડયાં.'

હું નક્કી ન કરી શક્યો કે પથારીના કવર પર પડેલ ગોવિંદના નબળા હાથ પર મારો હાથ મૂકવો કે નહીં.

'હું બે માસ દુકાને ન ગયો. મેં ઈશનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો, પણ હું જોઉં તો તે મારી સામે ઘરનો દરવાજો બંધ કરી દેતો.'

'તેં વિધા સાથે વાત કરી ?'

ગોવિંદે માથું નકારમાં હલાવ્યું. 'વિધા સાથે વાત કરવાનો તો હવે પ્રશ્ના જ ન હતો. તેમણે તેને તો નજરકેદ જ કરી. તેના બાપે તેના મોબાઇલ ફોનના ટુકડા જ કરી નાખ્યા. ટી.વી. ચેનલોને પણ ગોધરા પ્રકરણ અને તોફાનોના સમાચારમાં રસ ઊડી ગયો. પણ મારું જીવન તો ખલાસ થઈ ગયું. હું તો એ બધામાંથી જ પસાર થયો ત્યારે તો મારે કોઈ દવા ખાવી ન પડી. આજે અહીં છું માટે એમ ન માનતા કે હું મજબૂત હતો...!' તે અટક્યો. 'આ ઘટનાના ત્રણ માસ પછી ઓમીની મા ઘેર આવી. તેણે મને દુકાન ફરી ખોલવા કહ્યું. ઓમીએ તેને કહેલું કે દુનિયામાં તે તેનું સૌથી પ્રિય સ્થાન હતું. મામા તો ચાલ્યા ગયા હતા, તેથી દુકાન હવે ઓમીની માના કબજામાં આવી હતી. અને તે એમને તેના પુત્રની સ્મૃતિ જાળવવા આપવા માગતી હતી.'

'તું માન્યો ?'

'શરૂઆતમાં તો હું તેની સામે નજર મેળવી ન શક્યો. ઓમીને મરવા દેવો, મામાના મૃત્યુમાં મારો હાથ મામાના મૃત્યુની ઉજવણીનો અપરાધભાવ હતો. પણ તે તો મારાં આ ભયાનક સપનાંઓ વિશે કશું જ જાણતી ન હતી. અને મારે પણ મારો વ્યવસાય તો કરવાનો જ હતો. બિઝનેસમાં પૈસા ગુમાવતો હતો. અમે ઘણા સપ્લાય કૉન્ટ્રેક્ટ પૂરા કર્યા ન હતા એટલે હું દુકાન પર પાછો આવ્યો. ઈશે ઓમીની માને કહ્યું કે તે પણ પાછો આવશે, પણ તે મારી સાથે કોઈ જ સંબંધ રાખવા માગતો ન હતો. ઓમીની મા તો અમને બંનેને ઇચ્છતી હતી. તેથી એક જ ઉપાય હતો.'

'કયો ?'

'અમે દુકાનને બે ભાગમાં વહેંચી નાખી. અમે વચ્ચે પ્લાયવૂડની દીવાલ કરી. ઈશે જમણી બાજુ લીધી અને સ્પોર્ટ્સની દુકાન તો ચાલુ રાખી. મેં ડાબી બાજુ લીધી અને મારા ભાગને વિધાર્થીઓની સ્ટેશનરી અને નોટબુકમાં ફેરવી નાખી. તેના અને મારા ગ્રાહકો એકબીજાની દુકાનમાં ચડી આવતા. અમે અભ્યાસ અને રમતજગત એક જ જગ્યાએથી ઑફર કરતા, પણ અમે કદી પણ એક વાર ન બોલતા. અરે, જ્યારે ભારત ૨૦૦૩માં વિશ્વ કપમાં ફાઇનલમાં પહોંચી ગયું, ત્યારે પણ. ઈશ હવે એકલો જ મેચ જુએ છે અને કદી પણ કોઈ સિક્સ મારે છે ત્યારે કૂદકા મારતો નથી.'

'પણ તેં વિધાનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો ખરો ? અને અલીનું શું થયું ?' મને થયું કે હું તેને ટેકો આપવાને બદલે વધારે પડતા પ્રશ્નો પૂછતો હતો. પણ મને જાણવાની જિજ્ઞાસા હતી.

'તેમણે વિધાને મુંબઈ પી.આર.નો કોર્સ કરવા મોકલી દીધી. આ તેના માટે એક સારી બાબત હતી. તેઓ મેડિકલ કૉલેજ યા કશું પણ મારાથી દૂર રાખવા માગતા હતા. તેથી વિધા તેના પીંજરામાંથી તો મુક્ત થઈ ખરી. તેને સૂચના હતી કે મારી સાથે ક્યારે પણ વાતો ન કરવી. જોકે તેને તો નિયમો તોડવાની મજા આવે છે, તેથી તેણે થોડો સમય મારો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો, પણ મેં કદી જવાબ ન આપ્યો. હું આપી શકું તેમ ન હતો. હું તેના ભાઈને રોજ જોતો હતો. હું એક જ કામ કરવા માગતો હતો કે વધારેમાં વધારે પૈસા બનાવવા અને અલી માટે બચાવવા.'

'તેને મોટો કરવા ?' મેં પૂછ્યું અને ચાના કપમાંથી એક ચૂસકી લીધી. હૉસ્પિટલની ચા ડેટોલ જેવી કેમ લાગતી હતી ?

'અલી ઈશના ઘેર રહે છે એટલે તે તો સારી રીતે જ ઊછરવાનો, પણ અમને તેના કાંડાના ઑપરેશન માટે પૈસાની જરૂર છે. પુષ્કળ પૈસાની.' ગોવિંદે કહ્યું.

નર્સ સવારના ચેકઅપ માટે રૂમમાં આવી. ગોવિંદે તેને વિનંતી કરી કે તેને ટૉઇલેટ જવું હતું. નર્સે રજા આપી અને તેને લગાવેલ મૉનિટર વાયરો અને ડ્રીપ હટાવી દીધાં.

હું દસ મિનિટ રાહ જોતો બેસી રહ્યો. તે પાછો આવ્યો ત્યાં સુધી મારું મન તેની સ્થિરતા માટે શંકા અનુભવતું હતું.

'કેવા પ્રકારનું ઑપરેશન ?' મેં પૂછ્યું.

'અલીના કાંડાંને નુકસાન થયું છે. એનો અર્થ એ કે યોગ્ય સમયે બૅટ ફેરવવાની તેની શક્તિ

ચાલી ગઈ છે. મેં તેની જિંદગી તો બચાવી, પણ એક પળનું મોડું તે મારી ત્રીજી ભૂલ હતી.'

'તેં તારાથી થાય તેટલું કર્યું. એ તો પળની જ ભૂલ હતી.' મેં તેને આશ્વાસન આપતાં કહ્યું.

'પણ તે સભાન પળ હતી. હું સ્વાર્થી હતો. હું મોલ બનાવવા મહત્ત્વાકાંક્ષી હતો, તે વખતે. વિદ્યા વખતે સ્વાર્થી હતો તેવો જ. તેઓ સાચાં છે. હું બિઝનેસમૅન નથી. હું તો નીપટ સ્વાર્થી નાલાયક છું.' તે બોલ્યો અને થોડો અટક્યો.

'તેને રિકન્સ્ટ્રક્ટીવ સર્જરીની જરૂર છે. ત્રિશૂળ વાગવાને કારણે તેના કાંડાના થોડા સ્નાયુઓ તૂટી પડયા છે. તેથી ડૉક્ટરોને તેની કમરમાંથી થોડા સ્નાયુઓ લેવા પડશે અને તેને કાંડાં સાથે જોડવા પડશે. પછી તેઓ આશા રાખશે કે તે કામ કરશે. તે કંઈ સિન્થેટિક સ્કીન – ગ્રાફ્ટિંગ નથી, પણ મસલ્સ ટ્રાન્સ્ફર છે. તે કેવળ પરદેશમાં જઈ કરાવી શકાય છે. અને તેનું ખર્ચ એક બૉમ્બ બનાવવા જેટલું છે.'

'કેટલું ?'

'પૂરી કિંમતની તો વાત જ ન પૂછશો. ઈશે અમેરિકા તથા ઇંગ્લૅંડની બધી જ હૉસ્પિટલોને ઓછો ચાર્જ લેવા લખેલ છે. તેમાંથી જેની સાથે ઉત્તમ સોદો કરી શક્યો છે તે ઇંગ્લૅંડમાં છે, જેણે અમને પાંચ લાખમા ઑપરેશન કરી આપવાનું વચન આપ્યું છે. અલબત્ત, ઈશે આ મને કદી નથી કહ્યું. આ તો મેં પાતળી પ્યાલવૂડની દીવાલમાંથી ગળાઈને આવતી વાતોમાંથી અંદાજ્યું છે.

'તમારી પાસે પૈસા છે ?'

'ઈશે છેલ્લાં ત્રણ વર્ષમાં બે લાખ બચાવ્યા છે. મેં બીજા ત્રણ બચાવ્યા છે. ગયા અઠવાડિયે હું તેની પાસે પૈસા લઈ ગયો હતો. મેં કહ્યું કે આપણે બંને સંસાધનો ભેગાં કરીએ અને અલીનું ઑપરેશન કરાવીએ. હૉસ્પિટલમાં નવ મહિના પહેલાં ઍપૉઇન્ટમૅન્ટ લેવી પડે છે, તેથી આપણે અત્યારથી જ કામ શરૂ કરી દેવાનું છે. અને પછી તેણે...' તેનો અવાજ પાછો રૂંધાઈ ગયો.

'તું ઠીક તો છે ને ?' મેં પૂછ્યું.

ગોવિંદે હા પાડી. 'તમે તો જાણો છો કે તેણે શું કર્યું ? તેણે પૈસાને હાથ લગાવવાની ના પાડી દીધી અને મને કવર પાછું આપવા પણ હાથમાં મોજાં પહેરી લીધાં. તેણે તો મને કેશબૉક્સ પણ આપ્યું અને કહ્યું કે જો હું મારો લોભ સંતોષવા માગતો હોઉં તો તે પૈસા આપશે. તેણે કહ્યું કે તે અલીનું ઑપરેશન અપ્રમાણિક માણસના પૈસાથી કરાવવા નથી માગતો.'

ગોવિંદનો અવાજ હવે તૂટવા લાગ્યો. 'હું કંઈ અપ્રમાણિક નથી. હું અલબત્ત સ્વાર્થી છું અને મેં ભૂલો કરી છે, પણ હું અપ્રમાણિક તો નથી જ. અને હું માત્ર પૈસાની જ ચિંતા નથી કરતો. હું અલીની ચિંતા પણ કરું છું.

હું તેની નજીક બેઠો અને તેના હાથ પર મારો હાથ મૂક્યો. તેણે તે ખેંચી લીધો.

'ત્રણ વર્ષમાં પૈસે પૈસો બચાવ્યા પછી પણ ઈશ મારા પ્રયત્નને અપ્રમાણિક કહે છે. હવે હું વધારે સહન કરી શકું તેમ ન હતો. મને રાતે સૂવામાં તકલીફ પડતી હતી, તેથી ડૉ. વર્માએ મને ઊંઘની ગોળી આપી હતી. તે દિવસે મને વિચાર આવ્યો કે હવે કાયમી શા માટે સૂઈ ન જવું ? કદાચ મેં જિંદગીમાં ખોટી ગણતરીઓ કરી હતી. હવે આ દાખલા કરવામાંથી મુક્ત થવાની જરૂર હતી.' તેણે નબળું સ્મિત કરતાં કહ્યું.

ડૉક્ટર ગોવિંદના વૉર્ડમાં સવારે સાત વાગ્યે આવ્યા. ગોવિંદના શરીરમાંથી રસાયણો તો કાઢી નાખવામાં આવ્યાં હતાં.

'હું ઇચ્છું કે દર્દી હવેના છ કલાક સૂઈ જાય.' ડૉક્ટરે પડદા ખેંચતાં મને કહ્યું.

મેં રૂમ છોડી દીધો અને બહાર આવ્યો. ગોવિંદનાં મા લૉબીમાં એક બાંકડા પર બેઠાં હતાં. તે પણ ચિંતાતુર હતાં.

'તે બરાબર છે. તેને થોડા આરામની જરૂર છે.' હું તેમની પાસે બાંકડા પર બેઠો.

'મારો દીકરો તો કેવો બહાદુર હતો. તેને આ થયું શું ?' તેણે નિસાસો નાખતાં કહ્યું.

'તે માનતો હતો કે તે બહાદુર છે.' મેં કહ્યું 'ઈશ આ જાણે છે ?'

તે આડું જોઈ ગયાં. 'તેઓ બોલતા નથી.'

'તમે તેને જે બન્યું તે કહી શકો ખરાં ? હા, તેને હૉસ્પિટલમાં આવવાની બળજબરી ન કરતાં.'

ગોવિંદની માએ હા પાડી. અમે સાથે જ હૉસ્પિટલ છોડી. તે ઑટોમાં બેસતાં હતાં ત્યારે મેં કહ્યું 'તમે એ જાણો છો કે વિધા મુંબઈમાં કઈ કૉલેજમાં ગઈ છે ?'

'આટલા બધા મુલાકાતીઓ ? આ હૉસ્પિટલ છે, ક્લબ નથી.' સાંજે ગોવિંદની બેડશીટ બદલાવતાં નર્સે અણગમતા અવાજે કહ્યું

ગોવિંદનો હૉસ્પિટલનો રૂમ લોકોથી ઊભરાતો હતો. નર્સ ઉપરાંત ત્યાં ઈશ, વિધા, ગોવિંદની મા અને હું હતાં. અમે આ ઊંઘણશીની બપોરની ઊંઘ પૂરી થવાની રાહ જોતા હતા. તેની ઊંઘની ગોળીને કારણે ઘણા લોકોએ ઊંઘ ગુમાવી હતી.

ગોવિંદની પાંપણો પટપટી અને બધા તેની નજીક સરક્યા.

'ઈશ ? વિધા ?' ગોવિંદ આંખ પટપટાવતો બોલ્યો.

'બોલાવવા માટે બીજા ઘણા રસ્તાઓ છે.' વિધાએ કહ્યું

'તમે ક્યારે આવ્યાં ?' ગોવિંદે પૂછ્યું

'મેં મારા માર્કેટિંગના વર્ગો અર્ધેથી છોડયા.' વિધાએ જવાબ આપ્યો. 'પણ તેનો અર્થ એ નથી થતો કે તમે મને જવાબ નથી લખ્યા તેથી મેં તમને માફ કર્યા છે. અથવા તો ગોળી ખાવા બદલ આભાર. હું તો ભયંકર ગભરાઈ જતી ત્યારે પણ કોઈ ગોળી લેતી ન હતી, તમે તો જાણો છો.'

'તારાં માતાપિતાએ મને તારી સાથે બોલવાની ના પાડી હતી. ઈશ પણ એમ જ ઇચ્છતો હતો.'

'તો ?' વિધાએ પોતાની કૉલેજબૅગ ખભા પરથી નીચે લીધી અને તેને પથારી પર મૂકી. 'તમારું દિલ શું કહેતું હતું?'

ઈશ ગોવિંદ સામે જોતો મૂંગો ઊભો હતો. ગોવિંદની મા તો સ્તબ્ધ થઈને ઊભાં હતાં. કદાચ વિધા જેવી ફટાકડાછાપ વહુ કાલ ઘેર આવે તેના ભયમાં.

'ઈશ, હું દિલગીર છું. મારો ઇરાદો કોઈને પણ નુકસાન પહોંચાડવાનો ન હતો. હું તેને ચાહતો હતો.' ગોવિંદે કહ્યું

ઈશે રૂમની બહાર જવા પગ ઉપાડયા. ગોવિંદનાં મા તેની પાછળ ગયાં અને તેનો હાથ ખેંચ્યો. તેમણે ઈશનો હાથ ગોવિંદના હાથમાં મૂક્યો.

'તમારે મા-બાપનું સાંભળવાનું નથી હોતું, પણ માનું છું કે તમે ફરી મિત્રો તો થઈ શકો.' ગોવિંદની માએ કહ્યું

ઈશ મૂંગો રહ્યો. ગોવિંદે ઈશનો હાથ જોરથી પકડી લીધો. ગોવિંદનાં મા આગળ બોલ્યાં,

'જીવનમાં તો ઘણા ચડાવઉતાર આવશે. તમારી નજીકના લોકો જ તમને દુઃખ પહોંચાડશે, પણ તેથી તમે તેના સાથે સંબંધ નથી તોડતા. તમે તેને સ્વસ્થ કરવા પ્રયત્ન કરો છો. આ તમારા માટે જ પાઠ નથી, પણ આપણા દેશે આ જ શીખવાનું છે.'

'ચિપાન્ઝીના કિસિંગની વાત યાદ છે ?' ગોવિંદે તેને પૂછ્યું

ઈશ અટકી ગયો અને ગોવિંદ સામે જોયું.

'અલી માટે પૈસા લઈ લે. મારા માટે હવે પૈસા અગત્યની બાબત નથી. અને પૈસા છેવટે છે શેના માટે ? અલીને સાજો કર. તે મારા માટે પણ મહત્ત્વનું છે.'

ઈશે ખોંખારો ખાઈ રુદન અટકાવવાનો પ્રયત્ન કર્યો.

'તું મને માફ કરીશ ? ત્રણ વાર ?' ગોવિંદ બોલ્યો.

ગોવિંદ અને ઈશ – બંનેની આંખો ભીની થઈ ગઈ.

'આન્ટી, એ વિચિત્ર નથી લાગતું કે આ વૉર્ડના બધા જ પુરુષો રડે છે અને સ્ત્રીઓ સ્વસ્થ ઊભી છે ?' વિધાએ કહ્યું.

ગોવિંદનાં મા તો તેની સામે વિસ્મયથી જોઈ રહ્યાં. આત્મવિશ્વાસથી ભરપૂર વહુઓ ખતરનાક વહુઓ બની શકે છે.

બીજી સવારે ઍરપૉર્ટ જતાં પહેલાં હું ગોવિંદને મળ્યો. ગોવિંદને સાંજે રજા મળવાની હતી.

'આભાર.' તેણે લાગણીવશ થઈ કહ્યું.

'શેના માટે ?'

'અહીં આવવા માટે. મને સમજ નથી પડતી કે આનો બદલો હું કેવી રીતે વાળી શકીશ...?'

'હકીકતે, વળી કોઈ શંકા.'

ગોવિંદ મૂંગો રહ્યો.

'તારી વાર્તા. તને વહેંચી શકાય છે.'

'પુસ્તક જેમ ?'

'હા, પુસ્તક જ. મારું ત્રીજું પુસ્તક. તું મને મદદ કરીશ ?'

'મને ખબર નથી. મને તો હંમેશાં સુખી અંતવાળી ચોપડીઓ જ ગમે છે.' તેણે કહ્યું.

'તારો તો ખાસો સુખી અંત આવ્યો છે.'

'મને હજી અલી વિશે કંઈ ખબર નથી. અમે ઑપરેશન માટે જઈ રહ્યા છીએ, પણ સો ટકા સફળતાની ખાતરી નથી. પચાસ-પચાસ, તેઓ કહે છે.'

'તારે શ્રદ્ધા રાખવાની છે. પ્રોબેબલિટીને પુસ્તકમાં જ રાખવાની છે.' મેં કહ્યું.

તેણે હકારમાં માથું હલાવ્યું.

'તો હું જાઉં છું અને આપણે ઈ મેઇલથી સંપર્કમાં રહીશું.' મેં કહ્યું.

'ચોક્કસ, આપણે તેના પર કામ કરશું. પણ જ્યાં સુધી આપણને અલીની ખબર ન પડે ત્યાં સુધી પુસ્તક પ્રગટ ન કરતા. બરાબર ? એનો અર્થ એ પણ થઈ શકે કે તમારી મહેનત વ્યર્થ પણ જાય.' તેણે કહ્યું.

'કબૂલ.' મેં જવાબ આપ્યો. અમે હાથ મિલાવ્યા.

હું વિધાને હૉસ્પિટલના પ્રવેશદ્વાર પાસે મળ્યો. તેણે ગોવિંદને પ્રેરણા આપવા લીલો લેંઘો પહેર્યો હતો, કદાચ તેનો સૌથી મનપસંદ ડ્રેસ. તેના હાથમાં એક ફૂલોનો ગુચ્છો હતો.

'સરસ ગુલાબ છે.' મેં કહ્યું.

'લૉ ગાર્ડનમાં શ્રેષ્ઠ ગુલાબો મળે છે. હું અમદાવાદને મિસ કરું છું. છ મહિના પછી ક્યારે કોર્સ પૂરો થાય તેની આતુરતાપૂર્વક રાહ જોઉં છું.' તે બોલી.

'હું તો માનતો હતો કે તું તો મુંબઈની છોકરી છે. નાના શહેરમાં કે એવામાં ફસાઈ ગઈ છે.'

'તેણે તમને બધું જ કહી દીધું છે ? બધું જ ?' તેને આઘાત લાગ્યો હોય તેમ લાગ્યું.

'ઘણું.'

ઓહ, મુંબઈ ખૂબ સારું છે, પણ પોતાનું તે પોતાનું. પાંઉભાજીનો સ્વાદ તો અમદાવાદમાં જ સારો છે.'

હું તેની સાથે વધારે વાત કરવા માગતો હતો, પણ મારે જવું પડયું. તેમણે મને પોતાના

જગતમાં આવવા દીધો હતો, પણ હું વધારે તો રહી ન શકું ને.’



અંતે... બે

હું મારા કમ્પ્યૂટર પર બેઠો હતો. મારી પત્ની મધ્યરાત્રીએ મારા ટેબલ પાસે આવી.

'તું હવે આ વાર્તાનો ક્યારે અંત લાવીશ ? તારાથી થાય તેટલું તેં કર્યું છે. કંઈ બનશે તો તે પોતે જ તને કહેશે.' તે બોલી.

'હા, પણ અત્યારે તો તેઓ લંડનમાં છે. ઑપરેશન પતી ગયું છે. અલી રોજ ફિઝિયો કસરતો કરે છે. તે ગમે તે પળે બૅટિંગની કસોટી માટે તૈયાર થઈ શકશે.'

'તું આ વાત તો ગયા મહિનાથી વારંવાર કહે છે. હવે મહેરબાની કરીને તું લાઇટ બંધ કરીશ ?'

હું પથારીમાં પડયો. તેમના વિશે વિચારવા લાગ્યો. અત્યારે લંડનમાં દિવસ હતો. આજે ડૉક્ટરો તેને રમતના મેદાનમાં જઈ ક્રિકેટની કસોટી લેવાની પરવાનગી આપશે ? ખૂબ સમય પછી તે બૉલનો સામનો કરશે તો શું થશે ? શું નવું કાંડું પણ રમત રમવા માટે નાજુક તો નહીં બનેને? હું ઊંઘમાં સરી પડયો ત્યાં સુધી આ વિચારો મારા મનમાં ઘૂમરાતા રહ્યા.

બીજી સવારે હું વહેલો ઊઠયો. મને ગોવિંદ તરફથી એસ.એમ.એસ. મળ્યો હતો :

ડૉક્ટર અલીને રમવાની રજા આપે છે.
આંગળીઓ બરાબર છે. પ્રાર્થના કરશો.
અમે કાલે પીચ પર ફટકા મારવા જઈ રહ્યા છીએ.

બીજા દિવસે હું ઑફિસે ગયો. લંડન સીંગાપોરથી આઠ કલાક પાછળ છે. મેં મારો ફોન સાંજે ચાર વાગ્યે કૉફીના સમયે તપાસ્યો.

હું ટૅક્સીમાં હતો ત્યારે તે વાગ્યો :

ઈશ અલીને બૉલ નાખી રહ્યો છે.
અલી ફોરવર્ડ થાય છે અને બૅટ ફેરવે છે.
સીધી સિક્સ....!

••



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook